Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ऋग्वेद) ● समानी प्रपा । (अथर्ववेद)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ ઑક્ટોબર : ૨૦૨૫ અંક : ૪ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર

A JADEBLUE Enterprise
GOOD LOOKS
EVERY DAY
greenfibre
FORMALS | CASUALS | PARTY WEAR
Ahmedabad • Akola • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Gandhidham
Gandhinagar • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol
Mehsana Modasa • Nadiad • Palanpur • Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar
Visnagar • Vadodra • Vapi
greenfibre.com | jadeblue.com

સમાનો મન્ત્રઃ (ઋગ્વેદ) **સમાની પ્રપા** (અથર્વવેદ)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૦ ઑક્ટોબર : ૨૦૨૫ અંક : ૪

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી
પ્રમુખ

યોગેશ જોષી
રાજન્ ભટ્ટ
ઉપપ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

♦ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

♦ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.

♦ 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.

♦ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.

♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.

♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.

♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)

♦ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

♦ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.

♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**

♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ**– ૨૨ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**
● **ગીત** – વિનોદ જોશી, ૮ ● **ગીત** – મનુ વી. ઠાકોર 'મનન', ૮ ● **બે કાવ્યો** – રાધિકા પટેલ., ૯ ● **સોનેટ** – હરીશ શાહ, ૧૧

◈ **ટૂંકી વાર્તા :**
● **પીજન પ્રોજેક્ટ** – વર્ષા અડાલજા, ૧૨
● **ડેર** – એકતા નીરવ દોશી, ૧૯
● **હું અને તું** – સુષમા શેઠ, ૨૩

◈ **નિબંધ :**
● **અમેરિકામાંનું પ્રાદેશિક નાટ્ય-જગત** – પ્રીતિ શાહ-સેનગુપ્તા, ૨૯
● **ભૂરો ભાસ્યો ઝાંખો...** – ડંકેશ ઓઝા, ૩૩
● **મોર્નિંગ વોક, પારિજાત અને હું** – દ્વિતીયા શુક્લ, ૩૬
● **ઝૂમખીની ખડકી** – હિમાલી મજમુદા "વૃષાલી", ૩૯

◈ **હાસ્યનિબંધ :**
● **કામ ન કરવાની કલા** – આનંદિતા રૈયાણી, ૪૪

◈ **અભ્યાસ :**
● **વાર્તાકાર હેમાંગિની રાનડે** – શરીફા વીજળીવાળા, ૪૭
● **વિકાસના વરવા ચહેરાની કવિતા : જસિંતા કેરકેટ્ટાની કવિતા**–ઉર્વીશ વસાવડા, ૫૭
● **કાલની ઘડી ને આજનો દિ'–નિર્મમ વાસ્તવનું સઘન વાર્તારૂપ**–યોગેન્દ્ર પારેખ, ૬૨
● **દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-૮(સાહિત્યવિશેષ : જૉય્યસ)** – સુમન શાહ, ૬૮

◈ **શોધછાત્રની કલમેથી :**
● **ધ્રુવ ભટ્ટ કૃત 'સમુદ્રાન્તિકે' સંદર્ભે પર્યાવરણ સામેના વિવિધ પડકારો.** – નિશા આર. ફેફર, ૭૫

● **પત્ર** – ચન્દ્રકાન્ત ટોપીવાળા, ૭૯

◈ **રસદર્શન :**
● **વીજળીના ચમકારે-૯** – દર્શના ધોળકિયા, ૮૦

◈ **સ્મરણ :**
● **સરસ્વતીના શ્વેતપદ્મની એક પાંખડી : રામભાઈ બક્ષી** – દીપક મહેતા, ૮૧

◈ **સંપાદકીય :**
● **.....પછી કવિત પેઠું** – કિરીટ દૂધાત, ૮૬
● **ચર્ચાપત્ર** – નરેશ અંતાણી, ૮૮
● **સાભાર સ્વીકાર** – ૮૯
● **પરિષદવૃત્ત** - ઇતુભાઈ કુરકુટિયા, ૯૦
● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૯૩
● **આ અંકના લેખકો** – ૯૮

◈ **આવરણ ચિત્ર : Dushyant Patel-The Last Tree-Oil on canvas-72 x 60 inches-2020**

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

પ્રમુખીય

મથામણ – ૨૨

હર્ષદ ત્રિવેદી

કોઈ પણ ભાષાના સાહિત્યની સમૃદ્ધિ જોવી હોય કે એની વર્તમાન ગતિવિધિનો પરિચય પામવો હોય તો એમાં કેવાં કેવાં પુસ્તકો પ્રગટ થાય છે અને એની કેવી કેવી સમીક્ષાઓ થાય છે તે પણ જાણવું જોઈએ. એક સમયે આપણે ત્યાં, ફક્ત ગ્રંથાવલોકન કે ગ્રંથસમીક્ષાને વરેલાં 'ગ્રંથ' (સંપા. યશવંત દોશી) અને 'પ્રત્યક્ષ' (સંપા. રમણ સોની) જેવાં સામયિકો પ્રગટ થતાં. અત્યારે કેટલાંક સામયિકોમાં નિયમિત રીતે, પણ જૂજ ગ્રંથાવલોકનો પ્રગટ થતાં રહે છે. કેટલાંક અખબારો પણ નવાં નવાં પુસ્તકો વિશે લઘુ અવલોકનોની કૉલમ ચલાવે છે. તેમ છતાં, ક્યારેક મહત્ત્વનાં પુસ્તકોની નોંધ લેવાનું તો રહી જ જતું હોય છે. એટલે કે આટલા પ્રયત્ન છતાં કોઈ સમગ્ર ચિત્ર મળતું નથી. ટૂંકમાં આપણે ત્યાં પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, ગ્રંથસમીક્ષા વગેરે અંગે કોઈ ચોક્કસ વ્યવસ્થા ગોઠવાઈ હોય એવું પણ જણાતું નથી. પ્રગટ થતાં પુસ્તકોની આધારભૂત વાર્ષિક યાદીઓ પણ ક્યાંય જોવા મળતી નથી. આવા સંજોગોમાં ગુજરાતી સાહિત્ય પરિષદે વિચાર્યું કે પ્રતિવર્ષ પ્રગટ થતાં પુસ્તકોમાંથી ચયન કરીને, મહત્ત્વનાં લાગે એવાં પુસ્તકો વિશે વિદ્વાનો પાસે સમીક્ષાઓ લખાવવી અને તેનું પુસ્તક રૂપે પ્રકાશન કરવું. સંપાદન કોને સોંપવું? બધાંનાં મનમાં એક જ નામ આવ્યું - અનુભવી સંપાદક શ્રી રમણ સોનીનું. એમણે એ કામ હોંશભેર સ્વીકાર્યું એનો આનંદ છે.

બદલાતા સમયને ધ્યાનમાં રાખીને, દુનિયાભરના વાચકો સમક્ષ આ સમીક્ષાઓ પહોંચે એ માટે ઇ-સામયિક તરીકે અને ગ્રંથ રૂપે એમ બંને રીતે પ્રગટ કરવાનું નક્કી કર્યું. આમાં આપણને એકત્ર ફાઉન્ડેશનના શ્રી અતુલ રાવલનો સહયોગ પ્રાપ્ત થયો. કદાચ પહેલી વાર એંશીથી વધુ પુસ્તકોની સમીક્ષા એક જ ઠેકાણે આ રીતે મળી રહી છે. બે હજાર ચોવીસના વર્ષમાં પ્રગટ થયેલાં પુસ્તકોમાંથી ચયન કરીને મહત્ત્વનાં લાગ્યાં તે પુસ્તકોની આમાં સમીક્ષા છે. ભવિષ્યમાં આ જ રીતે વર્ષવાર આ પ્રવૃત્તિ ચાલતી રહે એવી ખેવના છે. આ પરિપાટીને કારણે વાચકો, વિદ્વાનો અને માહિતીચયનકર્તાઓને પુસ્તકો બાબતે ઘણા સંદર્ભો મળી રહેશે.

કોઈ પણ ભાષાના સાહિત્યમાં જે કંઈ પ્રગટ થતું હોય તે બધું જ ઉત્તમ હોય એવું તો ક્યાંથી સંભવે? છતાં રોજબરોજ વિપુલ સંખ્યામાં પુસ્તકો, સામયિકો વગેરે પ્રગટ થયાં કરે છે એ હકીકત છે. એક સમય એવો પણ હતો કે કોઈ લેખકને પોતાનું પુસ્તક પ્રગટ કરતાં નાકે દમ આવી જતો. પ્રકાશકો ઓછા અને સાધનો પણ ટાંચાં એટલે કોઈનું પુસ્તક પ્રગટે એ પણ ઘટના ગણાતી. એ વ્યવસ્થામાં એક પ્રકારનું નિયમન હતું. હવે એવું રહ્યું

નથી. કમ્પ્યૂટર અને પ્રિન્ટિંગ માટેની નવી ટૅક્નૉલૉજી આવી જતાં છાપકામ વધુ સરળ અને ઝડપી બન્યું છે. હવે પ્રકાશકોની સંખ્યા પણ ઘણી મોટી છે. સારું સાહિત્ય તો પ્રગટે છે જ, પણ ગુણવત્તાની રીતે થોડું મોળુંઘોળું હોય તોય સાવ અપ્રકાશિત જ રહી જાય એવું નથી. સ્વખર્ચેય આપણો લેખક પુસ્તક છપાવી શકે છે ને ખર્ચેલાં નાણાં પરત મેળવી શકે એવું વ્યાપક-ઉદાર વાતાવરણ રચાયું છે.

આવી સ્થિતિમાં પ્રશ્ન એ થાય કે શું જે કંઈ છપાય છે તે બધું એના વાચક સુધી પહોંચે છે ખરું? ન પહોંચતું હોય તો એનાં કારણો કયાં હોઈ શકે? પહેલી વાત તો એ કે આપણા પ્રકાશકો પાસે એક જમાનામાં ઉત્તમ સાહિત્યકારો સલાહકારો તરીકે રહેતા. એમની નજર તળેથી પસાર થયેલું પુસ્તક પ્રગટ થતું. એથી ચોક્કસ પ્રકારનાં સાહિત્યિક ધોરણો જળવાઈ રહેતાં. હવે લગભગ એવું રહ્યું નથી. પરિણામે જેની વગ વધારે અથવા નાણાં રોકાણની શક્તિ વધારે એવા લેખકોની નબળી-સબળી કૃતિઓ પણ બેધડક પ્રગટ થતી રહે છે. પણ, પ્રકાશક આ બધું છાપીને વેચે ક્યાં ? તો એનો જવાબ છે કે 'યોગ્ય પુસ્તક યોગ્ય વાચક લગી પહોંચી શકે એવા ઉમદા અને ઉદાર ખ્યાલ'થી થયેલી સરકારી-બિનસરકારી અનેક યોજનાઓમાં આ પુસ્તકો પહોંચી જતાં હોય છે. ગોળના જેટલી જ માત્રામાં ખોળ પણ પહોંચે છે. પરિણામે રોકેલાં નાણાં ઘણી ઝડપથી પરત મળી જાય છે. બાકીની નકલો ધીરે ધીરે જાય તોપણ પછી એની ચિંતા રહેતી નથી. જોકે હવે પ્રિન્ટ ઑન ડિમાન્ડ આવી જતાં એ પ્રશ્ન પણ ગૌણ બની ગયો છે. એટલે સૂક્ષ્મ રીતે જોઈએ તો યોજનાઓ એના મોટા મોટા આંકડાઓ થકી ચાલતી રહે છે, પણ એનો મૂળભૂત હેતુ સિદ્ધ થતો નથી.

એક મહત્ત્વની વાત એ પણ છે કે જે સાહિત્ય ઉત્તમ અને નાવીન્યપૂર્ણ છે તે તો છે જ. પણ, એ સમગ્ર ધંધાદારી અભિગમની હડફેટમાં ક્યાંક પાછળ ધકેલાઈ જાય છે. અંદરની અનિવાર્યતા સાથે કશીક જુદી વાત ને એવી જ અભિવ્યક્તિ સાધવામાં બહુ ઓછા લેખકો નિસબતથી, અનિવાર્યતાથી શબ્દ દ્વારા કલાસિદ્ધિ કરવા માટે 'સર્જન' કરે અને કોઈ બીજો લેખક અર્ધદગ્ધ વાચકોને ખુશ કરવા માટે અથવા હમણાં આવું ચાલે છે, તો ચાલો, તેવું લખીને બજારમાં નામ ચાલુ રાખીએ. તે રીતે લેખનકાર્ય કરે છે. એ બે બાબતો વચ્ચેનો તફાવત સમજવા જેવો છે. ધોરણો સાથે બાંધછોડની શરૂઆત આવી રીતે જ થતી હશે ને?

આવા અનેકપાર્શ્વી સંજોગોમાં પરિષદ દ્વારા થયેલો આ સમીક્ષાપ્રયોગ, જાગતા અને સારું સાહિત્ય માગતા વાચકોને માટે જરૂર આશીર્વાદરૂપ બની રહેશે. એવું પણ નથી કે આ સમીક્ષિત પુસ્તકો સિવાય બીજાં પુસ્તકો સારાં નથી. ઘણાં એવાંય પુસ્તકો હશે જે ધ્યાન બહાર રહી ગયાં હોય. પણ, આ એક પ્રયોગ છે, નિદર્શન છે. મૂળ વાત તો તાટસ્થ્યપૂર્વક થયેલી સમીક્ષાની છે. આ નિમિત્તે કેટલાંક પુસ્તકો રેખાંકિત થઈ શક્યાં એનો આનંદ પણ ઓછો નથી. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

સર્જકોને વિનંતી : હાલ 'પરબ' માટે પૂરતી સામગ્રી ઉપલબ્ધ હોવાથી તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી રચનાઓ ન મોકલવા વિનંતી છે.

ગીત | વિનોદ જોશી

કરું ખોરડું ખાલી,
પોતીકા પડછાયાને લઈ જાઉં આંગળી ઝાલી,
          કરું ખોરડું ખાલી...

ચાંદરણાં હડસેલી અમથી લીંપી લથપથ લૂને,
નથી વેઠવાં ડૂમા વચ્ચે તરફડતાં આંસુને;
બરછટ અંધારું બટકીને રોજ પાડતું તાલી,
          કરું ખોરડું ખાલી...

અધકચરું સરનામું રઝળે, નહીં જીવના નેઠા,
થાકેલા ધબકારે છેલ્લા અવસર આવી બેઠા;
પરબીડિયામાં બંધ એકલો ઝૂરે રોજ ટપાલી....
          કરું ખોરડું ખાલી...

◈

ગીત | મનુ વી. ઠાકોર ‘મનન’

અમે રે રણકાંઠાના રાજવી
અમારી અળગી રે અળગી સૌથી વાત
અમે રે બાવળિયાની બહોળી જાત.

અમને કાંટાળા કહી વગોવ્યા રે
અમને હડકાયા કહી હડસેલ્યા રે
અમને ગાંડા કહી ગામબારા ઠેલ્યા રે
અમારી અળખી રે અળખી સૌથી નાત
અમે રે બાવળિયાની બહોળી જાત.

અમે છાંયડાઓ દઈ સગપણ રાખિયાં
અમે દેહ બાળી બળતણ આપિયાં
અમે વાડી-વગડે રખોપાં રાખિયાં

અમારી અણગમતી રાખી રે મ્હોલાત
અમે રે બાવળિયાની બહોળી જાત.

અમે રે રણકાંઠાના રાજવી
અમારી કુણ રે કરશે વાત
અમે રે બાવળિયાની બહોળી જાત.

◈

બે કાવ્યો | રાધિકા પટેલ

૧. વાળનું વરદાન

મને તો ના મળ્યું;
પ્રેમિકાઓને મળે છે એવું
વાળનું વરદાન..
વાળના દેવતાઓને ઘણું રીઝવવા છતાં.
ના મળ્યું ફૂલો ગર્વ લઈ શકે એવું સુખ-
મારા વાળમાં.
આંગળીઓ લપસી પડે એવી સુંવાળપ કે મૂછોને તાણી શકાય એવાં ખેંચાણ ક્યાં હતાં એમાં ?
પેલી રાજકુમારીના મજબૂત દોરડા જેવી શક્તિ
તો ક્યાંથી હોય - મારા પાંખા-ટૂંકા વાળમાં ?
ઊંચો મિનારો તો છોડો, વેંત એક જ અંતર હતું
ને મારા વાળમાં આંગળીઓ પરોવવા લંબાયેલો એનો હાથ પાછો વળી ગયો...
એ પછી,
મારા વાળ વધુ ને વધુ ખરવા લાગ્યા છે.
ભોજનમાં મળી આવે ત્યારે નૉનવેજ ખાધું હોય એમ ઊબકો આવી જાય.
પથારીમાં ખરી પડેલાં, દગડફૂલ જેવાં લાગે !
ઘણી વાર સપનામાં ધરતી ફાટે ને વૃક્ષ ઊખડી જાય
એમ બધેબધા વાળ મારા હાથમાં આવી જાય,
ને છતાં મારા મૃત્યુની મુંડનવિધિ તો અધૂરી જ.
કાંસકીના દાંતિયા શિકારી કૂતરાની જેમ પીંખી નાખે મારા વાળને ને હું દટાવા લાગું એ પીંછાંઓની નીચે..
એક વાર બાલ્કનીમાં વાળ ઓળતાં ઓળતાં
મારા લાલ-સફેદ વાળ તુલસીના છોડ પર ખર્યા;

મને એ સૂતરની લાલ દોરી જેવા લાગ્યા;
એ પછી, હું નાસ્તિક, એને નમવા લાગી...
ખરી પડેલા વાળની વીંટી બનાવી આંગળીમાં પહેરી
હું અરીસા સામે ઊભી રહું - શકુંતલાની જેમ.
ગંધાતું કબૂતર બારીમાં આવે તો એનેય ધરી દઉં - પ્રસાદ રૂપે;
રખેને ક્યાંક માળો બાંધવામાં એને કામ લાગે!
મારી ભક્તિ દિવસે ને દિવસે વધવા લાગી છે :
હું એક કદાવર પીપળા ફરતે ફેરા ફર્યા કરું છું.
રઝ્યાખડ્યા વાળમાંથી એક પછી એક
ખેંચી... ખેંચી...
ચડાવ્યા કરું છું એ અશ્વસ્થ વૃક્ષને
દોષ નિવારણ માટે.

૨. મેસ્ટ્રો

અચાનક
"અલવિદા દોસ્ત.." કહી,
એ તો ત્યાં જ ઊભો રહ્યો
ને હું ફંગોળાઈ ગઈ સુપર ફાસ્ટ ટ્રેનમાંથી
કોઈ બહાર ફેંકી દે એમ.
પર્વત તૂટ્યો ને એમાંથી ગોળીની જેમ છૂટી રહેલા પથરા મારી પાછળ પડ્યા...
ને હું જીવ બચાવવા દોડી રહી હતી
ત્યારે પણ એ ત્યાં જ ઊભો હતો,
સુરક્ષિત.
એના જ સુદર્શનચક્રમાંથી ઊભું થયેલું-
એ વમળ હતું કે વંટોળ ખબર જ ના પડી;
અહીં તો આકાશ અને પાતાળ એક જાણે!!
હું અર્ધબેભાન અવસ્થામાં પડી હતી ત્યારે મેં જોયો એને લાલ રંગનો સ્કાર્ફ લઈને મારી તરફ઼ આવતાં...
મને થયું એ મને બચાવી લેશે.
ઝંડી ફરકાવી એ ખસી ગયો
ને સાંઢ મને પટકતો રહ્યો મન ફાવે તેમ.
એણે ચલાવેલા મેઘાસ્ત્રથી વાદળ ફાટ્યું
ને બધુંય તણાઈ ગયું-

મારી કલ્પનાઓમાં એના વિશે જે કંઈ હતું એ.
એ ઊભો રહ્યો મારી કલ્પનાઓની બહાર જઈને-
સ્મિત વેરતો.
ગુફા મને ગળી ગઈ ત્યારે પણ એ ત્યાં જ હતો - ગુફાની બહાર
કે પછી ગુફાની અંદર..!!
એ તો રિંગમાસ્ટર નીકળ્યો :
એની ચાબુકથી બેઠાં થઈ જાય- આદિમ મહાકાય જનાવરો
જે મને મારો ભૂતકાળ ભૂલવા નથી દેતાં.
એ પોતાની જાદુઈ લાકડી ફેરવી
એકસાથે કેટલાંય ઢીમ ઢાળી દે,
ને ફરી પાછી એ જ લાકડીથી મડદાંને બેઠાં કરી દે.
હું એ જાદુગર માટે તાળી વગાડવા સિવાય કશું જ કરી નથી શકતી.
હું મારા મૃત્યના આંકડા ગણી રહી છું.
થાકીને ભૂલી જાઉં તો એ યાદ કરાવી
ઉમેરણ કરી દે છે!!

◈

સૉનેટ | હરીશ શાહ

(શિખરિણી)

પડે છે આભેથી, જળ પ્રણયનું રૂપ ધરવા,
પછી દેહે થાશે, સતત બળતી કોઈ ભ્રમણા.
અરે આ વર્ષાના, દિવસ પણ કેવા ભ્રમિત છે,
હવે તો ઉન્માદે, રતિપતિ વળી જો ચલિત છે .

પ્રવાહો ત્યાં સુધી, પ્રબળ બનવાને દઢ હશે!
ધરાની આકાશે, નજર પડશે તો પલળશે.
જુઓ ખોઈ સૌએ, સૂધબૂધ હવે તો હરખમાં
વહે થૈ બેકાબૂ, પવન પણ સાથે મમતમાં

અકસ્માતે આજે, દરદ વળગે થૈ ઉમળકો,
નથી આ આંખેથી, લય-વલય એકે ઊતરતો
જુબાની વૃક્ષોની દિવસભર સૌ એ ટપકતાં
લતા ડાળી પર્ણો પવનરત ઝૂમે ખખડવાં.

પણે તો વર્ષામાં, નયન પણ ભૂલે ઉભયને,
પછી તો ગોરંભો, અધર અનરાધાર વરસે.

■

પીજન પ્રોજેક્ટ

વર્ષા અડાલજા

'મેં આઈ કમ ઇન? હું અંદર આવી શકું છું?'

'તમે અંદર આવેલા જ છો.'

'હાહાહા...ગુડ જોક. હું અંદર તો છું. બેસું?'

'હા.'

'થૅન્ક યૂ આ, ખુરશી સરસ છે.'

'હ.અ.અ...'

'આરામદાયક છે, જુઓ, હું ટટ્ટાર બેઠો છું, પણ તમારી ખુરશી વધારે સારી છે.'

'હા, તો?'

'તમે ઑફિસ સારી બનાવી છે, એ વન. કહેવું પડે.'

'ઑફિસ લાગે છે તમને આ?'

'ઑફિસ તો છે. માણસો ઑફિસમાં બેસીને કામ કરે ને! ભીંત પર પેઇન્ટિંગ્સ છે, લાગે છે વાન ઘોઘનાં ઓરિજિનલ છે, ગ્રેટ.'

'રિયલી!'

'નહીં તો! પેલા ફ્લાવરપોટમાં ફૂલો... આહા! શી માદક સુગંધ! તમે શોખીન જીવડા છો. કહેવું પડે!'

'એ ફૂલો પ્લાસ્ટિકનાં છે!'

'હા, ખરું એવું છે ને ફૂલો જોઈએ એટલે સુગંધનો જ વિચાર આવે.'

'એ તમારો ભ્રમ છે, જુઓ હું...'

'પણ, પણ, બ્રહ્મ સત્ય અને જગત અસત્ય... વૉટેવર જવા દો ને સાહેબ. મને તમારી ઑફિસ બહુ ગમી. તમારામાં ટેસ્ટ છે.'

'આ બીજો ભ્રમ, આ ઑફિસ નથી ક્લિનિક છે, મારો કન્સલ્ટિંગ રૂમ અને હું સાહેબ નહીં ડૉક્ટર છું. દાખલ થતાં બોર્ડ જોયું ને! તમે રિસેપ્શનિસ્ટને કહ્યું ને કે તમારે ડૉક્ટરને, એટલે કે મને મળવાની ઍપોઇન્ટમેન્ટ છે!'

‘અરે! તમને કેમ ખબર પડી?’

‘મારા ટેબલ પર ફોન દેખાય છે ને તમને? એને ફોનની લૅન્ડલાઇન કહેવાય. એની શોધ વર્ષો જ પહેલાં થઈ હતી, એની તમને ખબર જ હશે. એમ માનું છું, અને આ બીજો મોબાઇલ.’

‘મારી પાસે પણ મોબાઇલ છે.’

‘ગુડ. તો આડીઅવળી વાતો પૂરી થઈ! હવે બોલો.’

‘શું તમે પણ! ક્યારનો બોલું છું તો ખરો. ઓ. કે, ચાલો... આ આજકાલ ગરમી બહુ છે સાહેબ, આઈ મીન ડૉક્ટર. જોકે ડૉક્ટર સાહેબ ન હોઈ શકે? ગુડ ક્વેશ્ચન. તમે સાહેબ પણ છો ને!

‘જુઓ તમે...’

‘ડૉક્ટર, આ ગરમી પણ! તમારી ઑફિસ એટલે ક્લિનિક, તમે પાછા ચીકણા છો... બબ્બે એસી છે. એ તમે બહુ સારું કર્યું. એવી ઠંડક લાગે છે. કઈ કંપનીનાં છે?’

‘એ.સી.ની વાત નથી સાંભળવી મારે, તમારી વાત કરો.’

‘તમે પણ ડૉક્ટર! મારી વાત તો કરું છું! મને પર્યાવરણ વિષયમાં ખૂબ રસ છે. આજકાલ બહુ ચર્ચામાં છે નહીં!’

‘મને પર્યાવરણમાં રસ નથી, તમારી વાત...’

‘બસ, ત્યાં જ લોકોની ભૂલ થાય છે. પર્યાવરણ સ્વચ્છ નહીં હોય તો મનુષ્ય જીવશે કેમ કરીને! તમે જોયું છે! નોંધ્યું છે? લોકો જ્યાં ત્યાં પ્લાસ્ટિકની બૉટલ ફેંકે છે, પ્લાસ્ટિક પર્યાવરણ માટે કેટલું નુકસાનકારક છે! પૃથ્વીનું શું થશે એની મને ચિંતા છે. મારી ખૂબી એ છે, હા, ડૉક્ટર, હું બધા માટે વિચારું છું એટલે પ્લાસ્ટિક બૉટલ પ્રોજેક્ટ બનાવ્યો છે!’

‘પ્લાસ્ટિક પ્રોજેક્ટ? બૉટલનો?’

‘જોયું, તમને રસ પડ્યો ને! મેં થોડા વખતથી રસ્તા પર ફેંકાયેલી પ્લાસ્ટિકની બૉટલ ભેગી કરવાનું શરૂ કર્યું છે. ખભે કોથળો લઈ નીકળી પડું હોં સાહેબ – એટલે કે ડૉક્ટરસાહેબ! આનું નામ ખરી સમાજસેવા – ભાષણો કરવાં મને ગમે જ નહીં ને!, સેવાથી જ સમાજનો ઉદ્ધાર થશે.’

‘જુઓ, મને સમાજસેવાના તમારા પ્રોજેક્ટમાં કશો રસ નથી. તમારી વાત કરો.’

‘પાછું એનું એ! મારી વાત તો કરું છું, પણ તમે મને બોલવા દેતા નથી. બહુ બોલો છો તમે. આ તમારી ટેવ સારી નથી. આ સંસ્કારી માણસનું લક્ષણ નથી.’

‘એટલે હું અસંસ્કારી છું? તમને કંઈ બોલવાનું ભાન છે?’

‘છે સાહેબ. સાડીસત્તર વાર છે. હા, તો પ્લાસ્ટિક બૉટલના મારા પ્રોજેક્ટની વાત કરી. જોકે તમારી જેમ મારા ફૅમિલીને એમાં બહુ રસ નહીં, પણ સેવા કરવા નીકળેલા માણસે ખોટું ન લગાડવું જોઈએ. હું બહુ સિદ્ધાંતવાદી છું.’

'જુઓ, તમારા સિદ્ધાન્તવાદને મૂકો તડકે, તમે હજી કહેતા નથી કે તમને શું...'

'તમે તો મારા મોટા ભાઈ જેવી વાત કરો છો. તમે એમને મળ્યા છો?... જવા દો, તમારો ચહેરો જોતાં તમને એ વાતમાંય રસ નથી લાગતો. ચાલો, તો મારા બીજા પ્રોજેક્ટની વાત કરું, બુક પ્રોજેક્ટ સર એટલે કે સાહેબ, ના...ડૉક્ટર યસ. ધિસ ઇઝ વેરી ફની... હા...હા...હા.'

'વ્હોટ નૉનસેન્સ! હું ડૉક્ટર છું એ વાત તમને ફની લાગે છે!'

'અરે અરે! તમે તો ગુસ્સે થઈ ગયા. ગુસ્સો હેલ્થ માટે સારો નથી. પણ તમે જ ગૂંચવાડો કર્યો છે ને! ડૉક્ટર પણ સાહેબ હોઈ શકે છે, છે જ. બસ, કહી દીધું. હું શું કહેતો હતો! હા, પુસ્તકોની વાત કરતો હતો રાઇટ! ...એ ય... આમ ઝોકાં ખાઓ છો? નો મૅનર્સ... તમે પુસ્તકો વાંચતા લાગતા નથી, ક્યાંય શેલ્ફ દેખાતી નથી, કોઈકે કહ્યું છે પુસ્તકો ન વાંચો તો... સમથિંગ સમથિંગ થાય. પુસ્તકો નથી વાંચતા એટલે જ તમારી મેન્ટલ હેલ્થને અસર થતી જાય છે. તમે કહેતા હતા, મારી વાત કરું... તો વાત એમ છે સર કે હું બહુ પુસ્તકો ભેગાં કરું છું. સાચ્ચું કહું છું. શું કરું, પસ્તીવાળાને ત્યાં જાઉં, ત્યાં પુસ્તકોના ઢગલા હોય છે. આજકાલ બધા લોકો પુસ્તકો પસ્તીવાળાને પધરાવે છે, હું ત્યાંથી મારે ત્યાં પધરાવું. હા...હા...હા... થેલા ભરીને ઘરે ઊંચકી લાવું. તમને કહ્યું ને મેં, હું સ્માર્ટ છું! પુસ્તકો સામે પ્લાસ્ટિકની બાટલીઓ આપી દઉં... ફરી બગાસાં ખાઓ છો! બેડ, વેરી બેડ. એક બાજુથી કહો છો કે તમારી વાત કરો...'

'હા ભઈ, પુસ્તકોની ક્યાં માંડો છો, તમારી વાત કરો ને! ...અને...'

'એક્ઝેટલી, એ જ તો કરી રહ્યો છું, પણ તમે બગાસાં ખાવામાંથી ઊંચા નથી આવતા. જરા સમજો. બુદ્ધિવાળા બનો ડૉક્ટરસાહેબ. આ ઑફિસ... એટલે કે ક્લિનિક બહાર જમાનો બદલાઈ રહ્યો છે અને તમે કોટપૅન્ટટાઈમાં બંધાઈ ગયા છો. મારા જેવા સ્માર્ટ બનો. હું કેટલો સરળ, સિમ્પલ માણસ છું. લોકો મારાં વખાણ કરતાં થાકતા નથી. તમારે કોઈ પ્રૉબ્લેમ હોય તો મને કૉન્ટેક્ટ કરજો સાહેબ. હું બધાની હેલ્પ કરવા માટે જાણીતો છું. એક્ચ્યુઅલી ટાઇમ મૅગેઝિન... તમે એ મૅગેઝિનનું નામ તો સાંભળ્યું હશે કદાચ. મને ફોન કર્યો કે તમારો ઇન્ટરવ્યૂ લેવો છે...'

'ટાઇમ મૅગેઝિન... તમારો ઇન્ટરવ્યૂ...!'

'તો શું? મારું ફૅમિલી સુદ્ધા. મારી વાત માનવા તૈયાર નહીં.'

'કમ ટુ ધ પૉઇન્ટ... તમે...'

'એ જ તો કરું છું, પણ તમે મને બોલવા નથી દેતા... ઝોકાં ખાઓ છો... આ ટેબલ પર આંગળીઓ ટપ ટપ કરો છો. કંઈ બોલતા તો છો નહીં.'

'તમને શું ફીલ થાય...'

'અરે ભલા માણસ. મને શું ફીલ થાય છે એના બે શબ્દ બોલું ત્યાં તમે મારી વાત કાપી નાંખો છો, મારા મોટા ભાઈની જેમ. હા, તો પુસ્તકો. પુસ્તકો ઘરમાં હોવાં જોઈએ.'

'આ મારું ઘર નથી, ક્લિનિક છે. તમે...'

'એટલે અહીં નથી અને ઘરમાં પુસ્તકો છે! તો ક્યારના બોલતા કેમ નથી? નહીં તો માણસને ખબર કેમ પડે?'

'પણ...'

'કહે છે પુસ્તકો વાંચવાં સારી વાત છે પણ શું છે મને એવો ટાઇમ મળતો નથી. બિઝી, આઈ એમ વેરી બિઝી...'

'પ્લાસ્ટિકની બૉટલ ભેગી કરવામાં?'

'હવે સમજ્યા તમે મને. આ બહુ મોટી સમાજસેવા છે, પણ મારું ફૅમિલી સમજતું નથી, મારી મમ્મી પણ નહીં, પુસ્તકો જેવી પવિત્ર વસ્તુઓથી મારો રૂમ ભરેલો છે એનોય વાંધો છે એમને બોલો, કહે છે આઇન્સ્ટાઇન પાસે આનાથી વધારે પુસ્તકો હતાં પણ એનું ફૅમિલી કેટલું સપોર્ટ કરતું હતું! મેં આઇન્સ્ટાઇનને પત્ર લખ્યો હતો...

'વ્હો...ટ!'

'અરે એમાં આટલી મોટી બૂમ! ઓ.કે. તમે એમનું નામ ન સાંભળ્યું હોય એટલે નવાઈ લાગે. સમજાયું કેટલો ઇન્ટેલિજન્ટ છું! મેં પૂછ્યું, સર! તમે દુનિયાનાં સહુથી ઇન્ટેલિજન્ટ આદમી છો, તમે તમારા ફૅમિલી સાથે, પાડોશી સાથે, તમારી નાતના લોકો સાથે કેવી રીતે ડીલ કરતા હતા! એમનો જવાબ આવે ત્યારે તમને વંચાવીશ, તમારી આંખો ચાર થઈ જશે. થયું એવું કે એક વાર હું બહાર ગયો હતો.'

'પ્લાસ્ટિકની બૉટલ વીણવા?'

'ના. કબૂતરોની સંખ્યા ગણવા. વસ્તીગણતરી સાહેબ. છે ને મસ્ત આઇડિયા! અરે... અરે... સંભાળો સાહેબ. મારો ગ્રેટ આઇડિયા સાંભળી તમે તો ઊછળી પડ્યા. પડશો ખુરશીમાંથી, હાડકાં ભાંગશે...'

'જુઓ તમે...'

'હાડકું ભાંગે તો શું થાય ખબર છે? ક્યાંથી ખબર હોય! તમારું જનરલ નૉલેજ તો ખાસ છે નહીં! હાડકું ભાંગે એટલે તમને સીધા સ્ટ્રેચર પર નાંખી... નનામી જેવું લાગે નહીં સર!... ઑપરેશન થિયેટરમાં લઈ જઈ બેભાન કરી નાંખે. હવે બેભાનીમાં શું કરે એની તમને શું ખબર હોય!'

'વાત આડે પાટે...'

'સીધે પાટે છે સાહેબ ખડખડાટ. તમે બેભાન છો. રાઇટ! અરે સાહેબ, તમારું હાર્ટ કાઢી લઈ, બૉડી સીવી દે અને હાર્ટ બારોબાર વેચી દે, પછી કહેશે જાઓ, હો ગયા ઑપરેશન. ટનાટન. અબ પાંચ લાખ રખ્ખો ટેબલ પર ઔર નીકલો યહાં સે. શું? તમે ડોકું ધુણાવો છો, એટલે નથી ખબર! સર, તમે તો પહાડ જેટલા નિસાસા નાંખો છો. તમારું જનરલ નૉલેજ શૂન્ય. ઝીરો. સારું થયું, હું તમને મળ્યો તો દુનિયાદારીની થોડી ખબર પડી... અરે, તમને કેટલો પરસેવો થાય છે! જો હું તમને રોજ મળવા આવું તો તમારું નૉલેજ જે સ્પીડે વધશે. જાઓ, સાહેબ, તમે શું યાદ કરશો! કાલે હું આવીશ, સેઇમ ટાઇમ.'

'નો...નો...'

'તમે એટલું હાંફો છો કે તમે શું બોલો છો, કશું સમજાતું નથી. ખુરશી પકડી લો, પડી જશો... અરે...અરે... !'

'તમે... તમે... જ... જાઓ!'

'તમને આ સ્થિતિમાં મૂકી હું કેમ જાઉં સાહેબ! હું બહુ ભલો માણસ છું. મારા મોટા ભાઈ જોડે આવવાના હતા, મેં ચોખ્ખી ના પાડી, પછી મને કોઈની સેવા કરતાં રોકી દે છે... આ જુઓ તમારી જ વાત કરું. તમને કેટલો પરસેવો થાય છે. આંખો ચકળવકળ મોઢામાંથી લાળ... હાથ ધ્રૂજે છે...'

'ન...તમે...'

'ચૂપ. શાંત બેસો. રિલેક્સ. બહુ બોલો નહીં. રૂમાલ આપું? હું જ મોં લૂછી દઉં... વળી નો નો! ઠીક છે. તો મારા કબૂતરના પ્રોજેક્ટની વાત, તમારી તબિયત બરાબર થઈ એમાં અધૂરી રહી ગઈ. અરે જનાબ. સૂનેંગે તો ખુશહાલ હો જાયેંગે. હાં તો વાત એમ છે, ચૂ...પ... વચ્ચે ન બોલો. મેં વાંચ્યું કે કબૂતરની ચરકથી લંગ્સને નુકસાન થાય છે. આઈ ગોટ બ્રિલિયન્ટ આઇડિયા. મને થયું, સિંહની ગણતરી થાય, વાઘની થાય, ઘણાં પ્રાણીઓની પણ થાય છે, એમને માટે પેલું શું... અભયારણ... બને તો કબૂતર માટે કેમ નહીં? બોલો છે જવાબ?'

'ન...ન...'

'એક્ઝેટલી, નથી. સિંહ, વાઘ, હરણ માટે ખાસ્સાં જંગલો અને જંગલો અને કબૂતરો ગૂટરગૂં કરી મનોરંજન કરે છે એને ઠિંગો?' નોટ ફેર. શું છે કે એમનું અલગ અ...ભયા...વૉટેવર તો આપણને પણ ફાયદો. માનવજાતના લંગ્સ બચી જાય. મેં ગૂગલ કર્યું તો ગૂગલ મહારાજ કહે, શ્વાસના અડધા પ્રૉબ્લેમ કબૂતરની ચરકથી થાય... હવે તમે જ કહો, એમાં કબૂતરનો કંઈ વાંક!... તમે પાછા ખાંસવા માંડ્યા અને ચહેરો ધોળોધફ! તમારી તબિયત અચ્છી નહીં હૈ, ધ્યાન રખ્ખા કરો સાબ... હાં...હાં... ફોનને તો હાથ જ ન લગાડતા. ઓલી ચાંપલી રિસેપ્શનિસ્ટને બોલાવવી છે? પણ શું કામ? નો. નો. આપણને શાંતિથી વાત કરવા નહીં દે... લો, ફોનનો વાયર જ ખેંચી કાઢ્યો બસ! તમને કંઈ થશે તો તમારો જીવ હું બચાવીશ.'

'પ...પ્લીઝ...તમે...'

'અરે તમે તો હાંફવા માંડ્યા? ગભરાઈ ગયા છો, પણ શું કામ યાર! તમે તો બહુ બીકણ છો. મારા મોટા ભાઈ, બા બધાં મારાથી બીએ... જુઓ, હું કંઈ ભૂત છું? હેન્ડસમ છું. છું ને! જવાબ આપો.'

'હ...હા...આ...આ.'

'તમે કોઈ પ્રોજેક્ટ સરકારને સબમિટ કરો એટલે ડેટા વ. બધું માગે. મને કેમ ખબર? ઉસ્તાદ હૈ હમ મિયાં, હું ગયો બીએમસીમાં, સીધો મ્યુનિસિપલ કમિશનર કેબિનમાં ઘૂસી જ ગયો.'

'ઓહ!'

'નો મોબાઈલ પ્લીઝ, લાવો, મારા ખિસ્સામાં મૂકું, છોડો, કહું છું, છોડો. તમે તો નાના છોકરા જેવા છો, ધમકાવીએ નહીં તો માનો નહીં. અબ ઠીક. હમણાં તમને હસતાબોલતા કરી દઈશ. અરે...અરે... વાળ નહીં ખેંચવાના, ટકલું થશો તો બૈરી કહેશે યે કૌન આયા? હા...હા...હા. ઘરે પણ મારી વાત કોઈ ન માને તો મારે ધમકાવવા પડે. તમે ધ્રૂજો છો. પાણી પીઓ... પીઓ છો કે નહીં! જળ એ જ જીવન છે સાહેબ. મારો નેક્સ્ટ પ્રોજેક્ટ છે સેવ વૉટર. એ તો ટ્રમ્પનો મારી પર પર્સનલ લેટર આવશે ત્યારે બધાને ખબર પડશે કે મૈં ક્યા ચીજ હું...'

'ટ...ટ્ર...મ્પ?'

'ઑફકોર્સ. તમને ખબર નથી? એ અમેરિકન પ્રેસિડન્ટ છે. મેં લેટર લખ્યો ગુજરાતીમાં, માતૃભાષા સાહેબ ભાષાપ્રેમ. તમને કદાચ ખબર નહીં હોય, ધડાધડ ચેક લખી આપવા માટે જાણીતા છે... હું તમારી ઑફિસ... ચાલોને ક્લિનિક. તમે રાજી. અહીં ચક્કર કેમ મારું છું? કોઈ સારું કામ કરવાનું આવે ત્યારે હું ઍનર્જીની ઊભરાઉં છું. છલોછલ. આ તો તમારાં નસીબ હું તમને મળ્યો... અરે ટેબલ નીચે ભરાઈ ગયા? ચાલો, બહાર નીકળો. બ..હા..ર. તમારું મગજ ઠેકાણે નથી. હાં, બેસો ખુરશીમાં ટટ્ટાર. શાબ્બાશ. હાથ ન જોડો સાહેબ. મારા જેવો માણસ આ પૃથ્વીના પટ પર શોધ્યો નહીં જડે. તમારો વાંસો થપથપાવું અને ડરી ગયા? નમૂનો છો તમે. તો હું શું કહેતો હતો? બોલો.

'ક...ક...ક..બૂ..ત..ર.'

'હાં, તો મ્યુનિસિપલ ઑફિસરને મળ્યો, મેં કબૂતર... પીજન પ્રોજેક્ટની વાત કરી. એમણે શાંતિથી સાંભળી. એમને તો બહુ ગમી. મને કહે ડેટા આપો. મેં કહ્યું, એ શું? તો કહે સિમ્પલ. કબૂતરોની વસ્તીગણતરી કરી સંખ્યા આપો તો અમને ખબર પડે કે કેટલી જમીન જોઈશે... સ્ટાફ વ. મને કહે, જાઓ અત્યારથી ગણવા માંડજો. ડાયરીમાં નોંધ રાખજો. ઉપરથી શેકહેન્ડ કરી બેસ્ટ ઑફ લક કહ્યું, આખી ઑફિસ જોતી રહી ગઈ. વટ છે ને!'

'હ...અ...આ...ઓ...'

'હા..હા..હા... તમે તો બારાખડી બોલવા માંડ્યા. તમે બારાખડી ભણ્યા વિના જ ડૉક્ટર બની ગયા? દયા, કુછ ગડબડ હૈ. આપણી એજ્યુકેશન સિસ્ટમ સાવ બેકાર છે, મારો નેક્સ્ટ પ્રોજેક્ટ એજ્યુકેશન સિસ્ટમ હશે. એટલો મહત્ત્વનો પ્રોજેક્ટ છે કે ફાઇલ બનાવી, મારે દિલ્હી જવું પડશે. પી.એમ. પાસે. પટ મુલાકાત આપશે, તમારી આંખ ફાટી જશે સાહેબ... અરે સરખા બેસો... ખુરશીમાંથી પડી જશો. મને લાગે છે તમારી નર્વસ સિસ્ટમ વીક થઈ ગઈ છે. ધ્યાન રાખો સર, આજકાલ જુવાન લોકોય ટપકી જાય છે ત્યારે તમે શી વિસાત! મૌત કભી ભી આ સકતી હૈ.'

'બ...બ...રા...'

'બરાબર, એમ સીધું બોલતાં શું થાય છે. હાશ. હવે બેસું છું. મારામાં જે શક્તિ, એનર્જી પ્રગટ થાય છે તે મારું ફેમિલી સમજતું નથી, મને રૂમમાં લૉક કરવા જાય પણ હું એમ કરવા દઉં. દુનિયાનાં આ ઈવિલ ફોર્સ છે. એની સામે લડવું પડે.'

'ત...મે... જાઓ... ભૈસાબ...'

'ફરી હાથ જોડ્યા? મોઢું તો જુઓ દયામણું. ભિખારી લાગો છો. એક અરીસો રાખો અહીંયાં. તમારી સાચી જાત દેખાશે તમને... અરે શું થાય છે? યૂ મસ્ટ ગો ટુ અ ડૉક્ટર... પણ સંભલ કે. વાહિયાત, બુડથલ ડૉક્ટરો વધી પડ્યા છે... આ તમે જ જુઓ, કેવા બીકણ, કાયર છો, બીમાર છો. હા...હા...હા... તો આ મારી ઊર્જા... મોટા ભાઈ મને રૂમમાં પૂરી દે, મારી ઊર્જાને થોડી પૂરી દઈ શકાય? એ ઊર્જાનો સ્ફોટ થશે, અરે. વિસ્ફોટ કહોને સાહેબ. આ ઉસ્તાદ વિસ્ફોટમાં ઊડીને સીધો નાસા પર લૅન્ડ કરશે. દુનિયા આ નજારો જોઈ દંગ! બોલે, ક્યા બાત!... લે, એમાં મોઢું પહોળું થઈ ગયું! મારે કૃષ્ણના મુખથી બ્રહ્માંડ નથી જોવું. તમારી દાંતની ડાબલી બંધ કરો. સજ્જડ. યે બાત. બ્રહ્માંડનો તો હું વિચાર જ નથી કરતો, પૃથ્વી પર જ કેટલું કામ છે!... કેમ ઊભા થયા? બારણું બંધ છે નથી જવાનું તમારે. હજી તો પ્રોજેક્ટ વૉટરની ચર્ચા કરી દઉં...' પાણી હશે તો અનાજ થશે તો દેશ સમૃદ્ધ થશે... મને પદ્મવિભૂષણ મળે ત્યારે બધા તાળી પાડશે ને બધાને ખબર પડશે... અરે... તમે નીચે પડી ગયા? ઓ માય ગૉડ! બેભાન! મારી સિદ્ધિ તમારાથી જીરવાઈ નહીં. પૂઅર ઑલ મારે શું?... હું તો આ ચાલ્યો. પડ્યા રહો... એ ભાઈ તમે કોણ? ડૉક્ટરને મળવાની ઍપોઇન્ટમેન્ટ. નો. નો. આ માણસ ડેન્જરસ છે.

'વ્હોટ! હવે હું ભેરવાઈ ગયો.'

'આ ડૉક્ટર નથી, આઇકો છે સાઇકો... સાદી ભાષામાં ચક્રમ...'

'ખરેખર! એનું ફૅમિલી કેવું, ડૉક્ટરને બતાવતું પણ નથી.'

'ચલ ભાઈ, આ દુનિયા એવી જ છે. ચાલ, આપણે દરિયાની પાળે બેસીએ. હું મારા પ્રોજેક્ટની વાત કરીશ તો તું ઊછળી જ પડીશ.'

'મજા આવશે. લેટ્સ ગો.'

'એ રિસેપ્શનિસ્ટ બાઈ... શું છે આમ દોડતી આવી! સંભાળ તારા પેશન્ટને ચાલ દોસ્ત..., તો કબૂતર પ્રોજેક્ટનું એવું છે...'

■

એક ચર્ચાપત્ર : નવલરામ પંડ્યા

શ્રી ગુજરાત શાળાપત્રના અધિપતિ સાહેબ,

આપણામાં હાલ જે નવો ભયંકર રોગ ચોતરફ ફાટી નીકળ્યો છે તે જોઈ સઘળે ત્રાહે ત્રાહે થઈ રહ્યો છે. એથી તે બાપડાં પોર્યાઓની, તેનાં સગાંવહાલાંની, અને છેવટે બધા દેશની એવી ખરાબી થાય છે કે આ રોગનો ઇલાજ કોઈએ શોધી કાઢવો જોઈએ. એ કામ મહા વિકટ છે, અને તે વેળાએ દેશનું સમસ્ત વૈદ્યમંડળ ભેળું થઈ વિચાર કરે તોપણ તેનો પત્તો ન લાગે. પરંતુ પ્રયત્ન એ જ પુરુષનું કર્તવ્ય છે, તેથી મેં મારી અલ્પ જોગવાઈઓ પ્રમાણે એ રોગ સંબંધી જે કંઈ જૂજ તપાસો કરી છે તે નમ્રતાથી સર્વેની હજૂરમાં રજૂ કરું છું, કે વખતે કોઈ અપૂર્વ બુદ્ધિશાળીને આ મહાવ્યાધિના નિદાનાદિકનો ખરો માર્ગ સૂઝી આવે.

ચિકિત્સા. જેમ શીળીનો ઉપદ્રવ બહુધા બાળકોને જ થાય છે તેમ આ રોગમાં કિશોરાવસ્થાવાળા જ સપડાઈ પડે છે. મૂછનો દોરો ફૂટવા માંડ્યો કે આ દુષ્ટ મરજની પૂરેપૂરી વકી રાખવી, અને જ્યાં

(અનુ. પૃષ્ઠ ૨૮ ઉપર)

ડેર

એકતા નીરવ દોશી

ઢળતી સાંજ અચાનક રાતનું રૂપ પકડી ચૂકી હતી. હળવો હળવો બરફ પરત રૂપે વરસી રહ્યો હતો. બરફનું તોફાન વધે એવી શક્યતા હતી, પણ જવું તો પડશે જ એ વિચારે આયુષ અને મોના ઊભાં થયાં. વિશાલ અને રીનાને ગુડબાય હગ આપી એમણે પોતાના ઓવરકોટ ચડાવ્યા. હૉલ ગમ શૂઝ, હૅન્ડ ગ્લોવ્ઝ પહેરી, ગરમ કૅપ ચડાવી અને દરવાજો ખોલ્યો. હવા ચાબખાની જેમ વીંઝાઈ. ઘડીભર માટે દરવાજો બંધ કરી એ લોકો ઊભા રહ્યા. પાર્કિંગ સુધી પહોંચી જવાની સેકન્ડોની ગણતરી માંડી.

"તમે રોકાઈ જાવ. સવારે વહેલાં નીકળી જજો." વિશાલે રીના સામે જોતાં ઑફર આપી. આયુષની નજર ટેબલ ઉપર આડી પડેલી વાઇન બૉટલ ઉપર પડી. એને એ હજુ પણ ગોળ ફરતી દેખાઈ.

"યા...એકદમ પરફેક્ટ." રીનાનો અવાજ બોદો હતો. આયુષના શરીરમાં ઉપરથી નીચે સુધી એક ધ્રુજારી આવી ગઈ. આ વિશાલે હજુ શું ધાર્યું હશે! એણે પરાણે નકાર જેવું સ્મિત આપ્યું.

"એઝ આયુષ સે.." મોનાએ કૅપ ઉતારી. એને કોઈ ફરક નહોતો પડતો અને એ જ વાતથી આયુષને ફરક પડતો હતો. કઈ પ્રકારની સ્ત્રી છે મોના? માન્યું એનો ઉછેર અહીં થયો છે પણ પોતાના સંસ્કાર જેવું કાંઈ હોય કે નહીં.

"ના, તોફાન વધશે તો જઈ નહીં શકાય. પોતાને ઘરે પહોંચવું જરૂરી છે." આયુષની જીભના લોચા વળતા હતા. આંખો પણ નશાના ભારમાં હતી પણ નીકળવું જ પડે એમ હતું. મોનાએ દરવાજો ખોલ્યો અને બંને કૅપને સંભાળતાં ભાગ્યાં. મોના ડ્રાઇવિંગ સીટ ઉપર બેઠી અને આયુષે બાજુની સીટ ઉપર બેલ્ટ બાંધતાં રાહતનો શ્વાસ લીધો. એનું માથું ભારે હતું, શું બની ગયું કે બની રહ્યું હતું એ એને સમજાતું નહોતું. એ છેલ્લા થોડા કલાકો મગજમાંથી ભૂંસવા માંગતો હતો. એણે સીટ ઉપર માથું ટેકવ્યું અને આંખ બંધ કરી. પણ આંખ બંધ કરતાં જ સંભળાયું "ટ્રુથ ઓર ડેર" અને એણે આંખ ખોલી નાખી.

કાર કાર્લ-વેલીથી એડિલેડ સિટી તરફ સડસડાટ ભાગી રહી હતી. હજુ તો રાતના સાડાઆઠ વાગ્યા હતા પણ રવિવારી રાતે એકલતા ઓઢી લીધી હતી. રસ્તામાં દેખાતાં પાન વગરનાં ઝાડ અંધારામાં ભૂતાવળનો આભાસ ઊભો કરતાં હતાં. એકલદોકલ સડસડાટ ચાલી જતી કાર સિવાય સાવ સૂનકાર. વિકેન્ડ પછી મન-ડે બ્લૂયુઝ ન નડે એટલે રવિવારની રજા પોતાની સોડ વહેલી તાણી લેતી. આયુષે પોતાનું માથું વિન્ડો ઉપર

ટેકવી મોના સામે જોયું. એ મ્યુઝિક સાથે ગીત ગણગણતી હતી. એને મેકઅપથી પરફેક્ટ બનાવાયેલો ચહેરો જોવો ન ગમ્યો. જોકે એ જાણતો હતો કે આમાં કશું જ બનાવટી નથી. પણ એણે લાગતું આટલું પરફેક્ટ હોવું એ મશીનથી વિશેષ ન કહેવાય. આ લોકોનું આજનું વર્તન પણ ... ! અને રીના.. એ પણ એવી જ ?

ઑસ્ટ્રેલિયામાં આવ્યાને આ પાંચમું વર્ષ હતું. પહેલા વર્ષે જ રીના સાથે ઓળખાણ થઈ હતી. કંપનીની સિનિયર તરીકે. પરદેશમાં ગુજરાતી મળે એટલે વધારે પોતાનું લાગે એમ એ બેયની મૈત્રી બહુ ઝડપથી બંધાઈ હતી. રીના એક બાળકની મા હતી અને આયુષ નવો નવો પરણીને અહીં આવેલો મોનાપતિ. મોના ખરાબ નહોતી. પણ મોનાની ગોઠવાયેલી ઘરેડ જિંદગીમાં આયુષ એકમાત્ર ઉમેરણ હતો. જ્યારે આયુષ માટે આખી નવી દુનિયા. એવું પણ નહોતું કે આયુષે મોના સાથે લગ્ન પરાણે કર્યાં હતાં, અહીં આવવાના ફાયદા નુકસાન સમજ્યા પછી જ પરદેશમાં લગ્ન કરવાનું વિચારેલું. એની જૉબ પોતાની આવડત અને ભણતરને કારણે જ હતી, છતાંય એને સિટીઝનને પરણી લાવેલા પ્રાણી જેવું તો અનુભવાતું જ.

એક શાર્પ ટર્ન આવ્યો પણ નાનપણથી આ રસ્તાઓની આદત હોવાને કારણે મોનાએ કારની ઝડપ ઘટાડી નહીં. એને ઑસ્ટ્રેલિયાના વળાંકોના રિસ્ક બરોબર સમજાતા હતા. આયુષ ઘણી વાર અચકાતો અથવા તો થાપ પણ ખાઈ જતો. ભૂલનાં પરિણામ ભોગવવા કરતાં ધીમે જ ચાલવાની આયુષની આદત મોનાને નહોતી ગમતી અને એને "ટિપિકલ ગુજ્જુ" કહી મોઢું મચકોડતી. એ અહીં જ જન્મીને મોટી થઈ હતી, એકબીજાની કેર કરવાને પઝેસિવનેસ ગણાતા કલ્ચરવાળા એના મગજના ચોકઠામાં, ભારતીય લાગણીશીલ પુરુષો ગોઠવાતા નહોતા, પણ માબાપના આગ્રહવશ ઑસ્ટ્રેલિયા રહેવાનો મોહ ધરાવતા સુંદર, સુશીલ, સંસ્કારી ભારતીય પુરુષને પરણીને લઈ આવી હતી. સાધારણ ઘરનો નાનો દીકરો, જેના ઉપર પરિવારને ખાસ આશા નહોતી. જે ડૉલર મોકલી દેવાથી બાકીની જવાબદારીથી ભાગી શકે એમ હતો. જે દર બે વર્ષે એક વાર મોટી બૅગ ભરી અવનવી વસ્તુઓ લઈ આવે અને મહિના માટે માનપાન અને સુખસગવડ મેળવી જતો રહે. જેની વસ્તુઓના ખડકલાને જ પ્રેમ ગણી લેવામાં અને જેણે પોતાને આપવામાં આવતા મહેમાની સુખસગવડતામાં પોતાનાપણું સમજી લેવાનું હોય. આયુષ અહીં આવી પરિવાર માટે એક ડૉલરીયું સ્ટેટ્સ બની ગયો હતો. એડિલેડને પોતાનું બનાવવાની કોશિશમાં આયુષને હવે ભારત પણ પોતાનું નહોતું લાગતું. ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે રીનાને પણ દસ વર્ષ અગાઉ એની જેમ જ સુંદર, સુશીલની વ્યાખ્યામાં ગોઠવીને ઑસ્ટ્રેલિયા એક્સપૉર્ટ કરી દેવામાં આવેલી. બેય એક જ પ્રવાહનાં મુસાફર હતાં, ફક્ત તેમની હોડી જુદી હતી. એ જાણ્યા પછી આયુષને રીના જેટલું પોતીકું અન્ય કોઈ લાગતું નહીં. બંને બ્રેક ટાઇમમાં અને છૂટવાના સમયે આખા દિવસની વાતો કરી લેતાં. એકબીજાનાં સુખદુઃખ વહેંચીને લાગણીનાં ગજવાં ભરી લેતાં. પણ હવે, આયુષે ગ્લવ્ઝવાળા હાથ ઘસ્યા. મોનાએ ઘર આવી જતાં કાર રોકી.

બહાર નીકળ્યાં તો ખ્યાલ આવ્યો કે હવાનું જોર હજી વધ્યું હતું. જો આ સુસવાટા મારતા પવનમાં થોડી વાર ઊભા રહીએ તો હોઠ કપાઈ જાય અને ચહેરા ઉપર ઉઝરડા પડી જાય એવું હતું. ફરી કૅપ સંભાળતાં બેઉ ઘર તરફ ભાગ્યાં. દરવાજો ખોલી બરફ અને ઠંડા પવનથી લડવાનાં અસ્ત્રો શાસ્ત્રો ઉતાર્યાં. અગાઉથી સેટ કર્યા મુજબ હીટર ઑન હતું. ઘર હૂંફાળું થઈ ગયું હતું. મોના કપડાં બદલી પલંગમાં પડી અને આયુષ બાથરૂમમાં ઘૂસ્યો.

ગરમ પાણીનો શાવર ચાલુ કર્યો. એ ઘસી ઘસીને નહાવા લાગ્યો. શરીર ઉપરથી તો છાપ એક દિવસ નહીં તો બેચાર દિવસના અંતે ઊતરી જવાની હતી પણ મન.. લગભગ પંદરેક મિનિટ બાથરૂમમાં વિતાવ્યા પછી એ બહાર નીકળ્યો ત્યારે મોના ઘસઘસાટ ઊંઘી ગઈ હતી. એની મનોસ્થિતિથી અજાણ. આમ પણ એમની શુક્રવારની લવમેકિંગ નાઇટ સિવાય મોના એના માટે ક્યારેય જાગતી નહીં. ક્યારેક આયુષને થતું કે વિદેશમાં ઊછરેલા લોકોને લાગણી, ઇચ્છા, આવેગ બધું જ ટાઇમટેબલ પ્રમાણે જ આવતું હશે? પણ ઘણી વાર કોઈ કપલને રોડ ઉપર એકબીજામાં રત થઈ ગયેલાં જોઈને આ વિચાર પરાણે ખંખેરવો પડતો. આજે જે થયું એ ભારતીય માનસ સાથે સાંકળવું અઘરું જ હતું. એને થયું કે એ કદાચ હવે ક્યારેય શુક્રવારે પણ એ મોનાની પાસે નહીં જઈ શકે. એણે પથારીમાં લંબાવવાની કોશિશ કરી પણ જમણા ખભા ઉપર બળતરા લાગી.

એને આજે ઊંઘ આવવાની નહોતી એટલે બાકી રહી ગયેલી લોન્ડ્રી શરૂ કરી દીધી. ડિશ વૉશરમાં લોડ કરેલાં વાસણ સાફ થઈ ગયાં હતાં તો જગ્યાએ ગોઠવ્યાં. ઘડી ઘડી હાથ એના જમણા ખભા ઉપર જતો. છેવટે થાકીને આયુષ સોફા ઉપર જ સૂઈ ગયો. ઊંઘમાં પણ રીના, મોના, વિશાલ અને વાઇન બૉટલ.

સવારે એ થાકેલો જ ઊઠ્યો. ઑફિસ જવાનું મન નહોતું થતું. રીનાનો ફરી સામનો કરવો પડશે. જોકે એ ક્યાં જવાબદાર હતો. રીના પણ નૉર્મલ નહીં રહી શકે ને પછી એ પણ હવે મોના અને વિશાલની જેમ જ...

“ગુડ મૉર્નિંગ આયુષ!” કહીને મોનાએ એના હોઠ ઉપર હળવું ચુંબન કર્યું. આયુષે એના હોઠ ઘસી નાખ્યા અને મોનાને દૂર કરી. એના માટે અઘરું હતું. વાઇનનો સ્વાદ તો જતો રહ્યો હતો પણ ગોળ ફરતી બૉટલ આંખ સામેથી જતી નહોતી.

“કમ ઑન આયુષ! ઇટ ઇઝ ઓકે! નોટ અ બિગ ડીલ.” મોનાએ એનો હાથ પકડ્યો. “આટલું બધું યાદ ન રાખવાનું હોય. ઇટ વાઝ અ ગેઇમ.” કાલે પણ એ એમ જ બોલી હતી ને કે ગેઇમમાં સ્પિરિટ રાખવાની હોય.

“પ્લીઝ, ગીવ મી સમ ટાઇમ.” આયુષે હાથ છોડાવતાં પોતાનો જમણો ખભો ખંખેરતો હોય એમ હાથ ઝાટક્યો. મોના એની ટિપિકલ ઇન્ડિયન મેન્ટાલિટીને વખોડતી બ્રેકફાસ્ટ બનાવવા જતી રહી. હવે શુક્રવાર સુધી બંને વ્યસ્ત બની જવાનાં હતાં એટલે એકબીજાનો સામનો કરવાની જરૂર નહોતી પડવાની. આયુષે નાહતી વખતે ફરી જમણો ખભો ઘસી ઘસીને ધોયો.

એડિલેડના ભાગતા સોમવારની દોડતી સવારમાં એ બંને જોડાઈ ગયાં. બેય કાર અલગ દિશામાં નીકળી, અલગ જગ્યાએ પહોંચવા. રસ્તામાં એક સિગ્નલ ઉપર ઊભો રહ્યો ગાર્બેજમાં બૉટલ્સ જોઈ. કાલની સાંજ ફરી કબજો જમાવી ગઈ.

“ટ્રુથ ઓર ડેર” વિશાલે ખાલી થયેલી વાઇન બૉટલ ફેરવી હતી. ગેઇમ ફક્ત વિશાલ જ રમાડવાનો હતો. એનો વારો આવે ત્યારે મોનાએ રમાડવાનું એવું નક્કી થયું હતું. મોના સામે બૉટલનું મોં આવ્યું હતું,

“ટ્રુથ ઓર ડેર?”

“ટ્રુથ” મોનાએ સ્મિત આપ્યું.

"એવર ડન વન નાઇટ સ્ટૅન્ડ ?" વિશાલના સવાલ ઉપર આયુષ સાથે રીના પણ હેબતાઈ ગયાં હતાં.

"યસ, બિફોર મૅરેજ." મોના સહજ હતી. બૉટલ ફરીથી ગોળ ફરી ...

સિગ્નલ ખૂલી ગયું હતું. આયુષે કાર ઑફિસ તરફ દોડાવી. ઑફિસમાં રીના ક્યાંય દેખાતી નહોતી. એને થોડો હાશકારો થયો. કદાચ એ પણ મારી જેમ ઊંઘી નહીં શકી હોય. હવે કામ કરવું ખરેખર અઘરું બની જવાનું. આયુષને થયું, એણે નવી જૉબ શોધવા માંડવી જોઈએ. એનો જીવ કામમાં ખૂંચતો નહોતો. કમ્પ્યૂટર સ્ક્રીન રીનાના સિટિંગ રૂમમાં ફેરવાયું.

"ટ્રુથ ઓર ડેર, આયુષ ..." વિશાલ પૂછતો હતો.

"ડેર" ખબર નહીં કેમ એના મોઢામાંથી નીકળી ગયું. એ મોનાનું ટ્રુથ પચાવવાની કોશિશમાં મોટો પેગ પી ચૂક્યો હતો.

"રિમૂવ યોર શર્ટ." વિશાલે ડેર આપી. આમ તો કોઈ મોટી વાત નહોતી પણ કોઈ સામે એવી રીતે ...

"કમ ઑન આયુષ ! યૂ હેવ પરફેક્ટ વી શેપ." મોનાના શબ્દોથી એને ગુસ્સો આવ્યો પણ હજુ એટલો નશો નહોતો કે પોતાના સંસ્કાર છોડી શકે.

"આયુષ, ડેર બોલતાં પહેલાં વિચારવું હતું. યૂ હેવ ટુ ડુ." વિશાલે ફરી એક પેગ ભરી આપ્યો અને આયુષે શર્ટ કાઢ્યો. પણ તરત જ પાછો પહેરી લીધો. હવે બાકીના બેના વારા બાકી હતા પણ ફરીથી એનો વારો આવે તો ...હવે ટ્રુથ જ લેવું એવું આયુષે નક્કી કરેલું.

"આયુષ, લેટ્સ ગો ફોર લંચ." એક ક્લીગે બધા માટે પિઝા ઑર્ડર કર્યા હતા. આયુષ લંચ માટે જતાં અગાઉ વૉશરૂમ ગયો. ટિસ્યૂ પેપર ભીનો કરી એક વાર જમણા ખભે ફેરવી લીધો. પિઝા ખાવા પહોંચ્યો ત્યાં પહેલેથી જ રીના હાજર હતી.

"તું ક્યારે આવી ?" આયુષે અચકાતાં પૂછ્યું.

"સવારથી. મિટિંગ રૂમમાં હતી." રીનાએ બહુ સહજતાથી જવાબ આપ્યો. આયુષ એની સામે જોઈ નહોતો રહ્યો. રીનાનું સહજ વર્તન એને વધારે અકળાવતું હતું.

"રીના, હું બને તેટલી વહેલી જૉબ છોડી દઈશ." આયુષે એને પાસે જઈને કહ્યું.

"પણ કેમ ?" રીનાના અવાજમાં તકલીફ છલકાઈ.

"હજુ પૂછવું પડે છે કેમ ? તું પણ અહીં આવી અહીંના રંગમાં રંગાઈ ગઈ ?" રીનાએ આયુષના જમણા ખભે હાથ મૂક્યો. ક્યાંક એ કાલની જેમ... આયુષને કરંટ લાગ્યો હોય એમ ચાર ડગલાં પાછળ ખસ્યો.

"તને લાગે છે કે મેં ફક્ત ગેઇમ ખાતર કર્યું ?" રીનાના અવાજમાં અને આંખમાં બદલાયેલા ભાવ દેખાયા. આયુષ ઝડપથી વૉશરૂમ તરફ ગયો. હવે એને ખભાની બળતરા મીઠી લાગી. બ્રેક પછી આયુષ કામ ઉપર લાગી ગયો. ટાઇપ કરી રાખેલો રેઝિગ્નેશન લેટર રિસાઇકલ બિનમાં નાખ્યો અને એની આંખમાં આવતા વિકેન્ડની પાર્ટીમાં વિશાલને આપવાના ડેર વિશે વિચારોની ચમક ઊભરી આવી.

■

હું અને તું

સુષમા શેઠ

હું અનોખીને તાકતી રહી. પોતે સેક્સી દેખાય તેવું ટૉપ અને સ્કર્ટ તેણે પહેર્યું. ચહેરા પર ચળકાટ મારતો મેક-અપ કર્યો. લાલચટક લિપસ્ટિક ચોપડી. વાળ છુટ્ટા મૂક્યા અને હસ્કી અવાજે લટકો કરતી બોલી, “ચાલ, પબમાં મોજ કરવા. ત્યાં આર્યન પણ હશે.” એના અવાજમાં ભારોભાર બેફિકરાઈ હતી.

“ચૂપ… ઊંઘી જા.” મેં એને ધીમેથી કહ્યું, “આવાં નખરાં ન કરાય.” મને ક્યાંક કશુંક ખૂંચ્યું. મેં જોયું, બેબાક અનોખી મારી સામે તુચ્છકારભર્યું હસી, “તું તો સાવ ફટ્ટુ” એ બોલી.

એવામાં માની બૂમ સંભળાઈ, “આશકા, આરતીનો સમય થઈ ગયો છે. ક્યાં ખોવાઈ ગઈ ?”

“આવું છું.” કહી મેં વાળ બાંધી મોઢું ધોયું. કપડાં બદલ્યાં. આંખે પાણી છાંટ્યું. અકળામણ દૂર થઈ. મારા રૂમનો દરવાજો ખોલી હું પૂજારૂમ તરફ દોડતી ગઈ અને આરતીમાં જોડાઈ ગઈ. માએ મારા હાથમાં સુખડીની થાળી પકડાવી એ મેં બધાંની સામે ધરીને પ્રભાવનાનો પ્રસાદ વહેંચ્યો. દાદાજીએ લાગણી વહાવતો હાથ મારા માથે પસવાર્યો. મેં આમતેમ નજર કરી, અનોખી ત્યાં નહોતી. સારું છે કે એ રૂમમાં પુરાયેલી છે.

“ક્યાં છે તારું ધ્યાન ? ઊંઘતાં પહેલાં નવકાર ગણી લેજે. આજકાલ તું બધું ભૂલી જાય છે. વારે ઘડીએ મોબાઇલ જોવાનું બંધ કર.” પપ્પાએ કડક અવાજે ટકોર કરી.

“જી પપ્પા.” મારામાં રહેલી આજ્ઞાંકિત ડાહી દીકરી બોલી પડી. ડર હતો, જો હું બેધ્યાન રહી તો પપ્પા બધાંની સામે વઢીને મારાં છોતરાં કાઢી નાખશે. એ તો ગુસ્સાવાળા. હું નાની હતી ત્યારથી સાંભળતી આવી છું, “ફલાણું કર, ઢીંકણું ન કર નહીંતર પપ્પા વઢશે.” પપ્પાની બીકનાં મૂળિયાં મારા સમગ્ર ચેતાતંત્રમાં અડ્ડો જમાવી ફેલાઈ ગયેલાં.

“ખીખીખીખી…” પેલી અંદર બેઠી બેઠી ખિખિયાટા કરતી હસી. હવે મારે એને કઈ રીતે સમજાવવી કે આમ ન હસાય. જરીક તો સભ્યતા રાખ. એય એવી જિદ્દી કે ન પૂછો વાત. મને કહે, “બધા ઊંઘી જાય એટલે આપણે ચૂપચાપ સરકી જવાનું. એ લોકો ઊઠે એ પહેલાં તો આવીને અહીં પથારીમાં લંબાવી દેવાનું. કોઈને ખબરેય નહીં પડે. આ જો ઘરના લૉકની ડુપ્લિકેટ ચાવી.”

“ડુપ્લિકેટ ?” જુદી જુદી બે ચાવીઓ પણ એકસરખી ! ઓરિજિનલ કઈ એ ખબર જ ન પડે. જબરી એ તો. હું હા ના કરું એ પહેલાં તો મારો હાથ પકડી એ મને રીતસર

ઢસડીને પબમાં ખેંચી ગઈ. હું એનો પ્રતિકાર ન કરી શકી. ભીતર ઊછળતો એક દરિયો મને દૂર ક્યાંક તાણી જતો હતો. હું તણાતી રહી. અનોખીએ કહ્યું, “ચિંતા ન કર, મારો હાથ પકડી રાખ. મજા આવશે. લાઇફમેં થ્રિલ હોના ચાહિએ. તું તો સાવ…”

હા, હું તો સાવ એવી જ હતી. ફટ્ટુ, દબાયેલી, ગાભરું. પણ બધાં મને કેવી ડાહી અને સમજુ કહેતા.

અનોખી મને નોખી દુનિયામાં ખેંચી ગઈ. સ્વપ્નસમી એ દુનિયા! મારા ક્લાસનો આર્યન અને બીજાં ફ્રેન્ડ્ઝ પણ ત્યાં હતાં. બધાં મને આંખો ફાડી ફાડીને જોઈ રહ્યાં હતાં. શું હું એમનામાંની જ એક નહોતી? આછા ઉજાસવાળું માદક વાતાવરણ. મસ્તીથી ઝૂમતાં શરીરો. આર્યન મને ડાન્સ-ફ્લૉર પર ખેંચી ગયો. મને એ ગમ્યું. હુંય મન મૂકીને નાચી. એનું મોહક સ્મિત, એના શરીરનો અછડતો સ્પર્શ, ટીકીટીકીને મને જોવું, એણે છાંટેલા પર્ફ્યુમની માદક મહેક. આહા! હું એ વાતાવરણમાં ખોવાઈ ગઈ.

“ઘરે ચાલ.” એના સત્તાવાહી અવાજે મને ઢંઢોળી. હું ચમકી. હા, મને ખબર છે, સિન્ડ્રેલાને ફરમાન કરાયેલું કે એ રાત્રે બારને ટકોરે એના અસલી સ્વરૂપમાં પરિવર્તિત થઈ જશે માટે એ પહેલાં ઘરે પાછું આવી જવાનું. એટલું ભાન તો હતું જ કે પેલીના કહેવાથી હું અહીં આવેલી અને હવે ઘરે પરત ફરવું જોઈએ. જાણે એ મારા પર જોહુકમી કરતી. મારા મનમાંય ફફડાટ તો હતો જ. પપ્પા હંમેશાં કહેતા, “સાત વાગે જ્યાં હોય ત્યાંથી પાછા ઘરે આવી જવાનું.” અને હું હાજર. કેવી ડાહી! આજે આવું ગાંડપણ શાથી કર્યું? હવે શું થશે?

ફફડતા જીવે હું ત્યાંથી બહાર નીકળી. અઢીને ટકોરે એ મારો હાથ પકડી મને પાછી ઘરે તાણી ગઈ. કહે, “ઓહ્હો! કયું મોટું પાપ થઈ ગયું તે તું આમ ધ્રૂજે છે?”

સવારે મમ્મી જગાડવા આવી ત્યારે આંખો ચોળતાં હું પૂછી બેઠી, “અનોખી ક્યાં છે?”

“કોણ?”

હું જવાબ ખાઈ ગઈ. હાશ! ઘરમાં કોઈને કંઈ ખબર ન પડી. બીજા દિવસે હું કૉલેજ ગઈ. આર્યને મારી સામે આંખ મીંચકારી, “યૂ વર લૂકિંગ ગૉર્જિયસ લાસ્ટ નાઇટ.”

એ શું બોલતો હતો? મને સમજાયું નહીં. મેં આસપાસ જોયું. આવું કોઈ સાંભળી જાય તો મારા વિશે શું ધારે? મને સાંભળવું તો ગમ્યું પણ હું કંઈ બોલી ન શકી. નીચી નજર કરી, ખભા પરથી સરકી જતો દુપટ્ટો સરખો ગોઠવી હું ત્યાંથી સરકી ગઈ. ભીતર ખળભળાટ મચી ગયો. મેં મારા હાથ, પગ, માથાને સુરક્ષિત કવચમાં સંકેલી લીધાં; કાચબાની જેમ જ.

“એને કહી દે, આઈ લવ યૂ.” રમતિયાળ અનોખીએ આવીને કાનમાં કહ્યું. એ જ એનો સંમોહિત કરતો હસ્કી સહેજ ભારેખમ સ્વર મારી આસપાસ ગુંજી ઊઠ્યો.

“જા ને. મા, પપ્પા, બા, દાદાજી બધાં શું સમજશે?” મેં એને ધક્કો માર્યો. એને ગમ્યું તો નહીં પણ મારા ચાળા પાડતી હોય એમ એ બોલી, “હાય હાય, બધાં શું સમજશે?”

કૉલેજ છૂટ્યા પછી ઘરે પહોંચીને જેવો અંદર પગ મૂક્યો કે બા બોલ્યાં, "માથે ન્હાય નહીં ત્યાં સુધી બધે અડાઅડ નહીં કરવાનું ખબર છે ને ?"

"પણ બા, મારી ફ્રેન્ડને ત્યાં એવું કંઈ નથી પાળતા. મારે જ આવાં બંધનમાં..." મારી અકળામણ બહાર ઠલવાઈ.

"આપણે ત્યાં ઘર-દેરાસર છે, મા'રાજસાહેબ આવે, પૂજાપાઠ થાય. ચોખ્ખાઈ રાખવી પડે."

"એનું ઘર પણ ચોખ્ખું જ હોય છે. એ તો કંઈ નથી કરતી. આપણને આવું બધું કરીને શું મળે ?" આવું મેં વર્ષો પહેલાંય પૂછેલું. એનો જવાબ હજુ નથી મળ્યો. 'જવાબ આપતા નથી અને મારે એ લોકો કહે તેમ કરવાનું ?' મનમાં ઊઠતા સવાલો મને પજવતા રહ્યા. વળી મને કહી દેવાતું, "વડીલોની સામે ન બોલાય. શશશ..."

"હું કઠપૂતળી નથી કે તમે નચાવો તેમ નાચું." મને પોતાને નવાઈ લાગી. હું આવું બોલી ? ડહાપણનું બંધન મને ભીંસી રહ્યું હતું અને કોઈક અદૃશ્ય તાંતણાઓ મને ક્યાંક ખેંચી રહ્યા હતા. ના, નચાવી રહ્યા હતા.

દાદાજી અને બા ધર્મમાં અતૂટ શ્રદ્ધા ધરાવતાં હોવાથી તેઓ મા, પપ્પા અને મનેય તીર્થસ્થાને ઘસડી જતાં. મારે મને કમને જવું પડતું. નાનપણથી ઘરમાં સંસ્કારી, ધાર્મિક વાતાવરણ જોઈને હું ઊછરેલી. જોકે એ વખતે તો મનેય એવી સૂધબૂધ નહોતી કે મારી સહેલીઓ અને મિત્રો હરવાફરવાની, ફિલ્મો જોવાની અને રેસ્ટોરન્ટમાં જમવાની મોજમજા માણે છે તેનાથી હું વિમુખ થઈ રહી છું અથવા વંચિત રખાઈ છું. મારે માથે કેવું બધું થોપી દેવાયેલું. એ લોકો મારી પાસે ભજન ગવડાવતા, શ્લોક મોઢે કરાવતા. હુંય એમાં રમમાણ રહેતી. ડગલે ને પગલે, આ પાપ અને આ પુણ્ય એવી ભુલભુલામણીમાં હું અટવાયા કરતી. મારી આસપાસ જાણે એક સુરક્ષિત દીવાલ ઊભી કરી દેવાઈ હતી જ્યાં નવા જમાનાની હવાને આવવાની પરવાનગી નહોતી. વધતી ઉંમરની સાથે મારી ગૂંગળામણ વધતી ગઈ.

રસોડામાં ગઈ ત્યારે મેં જોયું, મમ્મી ગૅસ બંધ કરવાનું ભૂલી ગયેલી. સીટી પર સીટી. હવે તો કૂકરમાં એટલી બધી વરાળ એકઠી થયેલી કે મને થયું, કૂકર કદાચ ફાટી પડશે. ઝટ દેતાકને સળગતો ચૂલો ઓલવી દીધો.

પછી મારા રૂમમાં શાંતિથી આડી પડી. બંધ બારણે ટકોરા પડ્યા. ઉઘાડીને જોયું તો અનોખી ! ક્યાંકથી એ ફરી પ્રગટી. એકાએક મને એનો ભેટો થયો હતો. મારા જેવી જ તોય મારાથી સાવ અલગ, એ જાણે જુદી જ માટીની બનેલી હતી.

"ફગાવી દે આ બંધન. જીવન મોજ માણવા માટે છે, આવાં આધ્યાત્મિક ફિતૂર માટે હરગિજ નહીં. ઊભી થા. મારી સાથે ચાલ. તને રંગીન દુનિયા બતાવું."

એ તો આઝાદ. મનસ્વી. મનેય એની સાથે મુક્ત વાતાવરણ માણવું ગમવા માંડ્યું. બંધ બારણાં ખૂલી ગયાં. હાસ્તો, હવે હું કંઈ નાની કીકલી ઓછી છું ? તે દિવસે લેટેસ્ટ ફૅશનનું ટૉપ લાવીને પહેર્યું. માએ કીધું, "આવાં પારદર્શક લૉ નેક કપડાં નહીં પહેરવાનાં. છાતી પર દુપટ્ટો ઢાંક."

"આવું તો આજકાલ બધાં પહેરે છે." મેં પોકારેલો બળવો દાદાજી, બા, મા અને પપ્પા સૌએ સાથે મળીને કચડી નાંખ્યો. હું છેક તળિયે દબાઈ ગઈ. એક ચીસ પણ ન પાડી શકી, મારા મગજમાં ઠસાવી દેવાયેલું, 'મોટાઓની સામે ન થવાય અને મોટેથી ન બોલાય.' પપ્પાની લાલઘૂમ આંખો દેખાઈ. એક તીવ્ર વેદના માથાથી પગની પાની સુધી દોડી ગઈ.

"કહી દે, મને ફૅશનેબલ વસ્ત્રો ગમે છે. કૉલેજમાં સૌ મને મણિબહેન કહી ચીડવે છે. તમે મને આવાં બંધનોમાં બાંધી ન શકો." અનોખીના તીખા અવાજે મને ખભો પકડીને હચમચાવી મૂકી.

"પણ એવું ન કહેવાય. પાપ લાગે." હું પાછી મારા સંકોચના સુરક્ષિત કોચલામાં ભરાઈ ગઈ. એ મારી પોતાની દુનિયા હતી જ્યાં હું ઊછરીને મોટી થઈ હતી. બીજી નવી અજાણી દુનિયા કોણ જાણે કેવીયે હોય.

અનોખીએ મને મારા પોતાના ડરમાંથી મુક્ત કરી, "બહાર નીકળ, મારી સાથે ઊડવા માંડ."

મને પાંખો ફૂટી. અનોખીનો હાથ ઝાલી હું બહાર નીકળી. લૉરાને ત્યાં એક પેગ લગાવ્યો પછી હિંમત આવી અને હું વિશાળ ગગનમાં વિહરવા માંડી.

"ચાલ, આજે લેક્ચર બંક કરીને પિક્ચર જોવા જઈએ." આમંત્રણ આપતા એ ટોળામાં અનોખી પણ હતી. થિયેટરનું અંધારું મને ગમ્યું. હીરો હીરોઇન વચ્ચેનાં પ્રણય-દૃશ્યો, મન ડોલાવતું સંગીત, હીરોઇનનાં નવી ફૅશનનાં વસ્ત્રો, અને નવા જ વિચારોએ મને વિચારતી કરી. અંતરમન બહેક બહેક, મહેક મહેક.

અરીસા સામે ઊભી રહી હું મારી જાતને હીરોઇનમાં ઓગાળી દેતી. અનોખી બોલી, "મજા આવી ને?"

"હા. ફરી જઈશું. પણ ઘરમાં કોઈને કહેતી નહીં. નહીંતર માથે આભ તૂટી પડશે." આવું હું બોલી કે અનોખી? કોણ જાણે પણ પછી તો દબાઈને બેઠેલી સ્પ્રિંગ બમણા વેગે ઊછળી. હું અનોખી કહે એમ જ કરતી અને ઘરે આવ્યા પછી ડાહી સમજુ આશકા બની જતી. "શશશ... કોઈને ખબર ન પડવી જોઈએ." મેં અનોખીને કહ્યું.

"આશકા, આજે મા'રાજશ્રી પધારવાના છે. આપણે ત્યાં પાઠ અને ભક્તિ છે. સાડી પહેરજે. હવે તું નાની નથી રહી." માએ મારા હાથમાં સાડી-બ્લાઉઝ પકડાવ્યાં.

માને કઈ રીતે સમજાવું કે, હા, હવે હું નાની નથી રહી. પંખીનું બચ્ચુંય કોચલામાંથી બહાર નીકળે, પાંખો ફૂટે પછી મુક્તપણે ઊડવા માંડે.

સંસ્કાર માય ફૂટ! મારા ફ્રૅન્ડ્ઝની જેમ મારેય આઉટિંગ, ક્લબ, હૉલિડેઝ, પાર્ટી, ફિલ્મ્સ ઍન્જૉય કરવાં છે. જો, અનોખીને જો. એ કેવી મોજ કરે છે. છે એને કોઈ ડર? છે કોઈ બંધન?

"તું કાલે ઊઠીને સાસરે જશે. સમાજમાં આપણું મોટું નામ. દાદાજીને સૌ માન-સન્માન આપે. પાર્ટીમાં જવું તો દૂર, આવાં કપડાં ન પહેરાય." માએ કેવા પ્રેમથી સમજાવી. હું સમજુ. સમજી ગઈ. મોટાં મોટાં નામનો હું એક ભાગ. એક દિવસ અનોખીને કહી જ

દીધું, "તું મારાથી દૂર રહે. મારી દુનિયા જુદી છે. મને વટલાવીશ નહીં. જૂઠું બોલીએ તો પાપ લાગે." એટલું બોલતાંય મને પરસેવો વળી ગયો. હૃદય ધડક ધડક થતું હતું.

પણ એ તો ફરી ખડખડાટ હસી પડી, "અરે ગાંડી, આપણે એક સિક્કાની બે બાજુઓ. જ્યાં તું ત્યાં હું. આપણી દુનિયા અલગ કેવી રીતે હોય? સાચું કહે, તને મારી સાથે રખડવું ગમે છે ને? કહે, પાપ એટલે વળી શું? કેવી રીતે લાગે?"

"હા. પણ..." પાછું મારા મગજમાં પણ અને બણ, જો અને તો ફરતું રહ્યું. મેં મનને મનાવીને એક બાજુ બેસાડી દીધું. અવાજ નહીં, ટીચર કહેતી ને? ફિંગર ઑન યૉર લિપ્સ. નહીં તો પનિશમેન્ટ મળે. છાનીમાની બેસ અનોખી."

મન માંકડું. એમ કંઈ માને? થોડા દિવસ થાય અને પાછું કૂદકા મારે. "આજે બધાં સાશાના ફાર્મહાઉસ પર નાઇટ-સ્ટે કરવાના. આર્યન પણ આવશે. ચાલ, જવું છે ને?"

સામે ખુલ્લું આકાશ હતું. પીંજરામાં પુરાઈને મારે જોયા કરવાનું? ના. ઊડવું હતું. મેં પાંખો ફફડાવી કહ્યું, "જવું તો છે પણ ઘરમાં આવું નહીં કહેવાય. કહીશ, ટેસ્ટ છે માટે સૌ સાથે અભ્યાસ કરવાના છીએ. વાંધો નહીં એકાદ વાર ગપ્પું મારવાનું. ચાલે એ તો." મેં અનોખીને કહ્યું. એણે આંખ મીંચકારી ધરપત આપી, "અરે, દોડે. કોઈને ખબર નહીં પડે."

પણ જ્યારે મારું રિઝલ્ટ આવ્યું ત્યારે ઘરનાને તો શું મનેય બરાબર ખબર પડી ગઈ. જાણે ધરતીકંપ થયો.

"આશકા બે સબ્જેક્ટમાં ફેલ થઈ? આવું બને જ કેમ? આજકાલ ભણવામાં ધ્યાન નથી આપતી. બી સિરિયસ આશકા, ફાઇનલ્સને બે જ મહિનાની વાર છે." પપ્પાએ સંયમિત સ્વરે કહ્યું, "પૂજાપાઠમાં નહીં બેસે તો ચાલશે."

એ ચાલશે પણ મારી મમતાળુ માને કેવી રીતે ચલાવું? હવે હું વાંચતી હોઉં ત્યાં સુધી એ મારા રૂમમાં મોડી રાત સુધી બેસી રહેતી. મા કહેતી, "એકલી એકલી બબડે છે. કૉફી બનાવી દઉં તો ઊંઘ ન આવે."

મારે સજાગ રહેવાનું હતું, "અનોખી, પ્લીઝ ડુ નૉટ ડિસ્ટર્બ.'' મેં કડક અવાજે કહી દીધું પણ એ ક્યાં માને તેમ હતી?

જેવી મા બહાર જાય તેવી એ ડોકાય. "ફેંક આ બુક. ભણીને શું કાંદા કાઢવાના? ચાલ, એકાદી મોબાઇલ ગેઇમ રમીએ. ફ્રેશ થઈ જઈશ." અને ઘેરાયેલી આંખો સવાર સુધી મીંચાઈ જતી. એક તરફ ચોપડાં અને બીજી તરફ મોબાઇલ ફોન મારી અડખેપડખે ફેલાયેલાં રહેતાં.

ફાઇનલ્સ પત્યા પછી તો મારા મન પર ચઢાઈ કરતી હોય તેમ અનોખી અવારનવાર હલ્લાબોલ કરતી, "પપ્પાને બિન્દાસ્ત કહી દે, બૉયફ્રેન્ડ સાથે ડેટ પર જાઉં છું."

પણ મારી બોબડી ખૂલે તો ને?

"એ લોકો આશકાને જોવા આવવાના છે. એને કહેજે આજે ઘરે જ રહે. સરસ તૈયાર થાય." મેં પપ્પાને કહેતા સાંભળ્યા.

ઘરના સૌ સવારથી ખુશ હતાં. માએ મારા કબાટમાંથી ગુલાબી પંજાબી ડ્રેસ કાઢીને કહ્યું, “આશકા, આ પહેરી લે. તને જોવા...” મા જે બોલતી હતી એ મને નહોતું સંભળાતું. કદાચ સાંભળવું જ નહોતું. હું ધબ્બ કરતી પલંગ પર બેસી પડી. આસપાસ બધું ગોળ ફરતું હતું. અનોખીએ પૂછ્યું, “તું ખુશ છે ?”

“નાઆઆઆઆ.” મેં ચીસ પાડી. મારી સામે પડેલો પેલો ગુલાબી પંજાબી ડ્રેસ મેં એક તરફ ફંગોળ્યો. દુપટ્ટાના લીરેલીરા કરી ચારે તરફ ઉડાડ્યા.

અરીસામાં અનોખી મોટેમોટેથી હસતી હતી જાણે મારી હાંસી ઉડાવતી કહેતી હોય, “તું હારી, હું જીતી.”

એ સાંભળી મેં મારી જાત પરનો કાબૂ ગુમાવી દીધો, “છેતરામણી જાળમાં ફસાવી તેં મને.” ટેબલ પર પડેલું શો-પીસ ઊંચકી લઈ એની તરફ જોરથી ફેંક્યું, “મને હેરાન ન કર. જા. જતી રહે. હું જે છું, જેવી છું તેવી જ મને રહેવા દે.”

અરીસામાં અનેક તિરાડો પડી ગઈ. એક અનોખી નહીં, અનેક અનોખીઓ મારી સામે હસી રહી હતી. તૂટેલા અરીસાનો કાચ ઉપાડી મેં એની તીક્ષ્ણ ધાર મારા કાંડે મૂકી. એ જ વખતે માએ બહારથી બારણું ખખડાવ્યું, “આશકા, તૈયાર ?”

“હા. મા, તૈયાર.” બોલી હું ઢળી પડી.

મારી આંખો ખૂલી ત્યારે હું હૉસ્પિટલના બેડ પર સૂતેલી હતી.

“આશકા બેટા, કેમ છે ? ભગવાનનું નામ લે, બધું સારું થઈ જશે.” મા બોલી રહી હતી.

“કોણ આશકા ?” હું બાઘાની માફક આમતેમ જોઈ રહી હતી, “ઇટ્સ મી, અનોખી.”

“અરે ! તું આવું કેમ પૂછે છે ? કોણ અનોખી ?” મા-પપ્પા આશ્ચર્યમાં ગરકાવ હતાં.

વાળ ખુલ્લા કરી હું હસતી રહી.

■

સુધી તે બરોબર ભરચક ઊગી નથી, ત્યાં સુધી તે ચેપ લાગવાની દહેશત એક ક્ષણ પણ દૂર થતી નથી. એટલે, આ રોગથી સંભાળ રાખવાનો ખરેખરો વખત ૧૫થી ૨૫ની ઉમ્મર સુધીનો છે. વખતે એથી મોટાને અને એકાદ બે ડોસાને પણ આ રોગ ભયંકર રૂપમાં થયેલો સાંભળ્યો છે, તથાપિ તે માત્ર અપવાદ જ કહેવાય. કિશોરાવસ્થામાં તો શીળીની પેઠે એ રોગ હાલ સર્વને જ થતો માલૂમ પડે છે. અને તેથી જ લોકમાં આટલો બધો ગભરાટ ઊઠ્યો છે.

આ રોગનું પૂર્વ રૂપ બહુ જ ભૂલથાપ ખવડાવનારું છે. પ્રથમ તો બુદ્ધિને શરીરમાં ઘણી જ ચંચળતા દેખાય છે. કિંચિત્ જ્વર નાડીમાં તથા માથા પર રહે છે. તે કોઈના લક્ષ્યમાં આવતો નથી. અંતઃકરણમાં કોહાણમાં શરૂ થાય છે. તે તો કોઈના દીઠામાં શી રીતે આવે? તેથી તેનાં માબાપ તથા મહેતાજી તો છોકરો ખૂબ ખીલવા લાગ્યો છે એમ સમજી રાજીરાજી થતા હોય છે. તે વેળા જ આ ભૂંડો રોગ તેના શરીરમાં ઘર ઘાલે છે. થોડા વખતમાં તે બાળકનો સ્વભાવ ખાટો ને તીખો થવા લાગે છે, બોલવું બહુ કમ થઈ જાય છે, અથવા બોલે છે તો તે મહા ધૂંધવાતું ને તિરસ્કારભર્યું. હજી પણ એના વાલીઓ ચેતી ઠાવકા ઉપાયો કામે લગાડતા નથી તો પછી આ રોગ પોતાનું ભયંકર રૂપ એકાએક પ્રકટ કરે છે.

(અનુ. પૃષ્ઠ ૩૨ ઉપર)

અમેરિકામાંનું પ્રાદેશિક નાટ્ય-જગત

પ્રીતિ શાહ-સેનગુપ્તા

અમેરિકાના સંદર્ભે કળાના કોઈ પણ ક્ષેત્રની વાત કરીએ - ચિત્ર, શિલ્પ, પશ્ચિમી શાસ્ત્રીય સંગીત, ઑપેરા, મૉડર્ન નૃત્ય, નાટક વગેરે - તો હંમેશાં મનમાં પહેલું નામ તો ન્યૂયૉર્ક શહેરનું જ હોય. આ બધી જ પ્રવૃત્તિઓ ત્યાં પુષ્કળ પ્રમાણમાં થાય; એટલું જ નહીં, એ દરેકમાં સર્જનની પ્રખર મૌલિકતા દર્શાવાતી હોય. એમ તો કેટલાંક બીજાં મોટાં શહેરોમાં પણ આવી પ્રવૃત્તિઓ થતી જ હોય છે, પણ ન્યૂયૉર્ક શહેરની સરખામણીમાં ગૌણ જ લાગે.

મોટાં શહેરો સિવાય પણ, અમેરિકામાં અન્યત્ર, એટલે કે નાનાં શહેરોમાં પણ (ઓછે અંશે) કળા-પ્રકારોનું શિક્ષણ તથા રજૂઆતો થતાં જ રહેતાં હોય છે. મુખ્ય તફાવત એ હોય કે એ કાર્યો પ્રાદેશિક, એટલે કે 'રિજનલ', તેમજ નગર-કેન્દ્ર બહારનાં, એટલે કે 'સબર્બન' ગણાય. તે તે જગ્યા માટે, બધી ઉંમરના વિદ્યાર્થીઓ તથા રસ ધરાવતા સર્જનશીલ લોકોને જાણવા-માણવાની તકો મળે તેવો ઉદ્દેશ ઘણો અગત્યનો હોય છે, પણ બધી પ્રક્રિયા એ નાના ફલક પૂરતી મર્યાદિત રહે છે.

દેશની લગભગ દરેક સ્કૂલ અને કૉલૅજમાં ડ્રામા ડિપાર્ટમેન્ટ હોય, અને વર્ષે એક, કે બે વાર, વિદ્યાર્થીઓ રજૂઆત કરતા હોય. એ પછી આવે પ્રૉફેશનલ ગ્રૂપ, કે જે પુખ્ત અદાકારો દ્વારા, આવકના ઉદ્દેશથી, નાટક રજૂ કરતાં હોય. કેટલાંક ગ્રૂપ શેક્સપિયર, બર્નાર્ડ શૉ, ઑસ્કાર વાઇલ્ડ વગેરે જેવાંનાં પ્રચલિત નાટકો પુનર્જીવિત કરવામાં રસ રાખતાં હોય છે, પણ પસંદગીનો વધારે ઝોક નવાં અમેરિકન નાટકો તરફનો, તેમજ નૉન-કૉમર્શિયલ પ્રકાર માટેનો હોય છે. આ રજૂઆતો પણ, મોટે ભાગે, પ્રાદેશિક સંદર્ભમાં જ સીમિત રહી જતી હોય છે.

ને છતાં, આખા આ અમેરિકા દેશમાં અત્યારે બે હજાર જેટલાં રિજનલ થિયેટર્સ અને સબર્બન ગ્રૂપ છે, કે જે નાટકોની નિયમિત રજૂઆતો કરતાં રહેવા માટે નોંધપાત્ર બન્યાં હોય. દેશના, ન્યૂયૉર્ક સિવાયનાં પણ, દરેક મોટાં શહેરમાં, જેમ કે વૉશિન્ગ્ટન ડી.સી., ઍટલાન્ટા, લૉસ એન્જેલસ, સાન ફ્રાન્સિસ્કો, હ્યુસ્ટન, શિકાગો ઇત્યાદિ, કેટલાંક ગ્રૂપ નાટકની પસંદગી, એની રજૂઆત તથા અભિનય વગેરેની કક્ષા માટે, નાટ્ય-પ્રેમીઓમાં, ખાસ જાણીતાં બન્યાં છે. ઉપરાંત, દરેક મોટી યુનિવર્સિટીના નામ સાથે સંલગ્ન થિયેટર પણ હોય છે, જેમાં યેલ, પ્રિન્સ્ટન, બર્કલિ, યુટાહ, ફ્લૉરિડા સ્ટેટ યુનિવર્સિટી વગેરે અનેકને સહેલાઈથી ગણાવી શકાય.

આ નૉન-પ્રૉફિટ ગણાતાં થિયેટરોને, ટિકિટો વેચીને, ખર્ચો પૂરો કરવા જેટલી આવક પણ થતી હોતી નથી; સતત વિવિધ અનુદાનો તથા સરકારી ગ્રાન્ટ ઉપર ઘણો આધાર રાખવો પડતો હોય છે. દેશમાં સર્વત્ર પ્રેક્ષકોમાં વિખ્યાત બનેલા કળાકારો ને અદાકારો પણ આ બધાં જૂથો સાથે કામ કરવા તૈયાર હોય છે, ને ક્યારેક ઓછી ફી લઈને પણ રજૂઆતનો હિસ્સો બનતાં હોય છે. પૈસાની ખૂબ છૂટ નહીં હોવા છતાં પ્રોડક્શનમાં કોઈ કચાશ રાખવામાં આવતી હોતી નથી. બલ્કે વધારે તો, એ પ્રેક્ષકોની પ્રશંસા જ પામતાં હોય છે. વળી, અમુક અમેરિકન નાટ્યકારો પોતાને ખાસ પસંદ હોય તેવાં થિયેટર-ગ્રૂપ સાથે જ પોતાના નવા નાટકનો પ્રથમ આવિષ્કાર કરવા માગતા હોય છે. જેમ કે, ડેવિડ મૅમૅટ ને માર્ક મૅડૉફ જેવા નોંધપાત્ર સમકાલીન અમેરિકન નાટ્યકારો રિજનલ ગથ્રી થિયેટરમાં, અને ઍથૉલ ફ્યુગાર્ડ જેવા દક્ષિણ આફ્રિકી નાટ્યકાર રિજનલ યેલ રૅપર્ટરિ થિયેટરમાં જ પોતાનાં નાટકો સૌપ્રથમ રજૂ કરવાનો આગ્રહ રાખતા.

રિજનલ નાટ્યમંચો પર અસાધારણ રજૂઆતો થતી રહે છે, જેમને નિઃશંક પરિપૂર્ણ દૃશ્ય-શ્રાવ્ય કળાકૃતિઓ કહી શકાય. તાજેતરમાં અમને અમેરિકાના ફ્લૉરિડા રાજ્યમાંનાં રિજનલ થિયેટરોમાં આવાં નાટ્ય-અનુષ્ઠાનો જોવાની તક મળી રહી છે. આ રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલા સારાસોટા નામના એક નાના સુંદર શહેરમાં દરિયાકિનારા સિવાય પણ બોટાનિકલ ગાર્ડન, ડાલિ મ્યુઝિયમ, અન્ય કળા-સંગ્રહાલયો, ઑપેરા હાઉસ, ફ્લૉરિડા સ્ટેટ થિયેટર તથા યુનિવર્સિટી સાથે યુક્ત અસોલો થિયેટર જેવાં અસામાન્ય સ્થાનો આવેલાં છે, તેની જાણ બધાંને હોતી નથી.

અહીં પ્રસ્તુત રીતે, અસોલો થિયેટરની જ વાત કરીએ તો મૂળ, ૧૮મી સદીને અંતે, એ ઇટાલીના અસોલો નામના ગામમાં બન્યું હતું. જાણીતાં અને મુખ્ય ઇટાલિયન કળાકારો દોઢસોથી વધારે વર્ષો સુધી ત્યાં અભિનય કરતાં રહેલાં. છેવટે, ૧૯૩૦માં એ ઇમારતને છૂટી કરીને સ્ટોરેજમાં મૂકી દેવાઈ. એનાં વીસેક વર્ષો પછી, ફ્લૉરિડા રાજ્ય સરકાર તથા સ્થાનિક રિન્ગલિન્ગ મ્યુઝિયમ દ્વારા એ ખરીદી લેવાઈ. બીજાં કેટલાંક વર્ષો પછી ફરીથી બાંધકામ થયું, અને અત્યારે છે તેવાં, ઐતિહાસિક સ્થાપત્ય અને આધુનિક ગોઠવણીના સંયોજિત સ્વરૂપે આ કળાગૃહ સારાસોટા શહેરમાં ૧૯૫૮થી કાર્યરત થયેલું છે. દેશના આ દક્ષિણ-પૂર્વ ભૌગોલિક વિભાગમાં એ સૌથી મોટું રિજનલ નાટ્ય-કેન્દ્ર બનેલું છે.

અસોલો થિયેટરના નામ સાથે એકાધિક પ્રવૃત્તિઓ જોડાયેલી છે. એક તો, અનુદાન માટે જુદાં જુદાં સ્તરો છે, જેમાં પંચોતેર ડૉલરથી શરૂ કરીને પચાસ હજાર (કે લાખો) ડૉલરની ભેટ આપી શકાય છે. બીજું, અદાકારીની ટ્રેનિંગ, લંડનમાં નાટકના અભ્યાસ માટેનો પ્રોગ્રામ, આસિસ્ટન્ટશિપ વગેરેમાં અસોલો સક્રિય રહે છે. વળી, યુનિવર્સિટીના કળાકેન્દ્રમાં અસોલોનાં ટૅલેન્ટેડ સદસ્યો સલાહ અને સહાય આપતા હોય છે, તેમજ અગત્યના નાટ્યકારો, દિગ્દર્શકો અને અદાકારોને મળવાના અને સાંભળવાના પ્રસંગો પણ નિયમિત રીતે યોજાતા હોય છે. અસોલોના શિક્ષણકેન્દ્ર દ્વારા થતી નાટક-વિષયક પ્રવૃત્તિઓ અસંખ્ય બાળકોને પણ ગમ્મત સાથે સર્જન કરતાં ને જાણતાં શિખવાડે છે.

અમેરિકામાં જેને કળા-પ્રવૃત્તિઓની 'સીઝન' કહે છે તે ઑક્ટોબર કે નવેમ્બરથી શરૂ થાય, ને જૂન મહિનાના અંતે, ઉનાળાની રજાઓની શરૂઆત સાથે, પૂરી થાય. વર્ષના આ

સમય દરમ્યાન, અસોલોના મંચ પર, નાટકો જોવાનો રસ ધરાવતા પુખ્તવયી પ્રેક્ષકો માટે આઠ કે નવ નાટકો રજૂ થાય. ઇચ્છા પ્રમાણે લોકો નાટકોની ટિકિટ ખરીદી શકે છે, પણ સામટાં છ કે વધારે માટે ખરીદો તો ઘટતી કિંમતે મળે છે. આવી સીઝન-ટિકિટ લેનારા, ને પહેલેથી ગમતી બેઠકો આરક્ષિત કરાવી લેનારા ઘણા લોકો હોય છે.

અસોલોના મંચ પર અસાધારણ રજૂઆતો જોવા મળી છે. ડૉન કિહોતે ને સાન્કો પાન્ઝાનાં પાત્રોવાળું, “મૅન ઑફ લા માન્ચા” નામનું નાટક નવી રીતે મ્યુઝિકલ બનાવાયું છે, તેથી એમાં સિંગિંગ છે, પણ ડાન્સિંગ નથી. જુદાં જુદાં દૃશ્યો ખૂબ ઝડપથી તો બદલાય જ, પણ એમાં ખૂબ સરસ, સર્જનાત્મક, ને ઝીણવટ ભરેલી યુક્તિઓ પ્રયોજાઈ હતી, જે દ્વારા કોઈ જગ્યા (જેમ કે ચર્ચ), કોઈ ક્રિયા (જેમ કે ઘોડેસવારી) વગેરે સમજી શકાતાં હતાં. સાચી લાગતી, પણ પતરાની, હલકી તલવાર તો ડૉન કિહોતેના હાથમાં ખરી જ !

જેને કોર્ટ-ડ્રામા કહી શકાય તેવું, જાણીતા અમેરિકન નાટ્યકાર રેજિનાલ્ડ રોઝનું લખેલું, ખૂબ જાણીતું અને અગત્યનું ગણાતું નાટક તે “ટ્વેલ્વ ઍન્ગ્રી મૅન” છે. એના પરથી ફિલ્મ પણ થઈ છે. એમાં વાત છે એક ખૂનના કિસ્સાના ચુકાદા માટે ભેગા થયેલા, પબ્લિક જ્યૂરીના બાર પુરુષોની. અગિયાર જણ તરત એ છોકરાને ખૂની જાહેર કરે છે, એક જ જણ વિરોધમાં મક્કમ રહે છે. સમાજના જુદા જુદા સ્તરોમાંથી આવેલા આ બધા જુદા જુદા પુરુષો છે – બ્લૅક, ચીની, ઇટાલિયન, યહૂદી વગેરે. દરેકની પોતપોતાના અનુભવોની વાતમાંથી સામાજિક પ્રશ્નોની સાથે સાથે અંગત પીડા છતી થતી રહે છે.

આ રજૂઆત અતિવિશિષ્ટ લાગી હતી કારણ કે એ પણ મ્યુઝિકલના સ્વરૂપે હતી. બારેબાર પુરુષ-અદાકારો પોતાની વાત ગાઈને કરે, ને પરિણામ બહુ જ અસરકારક હોય, તેની નવાઈ જ લાગે. વળી, મંચ પર ફક્ત એક લાંબું ટેબલ, બાર ખુરશીઓ ને આંશિક રીતે, એની આસપાસ અદાકારો સ્વસ્થતાપૂર્વક, ગંભીરતાપૂર્વક ફરતા હોય. નવેસરથી, એકદમ મૌલિક લખાયેલું નાટક અને એ પ્રોડક્શન બંને અત્યંત સંતોષપ્રદ હતાં.

અસોલો થિયેટરમાં બીજાં નાટકો પણ જોવા મળ્યાં છે. એની બધી રજૂઆતો સાર્થ હોય છે, ને એમાં અમેરિકાને લગતા વિવિધ સંદર્ભો હોય છે – રાજકારણીય, સામાજિક, ભૌગોલિક, જાણીતા લોકપ્રિય સંગીતકારો અંગેના વગેરે, અને સ્વાભાવિક સંવાદોમાં વિનોદ, કટાક્ષ, પ્રથાઓ વગેરેના ઉલ્લેખ પણ આવે. અમેરિકામાંના શરૂઆતના સમયે હજી આ બધું સમજાતું નહીં, પણ વસતાં વસતાં, અમેરિકાની કળાઓની ઉત્તમ બાબતોમાં રસ તેમજ સમજણ કેળવાતાં ગયાં, ને હવે દરેક નાટકનો જુદો વિષય જાણકારી વધારતો રહે છે.

જેમ કે, “ગુડ નાઇટ, ઑસ્કાર” નાટક જૅક પાર્ર અને ઑસ્કાર લેવાન્ટ જેવી, ટેલિવિઝન ટૉક-શોની જાણીતી અને જનપ્રિય વ્યક્તિઓ સાથેના, સાઠના દાયકામાં બનેલા પ્રસંગો પર આધારિત હતું. અદાકારો તે તે વ્યક્તિઓ જેવા દેખાતા હોય તે પ્રમાણભૂતતાને માટે ઘણી કાળજી લેવાઈ હતી. ખાસ કરીને, ઑસ્કારનું મુખ્ય પાત્ર ભજવતા અદાકાર એવા જ ઊંચા ને પાતળા હતા, અને એવા જ એક્સ્પર્ટ પિયાનિસ્ટ હતા. નાટકમાં, વિખ્યાત સમકાલીન સૉંગ-રાઇટર તેમજ પિયાનિસ્ટ જ્યોર્જ ગર્શવિનનું સંગીત ને પાત્રાલેખન પણ હતું. આવી બધી બાબતોનો થોડો પણ ખ્યાલ ના હોય તો આવાં આધુનિક અમેરિકન નાટક માણી જ કેવી રીતે શકાય ?

એ જ રીતે, "ચિકન અને બિસ્કિટ્સ" નામનું નાટક એના લાક્ષણિક શીર્ષક પરથી જ સમજાઈ ગયેલું, કે એમાં 'સધર્ન' કહેવાતા ભૌગોલિક પ્રદેશની બ્લૅક કમ્યુનિટી વિશેની વાત હશે. શીર્ષકમાંના શબ્દો એ સમાજની રોજિંદી વાનગીઓનો ઉલ્લેખ કરે છે, ને અહીં બિસ્કિટ એટલે એક પ્રકારના પાંઉ છે, એ જાણ પહેલેથી સહજ રીતે જ હતી. નાટકના કથાવસ્તુમાં બે બહેનો વચ્ચેનો અણબનાવ મુખ્ય છે. એકનો પતિ ચર્ચનો પાદરી છે અને સમાધાન માટે પ્રયત્ન કરતો રહે છે. દીકરી, દીકરો, એનો યહૂદી બૉયફ્રૅન્ડ વગેરે પાત્રો દ્વારા જે હ્યુમર મળે છે તેમાં પણ અર્થઘનતા દેખાય છે, ફક્ત ઉપરછલ્લી હસાહસ નહીં.

સાવ જુદા જ એક સામાજિક ઘટકની વાત પણ અહીં એવી સાર્વજનિક રીતે રજૂ થઈ છે કે કશું અજાણ્યું કે સાવ ભિન્ન ના લાગે, પણ જીવનના કોઈ જુદા પાસાનું પ્રતિબિંબ જ જોવા મળે. ડગ્લાસ લિયોન્સ નામના અમેરિકન નાટ્યકારનું આ નાટક ખાસ્સું તાજેતરમાં લખાયેલું, તથા બ્રૉડવે ઉપરાંત અન્ય રિજનલ થિયેટરોમાં ભજવાયેલું છે. એમાં બ્લૅક સદસ્યોની પ્રથાઓ તેમજ એમના સમકાલીન જીવનના ચિત્રની રજૂઆત પ્રશસ્ય છે.

બીજાં પણ બે-ત્રણ સબર્બન થિયેટર સારાસોટા શહેરમાં છે, પણ અસોલો નાટ્ય-સંસ્થા બધી રીતે આગળ પડતી છે. દર વર્ષે રસપ્રદ અને બુદ્ધિપૂર્વકનાં નાટકો ત્યાં રજૂ થતાં હોય છે. આવતી 'સીઝન'નાં નવ નાટકોની યાદી જાહેર થઈ ગઈ છે, ને હવે બસ, તારીખો નક્કી કરવાની, અને ઇચ્છા પ્રમાણેની ટિકિટો ખરીદવાની રહે છે.

■

એકાએક દર્દીની આંખો જતી રહે છે, અથવા યથાર્થતાથી બોલીએ તો એને એક એવો વિલક્ષણ નેત્રવિકાર થાય છે કે સૂક્ષ્મદર્શક ને દૂરબીનના વિરુદ્ધ ગુણો જ એની આંખમાં આવીને વસે છે, હવે એ પોતાનાં માબાપ, ગુરુ, વિગેરે પ્રાણીમાત્રને માખી જેવડાં જ, અને પોતાને હાથી કરતાં પણ મોટો દેખે છે. હવેથી એ મદોન્મત્ત હાથીના જેવો જ જગતમાં નિરંકુશ ફરે છે, અને પ્રાચીન કાળના સર્વમાન્ય અદ્‌ભુત પ્રચંડાંગી પુરુષોનું નામ સાંભળી ચીડવાઈ ઊઠે છે કે 'છિટ! એ અલ્પ જંતુઓની મારી આગળ વાત ન કરો!'

કેટલાક ધારે છે કે આ નેત્રવિકાર નથી, પણ ભેજાનો વરમ છે. એમ પણ હોય. એના આ સમેના બખાળા બેશક ગાંડા કરતાં પણ વધારે છે. પણ આ તો હજી એ રોગની પાશેરામાં પહેલી પૂણી છે. હજી તો આ રોગને બહુ તો સનેપાત જ કહી શકાય, પણ થોડા વખતમાં તે હડખવાનું ત્રાસદાયક રૂપ ધારણ કરે છે.

હવે એ દર્દીનું ડાચું ફાટેલું જ રહે છે, અને તેમાંથી ઝેરી મહા ગંધાતી લાળ નિરંતર વહ્યા કરે છે. એની વાણી એવી બદલાઈ જાય છે કે તેનું બોલ્યું માણસમાં તો કોઈપણ સમજતું જ નથી. પણ હડખવા સાથે ઘણામાં ઘણું મળતાપણું તો આ વાતમાં છે, જે કૂતરાને હડખવા હાલ્યો હોય છે તે જેમ પાણીનું પ્યાલું જોતાં મહા આક્રંદે ચઢે છે, તેમ આ અભાગ્યાની નજરે શાહીનો ખડિયો પડતાં જ એનો જીવ ભેઉથલ થઇ જાય છે. જેમ હડખાયેલું કૂતરું પાણીના શોષથી વ્યાકુળ અંગે ચોતરફ દોડ્યા જ કરે છે, પણ તેને ગળે એક પણ ટીપું ઊતરી શકતું નથી અને તેથી તે છેક બાવરું, ગાભરું, ને ગાંડું બની જાય છે, તેમજ આ બાપડા દરદીની અવસ્થા છે. આઠે પહોર જાગતાં ને ઊંઘતાં એના મનમાં નિરંતર એમ જ થયા કરે છે કે હું કંઈ લખું, હું કંઈ લખું, અને લખવા જાય છે ત્યારે એક પણ અક્ષર લખી

(અનુ. પૃષ્ઠ ૩૫ ઉપર)

ભૂરો ભાસ્યો ઝાંખો...

ડંકેશ ઓઝા

કબીરવડ શુકલતીર્થથી બેએક કિ.મી. અને વચમાં આવતા ગામ મંગલેશ્વરથી તો ખાલી અડધો કિ.મી. તે પછી મઢી આવે. મઢી ઠેકઠેકાણે હોય. મઢીનો અર્થ એટલો જ કે નદીકિનારે ઊંચી ભેખડ પર એકાદ મંદિર જેવું હોય એને મઢી કહે. અહીં એવી ઊંચી ભેખડ છે જે શુકલતીર્થમાં નથી. મઢીથી આગળ નિકોરા. નિકોરામાં વળી એવી જ ઊંચી ભેખડો છે. આ મઢીથી નાવડીમાં બેસીને સામે કાંઠે જાવ એટલે કબીરવડ.

આખો નર્મદાકિનારો જેને અહીંના લોકો રેવાકાંઠો કહેવાનું વધુ પસંદ કરે તે આ ધાર્મિક દેશમાં અતિ પવિત્ર મનાયો છે. આમ તો આપણો દેશ ગંગાને વધુ પવિત્ર ગણે. ગંગાકિનારે જવા તલસે પણ ગુજરાતમાં નર્મદાનું મહત્ત્વ એથી પણ અદકું મનાયું. ગંગામાં તો સ્નાન કરવા જવું પડે. યમુનાનું તો જલપાન કરવું પડે જ્યારે નર્મદાનું તો માત્ર દર્શન જ કરવાનું રહે. વળી નર્મદાના નામનો જ વિસ્તાર કરતાં કહેવાયું કે 'નર્મમ્ દદાતિ ઇતિ નર્મદા.' જેને જોઈને પણ મન આનંદિત થઈ ઊઠે એવી નદી તે નર્મદા. કાકા કાલેલકરે નદીઓને 'લોકમાતા' કહીને બિરદાવી.

આ નર્મદા કે રેવા કબીરવડની ચારે તરફ વહે છે; એટલે કે કબીરવડ એક બેટ છે. બેટ પર અતિ વિસ્તરેલું વટવૃક્ષ છે. આ વિસ્તારમાં ઠેકઠેકાણે તમને મોટા વડ મળી આવવાના. નદીનો કિનારો કદાચ એમાં કારણભૂત હશે. પણ આ મોટો વડ એ બેટ પર આવેલો છે. જેમ ચારે તરફ પાણી છે તેમ ચારે તરફ રેતી પણ છે. વડ તો માટીમાં ઊગે એટલે બેટના વચ્ચેના ભાગમાં વડને ઊગવા જોઈએ એવી માટી પુષ્કળ પ્રમાણમાં હશે એમ માનવું જ પડે.

અહીં નર્મદાનું પાણી નીતર્યા કાચ જેવું. રેતીનાં છીપલાં, નાના-મોટા શંખ અને નાના-મોટા વિવિધ આકારના અને પ્રકારના કંકર તમે નરી આંખે જોઈ શકો. નદીનો કિનારો એટલે તીર્થોનો પ્રદેશ. એટલે વળી કહેવાયું કે રેવામાં 'જેટલા કંકર એટલા શંકર'. ઘણા બધાને તે શિવલિંગ જેવા લાગે તેમાં કોઈ નવાઈ નહિ.

કબીર તો છેક બનારસના એટલે કે ગંગાઘાટના. કબીરનું નામ આ વડ સાથે કેવી રીતે જોડાઈ ગયું હશે એ એક રહસ્ય છે. કબીર પંદરમી સદીના એટલે વડ પણ એટલો જૂનો એ તો નક્કી થઈ જ ગયું. કબીર હરતા-ફરતા અહીં આવ્યા કે કોઈ બ્રાહ્મણોએ તેમને તેડાવ્યા એની અનેકવિધ દંતકથાઓ અને લોકકથાઓ છે. પણ એ આવ્યા હશે એ

નક્કી. રોકાયા હશે, સવારે દાતણ કર્યું હશે અને કબીરે ત્યજેલી દાતણની ચીરીમાંથી આ વડલો થયો એમ આજના મોટા મંદિરની પાછળ એક નાની દેરી છે ત્યાં લખેલું પણ છે. ગુજરાતી સાહિત્યના પ્રેમી અને સંશોધક એવા કિન્લોક ફૉર્બ્સ પણ અહીં આવ્યા છે!

સુધારાનો કડખેદ એવો સુરતનો કવિ નર્મદ પણ અહીં આવ્યો છે. એના મુખમાંથી રેવાના જળની માફક શિખરિણી વહ્યો છે :

ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ઘુમસે પ્હાડસરખો
નદી વચ્ચે ઊભો, નિરભયપણે એકસરખો

લાંબું કાવ્ય છે. નર્મકવિતામાં તે સંગ્રહિત છે. એનું ટૂંકું રૂપ શાળાના વિદ્યાર્થીઓ ભણતા આવ્યા છે. હું જ્યારે નર્મદા હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે અમારા પાઠ્યપુસ્તકમાં પણ આ 'કબીરવડ' કાવ્ય હતું. છંદોબદ્ધ ગાન કરવાની અને તે વળી હીંચકે ઝૂલતાં ઝૂલતાં, એનું મીઠું સ્મરણ ચિત્તમાં જડાઈ ગયું છે. બાપાજી કહેતા કે નર્મદે એ શુકલતીર્થના કિનારેથી કબીરવડને જોઈને લખેલું. વિદ્યાર્થીકાળનો એ એવો સમય હતો જ્યારે બાપાજી કહે તે અંતિમ સત્ય જ હોય એવું અમે માનતા. ઝાંખા કબીરવડની સાથે પાઘડી પહેરેલો નર્મદ પણ તાદશ થઈ જતો.

મોટી ઉંમરે અને પહેલાંથી પણ ગામનું અને રેવાનું જે કાયમી જબરદસ્ત ખેંચાણ અનુભવાતું રહ્યું છે તે રેશનલી સમજાવી શકાય તેવું નથી! મારો તો કિશોરકાળ ત્યાં વીત્યો એટલે સ્વાભાવિક પણ ગણાય. પણ પત્નીને, બાળકોને, મિત્રોને, પરિચિતોને અવારનવાર કબીરવડના કાંઠે નર્મદાસ્નાન માટે લઈ જવાનું બનતું જ રહ્યું. એક વખત તો અમારા સચિવાલયના લન્ચગ્રૂપ સાથે ચાંદની રાતે મઢી ખાતે, કબીરવડની સાખે, નૌકાવિહાર પણ કરેલો. મિત્રો આનંદથી તરબતર થઈ ગયેલા.

નર્મદા પર કાળક્રમે બંધ બંધાયો છે. લોકો માટે અને ખેતી માટે એની જરૂર ઉપયોગિતા છે; પરંતુ શુકલતીર્થમાં અમે જે રેવાએ નાહ્વાનો આનંદ બાળ અને કિશોરવયે લેતા હતા તે હવે રહ્યો નથી. આનંદપૂર્વક નાહી શકાય એવો ઓવારો જ રહ્યો નહિ. એટલે શુકલતીર્થ છોડ્યા પછી નાહ્વા માટે કબીરવડનો કાંઠો જ એકમાત્ર પસંદગીનું સ્થળ બની રહ્યું. મઢી તરફ ભેખડના ભાગે ન નવાય. જોખમી પણ ખરું. તેથી નાવડીમાં બેસીને કબીરવડને કાંઠે જઈને નહાવાનો ઉપક્રમ કાયમી બની ગયો.

આદિ શંકરાચાર્યરચિત 'નર્મદાષ્ટકમ્' અને નારેશ્વરના રંગ અવધૂતરચિત 'રેવાગીત' – આ બે નર્મદાના સૌંદર્યને જાણવા અને માણવા માટે પર્યાપ્ત છે. બન્ને ગીતોનું લાલિત્ય અને માધુર્ય જકડી લે તેવું છે. તે પછી અમૃતલાલ વેગડે કરેલી પરિક્રમાનાં પુસ્તકો આવે. આ પરિક્રમા પણ પરાપૂર્વથી ચાલી આવે છે. નદીની પરિક્રમા? ન સમજાય તેવી વાત છે. પણ થાય છે, આજે પણ થાય છે. હજુ કેટલાય લોકોના પરિક્રમાના મનોરથ પણ છે. દેખાદેખી હશે? સમજાતું નથી. રેવાકાંઠાનાં ગામોમાં આ પરિક્રમાવાસીઓ માટે પહેલેથી તૂટીફૂટી કાયમી સુવિધાઓ પણ છે. અમારો તો વિદ્યાર્થીકાળ જ 'નર્મદે હર!' કહીને આંગણે આવી ઊભા રહેતા પરિક્રમાવાસીઓની નાની-મોટી સેવામાં જ ગયો છે. અજાણ્યા માણસને વળી કેટલી સગવડ જોઈએ? એની ખોટ એમને ક્યારેય પડતી નથી.

ધ્રુવ ભટ્ટે વળી સાવ પોતીકી રીતે અને શૈલીએ તત્ત્વમસિ(૧૯૯૮)માં મા રેવા નિમિત્તે ભારતીય સંસ્કૃતિના ઋતને જ ઉજાગર કર્યું અને ફિલ્મ 'રેવા' દ્વારા તે વ્યાપક જનસમાજ સુધી પહોંચાડી શક્યા છે.

આજે કબીરવડ પર પાકું મોટું મંદિર અને બે-ત્રણ માળનું નિવાસસ્થાન ઊભાં થઈ ગયાં છે. પહેલાંનો કબીરવડ આજે રહ્યો નથી. સિકંદરનું સૈન્ય સાત હજાર સૈનિકોનું હતું, તે બધા આ વડ નીચે સૂઈ રહેલા એવી કથાને જો સાચી ગણીએ તો એવો વિસ્તાર હવે દેખાતો નથી. મૂડીવાદના ચાળે ચઢેલા આપણે યાત્રાનાં સ્થળોને પ્રવાસન સ્થળોમાં ફેરવી નાખવાનો જે ઉદ્યમ કરીએ છીએ તેનાથી સ્થળનું નૈસર્ગિક સૌંદર્ય લુપ્ત થઈ જાય છે. પછી ટોળેટોળાં કશું સમજ્યા – કારવ્યા વિના આંટા માર્યા કરે છે. એને નથી કબીરવડની પડી હોતી નથી કે નથી એને રેવાના સૌંદર્યની પિછાણ. એને તો રસ છે બોટિંગની મજા માણવામાં અને ખમણ-ગોટાની લારીઓમાં. કાકા કાલેલકરે નદીઓને લોકમાતા કહી હતી. એ સમજણ સુધી પહોંચવાનું પ્રવાસીઓનું ગજું જ નથી.

હવે ખબર પડતી જાય છે કે કબીરવડથી નજીક જ મોટા વડ ઘણે ઠેકાણે છે. અરે! ગાંધીનગરની નજીક જ કંથારપુરાનો વડ હવે ઘણો જાણીતો બન્યો છે અને લોકો ત્યાં જાય પણ છે. કોલકાતા તરફ સૌથી મોટો વડ હોવાનો રેકર્ડ સાંભળ્યો છે. આમ વડ તો ઘણા હશે પણ અમારે મન તો વડમાં વડ એક કબીરવડ જ.

વડ એ સંસ્કૃતિનું પ્રતીક મનાય છે. કેટકેટલો ઇતિહાસ અને વારસો લઈને તે ઊભો હોય છે. એ ધારો કે બોલવા લાગે તો એક ઓરલ હિસ્ટ્રી ઊભો થઈ જાય. વૃક્ષો પવનમાં વહેતાં લાગે પણ એ બોલતાં હોતાં નથી. વડની વડવાઈઓ નવા વડ ઊભા કરી દે અને ઓરિજિનલ વડ કયો એ શોધવું, નક્કી કરવું મુશ્કેલ બની જાય એવો અમારો કબીરવડ અમારો પૂર્વજ છે, દાદો છે, એમ માનવામાં ગૌરવ અનુભવાય છે.

■

શકાતો નથી. આ સમે એનો જે પરિતાપ, એના જે પછાડા, ને એની જે વેદના તે તમે જોઈ હોય તો નિશ્ચય એમ જ કહો કે એ કરતાં હડખાયેલા કૂતરાની અવસ્થા સો દરજ્જે સારી છે.

ખડિયો દીઠો કે તેને એ ધાઈને બાઝે છે. અને પાસે કલમ તો મળે નહિ એટલે તેમાં દશે આંગળાં બોળી લખવાનું કરે છે. પણ જેના જીવનું જ ઠેકાણું નથી, તેના હાથપગ તે ધાર્યું શી રીતે કરી શકે? કાગળ ક્યાંના ક્યાં રહી જાય છે, અને એ પોતાના શરીર ઉપર જ લીટા પાડવા મંડે છે. કંઈક ભાન આવે ત્યારે ચીડવાઈને શાહીનો સીસો જ કાગળ ઉપર છૂટો ફેંકે છે, અને પછી પાછો પરવશપણે શાહીનાં ખાબડાં ભરાય છે તેમાં હાથ બોળી આડાઅવળા જેમ આવે તેમ મોં ઉપર જ ફેરવવા મંડી જાય છે. આ સમે એ ભાઈનું સ્વરૂપ આફ્રિકાના ઉરાંગઉટાંગથી પણ વધારે વિચિત્ર દેખાય છે, પરંતુ એને મન તો કોટિ કંદર્પતુલ્ય છે.

સારું છે કે હજી લોકોના જોવામાં એની ચેષ્ટાઓ નથી; નહિ તો એને બેશક ગાંડાની ઇસ્પિતાલમાં તેઓ પુરાવ્યા વિના રહે નહિ. હજી તો ફક્ત બિચારાં ઘરનાં કોઈક દેખે છે ને દાઝે છે. તે બાપડાં તો જ્યારથી એણે અધવચ નિશાળ છોડી દીધી, કોઈનું કહ્યું માન્યું નહિ, અને ધંધારોજગારની વાત એ કાને ધરતો નથી એવું જાણ્યું ત્યારથી જ ગંભીર હૈયાશોકમાં પડ્યાં છે. એની તરફના લાભની આશા

(અનુ. પૃષ્ઠ ૩૮ ઉપર)

મૉર્નિંગ વૉક, પારિજાત અને હું

દ્વિતીયા શુક્લ

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.

મનોજ ખંડેરિયાની આ પંક્તિ રોજ સવારે મનમાં ને મનમાં ગણગણું પણ બંને બાળકો સ્કૂલે જવા સ્કૂલબસમાં ચડે એ પછી. બાળકો બસમાં ચડે એ સમયે તો જાણે કોઈ મોટો જંગ જીત્યા હોય એવી અનુભૂતિ થાય અને પાછી આ લાગણી રોજેરોજ થાય. એ પછીનો અડધો-પોણો કલાક એટલે આપણો me time. વર્કિંગ વુમનના જીવનમાંથી નોકરી, બાળકો, ઘર અને કુટુંબની જવાબદારીઓ પછી પોતાના માટે ફરજિયાતપણે ચોરેલો સમય. ઘણી વાર આવી ચોરી પણ જરૂરી હોય છે. મનગમતા સંગીત સાથે ચાલતાં ચાલતાં કુદરત સાથે વાતો કરતાં કરતાં પોતાની જાતને સાંભળવી. આ સવારમાં ચાલવાનો મારો ઉદ્દેશ શારીરિક સ્વાસ્થ્ય કરતાં વધારે માનસિક fitness હોય છે. આખો દિવસ દોડવા માટેની માનસિક તાકાત ભેગી કરવાની.

સીધા બગીચામાં ચાલવા ન જતાં અમારા ફ્લૅટની આજુબાજુની જૂની, ટેનામેન્ટવાળી સોસાયટીમાંથી પસાર થઈ પછી બગીચે પહોંચવાનું. કારણ ત્યાં સોસાયટીની એક ગલી મારી ફેવરિટ છે. એ છે મોર ગલી. આ નામની પેદાઈશ આપણી પોતાની. અમદાવાદના પાલડી વિસ્તારમાં આમ તો લીલોતરી કાપી કાપીને ફ્લૅટ ઘણા થઈ ગયા છે, પણ ધન્વંતરિ ગાર્ડનની આસપાસ થોડીઘણી લીલોતરી ખરી. આ મોર ગલી ત્યાં નજીકમાં જ. આ ગલીમાં મોર પુષ્કળ. એટલે મને મજા પડે. હું ત્યાંથી પસાર થતી હોઉં ત્યારે ઘણી વાર મોર ટહુકો કરતા હોય, જાણે નિકટના મિત્રના આગમનને વધાવતા ના હોય. ક્યારેક પ્રણવ મારી સાથે ચાલવા આવેલા હોય તો મને ચીડવે પણ ખરા કે, “ આ મોર તને જોઈને જ વધારે ટહુકા કરે છે.” મેહુલાને રીઝવવાની મોસમમાં કળા કરતા પણ જોવા મળી જાય. ગલીનાં દરેક ઠેકાણાંના મોર એકસાથે જ કળા કરતા હોય ત્યારે સાનંદ આશ્ચર્ય થાય. મોરનાં ચિત્રો દોરવાની પ્રેરણા પણ અહીંની જ દેન હશે.

મારા માટે આ ગલીનું સૌથી મોટું આકર્ષણ એટલે એમાં દાખલ થતા જમણા હાથે પહેલા બંગલાના પરિસરમાં આવેલું પારિજાતનું ઝાડ. એ ઘરવાળાની આ પારિજાત પ્રત્યેની લાગણી હું નથી જાણતી, કારણ કે મોટા ભાગનું આખું ઝાડ ઘરના કંપાઉન્ડની બહાર જ લટકેલું છે. રોજ ત્યાંથી પસાર થતાં નીચે પડેલાં પાંચ-સાત ફૂલો હાથમાં લેવાનાં અને એની માદક સુગંધ લેતાં લેતાં ચાલવાનું . વાહ્... મજાની લાઇફ..

એ સુગંધ લેતાની સાથે જ હું જાણે ગાંધીનગરના આનંદનગર સોસાયટીમાં વીતેલા બાળપણમાં પહોંચી જાઉં છું. ત્યાં અમારાં ઘરના ફળિયામાં જ પારિજાતનું ઝાડ હતું. એ જમાનામાં ઘરમાં એસી ન હતાં એટલે ઉનાળામાં રાતે ધાબા પર કે બહાર આંગણામાં પથારી કરીને સૂવાની પ્રથા હતી. ઘરના આંગણામાંના આ પારિજાતના ઝાડ નીચે જ મારી પથારી થતી. પારિજાતના વૃક્ષની એક ખાસિયત છે, એનાં પુષ્પો રાતે ખીલે છે અને ઝાડ પરથી નીચે ખરી જાય છે. એટલે સવારે હું ઊઠું તો મારી પથારી પારિજાતનાં ફૂલોથી ભરાઈ ગઈ હોય અને અધૂરામાં પૂરું મને ઉઠાડવા પપ્પા પારિજાતનાં મુખ્ય થડને જોર જોરથી હલાવે એટલે ઝાડ પરનાં થોડા બાકી ફૂલોની વર્ષા પણ મારી ઉપર થાય. ત્યારે હું કોઈ રાજકુમારી હોઉં એવું લાગતું હતું. બાળપણનાં સુંદર સંસ્મરણોમાંનું આ એક છે.

આજે પણ પારિજાતનાં ફૂલોની સુગંધ મને સીધી બાળપણના એ સમયમાં લઈ જાય છે. વસંત ઋતુ દરમ્યાન અમારે ત્યાં મોટી માત્રામાં પારિજાતનાં ફૂલો આવતાં. અમે તેને વીણી વીણીને એક મોટો બાઉલ ભરતાં, અને ઘરમાં ડાઇનિંગ ટેબલ પર મૂકતાં. એનાથી આખો દિવસ ઘર સુગંધિત રહેતું. એ જમાનાનું અમારું દેશી રૂમ ફ્રેશનર. આજે પણ મને તો આર્ટિફિશિયલ સુગંધવાળા સ્ટ્રોંગ રૂમ ફ્રેશનર કરતાં, તાજાં ફૂલોને ઠંડા પાણીના બાઉલમાં પંખાની નીચેના ટેબલ પર મૂકીને એમાંથી આવતી આછી આછી આહ્લાદક સુગંધ વધારે ગમે. અમારાં હસમુખ બા હતાં ત્યારે એમને વહાલી થવા મેં એકાદ વાર ભગવાન માટે પારિજાતનાં પુષ્પોની વેણી પણ બનાવી આપી હતી. ભગવાનની ભક્તિની તો સમજ નહોતી, પરંતુ સોય-દોરા અને ફૂલો સાથેની આ હસ્તકલામાં મને બહુ મજા પડતી. મોગરાનાં ફૂલોની સરખામણીમાં પારિજાતનાં ફૂલો બહુ જલદી કરમાઈ જતાં એટલે વેણી માટે ઉપયોગમાં લેવાતાં નથી.

પારિજાતનાં ફૂલોમાં સફેદ રંગની પાંખડીઓની જોડે ઘેરા કેસરી રંગની ડાંડી હોય છે. આ કેસરી ડાંડીને બે આંગળીઓ વચ્ચે મસળીએ તો કેસરી કેસરી કલર નીકળે. બાળપણમાં આવી ખબર પડી એટલે અમે બધી બહેનપણીઓએ સાથે મળીને એક વાર પારિજાતનાં ઘણાં બધાં ફૂલો ભેગા કર્યાં અને એમાંથી આ કેસરી ડાંડીઓ અલગ કરીને ખલ-દસ્તામાં કેસરી રંગ બનાવ્યો હતો. આ પ્રયોગ કરવામાં અમારાં કપડાં પણ રંગીન થઈ ગયેલાં અને પછી તો બધાંની મમ્મીઓ જે ગુસ્સે થઈ કે અમે બધાં ત્યાર પછી પારિજાતનાં ફૂલોને અડવાનું જ ભૂલી ગયેલાં. બાળપણની આવી વાતો વાગોળતાં આજે પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે.

આમ તો કહેવાય છે કે પારિજાત એ સ્વર્ગનું વૃક્ષ છે અને ઘણી બધી દંતકથાઓ એની સાથે જોડાયેલી છે. જેમ કે સમુદ્રમંથન દરમિયાન જે ચૌદ રત્નો નીકળ્યાં તેમાં એક પારિજાત વૃક્ષ હતું. અને શ્રીકૃષ્ણ જ્યારે પારિજાતને ઇન્દ્રની ઇચ્છા વિરુદ્ધ ધરતી પર લઈને આવતા હતા ત્યારે ઇન્દ્રએ શાપ આપ્યો કે, પારિજાતનાં ફૂલ માત્ર રાતે જ ખીલશે અને સવારે તો વિખેરાઈ જશે. આ વૃક્ષ સાથે રામ-સીતાના વનવાસની યાદો પણ જોડાયેલી છે. બીજી દંતકથા એવી પણ છે કે એક રાજકુમારી હતી. જેને સૂર્ય સાથે પ્રેમ થઈ ગયો હતો. પ્રેમમાં પારિજાતે શરીરનો ત્યાગ કર્યો અને તેની ચિતામાંથી એક છોડ નીકળ્યો જેનાં ફૂલ રાતમાં સુગંધથી મનમોહી લેતાં હતાં. જોકે, સવારે સૂર્ય નીકળતાં પહેલાં જ ફૂલ નીચે

પડી જતાં હતાં. આમ તો પૂજામાં નીચે જમીન પર પડેલાં ફૂલ વાપરવામાં આવતાં નથી પરંતુ પારિજાતનાં ફૂલો અપવાદ છે..

પારિજાત પૂજા-પાઠ અથવા તો સુખ-સમૃદ્ધિ માટે નહીં, પરંતુ સ્વાસ્થ્ય માટે પણ અત્યંત લાભદાયી છે. હાલ કોરોના વાઇરસની મહામારીમાં ઇમ્યુનિટી વધારવાની સલાહ આપવામાં આવે છે. પારિજાતનાં પાન અને છાલનું સેવન આ મામલે લાભદાયી છે. આયુર્વેદ અનુસાર પારિજાતનાં પંદરથી વીસ ફૂલ અથવા તો તેના રસનું સેવન કરવાથી હૃદય સંબંધિત મુશ્કેલીઓથી રાહત મળે છે. જોકે, આ ઉપાય કોઈ આયુર્વેદિક ચિકિત્સકની સલાહ પર જ અપનાવવો જોઈએ. આ ઉપરાંત એવું પણ કહેવાય છે કે, આ ફૂલની સુગંધથી સ્ટ્રેસ પણ હળવો થઈ જાય છે. પારિજાતની છાલને ઉકાળીને પીવાથી શરદીમાં પણ રાહત મળે છે, તાવમાં પણ આ લાભદાયક છે.

વિશાળે જગ વિસ્તારે
નથી એક જ માનવી
પશુ છે પંખી છે પુષ્પો
વનોની છે વનસ્પતિ.

આજના આ સોશિયલ મીડિયાના જમાનામાં લોકો પાસે બીજા લોકો સાથે પ્રત્યક્ષ વાત કરવાનો સમય નથી તો ઉમાશંકર જોશી કહેતા હતા એમ પુષ્પો સાથે પણ વાત કરવાનો સમય તો ક્યાંથી મળે? છતાં પણ મારી આવી બધી વાતો સાંભળીને મારાં બાળકો હવે કુદરત સાથે તાદાત્મ સાધવા લાગ્યાં. એમને પણ મૉર્નિંગ વૉક ગમે છે, ગાર્ડનિંગ કરવું ગમે છે, ગુલાબ, મોગરો, પારિજાત, જાસૂદ આદિ ફૂલોને ઓળખે છે. મારી દસ વર્ષની દીકરી ખુશી તો ક્યાંક જમીન પર પારિજાતનાં ફૂલો પડ્યાં હોય તો એ વીણીને દોડતી મારી પાસે લઈ આવે. આ વર્ષે જ ફ્લૅટમાં રહેવા છતાં ઘરની બાલ્કનીમાં મોટા એવા એક કૂંડામાં પારિજાતનો છોડ વાવ્યો છે, એ આશામાં કે ગાંધીનગરના ઘરની જેમ અહીંયાં પણ કયારેક પારિજાતનાં ફૂલોની ચાદર પથરાઈ જશે. મારી સાથે મારી અતિ ઉત્સાહી ખુશી પણ એની માવજત કરે છે. આ જોઈને એક સંતોષની લાગણી થાય.

■

તો તેમણે સઘળી જ છોડી દીધી છે, પણ એનું આગળ શું થશે એ ચિંતામાં ને ચિંતામાં તેઓ રાત દહાડો બળીને ખાખ થઈ જાય છે. પણ તેમની ક્યાં જરાયે દાઝ છે આ મદે ચઢેલા હૃદયમૃત મૂર્ખાને? એનો આત્મા તો અહંપદમાં તલ્લીન થઈ ગયો છે. માબાપ કરોડોબંધ નિસાસા મૂકે છે, અને બાઈડી પાછલી રાતનો દરરોજ એના નામનો છેડો વાળે છે, તે વેળા એ ભાઈ પોતાની લહેરમાં કેવો આનંદે છે તે હવે આપણે જોઈએ.

પણ અધિપતિ સાહેબ, આપ એક ચર્ચાપત્રને આપો તે કરતાં તો વધારે જગા રોકાઈ ગઈ, અને કહેવાનું તો હજી પાર વિનાનું છે, કરવું શું? એ જ કે મારે મારી કલમ અટકાવવી; નહિ તો રખેને તમે એમ ધારો કે મને પણ આ ઓથારીઓ રોગ જ થયો હશે. મને એ રોગ થયો તો નથી, પણ દહાડાની ચાલે કદાપિ થયો જ હોય એમ સાબિત થાય તોપણ તેમાં કંઈ અજબ થવા જેવું નથી. કેમ કે હાલ આસપાસની તમામ હવામાં અણુએ અણુમાં એ ચેપ પ્રસરી રહ્યો છે એની અસર આટલી તો મને પણ

(અનુ. પૃષ્ઠ ૪૩ ઉપર)

નિબંધ

ઝૂમખીની ખડકી

હિમાલી મજમુદાર 'વૃષાલી'

મામાનું ઘર કેટલે દીવો બળે એટલે..આ માત્ર શબ્દો નથી. મારી રગેરગમાં વહેતું મધમીઠું ઝરણું છે. જેણે આજે પણ મારા જીવનને હર્યુંભર્યું રાખ્યું છે. એ મારા મામાનું ઘર હવે વેચાઈ જવાનું છે. બસ, તે દિવસથી મારું મન બેચેન હતું. આટલાં વર્ષે ફરી પાછી બાળપણની એ દરેક ક્ષણોએ મને ખોળામાં બેસાડીને મધુર ટહુકો કર્યો...'ભાણી તું આવી ?' આ આવકારે મને વૈભવની ટોચે બેસાડી દીધી છે. ભાગ્યશાળીને મળતું માથી પણ સવાયું મહાસુખ એટલે મામાનું ઘર. હા, મારું વહાલું મોસાળ. એ ભવ્ય વારસાનો હું અંશ છું. મારાં મામામામીની અને પોળની લાડકી ભાણી હું હિમાલી અત્યારે જ્યાં ઊભી છું એ મારું વહાલું મોસાળ છે, જ્યાં મારો જન્મ થયો હતો. મારું અસ્તિત્વ મારું નામ અનેક સબંધો સાથે જોડાયું હતું. આ ઘર કદાચ વેચાઈ જાય...પણ ઘરના દરેક ખૂણે સચવાયેલી યાદોને મનભરીને મમળાવવી છે. એ સુખદ ઘટનાઓમાં ફરી ખૂંપી જવું છે. મોસાળની અનેક મીઠી યાદોમાં પસાર થઈ તેના સ્વર્ગીય સાક્ષાત્કારની અનુભૂતિ કરવી છે. અમે મામા-ફોઈનાં છ ભાઈબહેનો આ ઘરમાં સાથે ઊછરીને મોટાં થયાં હતાં. ઘરના દરેક ઓરડામાં, એની ભીંતોમાં અમારો કલરવ હું આજે પણ કાન દઈને સાંભળી શકું છું.

અરે...આ પેલી હીંચકે ઝૂલતી આદ્યા...આ પેલો પાટલાને તબલાં બનાવી ગાતો મિહિર... આ પેલાં ઝાંખરા હાથમાં લઈને પતંગ લૂંટતાં મેહા અને નીરવ... તમે બધાં આવ્યાં છો તો હજુ વધારે રોકાઈ જવાનો આગ્રહ કરતો મેહુલ... અને પેલી વાતે વાતે રિસાઈ જતી હિમાલી...આવા નવરંગી સ્વભાવનાં અમે ભાઈબહેનો મળતાં ત્યારે ખરેખર મેઘધનુષના ફુવારા આખા ઘરમાં લહેરાતા હતા. અમારી બાળપણની ઢગલો યાદોના ખજાનાને લૂંટી લેવો હતો. એ ઘર પારકું બને તે પહેલાં એ પોતીકા બાળપણને બાથમાં ભરી લેવું હતું તેથી અમે એક દિવસ તે ઘરમાં રોકાવાનું નક્કી કર્યું. અમારા જીવનના ઘડતરમાં અને ચણતરમાં જેનો અમૂલ્ય ફાળો છે એ પોળને, એ મોસાળને શબ્દાંજલિ આપીને તેના ઋણથી કૃતજ્ઞ થવું છે. આજે સંયુક્ત કુટુંબની ભાવના સાવ વિસરાઈ ગઈ છે ત્યારે પોળની એ અમૂલ્ય સંસ્કૃતિની વાતને પણ કેમ ભુલાય... ! એકબીજા સાથે અનુકૂળ થઈને કેવી રીતે રહેવું એ પોળની આગવી ઓળખ છે. પોળની આ જ ધરોહરે હરહંમેશ અમારા સંસ્કારવારસાને ઉજાગર કર્યો છે.

વર્ષો પહેલાં મનમાં સચવાયેલું સ્થળ અને સમયને શબ્દો રૂપે વહેતા કરવાની લાગણી કેટલી અદ્વિતીય હોય છે... ! અમદાવાદના માણેકચોકના નાકાથી શરૂ કરીને અનેક પોળ...

પોળમાં ગલી... ગલીમાં ગલી એવી સાંકડી શેરીમાં ખિજડાનીની પોળને અડીને 'ઝૂમખીની ખડકી' આવેલી છે. આપણા સૌના હૃદયસ્થ અને લોકપ્રિય એવા હાસ્યલેખક શ્રી તારક મહેતાનું ઝૂમખીની ખડકીના પ્રવેશદ્વારને અડીને પહેલું જ ઘર. દરેકને લોકહૈયે વસેલા તેમના ભાવજગતનાં કેટલાંક પાત્રો અને ઘટનાઓની આ પોળ સાક્ષી છે.

વડનગરા નાગર ગૃહસ્થ , વિચક્ષણ બુદ્ધિ અને સુંદર પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા મારા નાના ઘનશ્યામરાવ મુન્શી. નાનાને અંગ્રેજો તરફથી 'રાવસાહેબ'નો ઇલકાબ મળ્યો હતો. દેખાવે રૂપાળા, સુંદર ચહેરો અને પરોપકારી સ્વભાવ તેમજ એ સમયે પણ અંગ્રેજી પેપર વાંચી શકે તેમજ વિવિધ રમતોમાં રસ ધરાવતાં નાની નિવેદિતા મુન્શી(જેમને અમે કુન્દીબા કહેતાં) દુનિયાભરનું ભોળપણ અને સાલસતા જેની રગેરગમાં વહેતાં હોય તેવા મારા મામા વાત્સ્યાયન મુન્શી અને ધીર, ગંભીર છતાં કરકસર અને સહનશીલતાનો આગવો ગુણ ધરાવતાં મારાં વિભામામી.

સમાજમાં પ્રતિષ્ઠિત કહી શકાય એવા એ કુટુંબનાં દીકરી વિહંગિની દેસાઈને ત્યાં મારો જન્મ થયો હતો. `વિગલ'ના હુલામણા નામથી ઓળખાતાં, હસમુખાં, પ્રવૃત્તિશીલ, ગીત-સંગીત અને ગરબા ગૂંથણીનાં જાણકાર અને ખાસ તો `કશો વાંધો નહીં'ના સૂત્રને જીવનમાં વણીને જીવનાર અને શિક્ષણને સમર્પિત હતાં અમારાં માતુશ્રી. આમ તો અમે અમદાવાદમાં નારણપુરા વિસ્તારમાં રહેતાં પરંતુ વૅકેશન અને દરેક વારતહેવારમાં મામાને ત્યાં જવાનો ઉમંગ અને ઉત્સાહ અનેરો હોય. નાનાજી તો અમે બહુ નાનાં હતાં ત્યારે જ તેમનો સ્વર્ગવાસ થયો હતો, પરંતુ નાની અને મામામામીનાં પ્રેમ, કરુણા અને વાત્સલ્યથી છલકાતો એ પવિત્ર ઘાટ એટલે મારું વહાલું મોસાળ. મમ્મી અને મામીના વર્તનવ્યવહારની મીઠાશના સમન્વયે આજ સુધી અમારાં ભાઈબહેનોના સંબંધને એક તાંતણે બાંધ્યો છે. એ સંસ્કારવારસો ત્રીજી પેઢીએ પણ અકબંધ છે તેનું અમને ગૌરવ અને અભિમાન છે.

અમારી પોળનાં વડીલ સદસ્યો ગૌતમમામા, નીમામામી, વાલ્મિકમામા, અમોલામામી, લેખકસાહેબ (જે આજથી આશરે સો વર્ષ પહેલાં શરૂ થયેલા `નવચેતન' મૅગેઝિનનો એક ભાગ હતા) સ્નેહલમામા, સુહાસિનીમામી, ચંદુકાકા, વકીલબંધુઓ, ગિરીશભાઈ, શારદાકાકી જેવાં વડવાઓની શીળી છાયામાં અમારો ઉછેર થયો હતો. આજે પોળમાં પગ મૂકતાં જ એ સ્વજનોને યાદ કરીને અંતરમન ભીંજાયા વગર રહી શકતું નથી. ચૈનિકા, કલ્પના, મમતા, જગ્ગુ, અમી, કાદમ્બરી, સંદીપ, દેવલ, વૈશાલી અને નંદક...આજે ભણીગણીને દરેક જણે પોતાનાં ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવી છે. ઓટલે ટોળે વળીને બેસતી અમારી આ ટોળકી આજે પણ ક્યાંક અચાનક મળી જાય છે ત્યારે બાળપણની અમારી ગોઠડી 'તને સાંભરે...રે...તને કેમ વીસરે રે...'ના લયમાં ધબકતી થઈ જાય છે.

અમારા જીવનઘડતરનું પ્રથમ પગથિયું એટલે ઝૂમખીની ખડકી. ઉંબરો ઓળંગતાં જ અડોઅડ ઘરની ભીનાશમાં અમે સહુ ભૂતકાળમાં સરી પડ્યાં હતાં. પોળની એ સમયની રોજનીશીમાં એક એક ઘટનાઓ પરોવાતી ગઈ હતી.

બંધિયાર ઘરોમાં પણ ચોકમાંથી આવતો અજવાશ જીવનનો ઉઘાડ હતો. આખા ઘરમાં ચોક હૃદય જેવું સ્થાન ધરાવતો હતો. રોજિંદી ઘટમાળમાં ચોકના લયમાં ભિન્નતામાં પણ એકસૂત્રતા જોવા મળતી હતી. પાણી આવવાનો સમય એટલે પોળનું એલાર્મ.

મામાના ત્રણ માળના એ વિશાળ ઘરમાં ઘણા ભાડૂઆત પણ રહેતા હતા. આ બધાં વચ્ચે એક જ નળમાંથી આવતાં પાણીને ભરવા માટે મુકાતાં ડોલ, તપેલાં અને ઘડાની લાઇન લાગતી હતી. ઘડિયાળ કરતાં પાણીના સમયને વધુ અનુસરવાનું હોય. હાથમાં દાતણ કે બ્રશ કરતાં કરતાં સંડાસની લાઇનમાં ઊભા રહેવું. ચોકના એક ખૂણામાં આવેલી ટાંકીના પાણીથી બધાંનાં વાસણ, કપડાંનું કામ થતું. ધોકાતાં કપડાંનો એક ચોક્કસ લય સંભળાતો હોય, કપડાંને ઝાટકીને સૂકવવામાં ખોટું જતું કરવું અને ઝોલો ખાઈને સુકાતાં કપડાં જાણે નિજાનંદમાં ઝૂલતાં છતાંય પરસ્પર સંબંધ હોય એવું લાગતું હતું. આ અવિરત ચાલતી કાર્યશાળા સંસ્કારની પરબ જેવી લાગતી હતી. ચોકને અડીને આવેલી બાથરૂમમાં તાંબાનો બંબો રહેતો. જે સવારે વહેલો સળગાવવામાં આવતો. નાનાં છોકરાંઓને તો ચોકમાં જ સામૂહિક હર હર ગંગે કરી લેવાનું હોય.

ભીના રહેતા ચોકમાં અને ખાસ તો ચોમાસામાં લીલ થઈ જાય ત્યારે તેને નારિયેળના છોડા ઘસીને સાફ કરવાનું કામ અમે હોંશે હોંશે કરતાં. અહીં પાણી સાચવીને વાપરવું અને સંપીને કામ કરવું તે ગુણનું આચમન બહુ જ સહજતાથી પાર પડતું હતું. નાત-જાતની અને આર્થિક સમૃદ્ધિની કોઈ ભેદરેખા હતી જ નહીં. સમાન હક અને ફરજોમાં વહેંચાયેલા પોળના જીવનમાં આત્મીયતા હતી. કોઈક કારણસર બોલવાનું થાય તો મોટેરાંઓ જતું કરીને વાતને સમજાવટથી પતાવી દેવાની શીખ આપતાં. અમારા મામાનો અતિશય ભોળો સ્વભાવ ઘણી વાર અમારાં તોફાન સામે જંગે ચઢે તો મારું તને મારું...મારું... તને મારું... એવું હાથ ઉગામીને દસ વાર બોલ્યા હશે પણ ક્યારેય અમને ટપલી પણ મારી નથી. કદાચ આટલું કહ્યાના ભાર રૂપે એમનું હૃદય અમારે માટે દ્રવી ઊઠતું અને અમને બધાંને હાથ ઝાલીને સાંકડીશેરીને નાકે આવેલી જનતાનો કાજુદ્રાક્ષ આઇસક્રીમ ખવડાવવા લઈ જતા હતા.

ગવર્નમેન્ટ નોકરી હોવાથી પપ્પાને ટૂરિંગ રહેતું હતું. મમ્મી શાળામાં શિક્ષક એટલે ભીડ અગવડે મોસાળનો સધિયારો યાદ કરતાં મમ્મી અમને કહેતાં, 'આજે હું જે પણ છું તે મારાં મા અને ભાઈ-ભાભીને કારણે છું.' મમ્મીની બી.એડ. કરવાની જરૂરિયાતને સાથ આપતાં ક્ષણનો પણ વિચાર કર્યા વગર વિભામામીએ કહ્યું હતું,

'વિગલબહેન અમે છીએને... ! તમે ત્રણેય છોકરાંઓને અહીં મૂકી દો.' મારાં તમારાંના કોઈ પણ ભેદભાવ વગર કુન્દીબાના હાથની સ્વાદિષ્ટ રસોઈ સાથે થાળીમાં પીરસાતી ઘીથી લથપથ રોટલી અને ભરાતા નાસ્તાના ડબ્બામાં મોસાળની એ દરિયાદિલીનો વૈભવ અમે આજ સુધી માણ્યો છે.

નજીકની પોળમાં જ રંજનબહેનની નિશાળ હતી. નિશાળ જવા માટે અમે બધાં તૈયાર થઈને ઓટલે ગોઠવાઈ જતાં. 'ચલો છોકરાંઓ તૈયાર....' જશીબહેન તેડાઘરનો આ અવાજ ઘડિયાળનો કાંટો મેળવવામાં મદદરૂપ થાય. તેમજ હારબંધ ચાલતાં છોકરાંઓ પાસે ગીત, જોડકણાં ગવડાવતાં જશીબહેન એક શિક્ષકની ભૂમિકા ભજવતાં હતાં. બધાં જ ભાઈબહેનનાં જુદી જુદી ખીંટીએ લટકતાં દફ્તર લઈને નિશાળ જવાની વાત જ અલૌકિક હતી. કેટલીક વાર તો અમારાં એકસરખા કાપડમાંથી બનાવેલાં દફ્તર પણ બદલાઈ જતાં ત્યારે દોડીને એકબીજાને આપી આવતાં. સામાન્ય ફી, મોટું વિશાળ મકાન, અગિયારથી પાંચનો સમય, ત્રણ રિસેસ, ઘરનો નાસ્તો, દફ્તરમાં સ્લેટ, ખૂબ ઓછાં પુસ્તકો આટલી

સામાન્ય સુવિધામાં પણ ખરા અર્થમાં અભ્યાસ થતો હતો. મોટાં ભાઈબહેનો અમને ભણવામાં મદદ કરતાં અને ખાસ તો એમનાં પુસ્તકો જ અમને વારસામાં મળતાં. ક્યારેક વાપરવા મળતાં દસ કે પંદર પૈસામાં ચણા, બિયાં, કાતરા, કોઠા, આંબળાં, બોર, આથેલી કેરીની ચીરીઓ અને આંબોળિયાનો સ્વાદ હજુ પણ એવો ને એવો યાદ છે.

આશ્રમ જેવી પવિત્રતા ધરાવતા આ ઘરમાં હંમેશાં મહેમાનોની ખૂબ અવરજવર રહેતી. અન્નપૂર્ણાના અવતાર જેવાં કુન્દીબાના ઘરેથી ક્યારેય કોઈ ભૂખ્યું જતું ન હતું. દરેક વારતહેવારોની ઉજવણી પણ હોંશભેર થતી. પોળમાં જ મહાદેવનું મંદિર અને પીપળો હતો. રોજ પીપળે પાણી ચઢાવી મંદિર જવાનો નિયમ હતો. શ્રાવણ મહિનામાં થતાં પૂજા, પાઠ, શ્લોક અને ગવાતી સુંદર પ્રાર્થના તેમજ પૌરાણિક કથાઓના શ્રવણથી અમે ધાર્મિક ગુણોને આત્મસાત્ કરી શકતાં. ગૌરીવ્રતની સામૂહિક પૂજા થતી. જુદાં જુદાં ઘરે ફરાળ માટે જવાનું તેમજ જાગરણ પણ સાથે રહીને કરતાં. આમ ખરા અર્થમાં વડીલો દ્વારા તહેવારોનું મહત્ત્વ અને પરંપરા વિશે જાણવા મળતું. નવરાત્રીમાં દીવાલમાં માટીના મહોલ્લામાતા બનાવતાં. રોજ પ્રસાદ, આરતી અને ગરબા પછી અમને લ્હાણી મળતી. ઉતરાણના અલૌકિક આનંદ વિશે તો શું કહેવું? આગલે દિવસે ટંકશાળ પતંગ લેવા જવાનું. રાત્રે મોડે સુધી બેસીને પતંગની કન્ના બાંધવી. તલ અને સીંગની ચીકી, મમરાના લાડુ, જામફળ અને બોર લઈને અમારા ધામા છાપરે જ હોય. એકરૂપ બનતાં છાપરાંનો કિલ્લોલ અલૌકિક હતો. રંગીન આકાશ અને પતંગ ચગાવ્યા કરતાં છાપરાં કૂદીને તેને પકડવાનો આનંદ જીવનમાં આજે પણ ક્યાંય મળી શકે તેમ નથી. અહીં આ પંક્તિ મૂકવાનું મન થાય છે...

"યે દૌલત ભી લે લો યે શહોરત ભી લે લો મુજે મેરા બચપન દે દો."

વૅકેશનમાં તો મામાના ઘરના ત્રીજા માળે આખી પોળનાં છોકરાંઓ ભેગાં થતાં હતાં. સાડી અને ચાદરોના પડદા બનાવી નાટક નાટક રમતાં. પોળની જ નોંધપાત્ર વ્યક્તિઓની નકલ કરીને પેટ પકડીને હસતાં. અમદાવાદબાજી, સોગઠાબાજી, શૂન્યચોકડી, પત્તાં, સાપસીડી, પગથિયાં, કોડી, કૂકા, દોરડાં, લખોટી, ભમરડા, થપ્પો, નાગોલચુ – આ બધી રમતો રમવામાં આખો દિવસ નીકળી જતો. સવારે નાહીધોઈને પોળનાં બધાં જ છોકરાંઓ નજીકની લાઇબ્રેરીમાં જતાં. ચંપક, ચાંદામામા, વિક્રમવેતાળ વાંચતાં હતાં. આખા વર્ષમાં બે-ત્રણ ફિલ્મ જોવાની એમાંય એક ગુજરાતી કરમુક્ત પણ આવી જાય. ફિલ્મ જોવી એ અમારા માટે અવસરથી ઓછું ન હતું. વૅકેશનમાં પાડોશીઓનાં અને કુટુંબનાં બધાં ભાઈ-બહેનો સાથે મળીને ફિલ્મ જોવા જવાનો ભવ્ય કાર્યક્રમ ગોઠવાતો. બેત્રણ દિવસથી પિકચર જોવા જવાનું છે તેની જોરશોરથી જાહેરાત થાય. નવાં કપડાં પહેરીને સરસ તૈયાર થવાનું. જે ના આવી શક્યા હોય તે કેમ રહી જાય... ? એ લાગણી સાથે ઓટલા ઉપર કૂંડાળું કરીને બેસી જતાં અને શબ્દસહ પિકચરની બૅકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે સ્ટોરી કહેવાનું અમારી ફરજમાં આવતું. એ કહેવાનો અને સાંભળવાનો રોમાંચ અમારા ભાવજગતને આનંદમાં તરબોળ કરતું. કેટલાક તો વળી ભાવવિભોર બની સીન પ્રમાણે રડી પણ લેતા. આ ઉપરાંત વૅકેશનમાં સાથે રમવું, કાંકરિયા ચાલતાં ચાલતાં જવાનું અને શીંગ, ચણા, ધાણી, મમરાનો નાસ્તો કરવો. છાપરે સુકાતાં આંબોળિયાં, પાપડ, ઘઉંની સેવને ચોરીથી છુપાઈને ખાવું. કાંકરીવાળા ઘઉંનો ઢગલો સાફ કરવાના પુરસ્કાર રૂપે એક બરફનો ગોળો અથવા શેરડીનો રસ મળતો. ગાદલાં ભરવા પીંજારા ઘરે આવતા. એ તડકે સૂકવેલા રૂને

અમે કૂદકા મારી ખૂંદતાં અને સફેદ સેપટવાળા થઈ ચાટલામાં જોઈને ખૂબ જ હસતાં. થોડામાં ઘણું પામ્યાનો સંતોષ શું કહેવાય તેની કિંમત આજે આ સમૃદ્ધ જીવન પણ આપી શકતું નથી. આ સહિયારા પરિશ્રમમાં વડીલો' પાસેથી પરંપરાગત કાર્યશૈલી જાણવા અને શીખવા મળતી. જે અમારાં જીવનઘડતરનો પાયો હતો.

સમયે થતાં કોમી રમખાણો પણ કેમ ભુલાય... ! નવનિર્માણનું એ તોફાન આજે પણ નજર સામે પસાર થતાં ખાડિયાનું ખમીર અને જોમ અલગ તરી આવે છે. દિવસો સુધી નંખાયેલા કરફ્યૂમાં જીવનજરૂરિયાતની વસ્તુઓ લેવા જવું. પાછળ પડેલી પોલીસથી બચવા છાપરા અને અગાસીઓ કૂદીને બીજી પોળમાં નાસી જવું. વળી કેટલાક યુવાનો સામી છાતીએ લડીને પોલીસના લાઠીચાર્જનો ભોગ બનતા. દિવસો સુધી આંખો બાળે તેવા ટિયરગૅસ ફૂટતા. ઠેર ઠેર સભા, સરઘસ નીકળતાં. નવનિર્માણની લડતને મજબૂત બનાવવામાં પોળની સ્ત્રીઓ, પુરુષો અને યુવાનો નિર્ભય બનીને સામનો કરતાં હતાં.

પોળનાં અડોઅડ ઘરોમાં સુખદુઃખ પણ પરસ્પર વહેંચાતાં. સારા પ્રસંગે હળીમળીને કામ કરતાં અને અવસરને સ્નેહભર્યા સંબંધે દીપાવતાં. જો કોઈની માંદગી હોય કે હૉસ્પિટલમાં દાખલ કર્યાં હોય તો ટિફિન અને તે વ્યક્તિ પાસે રોકાઈ જવા માટે સ્વેચ્છાએ સેવાભાવી પાડોશીઓ આગળ આવતાં અને સાથે સાથે નબળી પરિસ્થિતિ ધરાવતા કુટુંબનાં બિલ પણ જાણ બહાર ચુકવાઈ જતાં. વૃદ્ધ, યુવાન, બાળકો બધાં જ એકમેકની સારસંભાળ રાખતાં. પોળ સમૂહજીવનનું ઉત્તમ ઉદાહરણ કહી શકાય. આજની જેમ એકલતા શબ્દ હતો જ નહીં. માટે આજનો સર્વત્ર વ્યાપેલો "ડિપ્રેશન" નામના રોગનું અસ્તિત્વ હતું જ નહીં. આધુનિકતા ખોટી નથી, પરંતુ તેની તીક્ષ્ણ ધારે આત્મીયતાને કોરી ખાધી છે. પોળનાં સંસ્મરણોએ આપેલી આ અમૂલ્ય ક્ષણોમાં અમે ફરી એક વાર બાળપણને ભરપૂર માણી લીધું હતું.

આ મીઠાં સંભારણાં સાથે મોસાળનો ઉંબરો ઓળંગીને બહાર આવીએ છીએ ત્યારે વેચાઈને પારકા બની જતા એ ઘરમાંથી બાળપણના ખજાનાને બાથમાં ભરીને લઈ લીધો છે. એ સમૃદ્ધિનો દસ્તાવેજ હૃદયમાં ભરીને વહાલા મોસાળની સજળ આંખોથી વિદાય લઈએ તો છીએ પણ મોસાળની એ ખખડધજ ઈમારતને બીજો રંગ ચઢે ત્યાં સુધી હજુ પણ અમારું મોસાળ કહેવાનું આશ્વાસન તો અમારી પાસે છે જ ને... !

■

જણાય છે. કેમ કરી આ કલમ મારા આંગળામાંથી હાલ છૂટતી જ નથી, માટે મને બેચાર તો વધુ લખવા દો.

આ રોગનું નામ ઓથારીઓ હડખવા કેમ પડ્યું તે તો તમારે આ અંકમાં જાણવું જ જોઈએ. ઠીક ત્યારે સાંભળો. આ રોગની આખર અવસ્થામાં દર્દી 'હું ઓથાર' 'હું ઓથાર' એમ બરાડતો ગામમાં ફરે છે તે ઉપરથી જ આ નામ નીકળ્યું છે એમાં જરાયે સંદેહ નથી. એમ બોલે છે તેનો અર્થ શો એ તકરારની વાત છે. અમારા ગામમાં એકસો ને એક વરસની ડોસી છે, તે તો કહે છે કે એને જે ઓથારે ચાંપ્યો છે તે જ આમ બોલે છે. આ વાત અંગ્રેજી ભણેલા હસી કાઢે છે. તેઓનું કહેવું એમ છે કે ઇંગ્રેજીમાં 'ઓથાર' શબ્દનો અર્થ ગ્રંથકર્તા થાય છે. અને 'હું ઓથાર', 'હું ઓથાર' એમ જે બરાડા પાડે છે તેની મતલબ તો એમ છે કે હું મોટો ગ્રંથકાર થઈ ગયો. ઇંગ્રેજીમાં એમ અર્થ થતો હશે તેની હું ના

(અનુ. પૃષ્ઠ ૭૪ ઉપર)

કામ ન કરવાની કલા

આનંદિતા રૈયાણી

પેલું ગીત નથી... तुम को देखा तो ये ख़्याल आया ...એમ અમુક લોકોને જોઈને આ પ્રેરણાદાયી વિચારો આવેલા છે. અમે કોઈને આ ગૌરવશાળી વિષયમાં પ્રેરણા આપી શકીએ એટલા સમર્થ તો નથી એ હકીકત દિલ પર પથ્થર રાખીને ગમે કે ન ગમે, અમારે સ્વીકારવી જ રહી! આ લેખ માટે વિચારબીજ આપનાર મનુષ્યોની ધન્યતા સમજ્યા પછી જ આ વિશે કંઈ લખવાનો વિચાર આવ્યો છે એની નોંધ લેશો! પહેલાં અમે અજ્ઞાની હતા એટલે એ લોકોને તુચ્છ નજરે જોતા (આને હેશટેગ ઑનેસ્ટ કન્ફેશન સમજજો!) અને કામચોર જ સમજતા, પણ સમય જતાં અમારો એમને જોવાનો દૃષ્ટિકોણ બદલાયો અને હવે અમને એ લોકો ઉચ્ચ કોટીના કલાકાર લાગવા માંડ્યા છે! માણસે જીવનમાં કોઈ એક કલા તો શીખવી જ જોઈએ તો આ કલા કેમ નહીં? વિચારતાં થયું કે આ કલા વિશે ખૂલીને વાત કરવી જોઈએ. બધા ભાગતા ફરે એમ થોડું ચાલે કોઈકે તો જવાબદારી લેવી જોઈએ કે નહીં? લાગ્યું કે આ તો આંગળી ચીંધ્યાનું પુણ્ય છે ...તો આપણે જ શું કામ ન કરવું! ઈશ્વર આપણને આ કલા વિશે માહિતગાર કરવા માટે આટઆટલી પરિસ્થિતિનું નિર્માણ કરે છે તો શું આપણે સ્વાર્થી બનીને એકલાં જ શીખી લેવાનું? આ સવાલ અમારા અંતરાત્માને દિવસરાત પજવતો હતો એટલે અમે આ જ્ઞાન માત્ર અને માત્ર અમારા આત્માની શાંતિ માટે તમારા સૌની સાથે વહેંચીએ છીએ.

લોકો આપણને કેવું નિરર્થક સમજાવતા હોય છે કે આપણે મનુષ્ય તરીકે જન્મ લીધો છે એટલે કામ કરવું જ જોઈએ, પણ મને હવે સમજાયું છે કે એવું બિલકુલ નથી...માણસ માત્ર કામને પાત્ર અને કામ માત્ર બહાનાંને પાત્ર! કશું ન થાય એ પ્રત્યે સજાગ રહીને કામનો ડોળ કરવો એ તો સાધના કરવા કરતાં પણ કઠિન છે! કોઈ વાર કરી જોજો! કામ કરીએ તો કામ થાય જ! એ કંઈ નવી નવાઈની વાત નથી, પણ એવી રીતે કામ કરવું કે કામ ન થાય એ અઘરું છે બૉસ! આ દુનિયામાં કામ કરનારની ભીડ છે, પણ કામ ન કરનાર વીરલાઓની વાત તો કંઈક અલગ જ છે. એમની એક અલગ જ આભા હોય છે. સાચું કહેજો, નથી હોતી? આપણે તો પામર મનુષ્યો છીએ, પણ તેઓ તો વિદ્વાન માણસો હોય છે! તેઓ જીવનનાં સત્યને સાચા અર્થમાં સમજીને પામી ગયા છે. એમને જોઈને સમજાય છે કે કામ કરી કરીને મરી જવું એ કંઈ મહાન ઘટના નથી, પરંતુ કામ ન કરવું એ સાચા અર્થમાં જીવન જીવી જવાની કલા છે! આ કલા કંઈ દરેકને હસ્તગત નથી હોતી! આમાં યોગીઓની જેમ વર્ષોની સાધના અને દૃઢ મનોબળ હોય છે! શૂન્ય પાલનપુરીની માફી સાથે કહેવાનું મન થાય છે કે...

મનથી કામઢાને રૂડો આ રસ્તો જડતો નથી,
કામચોર મનના માનવીને કામઢો પણ નડતો નથી!

ઑફિશિયલી આ કલા વિશે કોઈ જાહેરમાં ખૂલીને વાત નથી કરતું. એ શીખવા માટે કોઈ સ્કૂલ કે યુનિવર્સિટી નથી. એ શીખવા માટે વ્યક્તિએ જાતે મહેનત કરવી પડે છે! કામ કેવી રીતે ન કરવું એ વિશે તો વિચારવું પડે! વિચારશીલ વ્યક્તિને આ કલા પ્રમાણમાં જલદી આવડી જાય એવું કહી શકાય! એ માટેના શ્રેષ્ઠ ઉપાયો શોધવા પડે! મળેલા ઉપાયો હંમેશાં યાદ રાખવા પડે! સમયાંતરે ઉપાયોમાં વિવિધતા પણ લાવવી પડે! માથું કે પેટ દુઃખે એવા કામચલાઉ ઉપાયો હંમેશાં કામમાંથી મુક્તિ અપાવી શકતા નથી! ઉપાયો હંમેશા નવીન અને સ્વીકૃત થાય એવા જ હોવા જોઈએ! ઉપાયો શોધવા માટે જાતમહેનત ન કરવી હોય એને આસપાસ કોઈ યોગ્ય ગુરુ મળે છે કે કેમ એની તપાસ કરવી પડે! આ તબક્કે મળેલા ગુરુના જ્ઞાનનો ઉપયોગ આપણા જીવનમાં કઈ રીતે કરી શકાય એ પણ શીખવું પડે! આમાં કોઈ સ્વાધ્યાયપોથી, નવનીત કે અપેક્ષિત આવતી નથી! વાંચીને કે જોઈને આ કલા આવડી જ જાય એવું ન કહી શકાય! આ કલાને પોષણ આપનારા ગુણ જો વ્યક્તિમાં હોય તો એમને થોડો ફાયદો થાય ખરો! જ્યાંથી મળે ત્યાંથી જ્ઞાન ગ્રહણ કરી શકનાર આ ક્ષેત્રમાં કાઠું કાઢી શકે! અહીં માત્ર જાણી લેવાથી આ કલામાં પારંગત નથી થવાતું. શીખીને પ્રૅક્ટિકલ પણ કરવા પડે, નહીં તો લોખંડની જેમ ઉપાયોને પણ કાટ લાગી શકે! કામ ન કરવા માટે આમ તો ઘણા બધા ઉપાયો છે પણ મને જેટલા સમજાયા છે એટલા તમને સમજાવું...(ગુરુદક્ષિણાનો અમને કોઈ મોહ નથી!)

૧) તમે તમારા લક્ષ્ય પ્રત્યે સજાગ હોય કે કામ કરવું જ નથી તો આસપાસ બનતી દરેક ઘટના પ્રત્યે અલગારી થઈ જવું... આસપાસની પ્રવૃત્તિમાં ગમે એટલો રસ પડતો હોય તોપણ દેખાડવો તો નહીં જ! કામ ન કરવું એ નિષ્ક્રિયતા નથી, તે એક રીત છે, જેનાથી બીજાઓ વધુ શ્રમ કરે અને તમને આનંદ મળે! તો એમાં ખોટું શું છે?

૨) ભૂલેચૂકે તમારાથી પૉઇન્ટ એકને અનુસરવામાં ગરબડ થઈ ગઈ છે તો...? તો તમારે સવાલોનાં તીર ચલાવી ચલાવીને સામેવાળા પક્ષને ઘાયલ કરી નાખવાનો! એ જે કંઈ બોલે એમાંથી શબ્દ પકડી પ્રતિપ્રશ્નો પૂછવાના. પૂછતા જ રહેવાના...આ કામ દેખાય એટલું સહેલું નથી, પણ ડર્યા વિના તલવાર વીંઝ્યે રાખવાથી હરીફને હરાવીને લક્ષ્ય પ્રાપ્તિ કરી શકાય. હરીફને સવાલોના જવાબ આપવા કરતાં કામ કરી લેવું સહેલું લાગે ત્યાં સુધી આપણે મંડ્યા રહેવું પડે! ઉતાવળે આંબા ન પાકે એ યાદ રાખવું! આમાં ઘણી વખત હારવાનો અમને અનુભવ છે! અમે ક્યાંક વાંચેલું છે કે જીતેલા કરતાં હારેલા પાસેથી ઘણું શીખી શકાય એ હિસાબે તમે ધારો તો અમારા અનુભવ પરથી બોધપાઠ લઈ શકો એના પર અમારો કૉપીરાઇટ નથી!

૩) કામ ન કરવાની કલા સમયસૂચકતા માંગે છે. અણીના સમયે આ કલાનો ઉપયોગ કરવો હોય તો મિસ્ટર ઇન્ડિયા થતાં આવડવું જોઈએ! અરે ભાઈ, ગાયબ થતાં! जो दिखता है वही काम करता है એ હિસાબે અણીના સમયે કંઈક વિશેષ કામ શોધીને તે સમયે આવી પડેલા કામમાંથી મુક્તિ મેળવી શકાય. જે કામ થઈ રહ્યું છે એનાથી વધારે ઉપયોગી કામ શું છે એ વિચારી શકે એ આ કલામાં મહારથ હાંસલ કરી શકે! સમયથી આગળ રહેવું એ કંઈ જેવીતેવી વાત નથી!

૪) આ કલામાં પારંગત લોકો ક્યારેય કટુવચન નથી બોલતા એટલે આ ગુણ તો આ કલા શીખવા માટે ખાસમખાસ શીખવો જ પડે. એમની મધમીઠી વાણી કોઈને એમની આ દિવ્ય અને ગુપ્ત કલા વિશે માહિતગાર થવા દેતી નથી. કામ થઈ જાય પછી (કામ થઈ જાય

પછી નીચે અન્ડરલાઇન સમજવી!) લોકોને ધમકાવવાનું કામ અહીં ખૂબ અગત્યનું હોય છે એટલે એ તો આવડવું જ જોઈએ... મારા વગર આ કામ કેમ કર્યું...હું ન કરી દેત! એવું કામ થયાં પછી દિલથી કહેવું પડે... જેનાથી પ્રભાવિત થઈને લોકો ગદ્ગદ થાય એ કલાકાર સાચો! માટે આ કલામાં પારંગત થવા માટે મીઠું બોલવું એ તો પાયાની જરૂરિયાત છે.

૫) આ બધી ટૅક્નિક ન વાપરવી હોય ત્યારે આ કલાકારો પ્લાન બી/સી/ડી... વાપરતા હોય છે. તેઓ ખૂબ ઉદાર ભાવે આપણને બિનહરીફ ચૂંટીને એ કામ માટે લાયક ઠેરવી દેતા હોય છે! આમ જુઓ તો આજુબાજુમાંથી જે દેખાય એને સર્વશ્રેષ્ઠ ઘોષિત કરી દેવા માટે હકીકતમાં ખૂબ મોટું જિગર જોઈએ ...કાચાપોચાનું આ કામ નહીં! આપણી જેમ શ્રેષ્ઠ બની જવાના ધખારા એમને હોતા નથી! એ હંમેશાં પોતાના કરતાં બીજા જ લોકો કામ કરવા માટે શ્રેષ્ઠ છે એવું માનતા હોય છે! એટલે જો આ કલા શીખવી હોય તો વ્યક્તિએ ઉદારતાનો ગુણ તો કેળવવો જ રહ્યો! અહીં લોકો પણ તમારી માન્યતા સાથે સહમત થાય એ પણ એટલું જ જરૂરી છે.

૬) આ કલામાં પારંગત થવા માટે ટૅક્નૉલૉજીનો આછોપાતળો ઉપયોગ પણ કરી શકાય. આજે તો બધા પાસે ફોન હોય જ ...કામના સમયે કોઈ લપિયાને ફોન કરીને લપ કરી શકાય! આમાં એક કાંકરે બે પંખી મારી શકાય! જો આપણને લપ કરતાં આવડી જાય તો પછી લગભગ કંઈ શીખવાનું રહે નહીં અને ન આવડે તો આપણે બિચારા એની અડફેટે ચડી ગયા છીએ એટલે આ મહત્ત્વનું કામ નથી કરી શકતા એવો માહોલ તો બનાવી જ શકાય! ટૂંકમાં અહીં પરિણામ જે આવે તે પણ આપણને તો બંને તરફથી ફાયદો જ ફાયદો છે!

૭) આ કલામાં આનંદ સર્વોપરી હોય છે માટે આનંદનું મૂળ શોધવું અને એની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરતા રહેવું! પ્રયત્નો કરતા રહેવાથી ક્યારેક તો સફળતા મળશે જ. આનંદની અનુભૂતિ કરવી એ કોઈ ગુનો નથી. એ હાથ લાગેલું નવું સત્ય છે તો એ સત્ય માટે શરમ અનુભવવાની કોઈ જરૂર નથી. સત્યનો સ્વીકાર કરવાથી હિંમત વધે છે! કેટલી... એવું પૂછીને શરમાવશો નહીં!

આપણે આ કલાના ચાહક છીએ અને એ માટે આપણાથી 'જે ન થાય એ ન કરીને' આપણે આ કલાનો આવડે એવો ફેલાવો કરવાનો છે! આખી દુનિયા આપણી વિરુદ્ધ હોય તોપણ આપણે દેખાદેખીના ચક્કરમાં પડવાનું નથી! દરેક સિક્કાને બે બાજુ હોય છે એ વાત ભૂલવી નહીં. કામ ન કરવું એ ઘટનાને માત્ર એક વિકલ્પ તરીકે જોવી...એને ફરજના ભાગ રૂપે ક્યારેય ફરજિયાત ન સમજવી! કામ કરી કરીને મરી જનારાંનાં નામ ઇતિહાસમાં અમર થતાં હશે પણ ભવિષ્યમાં એમનો અતોપતો મળતો નથી એ હકીકત છે! મહેનત કરવાથી ફળ મળે છે અને ન કરવાથી પરમ સુખ મળે છે! so choice is yours..! જીવન બદલવા ઇચ્છુક ભાવકોને સંત કબીરની માફી સાથે એક સંદેશ આપવાનું મન થાય છે...

कारण न पूछो साधु को मान लीजिए मन,
कामकाज सब छोड़ कर, कर लो तुम आराम!
ओ भैया कर लो तुम आराम...!

બધું કોઈ આપણને કહે નહીં... થોડુંક તો આપણે આપણી રીતે પણ વિચારવું પડે!

■

વાર્તાકાર હેમાંગિની રાનડે*

શરીફા વીજળીવાળા

ગુજરાતના તળાજા ગામે મુસ્લિમ ખોજા પરિવારમાં જન્મનાર હેમાંગિની રાનડે-(૧૫-૦૭-૧૯૩૨ થી ૨૩-૦૧-૨૦૨૫)નું મૂળ નામ હમીદા. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા સંગીતજ્ઞ ડૉ. અશોક દા. રાનડે સાથે ૧૯૬૭માં પરણ્યા પછી હેમાંગિની રાનડેના નામથી લખતાં થયેલાં આ સર્જકની બે હિંદી નવલકથા 'અનુભવ' (૧૯૯૬), 'સીમાંત' (૧૯૯૯) રાજકમલ પ્રકાશને છાપી હતી. આરંભે તેઓ 'ધર્મયુગ', 'સારિકા' જેવાં હિંદી સામયિકોમાં લખતાં. મુંબઈ આકાશવાણી પરથી ૧૯૯૨માં સેવાનિવૃત્ત થયાં પછી એમણે ગુજરાતીમાં વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. એમની વાર્તાઓ 'ગદ્યપર્વ', 'નવનીત-સમર્પણ' અને 'પરબ'માં છપાયેલી છે. ગુજરાતી સાહિત્ય પરિષદે ૨૦૧૦માં એમની ૧૬ વાર્તાઓનો સંગ્રહ 'પારિજાતક' પ્રકાશિત કર્યો હતો. એમની 'ઉનાળો' વાર્તાને પ્રતિષ્ઠિત 'કથા' ઍવૉર્ડ મળ્યો હતો. એક સારા વાર્તાકારે ચૂપચાપ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. એમની ૧૬ + નવનીત-સમર્પણમાં છપાયેલી એક વાર્તાને આધારે આ લેખ કર્યો છે. એક સારા વાર્તાકાર કાળની ગર્તામાં ખોવાઈ ન જાય એટલો જ હેતુ છે આ લખવા પાછળ.

આપણે ત્યાં ભારતવિભાજનને વિષય બનાવતી ૧૮-૨૦ વાર્તામાંથી સારી કહી શકાય એવી તો બે જ છે. આ સર્જકની 'ત્રિશંકુ' વાર્તા વિભાજનને વિષય તરીકે નિરૂપતી ઉત્તમ ગુજરાતી વાર્તા છે એટલે મારી વાતની શરૂઆત હું એ વાર્તાથી જ કરીશ. વાત છે સૌરાષ્ટ્રના ગામડે રહેતા એક સંયુક્ત મુસ્લિમ પરિવારની દીકરી રાહતની. માંડ ચારેક પેઢી પહેલાં કુટુંબના કોઈ વડવાએ ધર્મ બદલ્યો હશે એટલે મુસ્લિમ ઓળખ મળી છે. ખાનપાન, રીતરિવાજ, પહેરવેશ, બોલચાલની ભાષા બધું ગામના બાકીના લોકો જેવું જ છે. ગામનો મોભાદાર પરિવાર ગણાય છે. રોજ સાંજે દાદી તસબી લઈને 'નામ'સ્મરણ કરે ત્યારે ઘરની વહુ-દીકરીઓ આવીને બેસતી. રાહત ત્યારે તો બહુ નાની હતી, પણ એને નામસ્મરણ યાદ છે.

રામ-નામ કી ઔષધિ, ખરે મન સે ખાય,
અંગપીડા આવ નહિ, ને મહારોગ મટી જાય,
રામ નામ સબ કોઈ કહે.
દિલસત્ય કહે ન કોઈ

---

* 'પારિજાતક' : હેમાંગિની રાનડે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૦, પાનાં ૧૯૯, ૧૪૦ રૂ.

એક વાર દિલસત્ય કહે
તો કોટિ જગન ફળ હોય.

ઘરની બધી દીકરીઓ નિશાળેથી આવી દાદીમા પાસે બેસતી. દાદીમાને હસન-હુસૈનની વાર્તાઓ નહોતી આવડતી. એ તો કૃષ્ણની લીલાઓ, હરિશ્ચંદ્રની સત્યપ્રિયતા, રામનો સીતાપ્રેમ અને ગોપીચંદના વૈરાગ્યની કથાઓ સંભળાવતાં. ગામમાં એક ગાંધીવાદીએ વ્યાયામશાળા શરૂ કરી. ગુરુજીએ દાદીમાને અરજ કરી : 'ઘરના દીકરાઓ જોડે દીકરીઓને પણ રજા આપો. સાંજે વ્યાયામશાળામાં આવીને રાષ્ટ્રગીત શીખે. લાઠી, લેજીમ ચલાવે, ચરખો કાંતે.' મહાત્માજીએ કહ્યું છે એટલું સાંભળતાં દાદીમાએ ગદ્‌ગદ થઈ હાથ જોડ્યા. 'મહાત્માજી સંતપુરુષ છે. એમની વાત ટાળી ન શકાય.' ને સાંજની કથાની જગ્યાએ

વિજયી વિશ્વ તિરંગા પ્યારા
ઝંડા ઊંચા રહે હમારા... શરૂ થઈ ગયું.

વ્યાયામશાળાના વાર્ષિકોત્સવમાં રાહત ભારતમાતા થઈ. એ દાદીના કરશણને માથું નમાવીને બહાર જવા ટેવાયેલી છે. રાહત ભાઈઓની દીકરીઓથી મોટી છે. એના ભણવા સામે ઘરમાં ભારે વિરોધ છે. 'ચોપડીઓ અને પેન લઈને તે કાંઈ ચૂલા ફૂંકાતા હશે?' ઘરના વિવિધ ખૂણેથી અવાજો ઊઠી રહ્યા હતા. પણ દાદીમા ધરાર ન માન્યાં. રાહતે મૅટ્રિકની પરીક્ષા ગામમાં રહીને આપી પણ આખા પરિવારે શહેરમાં રહેવાનું નક્કી કર્યું એટલે પરિણામ શહેરના છાપામાં જોયું. બસ, હવે રાંધો, સીવો, ભરત-ગૂંથણ કરો, શાલીન બનો...ની તાલીમ શરૂ થઈ ગઈ. આઝાદી આવતાંની સાથે ઘરમાં ચર્ચાઓ શરૂ થઈ. 'આપણે ક્યાં રહીશું? અહીં કે તહીં? ક્યાં છે આપણી ખરી જગ્યા? આ પારે કે પેલે પાર? જઈએ અને સહન કરીએ કે રહીએ અને સહન કરીએ?' દાદીમા આ બાબતે જરાય દ્વિધામાં નથી. એ કહે છે 'અહીં જન્મ્યાં, અહીં જ મરીશું. આ દેશ ગાંધીનો દેશ છે. અહીં આપણો વાળ પણ કોઈ વાંકો કરી શકે એમ નથી. આ ધરતી આપણી મા છે. માને મૂકીને તે કાંઈ જવાતું હશે? જે માટીમાં પેદા થયાં એની છાતીમાં લાત મારીને ચાલ્યા જઈએ? આપણે એવાં ભૂંડાં નથી હોં! જેણે ખવડાવ્યું એના મોઢા પર થૂંકીએ? ના, આપણે અહીં જ રહીશું, અહીં જ મરીશું.'

પણ દેશ તો ગાંડો બની ગયો. 'મારો કાપો'ના અવાજોથી ગલી-મહોલ્લા થરથરતા હતા. કામ બંધ, ભણવાનું બંધ. દાદીમા ઘરમાં દીકરીઓને સીવણ-ગૂંથણ, રાંધવાનું શીખવી રહ્યાં હતાં. દાદીમા જાણતાં નહોતાં કે એમની જાણ બહાર જમાનો બદલાઈ ગયો હતો. હવે નામસ્મરણ, કથાઓ બધું બંધ છે. કુટુંબનો વેપાર વધ્યો છે, પણ રાહત અને ભાઈઓની ચાર દીકરીઓની ઉંમર વધતી જતી હતી. સારા ઘરના છોકરા પારકે દેશ જઈને બેઠા હતા. ક્યાં સુધી દીકરીઓને છાતી પર રાખવી? ઘરની વહુઓએ ભેગી થઈ કંઈ કમાતો નહોતો એવા છોકરા સાથે રાહતને પરણાવી દીધી. દાદીનું હવે કંઈ નથી ચાલતું. સમાધાન સ્વીકાર્યા વગર રાહત પાસે કોઈ રસ્તો નથી. પણ બેનાં ચાર મોઢાં થયાં એટલે સાસરીવાળાએ પણ ઠોકર મારી. થાકી-હારીને બંને 'આપણા લોકો-આપણો મુલક' જવાનું નક્કી કરે છે. પણ અહીં કંઈ ન કરનારો ત્યાં જઈને સુધરી થોડો જાય? ઊલટાનાં રાહતનાં ઘરેણાં પણ ગયાં અને પતિ ગાયબ થઈ ગયો. સારા ઘરની દીકરી રાહત ખેરાત આપનારાઓ પાસે કામ માગે છે. મદરેસામાં ઇન્ટરવ્યૂ માટે જાય છે : 'મૅટ્રિક છો? વાહ!

સીવણ-ભરત આવડે છે, ડ્રીલ-કવાયત પણ જાણો છો? સરસ! આજથી જ કામ શરૂ કરી દો' (૧૫) રાહત મનોમન કરશણ પાસે આશીર્વાદ માગે છે. નોકરી આપનારા કહે છે : 'જાઓ! બહાર છોકરીઓ ઊભી છે. સૌથી પહેલાં પરચમને સલામી આપવી પડશે.' રાહત ઉમંગભેર બહાર નીકળી. છોકરીઓ ઊભી છે. સલામી માટે હાથ કપાળે અડાડ્યો અને રાહતે ગાવાનું શરૂ કર્યું :

વિજય વિશ્વ તિરંગા પ્યારા
પાક સર ઝમીન આસમાન

છોકરીઓના બુલંદ અવાજમાં રાહતનો સ્વર ખોવાઈ ગયો. એને લાગ્યું કે કોઈએ એને અધ્ધર આકાશમાં ટાંગી દીધી છે. આધાર કે સહારા વગર. અને એવી જ રીતે એ લટકતી રહેવાની આખી જિંદગી... (૧૬) હવે એ કાયમ વતન અને દેશ વચ્ચે વહેંચાયેલી જ રહેવાની. અહીંથી ત્યાં ગયા પછી જ વતનની માટી, સંસ્કાર, સંસ્કૃતિ વધુ તીવ્રતાથી વળગે. તમે જમીન છોડો પછી જમીન વધારે વળગતી આવે એ રાહતને હવે બાકીની જિંદગીમાં ડગલે ને પગલે યાદ રહેવાનું. વાર્તા જરા લાંબા પટે કહેવાઈ છે, પણ અહીંથી ત્યાં ગયેલાની મનઃસ્થિતિની વાત કરતી એકેય ગુજરાતી વાર્તા નથી ત્યારે આનું મહત્ત્વ વધી જાય છે.

આપણે ત્યાં બાળમાનસની ગૂંચવણો, પ્રશ્નો આલેખતી વાર્તાઓની સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી. હેમાંગિની રાનડેની 'બેસ્ટ ફ્રેન્ડ' અને 'જુદાઈની જાણ' બંને બાળકના મનની લીલાને વ્યક્ત કરતી વાર્તાઓ છે. 'બેસ્ટ ફ્રેન્ડ' વાર્તાને એનો અંત વધારે સારી બનાવે છે. સોનુના પિતાના મૃત્યુ પછી, માને મુંબઈમાં નોકરી મળી એટલે મા-દીકરો સંયુક્ત કુટુંબ છોડી મુંબઈ રહેવા આવ્યાં. મા નોકરી પર જાય ત્યારે સોનુ ભલે કહેતો હોય કે 'તું ચિંતા ન કરીશ' પણ એને ડર પણ લાગતો અને એકલતા પણ સાલતી. સાંજે મા અતિશય થાકીને આવતી એ જોતો સોનુ ઘણી બધી વાતો કરવી હોય તોય ચૂપ રહેતો. ટી.વી., રમકડાં કે ચોપડીથી કંટાળે પછી શું કરે? એક દિવસ કામવાળી સોનુ જેવડી જ રહીમનને સાથે લઈને આવે છે. સોનુ એની સાથે રમીને રાજીના રેડ થઈ જાય છે. સોનુને ખુશ જોઈ મા કામવાળી સાથે વાત કરે છે. રહીમન બીજા દિવસથી સવારથી એની સાથે રમવા હાજર. સોનુ એનાં રમકડાં, ચોપડી બધું જ રહીમનને રમવા આપે છે. મહિનાના અંતે મા સોનુને બે કવર આપે છે. એક કામ કરનારને અને એક રહીમનને આપવા માટે. સોનુને અચાનક જ ગુસ્સો આવે છે. 'રહીમન એની સાથે રમવા એટલા માટે આવે છે કે મમ્મી એને એના પૈસા આપે છે? તો... તો શું હું રહીમનનો બેસ્ટ ફ્રેન્ડ નથી? એ મને મળવા નથી આવતી? પોતાની ગરજે આવે છે?' સોનુએ રહીમન સાથે રમવાનું, બોલવાનું બંધ કરી દીધું. રજાના દિવસે મમ્મી એ બંનેને દરિયે ફરવા લઈ ગઈ, ત્યાં પણ સોનુ રહીમન સાથે લડ્યો. એ રાતે મમ્મીએ એની સાથે વાત ન કરી. પોતે ન ખાધું અને સોનુને પણ કંઈ ન આપ્યું. બીજા દિવસે પણ મમ્મી મૂંગી રહી એટલે સોનુએ બબડાટ શરૂ કર્યો : 'એક તો અમારા પૈસા લે છે અને મમ્મી વખાણ પણ એનાં જ કરે છે' (૨૧) ઑફિસે જતી મમ્મી બોલી, 'હું જઈને બાઈને કહી આવું છું કે તું એનો બેસ્ટ ફ્રેન્ડ નથી, તું તો એનો ખરો દુશ્મન છે.' રડતા સોનુને મા એના આવા જંગલી વર્તન પાછળનું કારણ પૂછે છે. સોનુ કહે છે : 'હું એને મારી બેસ્ટ ફ્રેન્ડ સમજતો હતો. પણ એ મારે માટે નહોતી

આવતી. પૈસા માટે આવતી હતી.' મા નોકરીએ જવાને બદલે સોનુને લઈને કામવાળીના ઘરે જાય છે. ભયાનક ગંદકી અને ગરીબી ફેલાયેલી હોય એવી ઝૂંપડપટ્ટીની એક અંધારી ઝૂંપડીમાં રહીમન રહેતી હતી. મા સોનુને માફી માંગવા કહે છે. કામવાળી કહે છે : 'છોકરાં તો લડે, એમાં માફી શા માટે માગવાની ?' સોનુની માનો જવાબ છે : 'પ્રેમની લડાઈ બરાબર પણ ગુસ્સાની, નફરતની લડાઈ ન હોવી જોઈએ. કાલથી સોનુ નિશાળે જશે. રહીમન પણ કાલથી જશે ને ?' મા 'હા' પાડતાં કહે છે : 'તમે જે પૈસા આપ્યા હતા તેમાંથી યુનિફૉર્મ સિવડાવવા આપ્યો છે.' સોનુને આ સાંભળ્યા પછી પોતાની ભૂલ સમજાઈ. હવે એ રહીમનને કહે છે : 'મને માફ કરી દે, માય બેસ્ટ ફ્રૅન્ડ !' ઘરમાં સાવ એકલું પડતું બાળક કેટલું ડરતું હોય, સોરાતું હોય એ અહીં બખૂબી કહેવાયું છે. બાળક પોતાની સમજ પ્રમાણે અર્થ કાઢે એ મોટાઓએ સમજવું જોઈએ એ પણ કહી શકાયું છે.

'જુદાઈની જાણ' પણ મા-બાપની નોકરીના કારણે એકલાં પડતાં બાળકની વાત કરે છે. પરેશને સ્કૂલ બસ ઉતારે ત્યારે એના દાદા નીચે જ ઊભા હોય. ઘરે લઈ જઈ દાદા પરેશનાં કપડાં બદલાવે, હાથપગ ધોવડાવ્યા પછી જમાડે, એની વાતો સાંભળે, એને વાર્તા કહે. અચાનક જ દાદનું મૃત્યુ થયું. હવે રોજ મમ્મી લેવા-મૂકવા આવવા માંડી એટલે પરેશને જલસા પડી ગયા. મમ્મી રોજ એને એકલા રહેવા માટે જરૂરી વાતો શીખવે છે પણ પરેશ નથી સાંભળતો. મમ્મીને નોકરી પર ગયા વગર ચાલે એમ નથી, ઘરના હપતા બાકી છે વગેરે બાબતે મા-બાપ વચ્ચેનો ઝઘડો સાંભળી ગયેલો પરેશ નક્કી કરે છે કે પોતે એકલો રહેશે. મમ્મી શીખવશે એ બધું શીખશે. પણ જે દિવસે મમ્મી નોકરીએ ગઈ એ દિવસે એને ન ગમ્યું. એ ખાધા વગર જ ડબ્બો પાછો લાવ્યો. મમ્મીએ સાંજે આવીને એને ઉઠાડ્યો ત્યારે એણે કપડાં પણ નહોતાં બદલ્યાં, બૂટ પણ પગમાં જ હતા. મા એને સમજાવવા મથે છે ત્યાં અચાનક જ પરેશ 'તું બહુ જ ખરાબ છે, ગંદી છે. મારે એવી ખરાબ, ગંદી મમ્મી નથી જોઈતી' બોલી પડે છે. એને આવું નહોતું કહેવું પણ અનાયાસે, બાળસહજ પ્રતિક્રિયા રૂપે કહેવાઈ જાય છે. એ નથી રહી શકતો એકલો. એને દાદા બહુ યાદ આવે છે. એને પ્રશ્ન થાય છે કે મમ્મીને કેમ પરેશની મુશ્કેલીઓ સમજાતી નથી ? એણે જમવાની થાળીનો ઘા કર્યો અને ચીસો પાડીને રડવા લાગ્યો. અંદરથી દોડીને આવેલી મમ્મીએ પરેશના ગાલ પર એક તમાચો ચોડી દીધો. પરેશને આવી કલ્પના નહોતી. એટલે એ વધારે રડવા લાગ્યો. મમ્મીએ એને તેડ્યો, વહાલ કર્યું, એના હાથે ખવડાવ્યું અને તકરાર પૂરી થઈ. પણ પરેશને સમજાઈ ગયું કે ખરેખર તો આ તકરાર આજથી શરૂ થઈ છે કારણ કે કાલે મમ્મી ફરી ઑફિસે જશે, મારે ફરી એકલા રહેવું પડશે... કાલે પણ... પરમ દિવસે પણ... હંમેશ માટે આમ એકલા રહેવું પડશે એની એને ફાળ પડી. પણ હવે આવું જ રહેવાનું. દાદાની જુદાઈ તો એણે સ્વીકારી લીધી પણ હવે માની જુદાઈ પણ એણે સ્વીકારી લેવી પડશે એવી સમજ એનામાં ઊગી ગઈ હતી.

'મારે વાંચવું છે' વાર્તા ૧૦-૧૧ વર્ષના, સમજ-નાસમજ વચ્ચે ક્યાંક અટવાતા હેમંતની વાત કરે છે. મમ્મી-પપ્પા નવા ઘરમાં આવ્યાં પછી અતિશય લડતાં થઈ ગયાં હતાં. લગભગ રોજ લડતાં. હેમંત એમની લડાઈ સાંભળતો, પણ એને ખાસ કશું સમજાતું નહીં. એ અકળાતો, વિચારતો કે 'પહેલાં તો આવું નો'તું. ત્યારે ઘરમાં ચારે બાજુએ આનંદ જ આનંદ રહેતો. ...ત્રણે જણ મળીને કેટલું હસતાં, ગેલ કરતાં. હવે તો કોઈ બરાબર

બોલતું પણ નથી, જ્યારે જુઓ ત્યારે ઘૂરક્યા જ કરે છે. શું થયું છે?' હેમંતને કારણ નથી સમજાતું પણ મમ્મી રડ્યા કરે છે, પપ્પા પીને ગેસ્ટ રૂમમાં સૂઈ જાય છે. કોઈ એની વાત નથી સાંભળતું. ધીમે ધીમે હેમંતને ભણવામાંથી રસ ઊડી જાય છે. એક બાજુ નવું ઘર, નવી શાળા, નવા શિક્ષકો છે. જૂની શાળા, જૂના દોસ્તારો છૂટી ગયા છે ને એમાં ઘરમાં થતી રોજની લડાઈઓ. એક દિવસ હેમંત એના જૂના મિત્ર અનીસને મળવા જાય છે ત્યારે એની મોટી બહેનને જુએ છે. એ હેમંતની મમ્મી જેવી જ ફિક્કી પડી ગઈ છે. ઘરના વડીલો પાસેથી સાંભળેલી વાતો અનીસ હેમંતને કહે છે. બનેવીને કોઈ ગર્લફ્રેન્ડ હતી એટલે એ બહેનને મારતા. હવે એમના છૂટાછેડા થશે. હેમંતના બાલમાનસમાં આ વાત એવી તો બેસી ગઈ કે એ વિચારવા લાગ્યો. એના પપ્પાને પણ કોઈ... પપ્પા રોજ મોડા આવતા અને રોજ ઝઘડા થતા. અચાનક હેમંતે ભણવા-વાંચવામાં ધ્યાન પરોવ્યું. ઘરના અસહ્ય માહોલને ભૂલવામાં પુસ્તકોએ એને મદદ કરી. હવે એ ખાલી સમયમાં વાંચ્યા જ કરતો. એક દિવસ હેમંત જુએ છે કે એના મામા અને પપ્પાના પાર્ટનરની મધ્યસ્થીથી એનાં મમ્મી-પપ્પા ફરીથી શાંતિથી સાથે રહેવા તૈયાર થઈ જાય છે. મમ્મીએ ઘર શણગાર્યું. પપ્પાને ભાવતી રસોઈ બનાવી. હેમંત આ જોઈને અકળાઈ જાય છે. મોટા લોકો પરથી એને વિશ્વાસ જ ઊઠી જાય છે. પોતાનાં મા-બાપ આવાં છીછરાં? પપ્પા એને વાત કરવા બોલાવે છે. એના માટે કમ્પ્યૂટર લાવ્યા છે. હેમંત સળગતી નજરે જોતાં વિચારે છે : 'એમ! તો હવે મને લાંચ અપાય છે!' અને એ તોછડાઈથી 'મારે વાંચવું છે' કહી, ખોખાને ઠેસ મારી પોતાના ઓરડામાં ચાલ્યો જાય છે. મમ્મી-પપ્પા વચ્ચે કઈ બાબતે ઝઘડા થયા હતા, પપ્પા મોડી રાતે ક્યાંથી આવતા હતા? હવે પાછા બંને કેવી રીતે દોસ્તી કરતાં હતાં? આમાંથી એકેય વાત હેમંતને નથી સમજાતી. પણ હવે પોતે આ લોકોની જાળમાં નહીં ફસાય એવું એ નક્કી કરે છે. કોઈ પણ ઘરમાં માતા-પિતાના ઝઘડા બાળમાનસને કઈ હદે ઠેસ પહોંચાડે એ આ વાર્તા સમજાવે છે.

'ટક્કોમૂંડો' વાર્તા પણ છે તો બાળમાનસની જ પણ કહેવાઈ છે ફ્લૅશબૅક પ્રયુક્તિથી. વાર્તાના આરંભે સરસ્વતીની પૌત્રી કિન્નરીના માથામાં પડેલી જૂને કારણે એની મા કહે છે : 'વાળ જ કાપી નાખું.' કિન્નરી રડતી રડતી દાદીને કહે છે : 'હું ટક્કોમૂંડો નહીં બનું. નહીં...નહીં...' ને દાદી સરસ્વતી અચાનક વર્ષો પહેલાં એની સાથે બનેલી ઘટના પાસે જઈ ચડ્યાં. અને વાર્તા એક ભર્યાભાદર્યા કુટુંબમાં આવી ચડેલાં જાજરમાન, પૈસાદાર માસી, એમની દીકરીઓ અને ઘરના લોકોની વાતચીતથી ઊઘડતી જાય છે. એ સમયે સરસ તો બહુ નાની. માસીની દીકરીઓ એને ઢીંગલીની જેમ રમાડતી. હસતી-રમતી એ માસીના ઘરે ભણવા ગઈ. પણ હવે આ ઘરમાં કોઈને એના માટે સમય નથી. માસીની દીકરીઓ અંગ્રેજી માધ્યમમાં ભણે છે. સરસ માટે ગુજરાતી શાળા શોધાય છે. સરસને અહીં બહુ એકલું લાગે છે. એને બા, બહેનો, ઘર બધું યાદ આવે છે. એને ઘરે જવું છે પણ એ બોલી નથી શકતી. કપડાં લેવા આવેલા ધોબીએ બધાની વચ્ચે કહ્યું કે ઓશીકાના ગલેફ પર વાળના કીડા=જૂ છે. માસીએ સરસને બોલાવી, એનો ચોટલો ખોલ્યો તો પાર વગરની જૂ ખદબદતી હતી. 'વાળ નથી ધોતી?' એવું માસી ગરમ થઈને પૂછે છે. સરસ હા પાડે છે પણ બોલી નથી શકતી કે 'આટલા વાળ મારાથી નથી ધોવાતા. ત્યાં મા કે બહેનો ધોઈ આપતી.' માસીની દીકરી કહે છે 'હું આને મારા ઓરડામાં નહીં સૂવા દઉં' કામવાળી પાસે ગાદલું, તકિયો ને સરસનાં બધાં કપડાં ફેંકાવ્યાં પછી વાળંદને બોલાવી

સરસનો ટક્કોમૂંડો કરાવી દીધો. માસીની દીકરીઓ કપડાં આપવાની ના પાડે છે. ટુવાલભેર ઊભેલી આ છોકરીની ઘરના બધા મજાક કરે છે. બીજા દિવસે નીલરંગી માથાવાળી સરસને માસીના દીકરાનાં કપડાં પહેરાવી નિશાળે મોકલાય છે. નિશાળે પહોંચતાં જ 'ટક્કોમૂંડો... ટક્કોમૂંડો' અને ટપલી મારવાનું શરૂ થઈ ગયું. શિક્ષિકાબહેન પણ એના માથે ટપલી મારી 'ટક્કોમૂંડો' કહે છે. એમનેય ખબર ન પડી કે આંખના પલકારામાં એક નાનકડી છોકરી કાળો કીડો બની ગઈ. (૧૩૩) ન તો સરસ રડી શકી, ન બૂમ પાડી શકી. બરાબર એ જ ક્ષણે ચપરાસી બોલાવવા આવે છે. એના પિતા એને મળવા આવ્યા હતા. પિતા બાથમાં લઈ હૈયાસરસી ચાંપે છે ત્યારે છેક સરસ રડે છે. પાછલાં વર્ષોમાં બનેલી આ કારમી ઘટના અચાનક યાદ આવી જતાં સરસ્વતી રડવા લાગે છે. વહુને નવાઈ લાગે છે કે પૌત્રીના વાળ કાપવાની વાતથી સરસ્વતી કેમ રડે છે? પણ સરસ્વતી તો બસ રડ્યે જ જાય છે 'અરેરે, ટક્કોમૂંડો!' બોલીને. બાળમાનસ પર કેવો તો કારમો આઘાત લાગ્યો હશે કે આટલાં વર્ષો વીતી ગયાં પછી પણ આંસુ ખૂટતાં જ નથી?

'પારિજાતક' વાર્તાની કથક પારિજાતની સુગંધમાં એની સાથે બેસવા માંગતા પતિની ઇચ્છાની વાત કરીને પોતાના બાળપણની વાત માંડે છે. એને થાય છે કે હું આ સુગંધથી ક્યાંક દૂર ચાલી જાઉં... એને આ સુગંધ બેચેન કરે છે પણ પતિને અતિપ્રિય છે આ સુગંધ. કથકના બાળપણની એકલતાનાં સાથી હતાં પારિજાતનાં ફૂલ. એ બેસી રહેતી એકલી એની પાસે. અમ્મા નોકરીએથી સાવ નિચોવાઈને આવતી. ઘરમાં ચાલી ન શકતાં નાની અને ન ગમે એવાં મામા-મામી. ક્યારેક પારિજાતના ઝાડ પાસે આવીને મળતા દાદા. આઠ વરસની આ છોકરી બહુ વહેલી સમજણી થઈ ગઈ હતી. દાદા મળવા આવે છે એ વાત માને નથી કહેવાની. મા કેમ એને લઈને પિયર આવતી રહી એ નથી પૂછવાનું. દાદા લાડવા લાવતા એ જરાય ન ભાવતા છતાં ખાઈ જતી. મામા સામે વધારે વાર ન દેખાતી. મામી પાસે લાડ ન કરતી. બને ત્યાં સુધી ઘરની બહાર જ રહેતી. નાનીનું હેત રાતના અંધારામાં જ મળતું. આ બધું એને કોઈએ નહોતું શીખવ્યું છતાં એ જાણતી હતી. માની જિંદગીમાં શું થયું હતું એની એને નહોતી ખબર, પણ માનું રૂપ એને બહુ આકર્ષતું. નાનીના મૃત્યુ પછી નાછૂટકે મા-દીકરીએ અલગ ઘર લઈ રહેવા જવું પડ્યું. મા નોકરીએથી આવે એ પહેલાં રસોઈ સહિત બધાં કામ કરી નાખતી. દીકરી ઇચ્છે છે કે માને થોડીક શાંતિ મળે. મા-દીકરીના રોલ જાણે કે અદલાબદલી થઈ ગયા હતા. એક દિવસ મા એને પોતાની કથા કહે છે : 'હવે તું મોટી થઈ ગઈ છે એટલે સમજી શકીશ.' એવું કહીને. પતિ પરદેશ રહેતો. દાદાજીની આંખમાં માનું રૂપ વસી ગયું એટલે લગ્ન નક્કી થયાં. પતિએ પહેલી જ રાતે બળાત્કાર કરતો હોય એ રીતે સંબંધ બાંધ્યો. આઠ દિવસ રોકાયો એ દરમિયાન કહી દીધું કે એ પરણેલો છે, બે બાળક પણ છે. તારે આવવું હોય તો આવ અને અમારી સેવા કર. માએ પિયર જવાનું પસંદ કર્યું. ભણી અને નોકરી લીધી. એ દીકરીને કહે છે કે તારા પિતા પરદેશ છે એ જૂઠાણું જ એમની જિંદગીનું સત્ય છે. એકલી નોકરી કરતી કથકને એવો જીવનસાથી મળ્યો છે જે ઉદાસીનતાના પાશમાંથી એને છોડાવે. પણ એ સાથીને ગમતી પારિજાતનાં ફૂલોની ભીની સુગંધનું શું કરવું એ એને નથી સમજાતું : 'એને કેવી રીતે સમજાવું કે આ વૃક્ષો, એની સુગંધ, એની નીચે બેસવાનો ક્રમ, મારા જીવનની સૌથી સૂની, સૌથી એકાકી ઘડીઓ સાથે સંકળાયેલો છે.' એ કથકની મૂંઝવણ છે.

'ગર્વ' વાર્તા પુરુષના ધૂળ જેવા અહમ્‌ની વાત કરે છે. શંકરલાલ-યશોદાબહેનને સંતાન નહોતું એમાં કોઈ એમના ઘર સામે જ નવજાત બાળક મૂકી ગયું. શંકરલાલ પંચાત કરવા ગયા, યશોદાબહેન નિઃસાસો નાખીને કહે છે : 'ન્યાય નથી ઈશ્વરના દરબારમાં. કોઈ બાળકની રાહમાં આખી જિંદગી મીટ માંડીને બેઠું રહે અને કોઈ આમ જન્મ દઈને ફેંકતું ફરે?' (૧૫૩) બપોરે જમીને આડા પડેલા શંકરલાલને અચાનક યાદ આવ્યું કે એમની કામવાળી સોના ગયા વર્ષે રજા પર ગઈ ત્યારે થોડા દિવસ માટે રેખાને મૂકી ગઈ હતી. એક બપોરે યશોદાબહેન લગ્નમાં ગયાં હતાં ત્યારે શંકરલાલે રેખાને બળજબરીથી વશ કરી હતી. પોતે આ વાત સાવ ભૂલી ગયેલા, કારણ કે અહીંતહીં મોઢું મારી લેવાની એમને આદત હતી. ત્રણેક મહિના પછી એક સાંજે શંકરલાલ ઘરે એકલા હતા ત્યારે રેખા આવી હતી અને કહ્યું હતું કે એના પેટમાં બાળક છે. ઘડીક વાર માટે શંકરલાલ ગભરાયા, પણ પછી સ્વસ્થ થઈને રેખાને કાઢી મૂકતાં સંભળાવ્યું કે, 'ક્યાંક ઉકરડામાં આળોટી હશે હરામખોર. ફસાવવા માંગે છે?' શંકરલાલના મોઢા પર થૂંકીને રેખા કહેતી ગયેલી : 'તારે બારણે મૂકી જઈશ એ યાદ રાખ.' (૧૫૭) અને હવે શંકરલાલની ઊંઘ ઊડી ગઈ. ક્યાંક રેખા તો.... સાંજ સુધી શંકરલાલ બેચેન રહ્યા. સાંજે પત્નીએ ખબર આપ્યા કે 'પોલીસે પતાવી દીધું બધું. દાટી દેશે ક્યાંક.' ને શંકરલાલની છાતી પરથી જાણે મણની શિલા ઊતરી ગઈ. એમના જીવમાં જીવ આવ્યો. હવે શંકરલાલ મનોમન વિચારે છે કે આટલાં વર્ષો ખોટા ગભરાયા. ક્યાંક પોતામાં દોષ નીકળે તો? એ ડરે દાક્તરી તપાસ જ ન કરાવી. પણ આજે એમનું મન પોકારીને કહેતું હતું : 'શંકરલાલ! વાંઝિયાપણાનો દોષ તમારામાં નહોતો, હોં કે!' (૧૫૮) મૂછ પર તાવ દેતા શંકરલાલની છાતી ગર્વથી ફુલાઈ ગઈ. આમ તો પોતે જે કાળું કામ કર્યું હતું એ બદલ શરમ આવવી જોઈએ એના બદલે પોતે બાળક પેદા કરવા સક્ષમ છે એ વાતે ગર્વ અનુભવે છે. આ પુરુષ હોવાનો ક્ષુલ્લક ગર્વ છે.

'નિઃસંગ', 'શરીર' અને 'ચપરાસણ' નારીચેતનાની અલગ અલગ તાસીર રજૂ કરે છે. 'નિઃસંગ' વાર્તા ચાળીસ વર્ષથી એકના એક ટેબલ પર બેસી 'કાણેબાઈ' સાંભળવા ટેવાઈ ગયેલી માધવી કાણેની વાત કરે છે. માધવી આઠ વરસની હતી ત્યારે મા મરી જવાને કારણે પિતાએ ગામડેથી દાદીને બોલાવેલાં માધવીને સાચવવા માટે. ઘરમાં પિતા કે દાદી કંઈ ન બોલતાં એટલે માધવી પણ ચૂપ રહેતી. પહેલી વાર માસિક આવ્યું ત્યારે ગભરાઈ ગયેલી માધવીને દાદીએ કહ્યું 'હવે આ દર મહિને થશે... હવે તું નાની કીકલી નથી, બાઈ છો... હવે આ ગોઠણિયા દેખાય તેવાં ફરાક નહીં, સાલ્લો પહેરવો પડશે.' (૧૮૧) દાદીએ બાપુને સાલ્લો લાવવા કહ્યું ત્યારે કારણ પણ જણાવ્યું. મૅટ્રિકમાં ભણતી માધવીને ઉઠાડી લીધી; એટલું જ નહીં, એ દિવસ પછી બાપ-દીકરી વચ્ચે કંઈ સંવાદ જ ન રહ્યો. અકળાયેલી માધવી પિતાને સીધું જ પૂછી બેસે છે. પિતા મા સામે જોઈને કહે છે : 'આને કહી દ્યો, આમ મારી જોડે ન બોલે, હવે આ પારકી સ્ત્રી છે અને પારકી સ્ત્રીઓ જોડે હું વાત નથી કરતો.' (૧૮૧) બાપના બહાર ગયા પછી દાદી હોઠ મરડીને, ધીમેથી બોલી : 'પોતાનાથી આટલો બીએ છે તો બીજી બૈયર કેમ નથી લઈ આવતો!' માધવી ઝાઝું તો ન સમજી પણ એને લાગ્યું કે એના શરીરમાંથી થતો સ્રાવ તેનામાં કંઈ ખોટ લઈ આવ્યો છે. જેને લીધે એનો બાપ એનાથી ડરે છે, એ કોઈ બીજીને લઈ આવશે. હવે માધવી વધુ ચૂપ રહેવા લાગી. પછી તો બાપ-દીકરી વચ્ચે કોઈ વ્યવહાર જ ન રહ્યો.

માધવી માટે પણ હવે તે પિતા ન રહ્યા, પરપુરુષ બની ગયા. પિતા ઑફિસના કામે કશે જતા હતા અને એમનું મૃત્યુ થયું ત્યારે માધવી સોળ વર્ષની હતી. માધવીને એના પિતાની જગ્યા પર કામ મળ્યું ત્યારથી આજના નિવૃત્તિ દિવસ સુધી માધવી એના એ જ ટેબલ પર બેઠી. ન કોઈ પરીક્ષા આપી, ન કોઈ પ્રમોશન મળ્યું. અહીં કોઈ એને માધવી તરીકે નથી ઓળખતું. બધા 'કાણેબાઈ'થી જ ઓળખે છે. એનું કામ એટલી નીચી શ્રેણીનું છે કે કોઈ એની સાથે ઝાઝો સંબંધ નથી રાખતું. વાર્તાનો આરંભ નિવૃત્તિના દિવસથી જ થાય છે. ઘર, લોકલ ટ્રેન, નોકરીની એકધારી જિંદગી જીવતી માધવીની મૉનોટૉની હવે તૂટવાની છે. નિવૃત્તિ પછી એની જિંદગી વધારે કંટાળાજનક બની ગઈ. યંત્રની જેમ ઘરનું કામ અને સૂઈ જવાનું. ક્યારેક કારણ વગર, મંજિલ વગર લોકલ ટ્રેનમાં ફર્યા કરવાનું. એક દિવસ એમ ફરતી વખતે ખાલી ટ્રેનમાં એક સ્ત્રીની પ્રસૂતિની સાક્ષી થતી માધવી ફાટી આંખે કુદરતની આ લીલા જોઈ રહી. ટ્રેન ઊભી રહી, લોકો ચડ્યા, સ્ત્રીઓએ પેલી સ્ત્રીને મદદ કરી, આગલા સ્ટેશને સ્ટ્રેચર મંગાવી બાઈને લઈ ગયા. માધવી પણ પડતી-આખડતી એની પાછળ ગઈ. એ રાતે માધવી સૂઈ ન શકી. સવારે નહાઈ-ધોઈને મંજિલ વગર નહીં પણ 'હૉસ્પિટલ જવું છે'ના ઉત્સાહ સાથે નીકળી. એને પેલા નાનકડા હાથ સાથે દોસ્તી કરવાનું મન થતું હતું. માધવીની જિંદગીની એકલતા અને એકવિધતા તૂટશે જ એવું જરૂરી નથી પણ પહેલી વાર એવું થવાની શક્યતા જાગી છે ખરી.

'શરીર' વાર્તા માત્ર શરીર બનીને રહી ગયેલી માલતીની છે. ઉષા અને એની ભાભી વારાફરતી ઉષાની મા પાસે દવાખાનામાં રહેતાં. બાજુના ખાટલા પર માલતીની સાસુ છે. ઉષા માલતી સાથે વાત કરવાના, સાથે જમવાના સંબંધ કેળવે છે. વાર્તાકાર કૅમેરાનો ઍંગલ બદલે એમ દૃશ્યો પલટાવે છે. માલતીની ઑફિસ, એનું ઘર, એની આપવીતી સાંભળતી બહેનપણીઓ કે ઉષા ...વાંચનાર વાર્તાકાર સાથે બધે હાજર છે એટલે માલતી વિશે વાચકને ઉષા કરતાં વધારે માહિતી છે. ઉષાને નથી સમજાતું કે માલતી સાસુ પ્રત્યે આટલી બેપરવા કેમ છે, પણ માલતીની ચાલીમાં, એના ઘરમાં, ઑફિસમાં વાર્તાકાર સાથે જઈ આવેલો વાચક જાણે છે કે માલતીની સાસુએ રસોડું અને દીકરો બંને પોતાના હાથમાં રાખ્યા છે. માલતીને ચાલીમાં પડી રહેતી એક ખુરશી પર જ રહેવાનું. સાસુએ એને મોઢે જ કહેલું : 'તને લાવ્યા છીએ ઉદયના શરીરધર્મ માટે, અને એક દીકરા માટે. એટલે ઝટપટ જણી નાખ. મારે તારી સેવા નથી જોઈતી.' માલતી નહીં, એક શરીર. માલતી બહેનપણીઓને કહે છે : 'ખવરાવે છે હોં, ભૂખી નથી રાખતાં. કેમ કે મારે દીકરાની સેવામાં રજૂ થવાનું હોય છે... વેશ્યા જેવું જ... પણ વેશ્યાને બદલામાં પૈસા મળે છે જ્યારે મારી પાસેથી એ પણ ઝૂંટવી લેવાય છે...' એટલે જ માલતી ઘરમાં કોઈને કહ્યા વગર બે ઍબોર્શન કરાવી ચૂકી છે. ઉષા કે નર્સોને માલતી વિશે કંઈ જ ખબર નથી. એટલે તેઓ માલતીને ભાંડે છે. પિયરમાં ભાઈ-ભાભીના ત્રાસમાંથી માંડ છૂટેલી માલતી ઠીંગણા, તાલિયા પુરુષને રોજ રાતે તાબે થતી, કારણ એ કશે જઈ શકે એમ નથી. 'ચર્ચગેટનું રેલવે પ્લૅટફૉર્મ. જરા સંભાળીને હં! ગિરદી વધારે છે... એમ કહી દૃશ્ય પાસે લઈ જતા વાર્તાકાર 'આવો, આપણે નજીક જઈ ઊભા રહીએ. આવી ગિરદીમાં ક્યાં ખબર પડવાની, પાસે કોણ ઊભું છે. આવો... સાંભળો...' એટલે જોવાની, સાંભળવાની અને પછી આકલન કરવાની જવાબદારી ભાવકની છે. મરતી સાસુની ખબર લેવાને બદલે ભચડ ભચડ સમોસા ખાતી સગર્ભા માલતી પર ઉષાને ગુસ્સો આવે છે. આ સ્ત્રી છે

કે હેવાન? એવો પ્રશ્ન થાય છે. પણ માલતી તો ખુશ છે આ મૃત્યુથી. કદાચ હવે એ મા બનશે, ચાલની ખુરશીને બદલે ઘરમાં રહેતી થશે, વેશ્યાને બદલે ગૃહિણી બનશે... એને ખુશી થાય એ સ્વાભાવિક છે પણ ઉષાને, નર્સોને માલતી હેવાન લાગે છે. આવી ચડેલા પડોશીઓમાંથી કોઈ બોલે છે : 'એકાદ પૌત્રને રમાડ્યો હોત તો બિચારી ડોશીનું મરણ સુધરી ગયું હોત...' પેટ પર હાથ ફેરવતી માલતીની ખુશી આ વાતે વધારી દીધી. વાર્તાકાર વાર્તામાં લેખક-વાચક બેઉનો પ્રવેશ કરાવે છે. પણ વાર્તાથી, પાત્રોથી એક તટસ્થ અંતર રાખ્યું છે એટલે વાર્તાને નુક્સાન નથી થયું.

'ચપરાસણ' વાર્તાની ભાગીરથી તો ગજબની સ્ત્રી છે. એના બાપે ૧૦૦૦ રૂ. લઈ ઑફિસના એક ચપરાસી સાથે ભાગીરથીને પરણાવી દીધેલી. એ તેની ત્રીજી પત્ની હતી. ચપરાસીની ઇચ્છા પ્રમાણે ભાગીરથીએ દીકરો જણ્યો, પણ એની ખુશીમાં ચપરાસી ઢીંચીને મરી ગયો. જે ચોકીદારે ચપરાસીને પરણવા માટે પૈસા ધીરેલા એણે ભાગીરથી પાસે અરજી કરાવી, રહેમરાહે એને નોકરી મળી પણ ગઈ. શરૂઆતમાં ડરતી, ગભરાતી ભાગીરથી ધીરે ધીરે સ્માર્ટ થતી ગઈ, બધાને સામા જવાબ આપતી થઈ. ચોકીદારની મેલી નજર સામે જાહેરમાં લડી, એના બધા પૈસા બધાની હાજરીમાં ચૂકતે કર્યા... ઑફિસવાળાઓનું ધ્યાન ગયું કે ભાગીરથી ભારે પગે હતી. આવું કંઈ ચાલે? કકળાટ, કાનાફૂસી પછી પર્સનલ ઑફિસર ભાગીરથીને બોલાવે છે. જવાબદાર વ્યક્તિ વિશે પૂછે છે. ભાગીરથી ઑફિસના એક આધેડ ચપરાસીનું નામ દે છે. એ તો પરણેલો છે તોય? જવાબ છે : 'મેડમ, બાપ કોઈ પણ હોય, મા તો હું જ છું ને!' ભાગીરથીને પેલો પરણે એવો કોઈ આગ્રહ પણ નથી, નામ આપે બાળકને એવો પણ આગ્રહ નથી. એની સાથે હવે કોઈ લેવાદેવા જ નથી. આવું કેમ? બસ, ભાગીરથીને એક બાળક જોઈતું હતું જે મારઝૂડ કર્યા વગર માગવાથી મળે... આ સુખથી વધારે એને કશું નથી જોઈતું. આવી પણ ઇચ્છા હોય? એવો પ્રશ્ન જે વાચકને થાય એણે ભાગીરથીના મનમાં પ્રવેશી આવી ઇચ્છા કેમ જાગી એ જાણવું જોઈએ.

'ઉનાળો' વાર્તાને પ્રતિષ્ઠિત 'કથા' ઍવૉર્ડ મળ્યો હતો. નોકરી માટે ચોપાસ ફાંફાં મારતો વાર્તાનો કથક પિતાની માંદગી, ઘરની કાયમી તંગ અવસ્થા, યુવાન બહેન, પોતાની બેકારી અને ઉનાળાની કારમી ગરમીમાં અલસ ગતિએ ચાલતો સમય – આ બધાથી ત્રસ્ત છે. એ બહાર રખડતી વખતે પણ જાતને સવાલો પૂછ્યા જ કરે છે. બાપુજી ઠીક થઈ જશેને? ઘર કેવી રીતે ચાલશે? જુવાન બહેનના લગ્નનું શું થશે? મને નોકરી નહીં જ મળે?... પ્રશ્નોના ભારથી એની પીઠ બેવડ વળી જતી. બફારાભરી બપોરે પણ એ ભટક્યા કરતો. એને નોકરી બાબતે કોઈ પ્રશ્ન કરે એની બીક લાગતી. ઘરનાથી, પડોશનાં કાકા-કાકીથી – જે કોઈ પૂછી શકે એ બધાથી એ ભાગતો. ઘરમાં માનાં રોકી રાખેલાં આંસુની ફરિયાદ સહન ન થતી. બહેનની આંખોમાં ઊકળતા લાવાથી એ ડરતો. એટલે રસ્તા પર રેઢિયારની જેમ એ ભટક્યે રાખતો. ગૅલરીની સામેની ચાલમાં એક ઘરે મા રોજ એના અબોધ બાળકને બહારની બાજુએ બાંધી રાખતી. કથકને એની પણ ચિંતા થાય છે. 'ક્યાં સુધી એની મા એનું જતન કરી શકશે?' (૩૨) બાજુવાળાં કાકી, કાકા ન હોય ત્યારે રોજ કથકને શરબત પાતાં. એક દિવસ વાત શરબતથી આગળ વધી ગઈ. કથક કહે છે : 'જંગલી ડુક્કરની જેમ ટાઢા કાદવમાં હું ધસતો ગયો' ને હવે રસ્તા પર

રખડવાને બદલે કાકીની ઓરડીમાં જતો થયો. સામેવાળા છોકરાને એક દિવસ એની મા બાંધવાનું ભૂલી ગઈ અને એક મોટરે એને કચડી નાખ્યો. એ રાતે વરસાદ વરસ્યો બીજી સવારે બાપુજીને બાંધીને સ્મશાન લઈ જતા હતા ત્યારે મા ધીમેથી પૂછે છે : 'લાકડાં ભીનાં હશે, સળગશે?' (૩૬) ઋતુ બદલાઈ, સામેવાળી માની મુક્તિ થઈ ગઈ, પિતા મર્યા પછી પણ ધૂંધવાતા જવાના અને પોતે? એમની બાકીની બધી વાર્તાઓથી 'ઉનાળો' સંવેદન અને અભિવ્યક્તિ બંને રીતે અલગ પડી જતી વાર્તા છે.

'પાશ' નવલકથા લખવા ધારી હોય એટલા પહોળા પટમાં વિસ્તરી છે. 'ગદ્યપર્વ'નાં ત્રીસ પાનાં! વસુંધરા કાકી–નપુંસક પતિ, ભુખાળવો જેઠ – જેઠને નકારતી જેઠાણી, મિલકતભૂખ્યાં દેર-દેરાણી, સાસુ-સસરા... છતાં વસુંધરાનો ઘર, ઘરના ખૂણેખૂણા અને ઘરના થાંભલા સાથેનો નાતો વાર્તાને એકકેન્દ્રી રાખે છે. શરીરની ભૂખે એમને હેરાન નહોતાં કર્યાં એવુંય નહોતું. એમણે જાત પાસે કબૂલ્યું પણ છે કે જેઠે જ્યારે ગંગા માનીને અજાણતાં એમને પૂજાની ઓરડીમાં પકડ્યાં ત્યારે શરીરની ઇચ્છાઓ જાગી ઊઠેલી. સાસુએ જેને દીકરી માનેલી તે ગંગામાં જ જેઠ ડૂબ્યા એ જાણી જેઠાણીએ સાસુને કહી દીધું, 'એઠું ખાવાની મને ટેવ નથી.' પણ સાસુ ઘરની વાત બહાર જવા દેવા માગતાં નથી. યાત્રાએ જતાં સાસુ ગંગાને સાથે લઈ જાય છે અને પછી એકલાં જ પાછાં આવે છે. જેઠાણી તોય વહેલાં ગયાં. નણંદના નસીબમાં પુરુષસુખ નહોતું, જેઠના નસીબે સ્ત્રીસુખ નહોતું અને વસુંધરાના નસીબે તો પુરુષસુખની કલ્પના કરવાનું પણ નહોતું લખ્યું. આ ઉંમરે પણ દાદર ચડી સસરાનો ખાટલો સાચવતાં સાસુને જોતી વસુંધરાએ પોતાની બધી માયા-મમતા ઘર સાથે જોડી. સાસુએ મરતી વખતે એની માફી માંગી. દીકરાની મર્યાદા જાણતાં હોવા છતાં એમણે વસુંધરાની જિંદગીને રાખ કરી મૂકી, વસુંધરા માટે હવે ઘર જ ટકવા માટેનો ટેકો હતું. પણ જેઠનો દીકરો અનિલ ઘર પાડીને નવું બિલ્ડિંગ ઊભું કરે એ વસુંધરાને નથી ગમતું. ઘર સાથેનું બંધન વસુંધરાને દુઃખી કરે છે પણ અનિલની નવજાત દીકરી સાથે નાતો જોડતાં વસુંધરા ઘર સાથેના પાશમાંથી છુટકારો મેળવે છે. એમને ટેકો આપતો થાંભલો ગયો તો આ નવો ટેકો મળ્યો દીકરીનો. વાર્તાના કેન્દ્રમાં વસુંધરા છે છતાં વાર્તાની લંબાઈ એના પોતને જરાક પાતળું કરી દે છે.

'અણસાર', 'હત્યા', 'બિચારી' વાર્તાતત્ત્વ માટે, વાર્તારસ માટે સારી વાર્તાઓ છે. 'શરૂઆત' વાર્તામાં ગામના પોતીકાપણાના હૂંફાળા માહોલમાંથી મુંબઈના બંધિયાર ઓરડામાં આવી ચડેલા નિવૃત્ત પોસ્ટમાસ્તર હરિશંકર દવેની વ્યથાની વાત છે. નોકરી, પૈસા પાછળ દોડતાં દીકરા-વહુને એ નથી સમજાતું કે ઠંડી થાળી તો વૃદ્ધ પિતા પચાવી જાય પણ માણસની હૂંફ વગરની એકલતા એ વૃદ્ધ ન પચાવી શકે. વાર્તાતત્ત્વ અને ચમત્કૃતિભર્યા અંત માટે 'મુલાકાત' વાર્તા વાંચવી ગમે.

બાળમાનસ અને નારીચેતનાનાં વિવિધ રૂપ કુશળતાપૂર્વક આલેખતાં આ વાર્તાકારની કલમ નીવડેલા વાર્તાકાર જેવી ઘડાયેલી છે. એમની ભાષાની તાજગીનાં દૃષ્ટાંતો આપવા જાઉં તો લેખ લંબાઈ જાય. હાથે ચડેલાં વિષયવસ્તુની માવજત કરવાની, એમને સારી ફાવટ છે. ભલે એમની પાસેથી ૧૭ વાર્તાઓ જ મળી હોય છતાં આ વાર્તાકાર વિસારે પાડવા જેવાં બિલકુલ નથી.

■

વિકાસના વરવા ચહેરાની કવિતા : જસિંતા કેરકેટ્ટાની કવિતા

ઉર્વીશ વસાવડા

સહુથી પહેલાં માટી, પાણી અને વૃક્ષ મરી ગયાં,
કોઈને કંઈ જ અનુભૂતિ થઈ નહીં..

જેને કશું જ સંવેદન નથી થતું
એ આમ તો ક્યારનાયે મૃત હોય છે.

છેલ્લે તો માત્ર એમને દફનાવવામાં આવે છે.

આ કવિતા ઝારખંડની કવયિત્રી જસિંતા કેરકેટ્ટાની છે. એમની કવિતામાં આદિવાસી સમસ્યાઓ વિશે તારસ્વરે વાત કરવામાં આવી છે. એમની કવિતાના વિષય બહુધા આદિવાસી જનજીવન પર તોળાતાં વિકાસ પ્રેરિત જોખમો તરફ હોય છે. આ જોખમો તરફ ખૂબ જ સીધા અને સરળ છતાં સોંસરવા ઊતરી જાય એવા શબ્દોથી એ વાત કરે છે. એની કવિતા ખૂબ જ સહજ અને સંવાદપ્રેરક મુદ્રાથી આદિવાસી સમાજની પીડાઓને સમગ્રતાથી આપણા સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે છે..

જસિંતા કેરકેટ્ટા કવિ, લેખક અને સ્વતંત્ર પત્રકાર છે. તેના ત્રણ કાવ્યસંગ્રહો આપણને મળે છે : ‘અંગોર’ ૨૦૧૬માં, ‘જડો કી જમીન’ ૨૦૧૮માં અને ‘ઈશ્વર ઔર બાઝાર’ ૨૦૨૨માં પ્રકાશિત થયેલ છે. પહેલા બે કાવ્યસંગ્રહો દ્વિભાષી છે (હિન્દી અને અંગ્રેજી.)

એમના સંગ્રહો જર્મન, ફ્રેન્ચ તથા અન્ય ભાષામાં અનુવાદિત થયા છે. એમણે ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી સહિત વિશ્વના ઘણા દેશોમાં કાવ્યપાઠ કરેલ છે. તેઓ જુદા જુદા ઘણા પુરસ્કારથી સન્માનિત થયેલ છે અને ૨૦૨૨માં ફૉર્બ્સ ઇન્ડિયા દ્વારા ભારતની ૨૨ સેલ્ફ મેઈડ વુમનની યાદીમાં તેમનું નામ સામેલ કરવામાં આવ્યું હતું..

પોતાની કવિતા વિશે એ લખે છે કે કવિતા લખવાથી મને એ અહેસાસ થયો છે, કવિતા કેવી રીતે માનવને યંત્રમાંથી માનવ બનાવે છે. એ એક એવી જગ્યાએ લઈ જાય છે જ્યાં મારો હું ક્યાંક ગાયબ થઈ જાય છે અને ઘણા બધાના હુંમાં ભળી ‘આપણા’ની અનુભૂતિ કરાવે છે. કવિતા મને મારી ભીતરના શૂન્ય તરફ દોરી જાય છે. એવું લાગે છે કે મારા પૂર્વજો જે નથી કહી શક્યા અથવા તો એમણે સંકેત દ્વારા જે કહ્યું છે, મારી મા જિંદગીભર જે નથી કહી શકી, આ સઘળી ચુપકીદીઓ એક દિવસ કવિતામાં પરિવર્તિત થઈ ગઈ છે.

એમની કવિતામાં આદિવાસી સમસ્યાઓ અને સંવેદનાઓ તીવ્રતાથી છતાં પણ તટસ્થતાથી આવે છે. વિકાસને નામે ધીમે ધીમે જે રીતે આપણે આદિવાસીઓની

આદિમતાને નષ્ટ કરીએ છીએ એના વિશે ખૂબ જ ધારદાર શબ્દોમાં એ વાત કરે છે. એક કવિતામાં એ લખે છે,

એની તપાસ કોણ કરશે કે
કોણે
આ ધરતીને બંદીવાન બનાવી અને
કોઈ ગુમનામ સ્થળે સંતાડી દીધી છે.
અને રોજ કરે છે એની ઉપર ક્રૂર પ્રયોગો.

કોણ એની તપાસ કરશે કે
શહેરની દીવાલો નીચે
ક્યાં દબાઈ ગઈ છે તળાવની કબર,
ક્યાં દટાઈ ગયેલા ખેતર પર
વિકસી રહ્યું છે શહેરનું કબ્રસ્તાન .

કોણ કરશે એની તપાસ કે
કોણે ચોમાસાને વિસ્થાપિત કર્યું છે ?
કોણ માણસોને જાનવરો માફક
જંગલની બહાર ધકેલવા મથી રહ્યું છે ?

વિકાસના નામે ધરાના મૂળ લોકો સાથે થતું છળ એને વિહ્વળ બનાવી મૂકે છે. એ અભિવ્યક્તિમાં એક આંદોલનકારી બની જાય છે પણ પૂરી સભાનતા સાથે કે એણે એનું કામ કલમના માધ્યમથી કરવાનું છે. એક કવિતામાં એ લખે છે ..

ઓહ ! તમે હજી સુધી એ નથી સમજી શક્યા
કે સડકો પહોળી કરવા માટે
હજારો વૃક્ષ આપે છે પોતાની કુરબાની.
શું તમારે હજી પણ વિકાસની બીજી કોઈ
પરિભાષા જાણવી છે ?

નવી સડક એ સમજાવે છે કે
વિકાસના નામ પર જ
મૂળિયાં ઉખાડી શકાય છે
વૃક્ષોનાં અને માણસોનાં .

એ આવા અસમતોલ વિકાસનાં પરિણામો જોઈ શકે છે અને વ્યક્ત કરે છે.

એક દિવસ જ્યારે બધી નદીઓ
મરી જશે ઑક્સિજનની ઊણપને કારણે
ત્યારે મરી ગયેલી નદીમાં
તરતી હશે સભ્યતાઓની લાશો.

નદીને જ ખબર છે કે
એના મરી ગયા પછી જ
વારો આવે છે
સભ્યતાઓના મરવાનો

આ વિકાસ માત્ર માણસ જ નહીં, પ્રાણીસૃષ્ટિ પર પણ વિપરીત અસરો કરે છે. એ બાબતને આવી રીતે લખે છે :

ઘાસની શોધમાં ગાય
આખા કુટુંબકબીલા સાથે
એ નીકળી પડી છે
એવા રસ્તા પર જે શહેર તરફ લઈ જાય છે.
ઉદાસીથી ઘેરાયેલી એ ગાયો
ભળી ગઈ છે એ બાળકોની ટોળીમાં
જે સવાર થતાં જ નીકળી પડે છે
કચરામાંથી પ્લાસ્ટિક વીણવા.
બાળકોના હાથ સાથે
કચરાના ઢગલામાં
એનું મોઢું પણ ફસાઈ ગયું છે.

એની કવિતામાં બીજો એક ધ્યાન ખેંચે એવો વિષય છે ઈશ્વરને નામે શોષિતો તરફ થતા અન્યાયને ઉજાગર કરવાનો, એ લખે છે ...

મજૂરોએ પોતાના અધિકાર વિશે
જ્યારે બોલવાનો પ્રયત્ન કર્યો
ત્યારે કેટલાક ઈશ્વરભક્તોએ
તેમને પ્રાર્થના કરવાનું કહ્યું
અને ત્યાર પછી
આચરવામાં આવતી પ્રત્યેક હિંસા
કે અત્યાચાર
એમને માટે ઈશ્વર દ્વારા લેવાતી, પરીક્ષા બની ગઈ.

પ્રકૃતિએ સરળ અને આદિમ એવા આદિવાસીઓની નિર્દોષતાને કારણે, ધર્મને નામે વિકાસ, એ નામે વરસોથી એ લોકોનું શોષણ થતું આવ્યું છે અહીં કેન્યાના જોમો કેન્યાટાની એક વાત યાદ આવે.. તેમણે એક વખત પાદરીઓ બાબતે કહ્યું હતું : એ લોકો આવ્યા ત્યારે અમારી પાસે જમીન હતી અને એમના હાથમાં બાઇબલ..પછી એમણે અમને એમની સાથે પ્રાર્થના કરવા કહ્યું, આંખ ખોલી, ત્યારે અમારા હાથમાં બાઇબલ હતું અને એમની પાસે જમીન!! અન્ય એક મહત્ત્વનો વિષય છે આદિવાસી અને અમુક સમાજમાં થતી સ્ત્રીની અવગણના. સ્ત્રીને નિમ્ન કક્ષાની ગણવાની માનસિકતા. દારૂના સેવન પછી થતી મારઝૂડ, સ્ત્રીને પોતાને લગતા નિર્ણયો લેવાની સ્વતંત્રતાનો અભાવ., એમણે પોતાના ઘરમાં અને આજુબાજુના સમાજમાં આ વસ્તુ જોઈ છે, અને એટલે એક વિષય તરીકે આવે છે...

મારી આઝાદી હું ક્યાં નક્કી કરી શકી છું?
ભદ્ર પુરુષોએ જ નક્કી કરી છે એ હંમેશાં
જ્યારે પહેલી વાર
મારી અંગળીઓ ઘરનો ચૂલો
સળગાવવા માટેનાં લાકડાંની સાથે
કલમ પણ પકડતાં શીખી ત્યારે
કલમે મને ધીરેથી કાનમાં કહ્યું...
દુનિયાની દરેક છોકરીએ
એક વખત પોતાની આત્મકથા
લખવી જોઈએ,
સ્ત્રીઓની સ્વતંત્રતા નક્કી કરનાર
પુરુષની પોલ ખોલવા માટે.
તો પ્રતાડિત સ્ત્રીના અવાજને એ આમ વાચા આપે છે...
ચંપા કોને માટે સહન કરે છે તું આ બધું?
હું પૂછું છું તો એણે જવાબ આપ્યો,
આ બધાં સંતાનોને છોડીને જાઉં તો જાઉં ક્યાં?
સ્ટેશન, ફૂટપાથ કે કોઈ વૃક્ષની છાયામાં,
કોઈ આશ્રમ કે આશ્રય તો મળી જાય
પણ ઘર ન મળી શકે.
મારી આખી કાયા ઓગાળી નાખું
તોપણ હું ઘર ન બનાવી શકું.
તું જ બતાવ,
સ્ત્રીને કોઈ પોતાનું ઘર હોય છે?

આ પ્રકારની કવિતા ઘણી બધી વખત ખૂબ મુખર થઈ જતી હોય છે. સર્જકે આ બાબતે સતત સભાન રહેવું પડે, એમની કવિતામાં પણ આવાં કેટલાંક સ્થાનો આવે છે જ્યાં વાત કવિતા કરતાં સપાટબયાનીમાં સરી પડે છે

તેઓ તમારા સમુદાયોમાં
હવે બર્બરતાથી તલવાર લઈ
આક્રમણ નથી કરતા
એ તમારા ભલાની
વાત કરી
તમારા સમુદાયોમાં ઘૂસે છે.
ભલાની જ વાત કરી
એ તમને ખૂબ દારૂ પિવડાવે છે.
અને તમારી જમીન પર
લખી નાખે છે પોતાનું નામ
તમારા ઘરમાં ઘૂસી જાય છે.

તમારી દીકરીની ભલાઈની વાત કરી
તેના પર બળાત્કાર કરે છે
ભલાઈની જ વાતવાતમાં
એ તમારા ભાઈના હાથમાં
પકડાવી દે છે ચાકુ
અને અદૃશ્ય રહીને
તમારા વિશ્વાસનું ગળું કાપે છે.

આમ કવયિત્રી જસિંતા કેરકેટ્ટાની કવિતાઓ તીવ્ર આક્રોશથી ભરેલી દેખાય છે. તે પ્રત્યેક દંભને સંપૂર્ણ રીતે અનાવૃત કરે છે. અને આવી અભિવ્યક્તિમાં ક્યાંય શબ્દ ચોરતાં નથી. તેમ છતાં એ તમને લાગણીના આવેશમાં તણાવા દેવાને બદલે આખી પરિસ્થિતિને સમ્યક્તાથી જોવા માટે મજબૂર કરે છે. વિકાસનું આવું તેજ જોઈ કદાચ એવો વિચાર આવે. આપણી પ્રાર્થના છે :

'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા'

એને બદલે કદાચ હવે આપણે એમ કહેવું પડે...

'પ્રકાશથી દાઝેલા અમને એવા અંધકારમાં લઈ જા
જ્યાં બીજું કશું નથી પણ માણસ પ્રત્યે
સંવેદનાઓ અને પ્રેમ તો છે જ.'

અંતમાં એમનું એક નાનકડું કાવ્ય...

ફિકર

મા
એક ભારો લાકડાં માટે
શા માટે આખો દિવસ
જંગલમાં ભટકે છે,
પહાડો પર ચડે છે,
છેક મોડી સાંજે ઘેર આવે છે ?

મા કહે છે
જંગલમાં ભટકું છું,
પહાડો ચડું છું,
દિવસ આખો રખડું છું,
માત્ર સુક્કાં લાકડાંઓ માટે.
ક્યાંક કોઈ જીવતું વૃક્ષ ન કપાઈ જાય એ માટે.

■

કાલની ઘડી ને આજનો દિ' – નિર્મમ વાસ્તવનું સઘન વાર્તારૂપ

યોગેન્દ્ર પારેખ

કાલની ઘડી ને આજનો દિ' – અવિરત વાર્તાસાધક નવનીત જાનીનો ચોથો વાર્તાસંગ્રહ તેમની લગભગ બે દાયકાની વાર્તાસર્જન યાત્રાની પ્રતિષ્ઠામાં અભિવૃદ્ધિ કરે તેવી અનેકવિધ ખાસિયતથી સભર છે. કુલ આઠ પૈકીની પ્રથમ બે વાર્તાઓ વિષયવસ્તુની દૃષ્ટિએ જુદો ભાવબોધ નિષ્પન્ન કરે છે. વિસ્મૃતિમાં સરકતું જતું ગામડું અહીં હેરિટેજ વૅલ્યૂ પામે છે. ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ પછી બદલાયેલું ગામડું, ખેડૂતના જીવનની દશા-દિશાનાં વાસ્તવમૂલક ચિત્રોની હૃદયસ્પર્શી શૃંખલા જેવી વાર્તાઓ આ સંગ્રહને વિશેષ રીતે ઉલ્લેખનીય બનાવે છે. નિતાંત માનવ્ય, નિર્મમ વાસ્તવનું ભીતરી કારુણ્ય અત્રે અંકિત થયેલા શબ્દ થકી ડૂમો બાઝી થીજી ગયેલા સમયનું સ્મારક સહજ રીતે રચાય છે. અત્રે દરેક વાર્તાને આસ્વાદ્ય ભૂમિકાએ ક્રમશઃ તપાસવાનો ઉપક્રમ છે.

'૨૬મી જાન્યુઆરી' પ્રજાસત્તાક પર્વની નિશાળમાં ઉજવણી નિમિત્તે અનુસૂચિત જાતિના શિક્ષકને કાર્યક્રમનું સંચાલન સોંપવામાં આવે અને અણધાર્યા સંજોગોના કારણે શાળાએ પહોંચવાના બદલે પોલીસસ્ટેશન પહોંચી જાય એવું કથાવસ્તુ વાર્તા કહેવાની સજ્જ વાર્તાકારની રીતિના કારણે આસ્વાદ્ય પરિમાણ પામે છે.

'આચાર્યશ્રીના વેશમાં મારી સામે એક ઠીંગણું આશ્ચર્ય ઊભું હતું' એમ કહેતો વાર્તાકથક, નાયક મિ.વાળા પાંચ વર્ષ ફિક્સ પગારના ધોરણથી અનુદાનપ્રાપ્ત, અર્ધસરકારી સંસ્થામાં શિક્ષક તરીકે જોડાયો છે. પીએચ.ડી. થયેલો આ યુવાન દલિતવર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. નિશાળમાં નવોદિત હોવા છતાં આત્મવિશ્વાસ અને સજ્જતાના મામલે પાછીપાની કરે એવો આ શિક્ષક નથી. સિફતપૂર્વક હાંસિયામાં ધકેલી શકાય એવા આ જણને સંચાલન સોંપવું પડે એવી સ્થિતિ નિર્માણ પામી છે. દરેક સંસ્થામાં હોય એમ અહીં પણ 'સંચાલન' કરવા માટે જેનો એકાધિકાર હોય એવા મિ. ભાટીને પાઇલ્સ થયેલા. આવા સંજોગોમાં ગુજરાતીનાં શિક્ષિકા નિરૂપાબહેનને ઍન્કરિંગની જવાબદારી સોંપાયેલી. પણ તેમણે રાતે વાળાભાઈને ફોન કર્યો : 'પ્લીઝ વાળાભાઈ! ટુમોરો હુંય સ્કૂલમાં અવેલેબલ નથી. અરજન્ટલી આઉટ ઑફ સ્ટેશન. સો. પ્લીઝ પ્લીઝ રિપબ્લિક ડેનું એનાઉન્સિંગ હૅન્ડલ કરો તો, પ્લીઝ...' નિરૂપાબહેનને ગુજરાતીનાં શિક્ષિકા તરીકે ઓળખાવું ઓછું ગમતું હોઈ વાતવાતમાં અંગ્રેજી શબ્દોનો વઘાર કરતાં રહે. અંગ્રેજીના શિક્ષક, બહેનશ્રીનો ઋણસ્વીકાર કરતાં કહે : બુન્ને કારણે મારા વિષયનું પરિનોમ સુધર્યુંસ લ્યા. ચેવી બુન્ની ભાસા! કોઈકે'ક બુન ગુજરાતીનાં સ?'

– અહીં અંગ્રેજીના શિક્ષક પ્રાદેશિક બોલીમાં ગુજરાતીમાં શિક્ષિકાનાં 'અંગ્રેજી પ્રભુત્વ'નું મહિમામંડન કરે છે એવી વક્રતા અસરકારક રીતે વ્યક્ત થઈ છે.

૨૬મી જાન્યુઆરીએ કાર્યક્રમ નિમિત્તે નિશાળે સમયસર પહોંચવાનો પ્રયાસ કરતો નાયક બસ કેન્સલ થવાથી મોડો પડતો જાય છે. સમયાંતરે, નવું પગારપંચ લાગુ પડવાથી બધા શિક્ષકોના ઘરે નાનાં-મોટાં નવાં વાહનોનાં અવતરણની પ્રગતિ અને પંચવર્ષીય ફિક્સ પગારી સ્થિરતાના કારણે એસ.ટી.બસના આશ્રિત જેવા મિ.વાળા વિલંબ થવાના સંજોગોના દબાણમાં તીવ્ર મનોભાર અનુભવે છે. માંડ મળેલી બસમાં ડ્રાઇવર સાથે સંઘર્ષ નોતરે છે. બસ જલદી ચલાવવાનું કહેવાનું દબાણ અને ઝઘડો વાર્તામાં સાંકેતિક રીતે સૂચવાયો છે. વાર્તામાં પ્રત્યક્ષ - પ્રગટ રીતે ઝઘડાનું નિરૂપણ નથી છતાં તનાવગ્રસ્ત નાયકની મનોભૂમિને ભાવક પામી શકે છે.

સવારના નવ-સાડાનવ વાગ્યે સ્કૂલમાં સૌનાં પ્રશંસાવચનો ઝીલતો હોવો જોઈએ એવા નાયકને ઇન્સ્પેક્ટર, 'બસડ્રાઇવર ઉપર જીવલેણ હુમલો કેમ કર્યો ?' એવો પ્રશ્ન પૂછે છે. ઊલટતપાસ ચાલે છે. નિશાળ સાથે કદાચ 'નેટવર્ક'ના અભાવે સદંતર સંપર્ક ગુમાવી ચૂકેલા મિ.વાળાના મોબાઇલમાં બાવીસ મિસકૉલ, બૅટરી ડાઉન અને પોલીસસ્ટેશનમાં ઇન્સ્પેક્ટરની પૂછપરછ, વાર્તામાં સહેજ પણ અતિરંજિત થયા વગર વાર્તા-અંતર્ગત અનિવાર્યતાની જેમ ઊપસતું જાય છે. પ્રશ્નપત્રો પણ કાઢવાની જવાબદારી ઉપર 'કાર્યક્રમ સંચાલન'ના બોજને વેંઢારતો, મોડો પડેલો નાયક છેવટે ઇન્સ્પેક્ટરને 'કવર' આપે છે તે કિસ્સો રફેદફે કરવા માટે નથી પણ પ્રશ્નપત્રોનું કવર પહોંચાડવાની તાકીદના ભાગ રૂપે છે. પ્રજાસત્તાકદિને મિ. વાળાની વર્ષગાંઠ છે. જન્મદિનની વધાઈ આપવા સગાં-સ્નેહી, ન્યૂઝ-મીડિયાવાળા આદિ પોલીસસ્ટેશનમાં આવી ચડે એવી સંભાવનાનું સ્વાગત કરવાની 'ખુમારી' મિ. વાળાનું આંતરવિશ્વ છે.

'અપેક્ષાની વાત'ની નાયિકા, દીકરી અપેક્ષાની મમ્મીને તીવ્ર ઇચ્છા છે કે અપેક્ષાને બોર્ડની પરીક્ષામાં પંચાણું ટકા આવવા જોઈએ. અપેક્ષાનું ટૂંકું નામ છે અપુ. પંદર-સોળની વયે પહોંચેલી અપુ હજી પિરિયડમાં નથી બેઠી. ડૉક્ટર પિતાને હોર્મોન્સ પ્રૉબ્લેમ્સની જાણકારી છે. મોટાપાના કારણે સૌનું ધ્યાન ખેંચતી અપુને સૂચવવું પડે છે : 'અપુ, નો રન ઑન કૉરીડૉર. વૉક...સ્લો વૉક. અપુના શારીરિક વિકાસને કારણે ઊંઘમાંથી ઝબકીને જાગી જતી મમ્મીને અપુ પંચાણું ટકા લાવે એ બાબતનો પણ તનાવ છે. વર્ગમાં શમિત સર એને આગલી પાટલી પર બેસાડે છે, 'અપુ' આર બ્રાઇટ, જસ્ટ ફૉર્વર્ડ...' ક્લાસમેટ અને જુનિયર વિદ્યાર્થીઓ પણ અપુને તાકી રહે છે.

ભણવાની ભીંસ વચ્ચે આશ્વાસન જેવો મિત્ર છે કૃણાલ. કૃણાલે બેન્ચ પર અંગ્રેજી 'એ' કોતર્યો છે અને અપુએ 'કે'. અપુના તનાવ અને રાહતની ક્ષણોને અનેકવિધ સંકેતોથી અહીં સર્જક રજૂ કરે છે. રિક્ષામાં બેઠેલી અપુની આંખો નિરાંતજીવી કબૂતર, ગાય, ઊડતાં પક્ષીઓ, મજાથી બ્રેડ ખાઈ રહેલી ભિખારણની છોકરી અને ઝૂમી રહેલાં વૃક્ષનાં પાંદડાં પર ફરતી રહે છે. કૃણાલ જેવા મિત્ર સાથે ક્યાંક નાસી જવાના ક્ષણિક વિચારનું સુખ અનુભવતી અપુ મન અને શરીરથી ત્રસ્ત-વ્યગ્ર છે. આ સ્થિતિમાં પરીક્ષા આપવા જઈ રહેલી અપુને તેની મમ્મી મૂકવા આવી છે. પેઢુનો દુઃખાવો વેઠતી અપુ ટૉઇલેટમાં જાય છે

અને ટૉઇલેટની દિશામાં, સ્કૂલના દરવાજેથી તાકી રહેલી મમ્મી અપુના બહાર આવવાની રાહ જોઈ રહે છે.

બારમા ધોરણની પરીક્ષા આપી રહેલી દીકરી પ્રત્યે પરિણામ લાવવા બાબત મમ્મીની ઘેલછા અને બીજી તરફ માત્ર પરીક્ષા જ નહિ, જીવનસમગ્રને માટે અભાવ જન્મે એવા માહોલમાં વ્યક્ત થતી અપેક્ષાની વાત આ પ્રકારની અન્ય લેખકોની વાર્તામાં પણ તેની કથનરીતિના કારણે, રજૂઆતમાં સૂક્ષ્મતાના કારણે સઘનતાનો અનુભવ કરાવે છે. અપેક્ષાજન્ય પીડાનું કલાત્મક વાસ્તવ નોંધપાત્ર સજ્જતા સાથે વ્યક્ત થાય છે.

કાલની ઘડી ને આજનો દિ' – શીર્ષકવાર્તા છે. 'વરસાદ તો નામનો હતો... લીલાં નાળિયેરનાં પાણી સુકાઈ જાય એવા આકરા તાપ પડ્યા.' વાર્તાની શરૂઆતથી એમ જણાય કે દુષ્કાળની વાર્તા હશે. વરસાદ વગરના કપરા દિવસોનું તાદશ વર્ણન ખેડૂત રતિલાલના આકરા સંઘર્ષનો ચિતાર આપે છે. 'કડબના પૂળાની માફક ખાટલીમાં પડેલા રતિલાલે પોપચાં ઊંચક્યાં,' 'છાસના છાલિયામાં તબકતાં ધાણાજીરું જેવું આકાશ' આદિ ઉપમા અલંકૃત ગ્રામીણ અસબાબ અને અબોલ ઢોર-ઢાંખર માટે નીણ-કડબનો જોગ કરતા રતિલાલ પર ઓચિંતી આફત ઊતરી. વાડીમાં રહેલો જાંબુડો પાકશે એવી આશામાં આશ્વસ્ત રતિલાલની વાડીમાં જાંબુડાની જગ્યાએથી જ વીજળીની હેવી વૉલ્ટેજ લાઇન નીકળવાની હતી. બાપાએ વાવેલા જાંબુડા સાથે રતિલાલનું લાગણીશીલ અનુસંધાન અને વીજળી-વિકાસનું ભારેખમ દુષ્ચક્ર ! ઉપરવાળા સાહેબ પાસે રજૂઆત કરવા જતો રતિલાલ, સાહેબની ઑફિસનાં લીસાં પગથિયે મૂંઝાતો અને સાહેબ સાથે સંવાદમાં જેની જીભ તાળવે ચોંટી જાય એવો રતિલાલ ગ્રામસમાજના વિવશ ખેડૂતનું આબાદ પ્રતિનિધિત્વ કરે છે. ગામની ભાગોળે 'સેઝ' બિછાવતી સરકારનો પરિવર્તનનો કોરડો, ખેડૂતની પરંપરાગત જીવનશૈલી અને જમીન ઉપર બરાબરનો વીંઝાઈ રહ્યો છે એમ ભળાય છે, વાડીમાં હેવી વોલ્ટેજનો થાંભલો ખોડાય અને જાંબુડો ચાર કલાકમાં ઉલાળી નાખનારું તંત્ર પૂરી સંવેદનશૂન્યતા સાથે પમાય છે. 'પ્રગતિ' ભાળીને રાજી થનારની બહુમતી છે એવું નિર્મમ વાસ્તવ વાર્તાને અંતે બરાબર રીતે ઉજાગર થાય છે. દુષ્કાળની પરિસ્થિતિને ઉજાગર કરતો પરિવેશ, પરંપરાગત વારસાના પ્રતીક જેવો જાંબુડો અને સાહેબની ઑફિસ-સંવાદોનું વિરોધાભાસી સન્નિધિકરણ વાર્તાને આસ્વાદ્ય બનાવે છે.

'કૅનાલ'નો નાયક રામજી ગ્રામસમાજનો ઊભરતો નાયક છે. ગામના ગોંદરે કૅનાલ આવે અને કૅનાલમાં પાણી છોડાશે ત્યારે ગામની ખેતીમાં સોનાનો સૂરજ ઊગશે એવી આશા બંધાયેલી છે. વાર્તાનો કથક લાલભૈ ગામડે જાય છે ત્યારે એને જાણ થાય છે કે રામજી તો ગામ છોડીને શહેરમાં જતો રહ્યો છે. ગામના ઉપસરપંચ તરીકે પાંચમાં પુછાતા અને આગવી કોઠાસૂઝવાળા સમજીએ ગામ છોડી દીધું એ ભારે નવાઈની વાત લાલભૈ સમક્ષ અને ભાવક સમક્ષ સહજ રીતે ઉકેલાતી જાય છે. 'જળયાત્રા' દિવસે 'માણસોથી ઊભરાયેલી કૅનાલ'માં વરસે દહાડે પણ પાણી આવતું નથી. 'ખેતરોમાં ઊભેલા કપાસ સુકાઈને સાંઠિયું થઈ ગયા. હડી કાઢતો વંટોળ થોડી લીલોતરી માટે વલવલી રહ્યો. કાળી જમીન કાળની જીભ જેમ કોકડું વળીને પડી. સાંજ પડે ને વીજળીના તાર પર જામતી નાનકડાં પંખીઓની મહેફિલોય ઊડી ગઈ.' ઉદ્‌ઘાટન કરી લોકલાગણી જીતી ગયેલા પ્રધાનશ્રી હવે આ બાજુ ફરકે કે કૅનાલમાં પાણી આવ્યાની ચિંતા કરે એ વાતમાં માલ

નથી. પરિસ્થિતિથી અકળાયેલો રામજી કૅનાલની ધૂન લઈને રજૂઆત કરવા નીકળ્યો તો ખરો પણ; 'શહેરની ધગધગતી સડક પર એક આખો દિવસ સોડાના ટીનની માફક દદડતો રહ્યો' પોતાની જ્ઞાતિના જ મામલતદારે કહ્યું, 'પટેલ, ઉપર પાણી જ નથી.' મામલતદારનો આ સંવાદ વ્યંજનાપૂર્વક બધું જ સૂચવી દે છે. રામજી બહાદુર છે, ઊછરતો આગેવાન છે. અગાઉ ગામના પ્રશ્ને 'આત્મવિલોપન'નો પ્રયાસ કરી ચમકેલો રામજી કલેક્ટર ઑફિસમાં રજૂઆત કરવા જાય છે ત્યારે 'આત્મવિલોપન બહાદુરી'નો પ્રસંગ સાહેબની જીભના ટેરવે ઉપાલંભની જેમ વ્યક્ત થાય છે. સરકારી કાર્યાલયનું રેવન્યૂ હાસ્ય અને સાહેબનું બિસલરીની બૉટલની સાક્ષીએ સંભાષણ સાંભળી નિરાશ થયેલો રામજી, આખરે, વિસ્તારના માજી ધારાસભ્ય દાસકાકાની સલાહ લેવા જાય છે. દિલ્હી જવાની ઉતાવળ છતાં પંદર મિનિટનો સમય આપનાર, વિરોધપક્ષના દાસકાકા, 'સરકાર અમારી નથી અને સરકાર તમારીય નથી'ના વાત-મમરા મૂકીને ભવિષ્યમાં, જાહેરજીવનમાં ખપ લાગે એવા જણ તરીકે પરખીને રામજીને પચ્ચીસ હજારનું કવર પકડાવી પોતાનો કરી લે છે. દુષ્કાળ જેવી અભાવગ્રસ્ત પરિસ્થિતિમાં રામજીને દાસકાકાનો સધિયારો સાંપડે છે અને ગામ-કૅનાલ-પાણીનો પ્રશ્ન, આ બધા પ્રત્યે મુખ્યધારાની સંવેદનજડ પ્રતિનિધિ સભાના સદસ્યોની નાતમાં વટલાઈ ગયેલો રામજી, ગામડાના રાજકારણી તાસીરનું ઉદાહરણ બને છે.

'આખરે ડોસા જંપી ગયા'થી 'જમીન' વાર્તાની શરૂઆત થાય છે. મુખ્ય પાત્રનું નિધન જાહેર કર્યા પછી વાર્તામાં રસ ટકી રહે એવી સમયસંકલના દ્વારા કથા માવજત પામે છે. સૌરાષ્ટ્રના અનેક યુવાનો વારસામાં મળેલી ખેતીને છોડી હીરાના આકર્ષણથી સુરત જાય અને શહેરીકરણ વળગે એની સંવેદનસઘન વાર્તા તરીકે 'જમીન' લાંબા ગાળા સુધી યાદ રાખવી પડે એવું સામર્થ્ય ધરાવે છે. હીરામાં મંદી આવ્યા પછી આખરે જમીનની દલાલીમાં પડેલા દીકરાનું બેહોશીમૂલક શહેરીકરણ આસ્વાદ્ય રીતે રજૂ થાય છે : 'ડોસીને થયું કે દીકરો ધાર્યા કરતાં વધુ રોનકી નીકળ્યો! ભણ્યો હોત તો આટલો ભડ ન થાત!... મનસુખ પહેલી વાર ગામડે આવ્યો ત્યારે અત્તરથી શું મઘમઘે! વહુએ ઉઘાડા મોઢે ગામની બજાર વીંધી એમાં ચોરે બેઠેલાં ઘરડેલાંનાં મોં ફાટી રહ્યાં ને જુવાનિયાની આંખો!' – સુરત જઈને બાપ કરતાં સવાયો થયો હોય એવી છાપ ઉપસાવવામાં દેખીતી સફળતા છતાં દીકરાએ કોઈ દિ' રાતી પાઈ પણ મા-બાપને પરખાવી નથી એ વાસ્તવ પણ આછા લસરકે દૃઢ રીતે અંકિત થઈ ગયું છે. ગામડેથી જ ઘઉં-બાજરો-ઘી અને મરી-મસાલા શહેર ભેગા કરતો છોકરો આખરે તો ફતન દેવાળિયો સિદ્ધ થાય છે. બાપ-દાદાની જમીન વેચવા કાઢવી પડે એ સ્થિતિ સુધી વિસ્તરતી વાર્તા, જનરેશન ગેપની વાર્તા નથી. જીવનશૈલીભેદ અને ગામ-શહેરના જીવનધોરણનું વાસ્તવમૂલક ચિત્રણ પ્રતીતિપૂર્વક થયું છે. 'અડધાવીઘા'ના મસમોટા ભર્યાભાદર્યા ઘરમાં જે મબલખ જીવન હતું એ દૃશ્યો સર્જકે અસરકારક વર્ણનથી તાદૃશ કર્યાં છે : 'અડધા વીઘાના ઘરમાં મોભારો ઝીંક ના ઝીલે એટલું ઠીમેઠીમ માણસ હતું. મેલખાઉ હાથાવાળી લાકડીઓ હતી અને માટીની ચલમો હતી. કાથીની વળગણી પર સુકાતાં પંચિયાં, ઘાઘરાં, ઓઢણાં, કેડિયાં, ચોરણા ને માથાબંધણાથી અડધા ફળિયામાં ભીનો છાયો ફરી વળતો.' સુરતમાં જમીનની દલાલીના રવાડે ચડી દેવાના બોજ તળી આવી ગયેલો મનસુખ ગામડે આવી ખુશાલ ડોસા સાથે ગામની જમીન વેચવા માટે જે રીતે સંવાદ કરે છે તે વાર્તા અંતર્ગત સંઘર્ષને વધુ સઘન

બનાવે છે. બાપીકી જમીન વેચીને દેવું ભરપાઈ કરવા સમજાવતો પુત્ર ‘લાભ’ના આંકડા દર્શાવે છે અને કહે છે : ‘લાભની પથારી ન ફરેવો, બાપા! આકડે મધ છે ને તમે...’

‘આકડોય ભલે ઊભો ને મધય ભલે યું. સવારે પડે એટલે તું વેંતો થા એટલે બધો લાભ જ છે.’

વાર્તાકારે કથાનો ઘાટ એવો ઘડ્યો છે કે આડકતરી રીતે આપઘાતની ધમકી ઉચ્ચારી ચૂકેલા દીકરા સાથેની મધરાતની માથાકૂટ ડોસાના અકાળ મૃત્યુની ક્ષણ સુધી વિસ્તરે છે. વાર્તાની શરૂઆત જ ‘આખરે ડોસા જંપી ગયા’થી થઈ છે એવું ભાવકને એક ક્ષણ પણ યાદ આવવાનું નથી એવી કથન-વર્ણન-નિરૂપણ રીતિમાં જમીનને અખેપાતર ગણતી પેઢીનો નાભિશ્વાસ પમાય છે.

‘તાકું : બાપદાદા વારીનું’ : ગામડાનાં ઘરોમાં તાકું હતું. વિસરાતું જતું ‘તાકું’ બાપદાદાના વખતનું જ હોય. ગઈ પેઢીના જીવનઅસબાબમાં ‘તાકું’ની પણ એક જગા હતી. આ વાર્તામાં, ત્રીજી-ચોથી પેઢીની ઘર-ગોઠવણીમાં ‘તાકું’ ધ્યાનચૂક થઈ ગયું છે. પરદેશથી આવેલા મિત્ર જૉનના ધ્યાનમાં ‘તાકું’ આવે છે. જૉનને ‘તાકું’માં રસ પડે છે. જૉનનાં વિચિત્ર વસ્ત્રો, જૉન પાસેથી મળી આવેલાં ખજૂરાહોનાં શિલ્પચિત્રોના પુસ્તક પ્રત્યે વાર્તાનાયક ભનુના પરિવારનો પ્રતિભાવ અને ‘તાકું’ વિશે જૉનની નિરીક્ષણનોંધ વાર્તાને માવજત આપવાની સફળ પ્રયુક્તિ તરીકે સુચારુ રીતે પ્રયોજાય છે. ફેસબુકના માધ્યમથી સાંપડેલા વિદેશીમિત્ર જૉનના પાત્ર વગર ‘તાકું’ની વાત થઈ શકી હોત એવો અભિપ્રાય બાંધવાની ઉતાવળ કરવા જેવી નથી. આપણી પરંપરા અને વારસા પ્રત્યેની આપણી બેદરકારી અને વિદેશીઓને તેમાં રસ પડે એ યુગો જૂનું વાસ્તવ છે. સંસ્કૃતમાં જર્મનીને રસ પડે એવો જ રસ અહીં જૉનને પડ્યો છે. જૉનની નિરીક્ષણનોંધ દ્વારા ‘તાકું’ ખૂલે છે, તાકું જે ઓરડામાં છે એ ઓરડામાં જ દાદાનો ખાટલો છે. લગભગ ખૂણે ધકેલાતું જતું જીવન એક પરદેશીના પારસસ્પર્શથી ખૂલે-ખીલે એવી સહજતા વાર્તામાં પામી શકાય છે. વાર્તાનાયક ભનુનાં મમ્મી લક્ષ્મી અહીં જૉન દ્વારા લેકમી ઉચ્ચાર પામે કે વેપારમાં વ્યસ્ત બાપા આદિ પરિજનોનો ઉલ્લેખ વાર્તાવરણને જમાવવામાં સહાયક બને છે. સદંતર વિસ્મૃત ‘તાકું’, નજીવી-નિર્જીવ ઘરવખરી વાર્તામાં જીવંત બને છે એ વાર્તાકારની જીવનદૃષ્ટિનો વિધાયક પરિચય આપે છે.

‘બાપુજીનો દુઃખાવો’ વાર્તામાં બાપુજી વાર્તાનું મુખ્ય પાત્ર છે એવું સ્વયંસ્પષ્ટ થાય છે. ‘દુઃખાવો’ શબ્દ વ્યંજનાપૂર્વક વાર્તાના ભાવવિશ્વમાં પ્રવેશ કરાવે છે. નાનકડી પૌત્રી સુધી વિસ્તરેલા ચાર પેઢીના ઉચ્ચ મધ્યમવર્ગીય પરિવારમાં ‘બાપુજી’ના વયોવૃદ્ધ, અનુભવસમૃદ્ધ જીવતરની ઝાંખી-પાંખી ઝલક ભાવકના મનમાં અવસાદ જન્માવે છે, દુઃખાવો છે છતાં નથીની સ્થિતિમાં જન્મેલી-ઊઘડતી સંવેદનક્ષણોનો ભાવકને સાક્ષી બનાવતી કથનરીતિથી ‘દુઃખાવો’ માત્ર બાપુજીનો જ ન રહેતાં એકવીસમી સદીના દરેક ‘સુખી’ પરિવારના દુઃખાવાનો પરિચય આપે છે.

બાપુજીની દિનચર્યા ઉધામા વગરની અને સાત્ત્વિક છે. સહેજ અણસાર મળે કે બાપુજીના ઓરડામાં કાળજી લેવા સરકી જતી બીજી-ત્રીજી પેઢીના વારસદારોની સેવાકીય સક્રિયતામાં, બાપુજી પ્રત્યેના આદરની ઓછપ નથી. પણ કશુંક ખૂટે છે જેને હૂંફનો અભાવ

કહી શકાય એવી કૃતજ્ઞતામૂલક કાળજીનું અત્યંત પ્રાસંગિકપણું સ્પર્શક્ષમ રીતે વ્યક્ત થયું છે. બાપુજીએ આઝાદી આંદોલનમાં ભાગ લીધેલો. તેમના જ મોટા પુત્રને 'અસહકારની લડાઈ' અને 'સરકારની લડાઈ' જેવા શબ્દપ્રયોગોના અર્થબોધ કે ભાવબોધના ભેદની ખબર નથી. દેશના કહો કે બાપુજીના ઇતિહાસથી વિચ્છેદ પામી ચૂકેલા પરિવારનું અજ્ઞાન બાપુજીના દુઃખાવાને તીવ્રતાથી ઉપસાવે છે. મતદાન કરવા ગયેલા બાપુજીનું નામ મતદાર યાદીમાંથી નીકળી ગયું છે. 'મૃત્યુ પામ્યા હોય એનું મતદાર યાદીમાં નામ જ ન હોય ને! એટલુંય સમજતા નથી?...' 'એ દિવસે બાપુજી પોતાના પલંગમાં લાંબો સમય મૌન ધરી બેસી રહ્યા...' બાપુજીના ભાવ-સ્વભાવમાં વિસ્તરતું મૌન ને વૈરાગ્ય વાર્તાની મુખ્ય ધરી છે. ચૂંટણી દિવસે ટી.વી.માં કે ઘરમાં થતી રાજકીય ચર્ચા સમગ્ર પરિવેશને ઉપસાવે છે. ત્રીજી-ચોથી પેઢીની ભાષા-અભિવ્યક્તિ, અંગ્રેજી શબ્દોનો વિનિયોગ વાર્તાને ચોક્કસ ધ્યેયગામી બનાવે છે. બાપુજીની આંખોમાં ન જીરવી શકાય એવો થીજી ગયેલો પાછોતરો સમય અને તેમનું 'પેઇનફૂલ સ્માઇલ' નિરૂપવાની સર્જકની શૈલી ધારી અસર જન્માવે છે.

સામ્પ્રત સમયમાં પડકારરૂપ વિષયવસ્તુને સંયત રીતે અવતારવાની કલાત્મક કુશળતા 'વાંધો-વચકો' વાર્તાને સઘન સંવેદનકથાનું આસ્વાદ્ય પરિમાણ બક્ષે છે. ગામમાં ઘણીય છાંયડી હતી એ દિવસોની આ વાર્તામાં બરકતઅલી અને તેમનો પરિવાર રહે છે. હિંદુ-મુસ્લિમ સંબંધોની એકતામૂલક સમરસતા અને વિભાજનની વ્યથાના સમયથી લઈ છેક ગોધરા સુધી વિસ્તરતી અરાજકતાને આલેખવા વિશાળ પટ જોઈએ. સાત દાયકાના શાંતિપૂર્ણ સહઅસ્તિત્ત્વનો સાક્ષી ગ્રામસમાજ અને વાંધા-વચકાની તિરાડમાં અટવાતો વર્તમાન; પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વગર કલાકારની દૃષ્ટિએ અવતરે ત્યારે કોમી એકતા કે કોમી સંઘર્ષ-ઘર્ષણનાં ખાતાં પાડ્યા વગર પ્રજાકીય પીડાનું ઐક્ય પામવાના એકાધિક સગડ મળે છે : વિભાજન વખતે 'ત્યાં' જતા રહેવાના બદલે બરકતઅલી ગામમાં જ રહી જાય છે અને 'એકલા પડી જશો'ના જવાબમાં કહે છે : 'નદીના કાંઠે કબરોમાં મારા બાપ-દાદા સૂતા છે ત્યાં સુધી એકલો શાનો? એકતાનો આ ધ્વનિ વાર્તાનો પ્રાણ છે. નાજુક એવા વિષયવસ્તુને સંયત રીતે હૃદયશીલ માવજત મળી છે.

નિત્ય પરિવર્તનશીલ ગ્રામસાજમાં લુપ્ત થતાં જતાં જીવનધનને નિબંધ કે સ્મૃતિકથા સ્વરૂપે આલેખવામાં મોકળાશ મળે. વાર્તા સ્વરૂપની ચુસ્ત વ્યવસ્થામાં વ્યાવર્તક લક્ષણોનો કલાત્મક સમુચ્ચય 'નહીં સાંધો, નહીં રેણ'ની ભૂમિકાએ હાથવગો બને છે. દશ્યાત્મકતાથી નજરે તરે છે. આઠ વાર્તાની આ ગાંસડીમાં અતીતરાગ અને ભાલપ્રદેશના ગ્રામજીવનનો અનુબંધ ભાતીગળ ભાવરમણામાં લઈ જાય છે. તળજીવનની મબલખ અનુભવસામગ્રી વાર્તાકારની જણસ છે. ગામડામાં ઘૂંટાતું આવતું વાર્તામંથન-કથન પુનરુક્તિના દોષથી બચીને, સ્વાનુભવ કે સ્વનિરીક્ષણને સર્વાનુભવની રીતે-ભાતે રજૂ થયું છે. અડધા વીઘાના ઘરના ફળિયામાં વળગણીએ સુકાતાં કપડાંની ભીનાશનો છાંયો પામેલો નવનીત જાનીનો શબ્દ ભાવકને વિસામા જેવો લાગે છે.

[કાલની ઘડી ને આજનો દિ' - નવનીત જાની પ્ર.આ.૨૦૧૯. લટૂર પ્રકાશન]

■

દેરિદા અને વિઘટનશીલ ફિલસૂફી-૮ (સાહિત્યવિશેષ : જૉય્યસ)

સુમન શાહ

સાહિત્યકૃતિઓના દેરિદાના અધ્યયનને વિઘટનશીલ વાચન કહેવાય, કેમકે એ અધ્યયનો એ દૃષ્ટિદોરથી થયાં હોય છે. કૃતિઅન્તર્નિહિત વિરોધાભાસો અને અસ્થિર અર્થોને પ્રકાશિત કરવા તેમજ પરમ્પરાગત ઉચ્ચાવચ ક્રમોને પડકારવા, એ છે એ દૃષ્ટિદોર. આપણે જોઈ શકીએ કે એ વાચન વાચન નથી રહેતું પણ ઉત્તરોત્તર વિકસીને વિઘટનકર્મ બની જાય છે.

મને પ્રિય સાહિત્યકારોમાં માલાર્મે છે તેમ બીજા ઘણા છે. પરન્તુ આ લેખમાં વર્ણવું કે James Joyce (1882-1941) સંદર્ભે દેરિદા શું કહે છે.

દેરિદાએ 1982માં સૅન્ટર જ્યૉર્જિસ પૉમ્પિડુ, પૅરીસમાં જૉય્યસની નવલકથા Finnegans Wake વિશે વ્યાખ્યાન આપેલું - Two Words for Joyce. 1984માં ફ્રૅન્કફર્ટમાં યોજાયેલા જૉય્ય્સ વિશેના આન્તરરાષ્ટ્રીય જ્ઞાનસત્રમાં જૉય્યસની બીજી નવલકથા Ulysses વિશે વ્યાખ્યાન આપેલું - Ulysse Gramophone. એ પછી બન્ને વ્યાખ્યાનો ફ્રૅન્ચમાં સંયુક્ત પ્રકાશિત થાય છે - Ulysse gramophone: Deux mots pour Joyce. એનો François Raffoul અંગ્રેજીમાં અનુવાદ કરે છે - Ulysses Gramophone: Hear Say Yes in Joyce. સાહિત્યના વિદ્વાન અને જૉય્યસના વિશેષજ્ઞ Derek Attridge એમાં જરૂરી સુધારાવધારા કરે છે અને પોતાના સમ્પાદન Acts of Literatureમાં 1992માં પ્રકાશિત કરે છે.

આ વ્યાખ્યાનોને અનુસરીને બન્ને નવલકથાઓના સંદર્ભમાં કેટલીક વાતો કરું:

Finnegans Wake :

દેરિદા કહે છે કે આ કૃતિ ફિલસૂફને પડકારે છે છતાં જોડાવા માટે ફિલસૂફને નિમન્ત્રણ પણ આપે છે. અનેક ભાષાઓમાં સાગમટે લખાયેલું એ એક અવાચ્ય નિમન્ત્રણ છે.

કૃતિ પ્રયોગશીલ છે. જૉય્યસે એમાં લેટિન ગ્રીક ફ્રૅન્ચ જર્મન વગેરે અનેક ભાષાઓના શબ્દો તેમજ અનેક કૃતિઓના સંદર્ભો વગેરે ઘણું ઘણું જોડ્યું છે. એ વૈવિધ્યસભર જોડાણ પરમ્પરાગત વાચનને પડકારે છે. વાચકને અનેક શ્લેષ અને અવનવાં ભાષિક સંયોજનોનો સામનો કરવો પડે છે: જેમકે, એક ભાષાના અડધા શબ્દ સાથે ચૉંટાડેલો બીજી ભાષાનો અડધો, એવા ખીચડી-શબ્દો - portmanteau words; જેમકે, ધ્વનિથી ભલે અમુક ભાષામાં શબ્દ ન બનતો હોય પણ બીજી ભાષાના શબ્દના ધ્વનિસામ્યને કારણે અર્થ

ઊભો થતો હોય, તે; ક્યાંક કોઈ શબ્દગુચ્છ કે નામ સુગમ હોય, પણ જૉય્યસ એને શ્લેષથી કે ખોટી જોડણીથી દુર્ગમ કરી નાખે, તે. દાખલા તરીકે, હોય King Mark, પણ એ Kinmark કે Marktime બની જાય. એ જ પદ્ધતિથી કથામાં Bygmester શબ્દ આવે છે, એ byg અને meisterનું સંયુક્ત રૂપ છે. આમ તો એનો સંદર્ભ હૅનરિક ઇબ્સનના The Master Builder નાટકના નામ સાથે છે. પણ જૉય્યસ એને સંઘટ્ટન અને સર્જનકર્મ સાથે જોડે છે.

એવાં બધાં ચાતુર્યો આ નવલમાં ચાવી રૂપ છે. અનેકાનેક સંદર્ભોના માધ્યમથી રચનાની સંદિગ્ધતાનું નિર્વહણ થયું છે. ઉપરાન્ત, નવલકથામાં ઇતિહાસ પુરાણગાથાઓ અને ફિલસૂફીમાંથી પણ અનેક સંકેતો ગૂંથાયા છે.

એમ કહેવું જોઈએ કે કૃતિને જૉય્યસે હેતુપૂર્વક સંકુલ દુર્ગમ તેમજ ચક્રાકાર રાખી છે. તેથી એના એક ચૉક્કસ અર્થઘટન લગી પ્હોંચવું અશક્યવત્ છે. એ મુખ્ય કારણે દેરિદા જૉય્યસના નિમન્ત્રણને અવાચ્ય કહે છે.

એક કુટુમ્બની છે આ કથા. જોકે જરા જેટલીય માંડીને નથી રજૂ થઈ. જૉય્ય્સ કથા કહે છે, ફરી ફરી કહે છે, મચડે છે, જેમાં કથાનક અને સમય એકમેકમાં ઘૂસી જાય છે. એટલે કહેવાયું છે કે નવલમાં જૉય્યસે સ્વપ્નોની બહુસંકેતક ભાષાની નકલ કરવાની કોશિશ કરી છે. પણ એ જ કારણે, કથાનું કોઈ એક નિશ્ચિત સ્વરૂપ પકડાતું નથી. જૉય્યસે બધાં પાત્રોના જીવનમાં બનેલી ઘટનાઓના વીગતે ફોડ નથી પાડ્યા – ચોખ્ખું સમજાતું નથી કે હમ્ફ્રીનું પાતક તે આ. – ઍનાનો પત્ર પૂરો વંચાયો કે કેમ.

હમ્ફ્રી ચિમ્પડેન પીઠું ચલાવે છે. હમ્ફ્રી સરેરાશ જન છે, ભલો છે, સમજો કે માનવ્યનું પ્રતીક છે. નવલમાં હમ્ફ્રી ધીમે ધીમે સ્વપ્ન સમો ભાસે છે. જૉય્યસે એના એક પાતકને વીગતે સ્પષ્ટ નથી કથ્યું પણ એ પાતક કૃતિની ગુનો અફવા અને ઉદ્ધારની ચક્રાકાર સંરચનાનું કેન્દ્ર બનીને કથામાં અવારનવાર ડોકાયા કરે છે. નગરમાં અફવા ફેલાઈ છે કે હમ્ફ્રીએ ફીનિક્ષ પાર્કમાં બે છોકરીઓ જોડે વ્યભિચાર કર્યો છે. પણ જૉય્યસે ખુલ્લું નથી કહ્યું કે એણે કેવા પ્રકારનો વ્યભિચાર કરેલો, છોકરીઓ ખરેખર બે હતી કે કેટલી તે પણ નથી કહ્યું. ત્યાં સૈનિકો પણ હતા.

અફવા સંદિગ્ધ તો છે જ વિરોધાભાસી પણ છે. ખરી વીગતોના અભાવે સત્ય બહાર નથી આવતું. જોકે સરવાળે, હમ્ફ્રીનું પાતક અંગત નથી રહેતું પણ માણસ માત્રનું દીસે છે –the archetypal fall. વનદવની જેમ ફેલાઈ ગયેલી અફવા ઉત્તરોત્તર લોકકથા કે ગાણું બની જાય છે. પાતકનું એ સામાજિક સંઘટ્ટન સૂચવે છે કે અફવા અને ગપસપથી વાસ્તવિકતા સરજાતી હોય છે. ગુનાને વીગતોમાં નહીં બાંધીને જૉય્યસ વાચકોને ફરજ પાડે છે કે તેઓ માત્રભાષા અને કથનથી સરજાયેલા ગુનાને સમજે અને પ્રમાણે.

હમ્ફ્રીની પત્ની અને બે પુત્રોની માતા ઍના લિવિયા પ્લુરાબેલ સમય નારીત્વ અને પુનર્નવતાનું પ્રતીક છે. એ નદીના જળપ્રવાહની જેમ વહેતી રહે છે. જૉય્યસના ડબ્લિન નગરની નદીનું નામ પણ લિફી છે. ઍનાની અન્તિમ ઉક્તિ સાગર ભણી વહેતા ઝરણ જેવી છે. જાણે ઍના પણ એક સ્વપ્ન છે. સંભવ છે કે પત્ર લખીને એણે હમ્ફ્રીને ઉગારી લેવાની કોશિશ કરી હોય. પત્રમાં હમ્ફ્રી સાચો છે એમ પણ લખાયું હોય. જૉય્યસ એ

વિશે પણ ચોખવટ નથી કરતા. પત્રને વારંવાર શોધી કાઢવામાં આવે, ફરી ફરીને એનો મતલબ પકડવાની મથામણ થતી હોય, વગેરે બન્યા કરે છે. તેમ છતાં વાચકો પણ એને પૂરેપૂરો ઉકેલીને પામી શકતા નથી. પત્રનો અર્થ દુર્ગ્રાહ્ય રહે છે, પાર વગરના મનોયત્ન માટે ખુલ્લો રહે છે.

કુટુમ્બમાં બે ભાઇઓ છે - શેમ અને શૉન. શેમ Penman છે, કલમબાજ સર્જક, બૌદ્ધિક. ઘણા વિદ્વાનોએ શેમને જૉય્યસનું પ્રતિબિમ્બ ગણ્યો છે. શેમ પિતાના પાતકને પોતામાં સમાવી રાખે છે. ઇતરજન બનીને એકલો બધી વ્યથા વેઠે, ચિન્તન કરે, અને લેખન કરે. પણ એનો ભાઈ શૉન તેમજ સમગ્ર સમાજ એની મશ્કરીઓ કરે છે. શેમની ગણતરી કદી સારા લેખકોમાં થતી નથી. શેમ સતત વિષાદ અને હિણપત અનુભવતો હોય છે. દુનિયાથી સંતાતો રહે છે પરન્તુ પોતાની હિણપતનું હમેશાં કલામાં રૂપાન્તર કરતો રહે છે. જૉય્યસ કહે છે કે એ પોતાના લેખન માટેની સાહી પોતાના ઉત્સર્ગમાંથી નીપજાવી લે છે. એનાં સર્જન અરૂઢ શૈલીનાં છે, પ્રયોગશીલ છે, અને તેથી અઘરાં છે. તેમ છતાં એનાં લેખનો ગર્ભિતે કલાપૂર્ણ છે, નવ્ય અર્થોની એમાં ભરપૂર શક્યતા છે. પણ એ બધાં રહસ્યોથી પ્રકાશિત થવું વાચક માટે બાકી રહે છે.

ભાઈ શૉન Postman કહેવાયો છે. શેમથી એ સાવ જુદો છે - પરમ્પરાવાદી રૂઢિચુસ્ત અને લોકોના મતને આગળ કરનારો. એટલે સમાજને એ સ્વીકાર્ય થઈ પડ્યો છે. એણે કરેલી ઘોષણાઓ અને પત્રની 'ડીલિવરી' મહત્ત્વપૂર્ણ અને સરસ હતાં છતાં એમાં જાતદેખાડો હતો. પરિણામે શેમ સાથેની એની જુદાઈ ઘેરી બની ગયેલી. કથામાં એ દ્વન્દ્વ ઊપસ્યા કરે છે.

કથાનક વહેતું રહે છે. પ્રતીકો એકબીજામાં ભળી જાય છે. એવું લાગે છે કે જૉય્યસ એક સ્વપ્નશીલ ચિત્તનું ભાષામાં ભાષા દ્વારા પુનઃસર્જન કરી રહ્યા છે. પાતક ગુનો અને પુનરુદ્ધારના વિષયવસ્તુનું એમાં સમયના પટ પર નિરૂપણ થયું છે. એ નિરૂપણની પશ્ચાદ્ભૂમિકામાં માનવઇતિહાસ અને મનુષ્યચેતના છે. પરન્તુ એ બધું જ ભાષાના અસ્ખલિત પ્રવાહમાં વહે છે. નવલકથા એક અવગાહનક્ષમ - immersive - અનુભવને આકારે છે, જેને વાચક અનુસરતો હોય છે. પરન્તુ વાચકની એ સંડોવણી માત્ર સંડોવણી જ રહી જાય છે કેમકે એણે તો નવલની ભાષા વાંચવાની છે અને એ પ્રકારે સાંભળવાની પણ છે.

એક વાક્યના વચલા શબ્દ riverrunથી કથાનો પ્રારમ્ભ થાય છે અને એ જ વાક્યના પૂર્વભાગ A way a lone a last a loved a long theથી કથા સમાપ્ત થાય છે. આખું વાક્ય છે : A way a lone a last a loved a long the riverrun, past Eve and Adam's... કૃતિની એવી આંટિયાળી સંરચના -looping structure - જૉય્યસની માન્યતાની સૂચક છે. માન્યતા એ છે કે ચેતના અવિરત વહેતી છે, માનવીય અનુભવો અને ઇતિહાસની ગતિ ચક્રાકારે વીંટાયા કરે છે. જીવન મૃત્યુ અને પુનર્જન્મ એક ચક્ર છે. જૉય્યસને આની પ્રેરણા સંભવ છે કે ઇતિહાસને ગતિમણ્ત ગણતા Giambattista Viconા સિદ્ધાન્તથી મળી હોય.

જુઓ, કથાનક સ્વસૂચક અને પુનરાવર્તનીય છે, આગળ વધવાને બદલે આંટી મારતું પોતામાં પાછું ફરે છે. વિચારો કે પ્રતીકો પોતાને જ ઘડ્યા કરે છે. જાણે દરેક અરીસો

બીજા અરીસાને ધરી રહ્યો છે. કોઈ જીવન્ત વસ્તુની જેમ નવલકથા જેમ જેમ વંચાતી જાય છે તેમ તેમ લખાતી જાય છે.

જૉય્યસનાં પાત્રોને દેરિદા પ્રવાહી સંકેતકો ગણે છે. હમ્ફ્રી ક્રમે ક્રમે માત્ર પિતા નથી રહેતો પણ પતનશીલ મનુષ્યજાતિ તેમજ સરેરાશ જનનો પ્રતિનિધિ ભાસે છે. ઍના માત્ર માતા નથી રહેતી પણ ઉત્તરોત્તર નારીત્વ અને નવતાની મૂર્તિ લાગે છે. શેમ અને શૉન માત્ર પુત્રો નથી રહેતા પણ બદલાતા બદલાતા તેઓ સર્જકતા અને રૂઢિના archetypes દીસે છે.

દેરિદા પિતા/માતા, પતન/ઉદ્ધાર, કે કલાકાર/સંદેશક જેવાં વિરોધી દ્વૈતને છૂટાં નથી કરતા પણ જણાવે છે કે જૉય્યસ એ કોટિઓને સ્વીકારી લેતા નથી પણ એ સાથે સરસ રીતે રમી લે છે. એટલે સંદિગ્ધ અને સંકુલ આ નવલકથા અર્થઘટનો માટે ખુલ્લી રહે છે, વાચક માટે પડકાર બની રહે છે. દરેક વાચન અધૂરું રહેશે, દરેક અર્થઘટન નવા અર્થઘટનની અપેક્ષા ઊભી કરશે, વાચક નવલના કોઈ એક ચૉક્કસ અર્થ લગી પ્હોંચી શકશે નહીં.

દેરિદા સૂચવે છે કે જૉય્યસની કૃતિમાં એકપણ સ્મરણ બાકી નથી – એમાં ઇતિહાસ પુરાણગાથા અને ભાષા બધું જ સંભરાયું છે. કૃતિ એક superconscious archive ભાસે છે. કોઈ એક અર્થ પર નથી પ્હોંચાતું, અર્થ વિલમ્બિત રહે છે, એ હકીકતને દેરિદા પોતાની différance વિભાવનાનો અવતાર ગણે છે. એમણે જૉય્યસનો મહિમા દર્શાવવા એક વાર એમ પણ કહેલું કે ફિલસૂફના લેખન કરતાં જૉય્યસનું લેખન વધારે તાત્ત્વિક છે કેમકે જૉય્યસે (ભાષા અર્થ કથા ઓળખ અને વાસ્તવિકતા વિશેના) નિયમો સંહિતાબદ્ધ થાય એ પૂર્વે જ વિખેરી નાખેલા – unwrote the rules before they were codified.

આ મુદ્દા પરત્વે જૉય્યસ અને દેરિદાને સરખાવીએ :

જૉય્યસમાં પુનરાવૃત્તિ – recursion – એટલે શું? ઇતિહાસ, ઓળખ અને ઘટનાઓનાં આવર્તન અને ગૂંથણી. દેરિદા કહે છે કે અર્થઘટન વડે અર્થ એક આંટી રૂપે વીંટાતો રહે છે. જૉય્યસમાં બહુભાષીય શ્લેષોની નદી રૂપે ભાષા માણસની ઓળખ બને છે. દેરિદા કહે છે કે ભાષા ઓળખને સરજે છે તેમ ઓળખમાં વિક્ષેપ પણ કરે છે. સ્વની છબિ જૉય્યસ અનુસાર સંદિગ્ધ છે. દેરિદા કહે છે કે સ્વને différance રચે છે. જૉય્યસમાં આન્તરકૃતિત્વ – intertextuality – પુરાણગાથા, બોધકથા અને ઇતિહાસ વડે સંયોજાય છે. દેરિદા કહે છે કે અર્થ કે અર્થાન્તરો કૃતિની મધ્યસ્થીને લીધે રચાય છે.

દેરિદાએ આ નવલકથા માટે સુન્દર વિધાન કર્યું છેઃ Finnegans Wake a 1000th generation computer, programmed to anticipate every interpretation. એ અતિશયોક્તિથી એમનું તાત્પર્ય એ છે કે આંટી વીંટાતી રહે, અપેક્ષા ઊભી થાય, અને અર્થનું સંસૃજન થયા કરે, કેમકે કૃતિ એ પ્રકારે programmed થઈ હોય. એ અર્થમાં જૉય્યસની નવલની કૃતિ-તા સરજાઈ છે – જાણે એ ફિલસૂફીનું મશીન હોય.

Ulysse – James Joyce:

જૉય્યસને ગ્રામોફોન ટેલિગ્રામ ફોનેટિક્સ વગેરે sound technologies બહુ ગમતી હતી. દેરિદા અવાજને એક યન્ત્ર કહેતા. એ રીતનું બન્નેમાં સામ્ય હતું. કહેવાય છે કે જૉય્યસમાં શબ્દાર્થોની જેટલી મહત્તા છે એટલી જ મહત્તા શબ્દોના ધ્વનિ, શબ્દોના આકાર અને પૃષ્ઠ પરના એમનાં સ્થાન આદિ ભાષાની materialityની એટલે કે ભાષાપદાર્થની છે. મતલબ એ કે વાક્યનો અર્થ સ્થિર નહીં રહે પણ સરકી જશે અથવા બદલાઈ જશે બલકે બહુવિધ થઈ જશે. પવિત્ર ગ્રન્થને કે અધિકૃત કૃતિને scripture -શાસ્ત્ર- કહીએ છીએ. પણ જૉય્યસના લેખનને વિદ્વાનોએ scriptural virusનો દરજ્જો આપ્યો છે. એમનું લેખન પરમ્પરાગત રીતનું સુસ્થિર નથી, એટલું જ નહીં, ચેપી છે, ભાષા અને વાસ્તવિકતા વિશેની વાચકની સમજદારીને છંછેડનારું છે, નવેસર ઘડનારું છે. જૉય્યસ Uncontainable લેખક છે - કશા એકમાં કદી સમાય નહીં.

નવલકથામાંથી હું પૂર્વાપર સંદર્ભ આપું: મૉલિને એના પતિ બ્લૂમે નાસ્તા માટે પૂછ્યું ત્યારે મૉલિને ઊંઘ ચડેલી, એટલે, એ બોલી, Mn.No. બ્લૂમને 'અું ના' જેવો અણસરખો જવાબ મળ્યો. વાત એમ હતી કે બ્લૂમ અને મૉલિનું દામ્પત્યજીવન શિથિલ થવા લાગેલું, મૉલિ કોઈ બીજાના પ્રેમમાં પડેલી. નાસ્તાનું પૂછીને બ્લૂમ સૂચવી રહેલો કે પોતે હજીયે મૉલિને ચાહે છે. મૉલિ બ્લૂમની એ ચેષ્ટાથી કે અન્યથા, બ્લૂમ સાથે વીતાવેલા જીવનની સ્મૃતિઓમાં ખોવાઈ જાય છે અને જલ્પનામાં બબડ્યા કરે છે. નવલકથાના અન્તિમ પ્રકરણ Penelopeમાં જૉય્યસે મૉલિની એ આન્તર એકોક્તિનું સરસ નિરૂપણ કર્યું છે. આઠ લીટીનું એ નિરૂપણ ચેતનાપ્રવાહ પદ્ધતિએ લખાયું છે, ક્યાંય વિરામચિહ્ન નથી.

સ્વાભાવિક છે કે મૉલિના મનમાં વિચારો અને વિચારોના ટુકડા વ્હેતા થયા હોય, ટુકડાઓમાં સારા-નરસા ભાવો ભળી જતા હોય, કશું રેખાબદ્ધ ન રહ્યું હોય, ગૂંચવાતું ચાલ્યું હોય. મૉલિનું ચિત્ત એ અખણ્ડ પ્રવાહમાં ડ્હૉળાઇ ગયું છે. અને છેવટે એ બોલે છે : ...yes I said yes I will Yes - ...હા મેં કહ્યું હા અને કહીશ હા. એની આ હા-માં બ્લૂમે તે દિવસોમાં મૂકેલા લગ્ન માટેના પ્રસ્તાવનો સ્વીકાર છે પણ એ ક્ષણે એમાં જીવન પ્રેમ સંવેદના અને સ્મૃતિ બધું એકબીજામાં રસાઈ ગયું તે પણ છે. મૉલિનું એ વચન સૂચવે છે કે એ હા વિશે પોતે પ્રતિબદ્ધ હતી, છે અને રહેશે. ટૂંકમાં, મૉલિ એ ભૂતકાળને ફરીથી જીવી રહી છે. એમાં વ્યથા અને નિષ્ફળતા ભારોભાર છે. સમય એકાચાર છે કેમકે ભૂત વર્તમાન અને ભવિષ્ય એકબીજામાં ગૂંચવાઈ ગયાં છે. દૂરનો ભૂતકાળ તો ખરો જ એમાં નજીકનો ભૂતકાળ પણ ઉમેરાયો છે - મૉલિ તાજેતરમાં જ પ્રેમી સાથે રાત ગાળીને આવી છે. વગેરે.

ચેતનાપ્રવાહ પદ્ધતિએ લખાયેલા એ નિરૂપણના એક જ અંશ yesને દેરિદા પોતાના એ વ્યાખ્યાનમાં ભાષા સમય અને સમ્મતિ વિશેના ચિન્તન માટેની જગ્યા -site- ગણે છે. તેઓ કહે છે કે જૉય્યસની કૃતિમાં થયેલો yesનો વિનિયોગ વિઘટનકારી છે. જૉય્યસને proto-deconstructionist ગણતું દેરિદાનું આ વિધાન સાંભળો: Deconstruction could not have been possible without Joyce.

વીતેલા સમયના ઝૂરણ અને ભાવિના વચન વચ્ચે મૉલિની yes વલોવાઈ રહી છે. દેરિદા એને કશાકના પ્રતિભાવ રૂપે ઉચ્ચારાયેલી માત્રઉક્તિ નથી ગણતા પણ એ yesને આકાર પામતું જુએ છે. તેઓ એને સમયાન્કિત અનોખી ક્ષણ અથવા temporal

signature ગણે છે. એ ક્ષણમાં ઉપસ્થિતિનું ધ્વનિમુદ્રણ છે તેમ અનુપસ્થિતિનું સૂચન પણ છે. એમાં ભાષા સ્મૃતિ અને ઓળખ એક બિન્દુએ ભેગાં થઈ ગયાં છે અને સંદર્ભમુક્ત થઈ બહાર વેરાઈ ગયાં છે. ગ્રામોફોનની રૅકર્ડ પર આંકા હોય છે એમ એમાં અર્થનાં નિશાન સમયમાં અન્કિત થઈ ગયાં છે. પરિણામે ત્રણેય કાળ એમાં એકરૂપ થઈ ગયા છે. તેથી દેરિદા એમાં પુનરાવર્તનોની શક્યતા પણ જુએ છે.

અહીં signature સંદર્ભે દેરિદાના એક લેખનો ઉલ્લેખ કરવો મને જરૂરી લાગે છે. 1971માં મૉન્ટ્રિયલના જ્ઞાનસત્રમાં દેરિદાએ વક્તવ્ય રજૂ કરેલું - Signature Event Context. એ એમના Margins of Philosophyમાં અને Limited Inc.-માં દીર્ઘ લેખ રૂપે સંઘરાયું છે. અનુસંરચનાવાદ અને વિઘટનવિચાર સંદર્ભે મહત્તાપૂર્ણ ગણાતા એ લેખમાં J. L. Austinના વાક્ક્રિયાવિષયક સિદ્ધાન્તની સમીક્ષા છે. સમીક્ષા એ કે વાણીની તુલનામાં લેખનની મહત્તા એ કારણે છે કે એ લેખક અને લેખકના આશયથી મુક્ત અને પુનરુચ્ચારણક્ષમ -iterabile- હોય છે, વગેરે. એ લેખથી અમેરિકન ફિલસૂફ John Searle સાથે તીવ્ર ચર્ચાનો પ્રસંગ પણ ઊભો થયેલો. લેખમાં દેરિદાએ Signatureને ઓળખનું ચિહ્ન જ નહીં પણ એક ક્ષણ ગણી છે. એવી ક્ષણ જેનો ફરીથી ઉલ્લેખ કરી શકાય અને દેખીતું છે કે ત્યારે એ પોતાના મૂળ સંદર્ભથી મુક્ત થઈને સ્વાયત્ત બની ગઈ હોય. મૉલિની yes માત્ર ઉચ્ચારણ નથી, વાતને પતાવી દેનારો ઉપસંહાર પણ નથી, વળી વળીને બોલાયેલું વચન બલકે એક performance અથવા પ્રસ્તુતિ અથવા રજૂઆત છે.

દેરિદાએ yesનું વિઘટન કરીને સૂચવ્યું કે મૉલિની એ અન્તિમ ઉક્તિ હકારને દૃઢ કરે છે પણ સાથોસાથ એને મુલતવી પણ રાખે છે. એનું ધ્વનિમુદ્રણ થઈ શકે છે તેથી પુનરાવર્તન થઈ શકે છે પણ એટલે મૉલિના મૂળ ઉચ્ચારથી તો એ કપાઇ જાય છે. પરિણામે, અર્થની અસ્થિર અને અનિર્ણયનીય પ્રકૃતિ વળી સામે આવીને ઊભી રહે છે. જૉય્યસમાં yes ભાવભાવનાના ઉચ્ચ સ્તરે છે પણ દેરિદાને મન તે એક તત્ત્વજ્ઞાનવિષયક ઘટના છે. દેરિદા એને ફિલસૂફીપરક પ્રતિધ્વનિ કહે છે. સાહિત્યકૃતિમાં જ્યાં પણ પ્રતિબદ્ધતા સ્મૃતિ અને પુનરાવર્તન સંભવ્યાં હોય ત્યાં એ સાંભળવા મળે છે. દેરિદાએ બૉદ્લેરની કવિતામાં, શેક્સપીયરનાં નાટકોમાં અને કાફકાના પત્રોમાં પણ આવા yesની નોંધ લીધી છે.

ગ્રામોફોન અવાજ અને સ્મૃતિનું પુનરુત્પાદન કરી આપનારું યન્ત્ર છે. દેરિદા એનો રૂપક તરીકે વિનિયોગ કરતાં દર્શાવે છે કે ભાષા પણ ધ્વનિમુદ્રણ ને પુનરુચ્ચારણનો મામલો હોય છે, ભાષા ચોખ્ખી નથી હોતી. મૉલિની yes 'ગ્રામોફોન્ડ' છે - ઉચ્ચરિત છે તેમ અન્કિત પણ છે. મૉલિની એ yes અંગત છે અને સ્વાનુભવે ભાવસભર છે. એમાં પ્રેમ સ્મૃતિ અને ઇચ્છા રસાઈ ગયાં છે. એને ક્ષણ ઉપરાન્તની ક્ષણ પણ કહી શકીએ.

પ્રતિધ્વનિ પુનરુચ્ચારણ અને વિવિધ નિર્દેશો અર્થ સરજે છે. એ દર્શાવવા દેરિદાએ ગણી જોયેલું કે નવલકથામાં yes કેટલી વાર આવે છે. એમણે દર્શાવેલું કે એ બધાં yes ગ્રામોફોનથી પ્રગટતા ધ્વનિ જેવાં છે, સમગ્ર નવલકથામાં હકારવાચક સમ્મતિને એ જુદી જુદી રીતે પ્રતિધ્વનિત કરે છે અને છેવટે મૉલિના Yes I said yes I will Yesની

અવધિએ પ્હોંચે છે. એથી એક ઇચ્છા વ્યક્ત થઈ છે, અન્કિત પણ થઈ છે. એમ પણ સૂચવાયું છે કે એક વચન નિભાવવું હજી બાકી રહે છે. દેરિદા એને અન્ત નથી ગણતા, નવ્ય પ્રારમ્ભ ગણે છે.

ગ્રામોફોન માનવીય ધ્વનિનો યન્ત્રાવતાર છે. એક વખત બોલાયેલી ઉક્તિને એ વારંવાર રજૂ કરી શકે છે, એને સ્થળ કે સમયની પેલે પાર વહેતી કરી શકે છે. સમજવાનું એ છે કે મૉલિની સ્વગતોક્તિ માત્ર એના પૂરતી છે, પણ જૉય્યસની નવલ વારંવારના વાચન અને પુનરુચ્ચારણની તક પૂરી પાડે છે. પ્રેમ સ્મૃતિ અને હકારાત્મક સમ્મતિની એ અંગત ક્ષણ સાહિત્યમાં પ્રતીક બની જાય છે, અને ત્યારે મૉલિના ભાવજગત જેવા મૂળથી વિયુક્ત થઈને સાર્વત્રિક બની રહે છે. **(ક્રમશઃ)**

વિશેષ વાચન માટે સૂચિ :

1: Derrida, Jacques. Acts of Literature. Edited by Derek Attridge, Routledge, 1992.

2: Derrida, Jacques. Ulysses Gramophone: Hear Say Yes in Joyce. In Acts of Literature, edited by Derek Attridge, translated by François Raffoul, Routledge, 1992.

3: Derrida, Jacques. "Signature Event Context." Trans. Alan Bass. Margins of Philosophy. University of Chicago Press, 1982.

4: Zangouei, Javad. Joyce the Deconstructionist: Finnegans Wake in Context. K@ta, 2012.

5: Ridgway, Maisie. Joyce the Technician and Algorithmic Agency in Finnegans Wake. In Joyce Without Borders, Florida Scholarship Online, 2022.

■

કહી શકતો નથી, પણ આ છોકરા તેમ સમજીને બોલતા હોય એ તો મને જરાપણ સંભવિત લાગતું નથી, કારણ એમાંના ઘણા તો બાપજનમમાં અંગ્રેજીનો એક અક્ષર ભણ્યા નથી એ હું ખાતરીથી જાણું છું. સાધારણ લોકો તો 'હું ઓથાર' 'હું ઓથાર' એવા તેમના બોલ સાંભળી એટલું જ કહે છે કે 'હા બાપુ ખરું કહો છો, તમારા જેવા બીજા 'ઓથાર' જગતમાં શોધ્યા ક્યાં જવાના હતા? આ જવાબ બેશક મશ્કરી છે, પણ પંચ ત્યાં પરમેશ્વર એ ન્યાયે મને તો એ જ કારણ ખરું ભાસે છે. ગાંડાઈની પરિસીમા એ જ કે ગાંડાઈનું અભિમાન કરી ફુલાવું.

એ વાત ખરી છે કે ગાંડાને પણ ગાંડો કહેતા દુઃખ લાગે છે, પણ આ રોગનું એ જ વિશેષ છે, અને તે માટે જ આ ઓથારીઓ હડખવા સઘળી ગાંડાઈમાં પરમ ગાંડાઈ ગણાય છે.

બસ! લ્યો, આ કલમ ફેંકી દીધી! મરજી હશે તો બાકીનું હવે પછી, ને નહિ તો રામ રામ.

લિ. **વૈદ્ય નિર્દંભશંકર આનંદઘર**ના

જથાજોગ વાંચવા

ધ્રુવ ભટ્ટ કૃત 'સમુદ્રાન્તિકે' સંદર્ભે પર્યાવરણ સામેના વિવિધ પડકારો

નિશા આર. ફેફર
[સિનિયર રિસર્ચ ફેલો, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી]

માનવજીવન પર્યાવરણને આશ્રિત છે. પર્યાવરણ એટલે પૃથ્વી પરનું તેમજ પૃથ્વીની આસપાસ ફેલાયેલું પ્રાકૃતિક આવરણ, 'કુદરત'. હાલના સમયમાં અસંતુલિત વૈશ્વિક પર્યાવરણની સમસ્યાના પ્રશ્નો ઉત્કટ બન્યા છે. સાહિત્યિક વિચારણાઓમાં સાંપ્રત સમયના પર્યાવરણના પ્રશ્નો તેના વિવિધ પડકારો કેવી રીતે આલેખન પામે છે તે માટે પશ્ચિમમાં 'Ecocriticism' સંજ્ઞા પ્રચલિત છે. જેનો અર્થ આપણે 'પર્યાવરણકેન્દ્રી વિવેચન' એવો કરીએ છીએ. પ્રકૃતિના અપાર સ્રોતમાંથી પોતાના વિકાસ માટે માનવજાતે વિવિધ પ્રકારની ખોજ આરંભી અને પ્રકૃતિની સહિષ્ણુતા ખૂટી જાય ત્યાં સુધી પ્રકૃતિ પર માનવ હસ્તક્ષેપો થવા લાગ્યા. જેથી પર્યાવરણીય જીવનચક્રની અસંતુલિતતા વધી. માનવસર્જિત મુદ્દાઓ જ આજના પર્યાવરણને જોખમમાં મૂકી રહ્યા છે. તેથી જ પ્રકૃતિનું આધિપત્ય પુનઃ સ્વીકારવાનો સમય હવે આવી ગયો છે. સાહિત્યકારો પણ આ સંદર્ભે પોતાની કૃતિઓ દ્વારા આ સમકાલીન પર્યાવરણીય કટોકટી તરફ સતત ધ્યાન દોરતા રહ્યા છે.

'ધ્રુવ ભટ્ટ'(જન્મ : ૦૮-૦૫-૧૯૪૭) ગુજરાતી સાહિત્યનાં આવા જ એક સર્જક છે. જેમણે પોતાની કૃતિઓ દ્વારા કેટલાક પર્યાવરણીય મુદ્દાઓ પોતાની કલ્પનાસૃષ્ટિ દ્વારા કૃતિઓમાં રજૂ કર્યા છે. તેમણે કરેલાં પ્રવાસોનાં વર્ણનો તેમની કૃતિઓમાં પર્યાવરણ સામેના કોઈ ને કોઈ પડકારોને રજૂ કરતાં રહ્યાં છે. ભૂતકાળનાં જીવંત સ્થાનો દ્વારા તેઓ વર્તમાનને આત્મસાત્ કરે છે. તેમણે જંગલ તથા દરિયા અને નદીકિનારાના વસવાટ દરમિયાનના અનુભવોને પોતાની કૃતિઓમાં રજૂ કર્યા છે. આ પ્રકારની તેમની નવલકથાઓમાં 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ', 'અકૂપાર', 'ન ઈતિ' વગેરે છે. 'સમુદ્રાન્તિકે' સૌરાષ્ટ્રના દરિયાકિનારા પર વસતા લોકોના જીવન પર રચાયેલી કૃતિ છે, જેમાં પર્યાવરણ સામેના વિવિધ પ્રશ્નોને લેખકે વ્યક્ત કર્યા છે.

નવલકથાના આરંભમાં જ નાયક મહાનગરમાંથી સૌરાષ્ટ્રના સમુદ્રતટ પર પોતાની ફરજ માટે હાજર થાય છે. સાગરતટના ખારાપાટની ખેતીવાડીની દૃષ્ટિએ બિનઉપજાઉ જેવી ભૂમિ પર કેમિકલ ઝોન સ્થાપવાની પૂર્વતૈયારી રૂપે એ વિસ્તારની જમીનમાપણી કરીને જરૂરી ભલામણો સાથે રિપોર્ટની કામગીરી અંગે કથાનાયકની નિમણૂક થઈ છે. સામુદ્રિક તટ પર આ ઔદ્યોગિક સંસ્કૃતિના વિકાસને પગલે પર્યાવરણ સામે કેવો પડકાર છે તેને ધ્રુવ ભટ્ટે કથાના જુદા જુદા પ્રસંગોમાં અહીંના લોકોનું જીવન તથા લુપ્ત થતા પ્રાકૃતિક અંશોને લેખકે અહીં તાદૃશ કર્યા છે.

આરંભમાં જ નાયકને બંદરેથી સવારી ન મળવાનો કડવો અનુભવ થાય છે. નાયકને પાણી પીવા માટે કોઈ ખેડૂતની વાડીમાં રજા માંગવાની જરૂર પડતી નથી. અહીંની પ્રજા સાવ અજાણ્યાની સાથે પણ પરિચિતોની જેમ વર્તે છે. ગરીબી અને ભૂખમરા વચ્ચે પણ પોતાની ખુમારીને ટકાવી રાખતા અહીંના માનવીઓના સંપર્કમાં નાયક આવે છે. સમુદ્રના ભીના અને રેતાળ વિસ્તારમાં ચાલતો, સમુદ્ર અને તેની નીરવ એકલતાને માણતો નાયક સમુદ્રની બાજુમાં વીરડીઓ રૂપે રહેલા મીઠાં પાણીના સ્રોતને જોઈને આશ્ચર્યચકિત બને છે.

નાયકનો પરિચય નૂરભાઈ સાથે થાય છે. તેમની પાસેથી નાયકને જાતજાતનાં પક્ષીઓની માહિતી પણ મળે છે. પ્રકૃતિનાં સર્જનો તરફ અભણ નૂરભાઈ જે રીતે અનુબંધ અનુભવે છે તેવો સંબંધ નાયક અનુભવી શકતો નથી. નાયક તેને પોતાના સભ્ય શિક્ષણની ખામી તરીકે બતાવે છે. સાગરતટના આ પછાત પંથકના એવા લોકો કે જેમના જીવનમાં વાર, તારીખ જેવી પણ કોઈ સમસ્યા નથી. અહીં થોડા દિવસો બાદ નાયક પોતાના અહીં આવવાના આ વેરાન ભૂમિ પર રસાયણક્ષેત્ર સર્જવાના હેતુને પાર પાડવા માટે ખેરાથી દક્ષિણ સીમા સુધીની જમીનમાપણીના કામે નીકળી પડે છે. એકાંત સમુદ્રતટે સમુદ્રનાં વિવિધ રૂપો નાયકને મોહિત કરે છે. નાયકને અહીંના લાંબા વસવાટ દરમિયાન અહીંની પ્રજાની એક ખાસિયત જાણવા મળે છે કે આમાંના જે માનવીઓ દરિયા પર નભે છે તે ભૂમિ સાથે સંબંધ નથી રાખતા અને જે ભૂમિ પર જીવે છે તે દરિયાથી દૂર રહે છે.

ગુજરાતી અને હિન્દી મિશ્ર ભાષામાં બોલતા બંગાળી બાવાનો પરિચય નાયકને થાય છે. બંગાળી નાયકને કહે છેઃ "દેખ, યે જો સમંદર હૈ, મૈને ઉસે એક હી રૂપમેં કભી ભી નહીં દેખા. યે હર પલ નયા રૂપ લેતા હૈ. યે પથ્થર હૈ, યે રાસ્તા, પેડ, પૌધે, યે મિટ્ટી, યે સબ જો ઈસ પલ મેં હૈ અગલે પલ મેં વહી હોંગે ક્યા? દોસ્ત, પ્રકૃતિ એક હી રૂપ ફિર સે કભી નહીં દિખાતી. હંમેશાં બદલતી રહતી હૈ." (પૃ.૩૨) નાયક સમજી શકે છે કે આ અફાટ સમુદ્રને રોજ જોયા કરે છે છતાં તેને કંટાળો કેમ નથી આવતો. આમ, અહીં લેખક પ્રકૃતિનાં બદલાતાં રૂપો વિશે વાચકનો પરિચય કરાવે છે.

આ ઉજ્જડ, વેરાન સમુદ્રતટ પર રસાયણક્ષેત્ર બનાવાય તો ધરતીને, પર્યાવરણને અને માનવવસ્તીને ઓછામાં ઓછું નુકસાન થાય તેમ છે તેવો અહેવાલ નાયકને તૈયાર કરવાનો છે. ખેરાની જમીનમાપણી પૂરી કરીને લેખક ટાપુ પર જવાનું વિચારે છે. અહીંના વિસ્તારમાં ઉદ્યોગો સ્થપાય તો મીઠું પાણી ટાપુ પરથી જ લેવાની યોજના છે. વિશાળ સંયંત્રોથી દરિયાજળને મીઠું બનાવી, દરિયામાં પાઇપલાઇન નાખીને તેને અહીં સુધી લાવવાની યોજના વિચારાઈ છે.

નાયક એ પણ સમજે છે, સ્વીકારે છે કે અહીં કેમિકલ ઝોનનું નિર્માણ થતાં અનેક પ્રકારની સગવડસુવિધાઓ ઉપલબ્ધ થશે. ઘોડા, ગધેડા અને બળદગાડાને બદલે ઝડપથી વાહનો માર્ગ પર દોડતાં થશે. જે જે વસ્તુઓનો સમાવેશ માનવી સુખમાં કરે છે તે સગવડો અહીં ઊભી થશે, પરંતુ આ સગવડતાની કિંમત તે આ ખારાપાટની દુર્દશાને જ જણાવે છે.

નૂરભાઈ સાથે ભૂખરી ભેખડોમાં પોતાની રંગછટા વિખેરાતા લાંબાં પીંછાંવાળા મોરનાં દશ્યો જોઈને નાયક સ્તબ્ધ થઈ જાય છે. નાયક વિચારે છે કે "મોર જેવા રૂપાળા

પંખીડાને જીવન ટકાવી રાખવા સમુદ્રની ભેખડોમાં ભટકવું પડે એટલી હદે ઉજ્જડ થતો આ ખારોપાટ, કદાચ તે હવે પોતાની જીવનશક્તિ ખોઈ બેઠો છે. બાકી હશે તો તે રસાયણોનાં કારખાનાંઓ પૂરું કરશે. પછી આ વડ, બદામડી અને રહી-સહી નાળિયેરી પણ રહેશે કે નહીં? તે જોવા હું રોકાવાનો નથી. હું વિનાશની ભૂમિકા રચીને જતો રહીશ; ધરતીના રહ્યાસહ્યા જીવોને તેમનું બાકીનું જીવન ટકે ત્યાં સુધી જિવાડવાની જવાબદારી દરિયાને સોંપીને." (પૃ.૮૬) આમ, નાયક પોતાને કારણે થવા જઈ રહી ખરાપાટની દુર્દશાથી અપરાધભાવ અનુભવે છે.

બંગાળીને ત્યાંથી પાછો ફરતો નાયક અંધારી રાતે બાવળની ઝાડીમાં બળતણનાં લાકડાં કાપતા ગ્રામીણ કિશોરોને રોકે છે. ત્યારે ભારીઓ મૂકીને ભાગી છૂટતાં એ છોકરાઓને અવલ પાછા બોલાવીને ભારીઓ સાથે વિદાય કરે છે. એ પ્રસંગે ચોરી કરનારા એ છોકરાઓને રોકવાને બદલે મદદરૂપ થતી અવલનું વર્તન નાયકને સમજાતું નથી પણ અવલે ઉચ્ચારેલું કડવું સત્ય પણ નાયકથી જીરવાતું નથી.

"છોકરાઓને રોકશો નહીં," અવલનો મક્કમ સ્વર આવ્યો. 'નાર, એરુના મુલકમાં પેટના જણ્યાને રાતે પાંચ ગાઉના પલ્લે, લાકડાં લેવા મોકલે એ માની પીડા કેટલી હશે એ વિચારશો તો મારી વાત સમજાશે'. અવલ પૂરેપૂરી સ્વસ્થ છે. 'આખા પંથકમાં આ બાવળિયા વિના ક્યાંય બળતણ નથી. આ છોકરા આટલું ઘેર પહોંચાડશે ત્યારે એની માયુ રોટલા કરશે એને રોકીને પાપમાં ન પડશો.' (પૃ.૧૨૯)

અવલના આ શબ્દો નાયકના હૃદયને વિદારી નાંખે છે. જેથી વિહ્વળ બની નાયક મનોમન જાણે આકાશમાં વિરાજતા વશિષ્ઠ, અરુંધતી, જય, વિજય, શ્રવણ વગેરે આકાશી છત્રધારી ઋષિઓને કહે છેઃ "સાંભળ્યું તમે? આ સાંભળ્યું? હજારો વર્ષો પૂર્વે તમે ઘડેલી પાપ-પુણ્યની વ્યાખ્યાઓ પર, તમે રચેલાં નીતિ-નિયમોથી પર, પોતાના હૃદયને જે સાચું લાગે તે આચરનારી આ દૂબળી-પાતળી સ્ત્રીએ પોતાનાં બે-ચાર વાક્યો વડે તમારી સત્કર્મ-દુષ્કર્મની કલ્પના સમૂળી ઉલટાવી નાખી છે. એક નાનકડી વાત કહીને તેણે મારી કહેવાતી સભ્યતાના અંચળાને ચીરી-ફાડીને આ મહાસાગર પરથી ફરફરાટ વહી આવતા પવનમાં ઉડાડી મૂક્યો છે.

"નૂરભાઈ કહેતો હતો તેણે અહીંના વનના અવશેષો જોયા છે. આજે આ બાવળ સિવાય કોઈ વૃક્ષનું નામનિશાન નથી. સભ્યતા-વિકાસના નામે મારા સમાજે..." (પૃ.૧૨૯)

આમ વર્ષો પૂર્વે લહેરાતા વૃક્ષ, વનરાજિનો સભ્યતા અને વિકાસના નામે વિનાશ કરી આ ધરતીને વેરાન વૃક્ષવિહોણી બનાવી મૂકનાર તથાકથિત સંસ્કારી-શહેરી સમાજનો જ એક અંગરૂપ નાયક અપરાધ ભાવની વેદના અનુભવે છે. આ બધામાંથી જે કોઈ પાપ સર્જાતું હોય તે પાપ તમારી હાજરીમાં હું માનવસમાજ વતી મારા માથા પર સ્વીકારું છું." એમ નાયક ક્ષમાયાચના કરે છે.

ગ્રીનબેલ્ટનું માર્કિંગ કરતાં નાયકને એકાદ કિલોમીટર પહોળું અને બાવીસ કિલોમીટર લાંબું વન ફરી આ ખારાપાટને ઘેરતું ઊભું હશે તેના રોમાંચ સાથે નાયક વિચાર કરે છે કે એટલી જમીન લેનારા તેમાં વૃક્ષોની ખેતી કરનારા માણસો આ ઉજ્જડ પ્રદેશમાં ક્યાં છે? છેવટે નાયકને સોંપવામાં આવેલું કાર્ય પૂરું થતાં તે સબૂરને ત્યાં મળવા જવાનો વિચાર

કરે છે. નાયક ત્યાં પહોંચતાં જ સબૂરને કાળી શિલાઓ રૂપે મળેલી જમીન પર સબૂરના સખત પરિશ્રમે રુક્મિપાણા નામે ઓળખાતી આ જમીન પર આંબા, નારિયેળી, ચીકુ અને દાડમના નાના નાના છોડવા લહેરાતા જોઈને નાયક સ્વપ્ન જોતો હોય એવો અનુભવ કરે છે. આ જમીન પર સબૂરે કાળમીંઢ પથ્થરના પેટાળમાંથી મીઠા પાણીનું સિંચન કરવાનું આકરું કાર્ય પૂર્ણ કરેલું જોઈને અંતે સબૂરને શાબાશી આપીને ચાલી નીકળતો નાયક પોતાની સમગ્ર માનવજાત તથા પ્રકૃતિને જોવાની દૃષ્ટિમાં વિશાળતા અનુભવી રહે છે.

"પ્રકૃતિ અને માનવી વચ્ચે આ પરાપૂર્વથી સ્થપાયેલો વ્યવહાર છે જ. આ સચરાચરમાં ક્યાંક કોઈક છૂપો માર્ગ છે જે માર્ગે જડ અને ચેતન પરસ્પર વાર્તાલાપ કરી શકે છે."(પૃ ૧૪૬)

નાયક જ્યારે જ્યારે રિપોર્ટ તૈયાર કરવા બેસે છે તેની વેદના વર્ણવતાં પરાશરના પત્રમાં લખે છે કે,

"જે ક્ષણે લખવા બેસું છું, તે પળે મને અંદરથી કોઈ રોકે છે... આ જનહીન ખારાપાટ પર રાત્રિનું ખીચોખીચ તારેમઢ્યું આકાશ પોતાનો ઝળહળતો ખજાનો ખુલ્લો મૂકે છે ત્યારે અહીં અનુપમ સૃષ્ટિનું સર્જન થાય છે. સમુદ્ર, જેમાં હું બાળકની જેમ રમ્યો છું, જેનાં મોજાંઓ પર લહેરાયો છું. આ બધું મને એમ લખવા પ્રેરે છે કે વૃક્ષોનું ન હોવું, ખેડી શકાય તેવી ભૂમિનું ન હોવું, અને પાંખી માનવવસ્તીનું હોવું એટલામાત્રથી કોઈ સ્થળ ઝેરી રસાયણો બનાવવા માટે યોગ્ય નથી બની જતું."(પૃ.૯૪)

આમ, જે કામ કરવાના ઉત્સાહથી ભરપૂર હૃદય લઈને નાયક અહીં આવ્યો હતો, તે ઉત્સાહ, તે ઉમંગ જ્યારે ખરેખર તેવું કરવાનો સમય આવે છે ત્યારે દરિયાની ઓટમાં ઓસરીને જતો કેમ રહે છે. નાયકની આ મૂંઝવણનું સમાધાન કેટલેક અંશે બંગાળીના વાક્યમાં લેખક મૂકે છે. બંગાળી કહે છેઃ

'તું સોચતા હૈ કે તેરે રપટ લિખને સે યહાં વિનાશ હોગા. ઈસ જગા કા રૂપ બદલ દેગા તૂં?...(પૃ.૯૫)

'બસ યે તેરે કારખાનેં બનેંગે તો રહેગે કીતને સાલ સૌ? દો સૌ? ઓર અનંત કાલ કે સામને યે સૌ દોસૌ સાલ કી કિંમત ક્યા હોગી?'

'પણ ત્યાં સુધીમાં કેટલું નુકસાન થઈ જશે.'

'પરિવર્તન હોતા હૈ. અચ્છા હૈ યા બુરા યે તો અપના અપના નજરિયા હૈ.'

'સુન, એક દિન યે ધરતી નહીં થી. ફિર ભી પ્રકૃતિ થી. ફિર ધરતી આગ કા ગોલા થી, ફિર પાની આયા, ફિર પેડ-પૌધે આયે, મિટ ગયે, ફિરસે બને. પ્રકૃતિ સદા-સર્વદા મુક્ત હૈ. કોઈ ઈસે બાંધ નહીં પાતા. ઔર ન ઈસે બિગાડ સકતા હૈ..." (પૃ.૯૬)

આમ અહીં રસાયણક્ષેત્ર ઊભું થાય કે ન થાય, કશું યથાવત્ રહેવાનું નથી. પરિવર્તનને કોઈ ટાળી શકવાનું નથી. એમ વિચારી અંતે બંગાળીના 'જો નયા બનેગા, એક દિન વહ ભી નષ્ટ હોગા.' શબ્દોથી પોતાનું મન મનાવે છે અંતે ગ્રીનબેલ્ટનું કામ શરૂ થાય છે. રિપોર્ટ પૂરો કરીને નકશા અને રિપોર્ટ સાથે જ બદલી માટેની અરજી આપી દેવાના અને જો બદલી ન થાય ત્યાં સુધી રજા ઉપર રહેવાના ઇરાદા સાથે નાયક વિચારે છે કે 'રોડ બાંધવાવાળાં મશીનો અહીં પહોંચે ત્યારે અહીં રહેવાનું મારાથી નહીં બને'.

આમ પ્રકૃતિ અને માનવ વચ્ચે સર્જાતા અંતરને ઉજાગર કરીને સાંપ્રત સમયના પર્યાવરણ સામેના પડકારોને રજૂ કરતી ધ્રુવ ભટ્ટની આ નવલકથા 'સમુદ્રાન્તિકે' દ્વારા લેખકે પોતાની અનુભૂતિને કલ્પનાસભર સૃષ્ટિથી ઉત્તમ રીતે અહીં અભિવ્યક્ત કરી છે. આ કેટલાંક ઉદાહરણો કૃતિમાંથી નિષ્કર્ષ રૂપે તારવવાનો પ્રયાસ અહીં કરવામાં આવ્યો છે, જેના દ્વારા સમકાલીન પર્યાવરણ સામેના પડકારોને લેખકે પોતાનાં કાલ્પનિક સંવેદનો મારફતે રજૂ કર્યા છે તેનો પરિચય મળે છે.

સંદર્ભગ્રંથો :

૧) 'સમુદ્રાન્તિકે' – ધ્રુવ ભટ્ટ

૨) 'પર્યાવરણ કેન્દ્રી વિવેચન વિચારણા' – નૂતન જાની

■

પત્ર

સુજ્ઞશ્રી,

છેલ્લાં કેટલાંક વરસોથી ગુજરાત ક્ષેત્રે નોબેલ ગણાતા 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' અપાતો અટકી ગયો છે; અને તેમ છતાં ગુજરાતના પેટનું પાણી નથી હાલ્યું. કમનસીબી એ છે કે મારું પણ ધ્યાન ઘણાં વર્ષો પછી ગયું છે.

૨૦૧૬માં છેલ્લે કુમારપાળ દેસાઈએ નાટ્યાત્મક રીતે લીધેલા રણજિતરામ ચન્દ્રક પછી આ ચન્દ્રક અદૃશ્ય થઈ ગયો છે. મારા પેટનું પાણી તો હમણાં હાલ્યું, પણ ગુજરાતના પેટનું પાણી આ બાબતે કેમ આજ સુધી હાલ્યું નથી એ પણ એક પ્રશ્ન છે. ગુજરાતના સાંસ્કૃતિક જગતની આ મોટી દરિદ્રતા છે.

અત્યારે આ સંદર્ભે જાણવા મળ્યું છે તેમ આનું રહ્યુંસહ્યું પૂંછડું પ્રફુલ્લ રાવળના હાથમાં છે. એમણે મને ચન્દ્રક સજીવ કરવાની અને વિશ્વકોશ સાથે એને જોડવાની બાંહેધરી આપી, પરંતુ જાણવા મળ્યું છે તેમ વિશ્વકોશ આ નવી જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. ગુજરાતના ગૌરવ સમો રણજિતરામ ચન્દ્રક આમ રઝળી રહ્યો છે.

આ ચન્દ્રકને જીવતદાન મળે એ માટે યોગ્ય કરવા ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠ સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદ સક્રિય થઈ કોઈ ઉપાય યોજે એવી મારી આ જાહેર વિનંતી છે.

લિ. **ચન્દ્રકાન્ત ટોપીવાળા**

■

વીજળીના ચમકારે – ૯

દર્શના ધોળકિયા

ઊંડું જોયું, અઢળક જોયું;
મનમાં જોયું, મબલખ જોયું. (ચંદ્રકાન્ત શેઠ)

ડૉ. ચંદ્રકાન્ત શેઠ એમની પરંપરા ને પ્રશિષ્ટતાનો સમન્વય ચીંધતી તેમની કવિતાથી ગુજરાતી સાહિત્ય પર છવાયેલા રહ્યા. પોતાનું સર્જનકર્મ કરતાં કરતાં સ્વની કોઢમાં સ્થિત આ કવિને 'કયાં છો ચન્દ્રકાંત તમે કયાં છો?' એવો પ્રશ્ન પણ જાગ્યો. આવો પ્રશ્ન જેને જાગે એ વ્યક્તિ જ સમ્યક્, યથાર્થ જીવનદર્શન પામી શકે. આવાં મરમી દર્શન પછી અનાયાસ જાગી ઊઠેલી વાણીમાંથી કવિને આ ગીતપંક્તિ ફૂટી છે.

સામાન્ય મનુષ્ય પહેલાં તો જોવાની શક્તિ જ ધરાવતો હોતો નથી, એટલે એ જે જુએ છે એ બાહ્ય જગતનું રૂપ છે. જીવનના મરમીઓ જ જાણે છે અંદર જોવાનો મહિમા. જે જાગે તે જુએ એ ન્યાયે કવિને દૃષ્ટિનું વરદાન સાંપડ્યું છે. કવિનાં આંતરચક્ષુ ઊઘડી ગયાં છે ને કવિની નજર અંદર પ્રવેશીને ભીતરનો ખૂણેખૂણો ફરી વળી છે.

પ્રસ્તુત પંક્તિમાં કવિ કોઈ એક ક્ષણે ત્રિનેત્ર બનીને પોતાની દર્શનેન્દ્રિયને અંદર ભાળતી કરવામાં સફળ બનીને અનુભૂતિના આલોકનું દિવ્ય દર્શન પામી શક્યા છે. તેમણે જીવનના ઊંડાણને તાગ્યું છે. જેની ફલશ્રુતિ રૂપે એમને 'અઢળક'ની પ્રાપ્તિ થઈ છે. 'અઢળક' શબ્દ દ્વારા પ્રાપ્તિની ઘનતા કવિ કેવી તો સિદ્ધ કરી શકયા છે!

અલબત્ત, કવિની આ ભાષા જે જોઈ શકે એવા જણને જ સમજાય એવી છે. એ અનુભૂતિની ભાષા છે. કવિને ભળાયેલું 'મબલખ' આખરે છે શું? એ છે ઝળહળતું આતમ તત્ત્વ. આતમરામની અમૂર્ત આકૃતિ. આ કસ્તુરી મૃગને જડી ગઈ છે પોતામાંથી જ પ્રગટતી સુગંધની ભાળ. હવે એની દોટ સમાપ્ત થઈ ગઈ છે. એ ઊભો રહીને નાભિ કમળમાંથી પ્રગટતો પરિમલ સૂંઘવાની આનંદસમાધિમાં લીન થઈ ગયો છે. જિંદગી આખી ઘરની શોધમાં દોડી રહેલો આ મૃગ મનખો આખો ભટકતો રહ્યો. પણ છેવટે એની અબળખાની સચ્ચાઈ, એના પ્રાણને ઘેરી વળેલો ધખારો તણખો બનીને પ્રગટ્યો, જેણે એના માટે ખોલી આપ્યો આલોકનો ઝળહળતો પ્રદેશ.

આ પ્રદેશે નરસિંહ, મીરાં આદિને પણ અંદર વસતાં ઉદ્યાન અને એમાં ટહુકા કરતા મોરનાં ઝિંગોરાનો પરિચય સંપડાવ્યો છે. આ કવિઓનો વારસો ઝીલીને આપણા આ સાંપ્રત કવિ એ ધન્યતાના સહભાગી બન્યા છે.

અહીં પ્રથમ તો 'જોવા'નો, કવિને ફૂટેલી નજરનો મહિમા છે ને એમાં અનુભૂતિનો પ્રભાવ ભળેલો હોઈ એ 'જોવું' દર્શનમાં રૂપાંતરિત થઈ જાય છે. કવિએ અહીં મહાગુહામાં કરેલો પ્રવેશ એમને દર્શનની દીપ્તિનો પ્રસાદ સંપડાવે છે ને એમનાં જાડ્યને નિઃશેષ કરવામાં સફળ થાય છે.

સરસ્વતીના શ્વેતપદ્મની એક પાંખડી : રામભાઈ બક્ષી

દીપક મહેતા

આજનું સાંતાક્રુઝ એટલે મુંબઈનાં અનેક સમૃદ્ધ પરાંમાંનું એક પરું. પણ ૧૯૨૭નું સાંતાક્રુઝ એટલે તો જેની હદ માહિમ સુધી જ હતી. એવા મુંબઈથી થોડે દૂર આવેલું એક નાનકડું ગામડું. પણ એ વરસે ત્યાં એકસાથે ત્રણ જુદી જુદી રીતે અજવાળું પથરાયું. ફતેહઅલી ઍન્ડ કંપનીએ દીવાસળી બનાવવાનું કારખાનું સાંતાક્રુઝમાં શરૂ કર્યું. કિલિક નિકસન નામની બ્રિટિશ કંપનીએ સાંતાક્રુઝના રસ્તાઓ પર પહેલી વાર સ્ટ્રીટલાઇટ નાખી. અને શેઠ આનંદીલાલ પોદ્દારે આજના ટાગોર રોડ પર આવેલ મયૂરી નામનું એક ચાલ જેવું મકાન ભાડે લઈને તેમાં પોદ્દાર હાઈસ્કૂલ શરૂ કરી અને શિક્ષણનું અજવાળું ફેલાવ્યું. જે ટ્રસ્ટ દ્વારા આ સ્કૂલ શરૂ થયેલી તેના ૧૯૩૦ સુધી અધ્યક્ષ હતા મહાત્મા ગાંધી. પછી વધતી જતી રાજકીય પ્રવૃત્તિને કારણે તેમણે રાજીનામું આપ્યું. પછી ૧૯૪૬ સુધી મદનમોહન માલવિય અધ્યક્ષ હતા.

આ નવી સ્કૂલના પ્રિન્સિપાલની જગ્યા માટે પોદ્દાર શેઠની નજર મુંબઈમાં ધોબી તળાવ પાસે આવેલી એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલના શિક્ષક રામપ્રસાદ બક્ષી પર પડી. એ જમાનામાં માત્ર મુંબઈ શહેરની જ નહિ, આખા મુંબઈ ઇલાકાની એ સૌથી વધુ પ્રતિષ્ઠિત સ્કૂલ. મુંબઈ ઇલાકામાં આધુનિક શિક્ષણનો પાયો નાખનાર અને મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન પ્રત્યેનું ઋણ અદા કરવા ૧૮૨૪માં આ સ્કૂલની સ્થાપના થયેલી. સો કરતાં વધુ વરસ સુધી આ સ્કૂલના પ્રિન્સિપાલ તો અંગ્રેજ જ હોય એવો શિરસ્તો. ૧૯૨૭ના એક દિવસે પ્રિન્સિપાલ પોતાની ઑફિસમાં બેઠા છે. એક શિક્ષક મળવા આવે છે. હાથમાંનો કાગળ તેમને આપે છે.

વાંચીને પ્રિન્સિપાલ ચોંકે છે : 'મિસ્ટર બાક્શી! આ શું? તમે રાજીનામું આપો છો? કેમ?' 'સર, સાંતાક્રુઝમાં એક નવી સ્કૂલ શરૂ થવાની છે તેમાં પ્રિન્સિપાલ તરીકે જોડાવું છે.' અંગ્રેજ પ્રિન્સિપાલે પહેલાં તો એલ્ફિન્સ્ટન સ્કૂલ ન છોડવા સમજાવ્યા. ભવિષ્યમાં સરકારી નોકરીમાં કેવી ઊજળી તકો છે એ કહ્યું. પણ 'મિસ્ટર બાક્શી' એકના બે ન થયા.

પ્રિન્સિપાલ કહે : 'એક-બે વરસ પછી અહીં પાછા ફરવાની ઇચ્છા હોય તો તે પ્રમાણે કાગળિયાં કરું.'

જવાબ : 'સાહેબ, હવે તો સાંતાક્રુઝમાં બીજી એલ્ફિન્સ્ટન સ્કૂલ ઊભી કરું તે પછી જ અહીં પાછા ફરવાનો વિચાર કરી શકું.' અને મિસ્ટર 'બાક્શી'એ એલ્ફિન્સ્ટન સ્કૂલ છોડી. આ 'મિસ્ટર બાક્શી' એટલે રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી, એટલે રામભાઈ.

પોદ્દાર સ્કૂલ શરૂ થઈ તે પહેલાં લગભગ રોજ રામભાઈ પોદ્દાર શેઠને મળવા જાય. સ્કૂલ વિશે ચર્ચા થાય.

એક દિવસ પોદ્દાર શેઠ કહે : 'રામભાઈ, આપણે આ સ્કૂલમાં બધાં છોકરા-છોકરીને મફત ભણાવશું. ફી નહિ લઈએ.' 'પણ કેમ ?' 'તમે તો જાણો જ છો, હું કાંઈ પૈસા કમાવા માટે આ સ્કૂલ કાઢતો નથી. કમાયેલા પૈસા સારા કામમાં વાપરવા માટે સ્કૂલ શરૂ કરું છું.' 'ના જી. ફી તો લેવી જ જોઈએ.' 'કેમ ?' 'ફી આપતા હોય તો જ વાલીઓ આપણને આપણી ભૂલો બતાવી શકે, સૂચનો કરી શકે. જો ફી ન ભરતા હોય તો જે મળે તે મૂંગે મોઢે લઈ લે. અને તો આપણી સ્કૂલનો વિકાસ ન થાય.' પોદ્દાર શેઠ બે ઘડી રામભાઈના મોઢા સામે તાકી રહ્યા. પછી કહે : 'રામભાઈ! એક વચન આપો.' 'શું ?' 'તમે આ સ્કૂલ છોડીને બીજે ક્યાંય નોકરી કરવા નહિ જાવ.' એકાદ ક્ષણનોય વિચાર કર્યા વગર રામભાઈએ જવાબ આપ્યો : 'વચન આપું છું કે પોદ્દાર સ્કૂલની નોકરી સિવાય બીજી કોઈ નોકરી નહિ કરું.'

*

૧૮૯૪ના જૂનની ૨૭મી તારીખે જૂનાગઢમાં જન્મ. પછી ફક્ત દસ જ દિવસમાં રામભાઈએ પિતા પ્રેમશંકરને ગુમાવ્યા. પિતા વગરનું એ બાળક માતા મેવાકુંવર બા અને નાની બા પાસે ઊછર્યું. મૂળ વતન તો મોરબી, પણ કુટુંબે રાજકોટમાં વસવાટ કરેલો એટલે ત્યાંની સરકારી તાલુકા સ્કૂલમાં રામભાઈએ અભ્યાસ શરૂ કર્યો. પછી ત્યાંની જ કરણસિંહજી મિડલ સ્કૂલ અને આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યા. મૅટ્રિકનો અભ્યાસ વઢવાણમાં કાકાને ત્યાં રહીને દાજીરાજ હાઈસ્કૂલમાં કરીને ૧૯૧૦માં મૅટ્રિક થયા.

કૉલેજના અભ્યાસ માટે ગયા અમદાવાદ. ત્યાં ગુજરાત કૉલેજમાં આનંદશંકર ધ્રુવ જેવા અધ્યાપક મળ્યા. ૧૯૧૪માં વીસ વરસની ઉંમરે સંસ્કૃત સાથે બી.એ. થયા. એ જમાનામાં મુંબઈના ગુજરાતી સાહિત્યજગતમાં રામભાઈના મામા હિંમતલાલ અંજારિયાનું નામ મોટું. તેમણે રામભાઈને પોતાની પાસે મુંબઈ બોલાવી લીધા. ત્યારથી રામભાઈ સાંતાક્રુઝવાસી બન્યા. પછી ૩૩મા વરસે સાંતાક્રુઝની પોદ્દાર સ્કૂલમાં પલાંઠી વાળીને બેઠા, તે ૧૯૫૯માં ૬૫મે વરસે આચાર્યના પદેથી નિવૃત્ત થયા. તે પછી પણ એ જ સ્કૂલના સલાહકાર તરીકે રોજેરોજ સ્કૂલમાં જાય. વખત જતાં એ કામ પણ બંધ થયું. મીઠીબાઈ કૉલેજના પ્રિન્સિપાલ અમૃતલાલ યાજ્ઞિકે ગુજરાતીના અધ્યાપક અને પીએચ.ડી.ના ગાઇડ તરીકે જોડાવા આમંત્રણ આપ્યું. રામભાઈ કહે, 'આવું તો ખરો, પણ મારી બે શરત છે.' 'શું ?'

'એક : હું અઠવાડિયામાં બે દિવસ જ કૉલેજમાં આવીશ. લેકચર તમે કહેશો તેટલાં લઈશ. અને

બે : હું એક રૂપિયાનું પણ વેતન નહિ લઉં.' 'એમ કેમ ?' 'પોદ્દાર સ્કૂલમાં જોડાયો ત્યારે મેં પોદ્દાર શેઠને વચન આપેલું કે હવે પછી બીજી કોઈ નોકરી નહિ કરું.' યાજ્ઞિકસાહેબને ખબર કે રામભાઈ એકના બે નહિ થાય. એટલે શરત સ્વીકાર્યા વગર છૂટકો નહોતો. જ્યારે કૉલેજ જાય ત્યારે રામભાઈ પોતાને ખર્ચે ટૅક્સીમાં જાય. પછી શરીરનો સાથ ઓછો થયો ત્યારે અધ્યાપકપદ છોડ્યું. બે-ચાર દિવસ પછી પ્રિન્સિપાલ યાજ્ઞિક રામભાઈને ઘરે

ગયા અને તેમના હાથમાં એક કવર મૂક્યું. ખોલ્યા વગર રામભાઈએ પૂછ્યું : 'શું છે આમાં?' 'આટલાં વરસ તમે અમારી કૉલેજમાં આવીને ભણાવ્યું, એ માટે તમારે ખર્ચે ટૅક્સીમાં આવતા. ટોકન તરીકે આ દસ હજાર રૂપિયા સ્વીકારવાની મહેરબાની કરો.' જાણે સાપ પકડાઈ ગયો હોય તેમ કવર પાછું આપતાં રામભાઈએ કહ્યું : 'પોદ્દાર શેઠને આપેલું વચન હું ભૂલ્યો નથી. આ પૈસાને મારાથી હાથ પણ ન અડાડાય.' યાજ્ઞિકસાહેબે એ જ કવર રામભાઈનાં પત્ની કંચનબહેન સામે ધર્યું. તેમણે તરત કહ્યું : 'એમને જે ન ખપે તે મને કઈ રીતે ખપે?'

એવી જ રીતે પ્રાથમિક શાળાથી માંડીને પીએચ.ડી. સુધીનો કોઈ પણ વિદ્યાર્થી ભણવા આવે તો એક પણ પૈસો લીધા વગર રામભાઈ પૂરેપૂરી ખંત અને પ્રેમથી ભણાવે. તેમની પાસે પીએચ.ડી. કરનાર ડૉ. ધનવંત શાહ લખે છે : "અભ્યાસ સાથે અમારું સંસ્કારઘડતર પણ થતું રહે. પુસ્તકો અને જીવનગ્રંથ જેવા રામભાઈના ચરણોમાં બેસવું એટલે જ્ઞાનના ઝરણા હેઠળ, અને હિમાલયની કોઈ કંદરામાં બેસવાનું સદ્ભાગ્ય. આપણા ભીતરના જીવનનું ક્યાં, કેવું પરિવર્તન થઈ જાય, એ ખબર પણ ન પડે...અભ્યાસમાં સતત પુરુષાર્થ કરાવે અને ચોકસાઈના આગ્રહે તો એમનાં ધવલ વસ્ત્રો કરતાં પણ વિશેષ." ('પ્રબુદ્ધજીવન', જુલાઈ ૨૦૧૪)

લાંબી માંદગી પછી ૯૫ વરસની ઉંમરે ૧૯૮૯ના માર્ચની ૨૨મી તારીખે મુંબઈમાં તેમનું અવસાન થયું.

*

રામભાઈનો સાહિત્ય-પ્રવેશ થયો અનુવાદથી. સંસ્કૃતના બૃહદ્ કથાગ્રંથ 'કથાસરિત્સાગર'ની કેટલીક કથાઓનો ગુજરાતી અનુવાદ 'કથાસરિતા' નામે ૧૯૧૭માં પ્રગટ થયો. આ પહેલો અનુવાદ બાળભોગ્ય, તો બીજો અનુવાદ વિદ્વદ્ભોગ્ય. યુનિવર્સિટી ઑફ બૉમ્બે(આજની મુંબઈ યુનિવર્સિટી)ની ધ વિલ્સન ફિલોલૉજિકલ લેક્ચર્સ શ્રેણી અંતર્ગત નરસિંહરાવ દિવેટિયાએ ૧૯૧૫-૧૯૧૬માં અંગ્રેજીમાં Gujarati Language and Literature એ વિષય પર સાત વ્યાખ્યાનો આપેલાં. પછીથી ૧૯૨૧માં તે બે ભાગમાં પુસ્તક રૂપે પ્રગટ થયેલાં. નરસિંહરાવની દેખરેખ નીચે તેનો ગુજરાતી અનુવાદ કરવાનું કામ ૧૯૧૮માં રામભાઈને સોંપાયું. તેમણે ચારેક વરસમાં અનુવાદનું કામ પૂરું કર્યું. પણ કોઈક કારણસર માત્ર પહેલા ભાગનો અનુવાદ ફાર્બસ ગુજરાતી સભા તરફથી છેક ૧૯૩૬માં પ્રગટ થયો. દાયકાઓ પછી, છેક ૧૯૫૭માં બીજા ભાગનો અનુવાદ ગુજરાત યુનિવર્સિટીએ પ્રગટ કર્યો. અલબત્ત, આ અસાધારણ વિલંબ માટે રામભાઈ જવાબદાર નહોતા.

રામભાઈનું પહેલું મૌલિક પુસ્તક ૧૯૫૯માં પ્રગટ થયું, 'નાટ્યરસ.' વડોદરાના ભારતીય સંગીત નૃત્ય નાટ્ય મહાવિદ્યાલયના ઉપક્રમે રામભાઈએ ૧૯૫૮માં આપેલાં વ્યાખ્યાનો આ નામથી પુસ્તક રૂપે પ્રગટ થયાં. જેની સાથે સુરેશ જોષી અનૌપચારિક રીતે સંકળાયેલા હતા તે 'મનીષા પ્રકાશન' દ્વારા પ્રગટ થયેલું આ પહેલું પુસ્તક. ચોથા પૂંઠા પર છાપેલા લખાણ પ્રમાણે 'મનીષા' સામયિકના બે પરામર્શક હતા. તેમાંના એક હતા રામભાઈ, અને બીજા હતા ડોલરરાય માંકડ. કુલ ૧૪ પ્રકરણમાં વહેંચાયેલા આ પુસ્તકમાં રામભાઈએ ભારતીય નાટ્યશાસ્ત્રની અને રસસિદ્ધાંતની બહુ જ ઊંડાણપૂર્વક સમીક્ષા કરી છે.

દળદાર અને વ્યાપક પરિઘવાળું રામભાઈનું એક પુસ્તક તે ૧૯૬૩માં પ્રગટ થયેલું ‘વાઙ્મય વિમર્શ.’ મુખ્યત્વે સાહિત્યના તત્ત્વની મીમાંસા કરતા સત્ત્વશીલ લેખો તેમાં સંગ્રહાયા છે. આ પુસ્તકની બીજી આવૃત્તિ ૧૯૭૦માં પ્રગટ થઈ હતી. ૧૯૪૭થી ૧૯૬૧ દરમ્યાન લખાયેલા કુલ ૪૪ લેખો તેમાં સંગ્રહાયા છે. આ લેખોને ત્રણ વિભાગમાં વહેંચ્યા છેઃ ૧ કાવ્યતત્ત્વ, ૨ રસ અને અલંકાર, અને ૩ નાટક-એકાંકી અને પ્રકીર્ણ. આ પુસ્તકમાંના લેખો વિશે પંડિત સુખલાલજીએ કહ્યું હતું કે “તેઓ (રામભાઈ) પોતાના વિષય પરત્વે માત્ર બહુશ્રુત જ નથી, પણ ઊંડી સમજણ ધરાવનાર દાર્શનિક છે. કાવ્યનાં લક્ષણો પરત્વે ચાલતા મતભેદો, વિવાદો, અને ખંડન-મંડન એ બધાંની સીમા દર્શાવી દરેકને યથાસ્થાને ગોઠવી એક એવું દર્શન-રસાયણ રજૂ કર્યું છે, જે મારી દૃષ્ટિએ માત્ર કાવ્યતત્ત્વને જ નહિ, પણ જીવનને સ્પર્શતા દરેક ક્ષેત્રે ઉપયોગી થાય તેવું છે.”

૧૯૬૩માં જ રામભાઈનું બીજું એક પુસ્તક પણ પ્રગટ થયું તે ‘કરુણરસ’. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાને ઉપક્રમે ૧૯૫૪માં રામભાઈએ આપેલાં વ્યાખ્યાનોનું આ મુદ્રિત રૂપ છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને પશ્ચિમની સાહિત્ય વિચારણામાં થયેલી કરુણ રસ અંગેની ચર્ચા-વિચારણાનું તુલનાત્મક વિશ્લેષણ કર્યા પછી સંસ્કૃત નાટક પરંપરામાં ‘ટ્રૅજેડી’ નાટકો કેમ લખાયાં નથી તેની રામભાઈએ તલસ્પર્શી ચર્ચા કરી છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૮મા અધિવેશનના પ્રમુખપદે રામભાઈની વરણી થઈ ત્યારે તેમણે ગોવર્ધનરામ વિશે લખેલા લેખો એકઠા કરી ‘ગોવર્ધનરામનું મનોરાજ્ય’ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું. તેની બીજી આવૃત્તિ ૧૯૯૨માં પ્રગટ થઈ. તેમાં સંઘરાયેલા સાત લેખો ગોવર્ધનરામ વિશેના સઘન અને સર્વગ્રાહી અભ્યાસના નમૂનારૂપ છે. પહેલો, ૪૯ પાનાંનો લેખ ગોવર્ધનરામની સ્ક્રેપ બુકના રામભાઈના સંપાદનના આમુખ રૂપે લખાયેલો છે. બીજા લેખોમાં રામભાઈએ ગોવર્ધનરામ અને શોપનહાઉઅર, ગોવર્ધનરામ અને આનંદશંકર, બાણ અને ગોવર્ધનરામ વગેરેની સાંગોપાંગ તુલના કરતા લેખો આપ્યા છે. તો સ્નેહમુદ્રા તથા ગોવર્ધનરામનાં બે અજ્ઞાત વિરહકાવ્યો વિશે પણ ચર્ચા કરી છે. આપણે ત્યાં પંડિતયુગના લેખકોમાં ગોવર્ધનરામ વિશે જેટલું લખાયું છે તેટલું બીજા કોઈ લેખક વિશે ભાગ્યે જ લખાયું હશે. આ વિપુલ રાશિમાં પણ રામભાઈનું આ પુસ્તક અલગ તરી આવે તેવું છે.

રામભાઈના કેટલાક અગ્રંથસ્થ લેખો ભેગા કરી તેનું સંપાદન ૧૯૮૫માં ‘ઉપાસના’ નામે પ્રગટ થયું. તેમાં રામભાઈના નવ વિવેચનલેખો સમાવ્યા છે. તેમાં નરસિંહ મહેતાની કવિતાથી માંડીને નવી ગુજરાતી કવિતા સુધીના વ્યાપક પટને આવરી લીધો છે. રામભાઈની એક મુલાકાત પણ આ પુસ્તકમાં મુકાઈ છે.

વર્ષો સુધી રામભાઈએ સાંતાક્રુઝ સાહિત્ય સંસદનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. મુંબઈની બીજી કેટલીક સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાયેલા રહ્યા. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા. છતાં રામભાઈને ‘સંસ્થાઓનો જીવ’ ન કહી શકાય. એમનો જીવ તો સતત રહેતો વિદ્યાનું ઉપાર્જન અને વિદ્યાનું દાન કરવામાં.

રામભાઈનો પહેરવેશ પૂરો પરંપરાગત. સફેદ ધોતિયું, સફેદ ડગલો, માથે સફેદ ફેંટો. વાણી-વર્તનમાં નાગરી વિવેક, ચાતુરી, રમૂજ ઊભરાય. પણ વિચારો જરાય રૂઢિવાદી

નહિ. રામભાઈનાં દૌહિત્રી ડૉ. પ્રજ્ઞા પાઈએ કેટલીક વાતો નોંધી છે. “સાચાખોટા અસ્પષ્ટ ઉચ્ચારમાં બોલાયેલા સંસ્કૃત શ્લોક અને દાન, સીધું, ભોજન કે દક્ષિણાની મદદથી મૃતાત્મા માટે આંગડિયાની ગરજ સારવાનો દાવો કરતા કર્મકાંડી બ્રાહ્મણોની વિધિમાં રામભાઈને શ્રદ્ધા નહોતી. આ ઉપરાંત જે વ્યક્તિને પેટ ભરીને જમી શકાય તેના કરતાં પણ વધારે સીધું, દાન અને ભરપૂર દક્ષિણા મળતાં હોય, તેનું જ તરભાણું છલકાવવાને બદલે જેમ-તેમ બે ટંક કાઢતાં અને કપરી પરિસ્થિતિનો સામનો કરતાં જરૂરતમંદ બાળકોને આમંત્રણ આપવું તેમને યોગ્ય લાગતું. પોતાના મૃત્યુ પછી પણ ક્રિયાકાંડ ન કરવાની તેમની સ્પષ્ટ સૂચના હતી. ઘરમાં કોઈ પ્રસંગે જમણવાર હોય તો આમંત્રિત મહેમાનો ઉપરાંત માળી, સફાઈકામદાર, ટપાલી અને હાજર હોય તો ફેરિયાને પણ જમવા બેસાડી દેતા.” એટલું જ નહિ, અંગત કટોકટીને વખતે પણ અંધશ્રદ્ધાને શરણે જવાનો સ્પષ્ટ અમે મક્કમ નકાર કરતા. પ્રથમ પ્રસૂતિ વખતે કંચનબહેનને મૃત પુત્ર જન્મ્યો. બીજી પ્રસૂતિમાં પુત્ર થોડી જ મિનિટોમાં મૃત્યુ પામ્યો. ત્રીજી સગર્ભાવસ્થા દરમિયાન કોઈ વડીલે સલાહ આપી, ‘જામનગર નજીક માતાનું મંદિર છે. આ મંદિરમાં ઘંટ બાંધવાની માનતા બધાંને ફળતી હોવાથી મંદિરમાં ઘણા ઘંટ બંધાયા છે. રામભાઈ, તમે પણ કંચનબહેનને દીકરો આવે તો એક ઘંટ બાંધવાની માનતા લઈ લ્યો. ભગવાનની ઇચ્છા અને માતાજીની કૃપાથી તમારે ઘેર દીકરો આવશે.’ રામભાઈએ જવાબ આપ્યો, ‘જો મારે ઘરે દીકરો આવશે તો હું બધા ઘંટ છોડી આવીશ એવી માનતા લેવા તૈયાર છું. મારે મન માતા અને સંતાનનું સ્વાસ્થ્ય વધારે મહત્ત્વનું છે.’ ગુજરાતી કે અંગ્રેજી જેટલી જ સહજતાથી રામભાઈ સંસ્કૃતમાં વાતચીત કરી શકતા. આ લખનારે તેના ગુજરાતી અને સંસ્કૃતના અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા અને રામભાઈને સંસ્કૃતમાં વાતચીત કરતા એક કરતાં વધારે વાર જોયા-સાંભળ્યા છે. (તેમાંથી સમજાયું કેટલું, એમ ન પૂછવું.)

દુનિયાદારીની નજરે જે વસ્તુઓ મેળવવા જેવી ગણાય છે, તેમાંની ભાગ્યે જ કોઈ વસ્તુ રામભાઈ પાસે હતી. નહોતો અઢળક પૈસો, નહોતી અમાપ સત્તા, નહોતી બહોળી લોકપ્રિયતા, નહોતી અદ્‌ભુત કલાકૃતિ રચવાની સર્જનાત્મક શક્તિ. પણ ‘સર્વધનપ્રધાન’ એવી વિદ્યાને એમણે આજીવન સેવી હતી. રામભાઈ હંમેશાં સફેદ કપડાં જ પહેરતા. પણ તેમનાં આ શ્વેત કપડાં વધુ ચમકી રહેતાં તે તો તેમની અંદરની ઊજળાશને કારણે. શ્વેત રંગ એ માત્ર રામભાઈનાં વસ્ત્રોનો જ રંગ નહોતો, એ રંગ તેમનાં વાણી, વિચાર અને વર્તનનો પણ હતો. મન, બુદ્ધિ, અને આત્માનો પણ હતો. દેવી સરસ્વતી જેના પર આરૂઢ થયેલી છે તે શ્વેત પદ્મની એક પાંખડી સમા હતા રામભાઈ.

■

વિધવાનો વકીલ

ભાઈઓ. તમે આવાં છેક લોકવિરુદ્ધ કડવાં જ લખાણથી શો સાર કાઢવાની આશા રાખો છો? શું આવાં લખાણથી લોકો સુધારામાં દોડયા આવશે એમ તમે ધારો છો? પવન ને સૂરજની વાતનો સાર કેમ ભૂલી જાઓ છો? જો લોકોને હસ્તે તમે સુધારો કરાવવા ચાહતા હો, તો તો તમારે તેમને મીઠાશથી રીતસર બોધ કરવો જોઈએ, ને જો તમારે તેમની કાંઈ પરવા ન હોય અને તમારે એકલા જાતે જ સુધારા કરવા હોય તો તો આ બધા બકબકાટનું શું કારણ છે?

— **નવલરામ પંડ્યા**

.....પછી કવિત પેઠું

કિરીટ દૂધાત

ગયા માસે પુસ્તક અવલોકનની વિશ્વસાહિત્યમાં ચાલતી માઠી દશાની વાત કરી હતી તે આગળ વધારીએ. સહજ કુતૂહલ થયું કે આપણે ત્યાં પુસ્તક અવલોકનનું ચિત્ર શરૂઆતમાં, અર્વાચીન કાળમાં કેવું હતું ? રિવ્યૂનો એક પ્રકાર blurbનો છે, ખાસ કરીને અંગ્રેજીમાં દરેક પુસ્તકના મુખપૃષ્ઠ પર કોઈ જાણીતા લેખકનું પુસ્તકના કર્તાના ખભા થાબડતું એકાદ વાક્ય કે પાછલા પાને એક-બે ફકરા છાપ્યા હોય જેનાથી પુસ્તકના વિષય અને ગુણવત્તાનો પણ ખ્યાલ આવે. આને કહેવાય blurb. કેટલાક આવા blurb લખનારા પ્રકાશકોની નોકરીમાં હોય છે. હમણાં એવાં એક blurb લેખિકા Louse Willderનું પુસ્તક જોયું જેમાં દાવો કરવામાં આવ્યો છે કે એમણે અત્યાર સુધીમાં છ હજાર blurb લખ્યા છે! અને આ 'જ્ઞાનયજ્ઞ' હજુ ચાલુ છે! જોકે મોટા ભાગે લેખકો જ આવા blurb લખાવી લાવતા હોય છે જે વાંચીને આપણને લાગે કે એલા ભાઈ, નોબેલ પારિતોષિકને લાયક તો આ જ કલમવીર છે. આવાં અહો રૂપમ્ અહો ધ્વનિથી ત્રાસીને છ માસ અગાઉ Simon & Schuster નામના પ્રકાશકે હવેથી પોતાના નવા કોઈ પુસ્તક પર આવા blurb નહીં છાપે એવું જાહેર કર્યું! 'પણ્યનો જ્યાં સાદ પડ્યો ત્યાં સાચું શું ને ખોટું શું?' આવા સાચા ખોટાની પરખ કરતા લેખોનું જયંત કોઠારીનું એક આખું પુસ્તક છે જેના ગુણ પ્રમાણે નામ છે – 'વાંકદેખાં વિવેચનો', જેમાં પોકળ વિદ્વત્તા ધારણ કરીને આવા ગ્રંથના રચનારાઓને ઠીક ઠીક લબડધક્કે લીધા છે. 'લબડધક્કે' કહીએ ત્યારે શુચિતાના કોઈ આગ્રહીને આવા શબ્દો સામે જરૂર નારાજગી થાય.

તો જાણીને આનંદ થશે કે આપણા આદ્યવિવેચક નવલરામ પંડ્યા(૧૮૩૬-૧૮૮૮) આવા આગ્રહીઓથી સો ગાઉ દૂર હતા. એમના અવલોકનના કેટલાક નમૂના જોઈએ. લલ્લુભાઈ કાલીદાસ ઓઝાના નાટક 'દુષ્ટભાર્યા દુઃખદર્શક' નાટકના અવલોકનમાં લખે છે, 'પાત્રતા કે સંભવાસંભવ એ શું છે એના જરા પણ જ્ઞાન વિના કેટલાક નાટક-વાર્તાઓ લખવા મંડી જાય છે અને લાગવગથી એના ઘરાકો પણ મળે છે એ ખરેખર આપણા પ્રાંતની સાક્ષરસ્થિતિ સંબંધી પરમ ખેદકારક બનાવ છે....સઘળાં પાત્રો ગાંડાની પેઠે કેવળ બકબકાટો જ કર્યા કરે છે...દુષ્ટ કે મૂર્ખ સ્ત્રીઓ દેશમાં બેશક હજારો છે, અને તેથી એમના ધણીઓને મહાભારત દુઃખ સોસવાં પડે છે, પણ ગંગા વહુ તો કેવળ અશક્ય મૂર્ખાઈનું પૂતળું છે.' ..... ભાઈ લલ્લુને અમારી તો ભલામણ એ છે કે હાલ કેટલાક વખત સુધી નાટકફાટક લખવાનું ચેટક મૂકી દઈ છૂટક કવિતા બનાવવામાં જ મંડ્યા રહેવું....'

તો 'કજોડા-દુઃખ-દર્શક' નામના જગજીવન કાશીરામ પંડ્યાએ લખેલા નાટક વિશે નવલરામ કહે છે, 'નાટકનો વિષય એવો છે કે જેમાં વિચક્ષણ વિદ્વાનો પણ ફતેહ પામે તો

તેમનાં ભાગ્ય સમજવાં. 'બેસમજની બલા દૂર' એ કહેવત પ્રમાણે હાલ નાદાન છોકરાઓને નાટક ભજવવા બનાવવાનો છંદ લાગ્યો છે, અને તેમને મન આ મહાન વિષય ભાજીમૂળા જેવો જ લાગે છે.' 'રમારત્નનિરૂપણ' નામની કવિતાના અવલોકનમાં એ લખે છે, 'કાવ્યપરીક્ષામાં તો અમારું માપ ઊંચું જ રહે છે. એ કદાચ કેટલાએકને પસંદ નહીં પડતું હોય પણ કવિતા એટલો ઊંચો વિષય છે કે તેમાં નાદાન છોકરાઓ કલકલાણ કરતાં આવે તો તેમને ધમકાવી કાઢવા એ જ ઉત્તમ માર્ગ છે. કવિતા કરવી એ સાક્ષરતાની પરિસીમા છે, પણ હાલ તો કંઈ ન આવડે તે પણ કવિતા કરવાને તો હું લાયક છું એમ પોતાના મનથી સમજે છે. અંગ્રેજી, સંસ્કૃત, વ્રજ કે પોતાની ભાષા બરાબર ભણતા નથી, દુનિયાનો અનુભવ મેળવતા નથી, અને કવિતા શું તે સપનામાં પણ જાણતા નથી એવા નાદાનો નિશાળ છોડી કવિ થવા જ દોડે છે. એક પદ પૂરુંપાંસરું જોડી શકતા નથી, એક પદમાં ભરવા જેટલો પણ જેના મનમાં વિચાર નથી, જેના મનમાં પારકાના પણ વિચાર પરખી લેવાની શક્તિ નથી, અંધારામાં મૂઠી ભરી જો ચોરી લાવે છે તો પોતાની ભાષામાં મૂકતાં પણ આવડતું નથી, અને પ્રાસ તથા તાલ તો જેને કાળ સરખાં લાગે છે, તે છોકરા કવિતા કરવા વલખાં મારે એ બહુ જ હસામણું છે. અને તેમના દુરભિમાનથી કંટાળો ન આવતો હોત તો બેશક એ બિચારા પર બહુ જ દયા આવત....આવી કવિતાને તિરસ્કાર સિવાય બીજું શું કરી શકાય ? આવી કવિતાથી હાલ બધા લોક કંટાળી ગયા છે, અને કવિતા શબ્દ જ કેવળ અપમાન પામે છે. આ પ્રસંગે બેશક સખત ટીકાકારોની જરૂર છે.' પણ હમ નહીં સુધરેંગે' પ્રજાતિના કવિઓ અને એની કવિતાથી નવલરામ ત્રાસ્યા હશે એવું લાગે છે એટલે 'ધર્મપુરવર્ણન' નામના કાવ્યસંગ્રહને 'ચીંથરું' ગણાવીને કહે છે, ' એ નામનું એક કવિતાનું ચીંથરું કેટલાક માસથી અમને મળેલું પણ કોણ જાણે સમજીને જ ક્યાંક એવું સંતાઈ ગયું હતું તેની અમે અત્યાર લગી ખબર લઈ શક્યા નહીં. હાલ ચીંથરાઓની કાંઈ ખોટ નથી એમાં આ તો સર્વોપરી જણાય છે.' અર્વાચીન ગુજરાતી કાવ્ય હજી વિકસતું આવતું હતું ત્યારે એના પરીક્ષણમાં એમણે શૈલીમાં જે ધોરણો સ્થાપ્યાં એ શૈલી આજ સુધી અદ્વિતીય છે.

પ્રેમાનંદને મધ્યકાળના સર્વોચ્ચ કવિ તરીકે સ્થાપી આપતો નિબંધ 'પ્રેમાનંદ હોય કે 'હાસ્ય અને અદભૂતરસ' જેવો પત્ર કે જેમાં નર્મદ જેવી મહાન પ્રતિભાને 'કવિ, તમે હાસ્યરસનું શાસ્ત્ર સમજતા નથી.' એવું રોકડું પરખાવીને હાસ્યરસની ગુજરાતીમાં પહેલી વાર શાસ્ત્રીય ચર્ચા કરી છે. એવા ગંભીર લેખો તો ખરા જ કિન્તુ નિર્ભીક અવલોકનકાર તરીકેનું એક વિશિષ્ટ પાસું આ અવલોકનકાળના આથમતા અજવાળે ફરીથી જાણવા-પારખવા જેવું છે.

અને છેલ્લે નવલરામના સમર્થ અનુગામી કહી શકીએ એવા જયંત કોઠારીના એક ઉદાહરણથી વાત પૂરી કરીએ, યશવંત ત્રિવેદીના કાવ્યાસ્વાદના પુસ્તક 'કવિતાનો આનંદકોશ'ના અવલોકન 'કવિતાનો કોશ' નામના લેખનો એમનો આરંભ જુઓ, 'આનંદ શ્રી યશવંત ત્રિવેદીના ચિત્તના આકાશમાં ભરાઈ રહ્યો છે અને આપણને સાંપડ્યો છે માત્ર કોશ.' અહીં અખો પણ યાદ આવે, 'ઊંડો કૂવો ને ફાટી બોખ,' ક્યાંક કોઠારી અહીં કોશનો અર્થ ફાટેલી બોખ તો નહીં કરતા હોયને ?

■

ચર્ચાપત્ર

પ્રતિ, શ્રી કિરીટભાઇ દૂધાત,
સંપાદક શ્રી, પરબ,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

શ્રીમાન, સવિનય જણાવવાનું કે હું નરેશ અંતાણી, ભુજ. ગુજરાતી સાહિત્ય પરિષદ/પરબ નો આજીવન સભ્ય છું. સપ્ટેમ્બર ૨૦૨૫ના પરબના અંકમાં સંપાદકીયમાં આપે લખ્યું છે કે 'ગુજરાતમાં અત્યારે પુસ્તકોનાં અવલોકન નિયમિત છાપતુ કોઈ સામયિક નથી. માત્ર એક દિવ્ય ભાસ્કરને બાદ કરતા પુસ્તકોનો સમાલોચના વિભાગ ચલાવતું નથી. આપના એ વિધાન અંગે હું જણાવું કે ભુજનું દૈનિક 'કચ્છમિત્ર' ચાલીસથી વધુ વર્ષથી પુસ્તકનો પરિચય આપતો 'સમાલોચના' વિભાગ ચલાવે છે. આ વિભાગ અગાઉ કચ્છના જાણીતા સાહિત્યકાર રજનીકાંતભાઈ સોની ચલાવતા એમની સાથે જ બાબુભાઈ ગોર પણ સ્વીકાર-સમાલોચના વિભાગ ચલાવતા અને હાલે આ વિભાગ પત્રકાર સુનિલ માંકડ ચલાવે છે. જે આપની જાણ માટે.
આપનો વિશ્વાસુ

નરેશ અંતાણી,
ભુજ

(સંપાદકની નોંધ : નરેશ અંતાણીનો આભાર. આ સંપાદકીય વાંચીને આપણા ખ્યાતનામ સર્જક ધીરેન્દ્ર મહેતા અને અન્ય જાણકારોએ એ પણ 'કચ્છમિત્ર' ઉપરાંત, 'ગુજરાત મિત્ર'માં નરેશ શુક્લ, 'ફૂલછાબ' તથા 'નવનીત સમર્પણ'માં 'ઋષભ પરમાર' તથા અન્ય અખબાર અને સામયિકોમાં નિયમિત, પુસ્તક સ્વીકાર નોંધ, કેપ્સ્યુલ રિવ્યૂ આવે છે. તો જયેશ ભોગાયતા એમના સામયિક 'તથાપિ'માં મળેલાં પુસ્તકો વિશે એનું હાર્દ પ્રગટ કરતી બે-ત્રણ વાક્યોની મિતાક્ષરી નોંધ લખતા એ યાદ આવ્યું. એક હાશકારો થયો કે પરિસ્થિતિ માનીએ છીએ એટલી નિરાશાજનક નથી. ક્યારેક નિશાન 'ફગી' ગયાનો પણ આનંદ હોય છે.)

■

સાભાર–સ્વીકાર

કવિતા :

➥ **લેખસંગ્રહો :**

પરોઢનો પ્રકાશ : ડૉ. નવીન ધામેચા, શબ્દલોક પ્રકાશન, ૨૦૨૫. ડે. પૃ. ૧૧૬, રૂ. ૧૭૦. ૨૯ પ્રેરણાદાયક જીવનલક્ષી લેખોનો સંગ્રહ. * **એઈડ્સ અને આપણા** : ડૉ. શશીકાંત વીસાવડીઆ, પ્રવીણ પ્રકાશન, ૨૦૨૫, ડે. પૃ. ૯૬, રૂ. ૧૨૫, આરોગ્ય વિષયક ૧૭ લેખોનો સંગ્રહ.

➥ **વિવેચન :**

ભાવન : યોગેશ જોષી, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૨૫ ડે. પૃ. ૨૧૬, રૂ. ૨૫૦, ૨૪ વિવેચનલેખોનો સંગ્રહ.

➥ **સંશોધન :**

આધુનિક ગઝલકારો વિશે : ચંદ્રકાન્ત પટેલ 'સરલ' સંપા. રમેશ પટેલ, ભૂપેન્દ્ર પટેલ 'નીલમ' કુસુમ પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૫, ડે. પૃ. ૧૨૭. રૂ. ૨૦૦. ૧૭ ગઝલકારો વિશેના લેખો.

➥ **સંપાદન :**

સર્વશ્રેષ્ઠ પરમેશ્વર શ્રી મહાદેવ : સંકલન માણેકલાલ પટેલ, પારિજાત પ્રકાશન, અમદાવાદ, ૨૦૨૫, ડે. પૃ. ૯૬. રૂ. ૧૭૦. શ્રી શિવમહાપુરાણ આધારિત ૩૧ લેખોનો સુવિચારસંગ્રહ. * **બે હજાર ચોવીસ 'સમક્ષ'** : સંપા. રમણ સોની, ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૦૨૫. ક્રાઉન, પૃ. ૨૮૦, રૂ. ૪૫૦. ૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ.

➥ **અનુવાદ :**

'સાધના' રવીન્દ્રનાથ ટાગોર અનુ. અનિલા દલાલ, ઝેન, ઓપ્સ, ૨૦૨૫, ડે. પૃ. ૧૧૪. રૂ. ૨૨૫. રવીન્દ્રનાથના આઠ લેખો/નિબંધોનો અનુવાદ. * **અહીંથી જુઓ** : કેદારનાથસિંહ, અનુ. દક્ષા પટેલ, ઝેન ઓપ્સ, ૨૦૨૫. ડે. પૃ.૬૮. રૂ.૧૫૦. કેદારનાથસિંહની ૪૧ કવિતાનો અનુવાદ.

■

ઈતુભાઈ કુરકુટિયા

બાળકિશોર માટેનો રસદાર વાર્તામેળો

શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિક ભવનમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે પાંચથી પંદર વરસના બાળકિશોરો માટે તા. ૧૩-૯-૨૦૨૫ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન ‘વાર્તામેળો’ ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાઈ ગયો. સંયોજકઃ નટવર ગોહેલ, અવિનાશ પરીખ તથા ગુજરાતી સાહિત્ય પરિષદના સર્વ મંત્રીઓની પ્રેરક છાયામાં અને ડૉ. સ્નેહલ નિમાવતના બાળભોગ્ય સંચાલનમાં આ મજેદાર, રસદાર બાળવાર્તામેળામાં બાલસાહિત્યકાર નટવર ગોહેલ, અવિનાશ પરીખ તથા ડૉ. સ્નેહલ નિમાવતે બાળકોને સુંદર મજાની રંગભરી, રસભરી બાળવાર્તાઓ સંભળાવી હતી; એટલું જ નહીં, આ બાળવાર્તામેળામાં સર્જકો દ્વારા હાસ્યરંગત રેલાવતાં જોડકણાં તથા ગીતો પ્રસ્તુત થયાં હતાં. એથી આગળ વધીને જ્ઞાનવર્ધક પ્રશ્નોત્તરી પણ થઈ અને વાર્તારસ પીરસીને પોતાની વાર્તાપ્રીતિનો પરિચય કરાવ્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આ પ્રકારનો પ્રથમ બાળવાર્તામેળો યોજાયો હતો. એમાં બાળકો નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને વાર્તા, જોડકણાં અને ક્વિઝનો લાભ મેળવ્યો હતો.

બાળવાર્તામેળામાં બાળકોના વાલીઓ પણ હાજર રહ્યા હતા. શરૂઆતથી હોલમાં વાર્તાના મધુર ગુંજારવ સાથે બાળકોએ હર્ષવિભોર થઈ તાળીઓ પાડી આનંદ છલકાવી દીધો હતો. બાળકો માટેના અલાયદા ભવનમાં યોજાયેલા આ બાળવાર્તામેળાને સૌ કોઈએ ઉષ્માભેર આવકાર આપ્યો હતો. શ્રી ચંદ્રકાન્ત ભાવસાર તથા તેમની ટીમના મિત્રોએ બાળકો માટે સાત્ત્વિક નાસ્તો અને રસદાર પીણાંનું કામ સુપેરે પાર પાડ્યું હતું.

ડૉ. દિલીપ મોદી વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે ડૉ. દિલીપ મોદી વ્યાખ્યાનમાળા તા. ૩-૯-૨૦૨૫ના રોજ સુરતમાં યોજાઈ હતી. વક્તાશ્રી ઉદયન ઠક્કરે ગઝલલેખનની શીખ આપીને શ્રોતાઓને હેમંત ધોરડાની વિવિધછંદી ગઝલોનો આસ્વાદ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉદયનભાઈએ જાણીતા ગઝલકાર કિરણસિંઘ ચૌહાણનું સાહિત્ય સૃજન સન્માન સાથે શાલ અર્પણ કરી હતી. કપિલદેવ, બકુલ ટેલર, આચાર્ય મૂકેશ પટેલે ઔપચારિક વિધિ આટોપી હતી. બુક વર્ડ યોજિત મુક્તક સ્પર્ધાના વિજેતાઓને ભટ્ટ પારિતોષિક આપવામાં આવ્યાં હતાં, નિર્ણાયકની સેવા રમેશભાઈ પટેલે આપી હતી. રાજન ભટ્ટ, પ્રા. રાકેશ દેસાઈ, બકુલેશ દેસાઈ, વિવેક ટેલર, યામિની વ્યાસ, ઊર્જિતા કિનારીવાળા, નવરોજ ભાદા વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી.

પાક્ષિકી

તા. ૧૩-૯-૨૦૨૫ના રોજ, ગુજરાતી સાહિત્ય પરિષદમાં વાર્તાકાર છાયા ત્રિવેદીએ

તેમની વાર્તા ‘ટ્રેકચેન્જ’નું પઠન કર્યું હતું. તા. ૨૭-૯-૨૦૨૫ના રોજ વાર્તાકાર નયના મહેતાએ તેમની વાર્તા ‘ઉઠાંતરી’નું પઠન કર્યું હતું.

નાટ્યનાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દર મહિનાના ત્રીજા શનિવારે સાંજે ૫-૦૦ વાગે નાટ્યસર્જન, ભાવન અને મંચનની નવી ક્ષિતિજ ખોલી આપતી કાર્યશાળા યોજાય છે. તા.૨૦-૯-૨૦૨૫ના રોજ ધરા ભટ્ટલિખિત એકાંકી ‘પતંગ હોટલ’નું દિશાંત શેઠ અને ધરા ભટ્ટે વાચિક્મ કર્યું હતું. પ્રારંભે પરિષદમંત્રી સમીર ભટ્ટે કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. ઉપસ્થિત નાટ્યવિદોએ પ્રશ્નોત્તરી કરીને નાટકની ચર્ચા કરી હતી.

મનની મોજનીશી મણકો–૭

પ્રદાન ચૅરિટેબલ ટ્રસ્ટ-કલાધામ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪-૯-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે, મનની મોજનીશી મણકો-૭નો કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો હતો. જેમાં સપ્ટેમ્બર મહિનામાં જન્મેલા અને નિર્વાણ પામેલા કવિ સર્વશ્રી, જલન માતરીની ‘તકદીર ખુદ ખુદાએ લખી’, કવિતાનું ગાન ધ્રુવિશ શાહે, અમર પાલનપુરીની ‘ભોળીને ભરમાવી’નું ગાન આરતીએ, ચંપકલાલ વ્યાસની કૃતિનું પઠન સૌમિલે, નરસિંહરાવ દિવેટિયાની ‘દુરિત કૃપે પડ્યો’નું ગાન સૌમિલે, લૂઈ મેકનીસની ‘ગર્ભાત્માની પ્રાર્થના’નું ગાન નિસર્ગ ત્રિવેદીએ, કૃષ્ણ દવેની ‘વાંસલડી ડોટ કોમ’નું ગાન શ્યામલ-સૌમિલે, ચંદુ મહેસાનવીની કવિતા ‘મૃત્યુ’નું પઠન પ્રાપ્તિ શાહે, દિલીપ મોદીની કવિતા ‘અટ્ટહાસ્ય કરતો’નું પઠન નિસર્ગ ત્રિવેદીએ, વિઠ્ઠલભાઈ પટેલની કવિતાનું પઠન સૌમિલે, દામોદર ખુ. બોટાદકરની કવિતા ‘જનનીની જોડ સખી’નું ગાન બીજલ બુટાલાએ, દુર્ગેશ શુક્લની કવિતાઓ ‘બોખલું સ્મિત’નું પઠન નિસર્ગ ત્રિવેદીએ અને ‘વિસ્મૃતિ’નું પઠન નમિતા શુક્લએ, રમેશ પટેલ ‘ક્ષ’ની કવિતા ‘તે કોણ છે?’નું ગાન પ્રાપ્તિ શાહે, ‘મોરોસ્લાફ હોલુબ (ચેકોસ્લોવેકિયા)’ની કવિતા ‘રાહ જોવી’નું ગાન નમિતા શુક્લએ, મા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની કવિતા ‘પ્રારબ્ધને અહીં કોણ ગાંઠે’નું ગાન સૌમિલે, સતીશ ‘નકાબ’ની કૃતિનું પઠન સૌમિલે, હરીન્દ્ર દવેની કવિતા ‘તમે પાંપણને પલકારે’નું ગાન ધ્રુવિશ શાહે, જગદીશ જોશીકૃત ‘અણગમતું આયખું’નું ગાન આરતીએ, પીયૂષ પારાશર્યની કવિતા ‘સ્વ. માર્ટિન લ્યૂથર કિંગના અવસાન સમયે’નું પઠન પ્રાપ્તિ શાહે, યેહુદા અમીયાઈ(ઇઝરાયલ) ની કવિતાનું પઠન પ્રાપ્તિ શાહે, માગી દોશીની ‘જિંદગી ખાસ ત્યાં નથી પહોંચી’નું ગાન શ્યામલે, કાલિંદી પરીખની કવિતા ‘શેતરંજી’નું પઠન નમિતા શુક્લએ, મણિલાલ નભુભાઈ દ્વિવેદીની કૃતિનું પઠન સૌમિલે, અદમ ટંકારવીની ‘યાદોનાં પરફ્યુમ્સ ઊડે છે’ કૃતિનું ગાન શ્યામલે, નટવરલાલ પંડ્યા(ઉશનસ્)ની કવિતા ‘વળાવી બા આવી’નું પઠન નમિતા શુક્લએ અને ‘વળાવી બા આવ્યાં’નું પઠન નિસર્ગ ત્રિવેદીએ, ચિનુ મોદી ‘ઈર્શાદની ‘મેમરીલેન : વ્હાલા તું કેવો વનમાળી રાજા મિડાસ - તું છો આશુતોષ પ્રભુ’નું પઠન કર્યું હતું. આ કાર્યક્રમની પરિકલ્પના શ્યામલ-સૌમિલની હતી.

સર્જનગોષ્ઠિ ઉપક્રમ

શિશુવિહાર બુધસભા તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત ‘સર્જનગોષ્ઠિ ઉપક્રમ’ની બેઠકક્રમાંક : ૨૩૫૮માં તા. ૨૪-૯-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે, શિશુવિહાર ભાવનગરમાં શ્રી હેમેન શાહે કાવ્યપઠન અને સર્જનયાત્રાની વાતો કરી હતી.

પુસ્તક / AI / Ebook પરિસંવાદ

ગુજરાતી પ્રકાશન મંડળ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭-૯-૨૦૨૫ના રોજ બપોરે ૩-૦૦ કલાકે, પુસ્તક/AI /Ebook વિશે પરિસંવાદ ગોવર્ધન સ્મૃતિમંદિરમાં યોજાયો હતો. આ પરિસંવાદમાં ડૉ. સંજય ચૌધરીએ કહ્યું હતું કે ગુજરાતી પ્રકાશન ક્ષેત્રે એ-આઈ ટૅક્નૉલૉજીના વિનિયોગ સંદર્ભે જે પ્રશ્નો ઊભા થયા છે તેનો ઉકેલ શું હોઈ શકે તેના વિશે માહિતી આપી હતી અને ઉમેર્યું કે દુનિયાભરનાં જે સર્ચ એન્જિનો છે તેમની પાસે ગુજરાતી કન્ટેન્ટની માત્રા જ અન્ય ભાષાઓની સરખામણીમાં ઘણી ઓછી છે. એટલે એ-આઈ કે બીજી ટૅક્નૉલૉજીના વિનિયોગમાં આ બાબત બાધારૂપ બની શકે છે અને એ અંગે સમગ્ર ગુજરાતી સાહિત્યજગતે ચિંતા કરવી પડશે અને યોગ્ય ઉકેલ લાવવો પડશે. સરકારી અને અન્ય સેવાભાવી સંસ્થાઓ તેમજ સર્જકો, સૌના સહિયારા પ્રયાસો આ માટે અત્યંત જરૂરી છે. અને Ebook platform વિશે અભિનવ માલવીએ Ebook અંગે ઊભા થયેલા પડકારો અને નવી સર્જાયેલી તકો વિશે વિષદ છણાવટ કરી હતી, વાત કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદીએ કહ્યું કે પરિષદ ને પ્રકાશન મંડળનો આખરે તો એક જ હેતુ છે કે ઉત્તમ સાહિત્યસર્જનને એના વાચકો સુધી પહોચાડવું. તો આ ધ્યેયસિદ્ધિ માટે જે કંઈ કરવું પડે તે આપણે સૌએ સાથે રહીને કરવાનું છે અને પરિષદ આ માટે હંમેશાં તત્પર રહેશે. આ સંદર્ભે પ્રકાશકોએ પ્રશ્નોત્તરી કરીને વિષયને વધુ સરળ બનાવ્યો હતો. આ પરિસંવાદનું સંચાલન ચિંતન શેઠે કર્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રકાશનમંત્રી ભીખેશ ભટ્ટે સૌનો આભાર માન્યો હતો.

પુસ્તક-પ્રદર્શન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચિ. મં. ગ્રંથાલયમાં ગ્રંથાલયના સ્થાપનાદિન નિમિત્તે દર મહિને થતા પુસ્તક-પ્રદર્શન અન્વયે ઑગસ્ટ મહિનામાં 'નવાં પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૮-૮-૨૦૨૫ થી ૨૮-૮-૨૦૨૫ દરમિયાન રાખવામાં આવ્યું હતું. અને આ વખતે સપ્ટેમ્બર મહિનામાં ગુજરાતી ભાષામાંથી અન્ય ભાષામાં અનૂદિત પુસ્તકોનું પ્રદર્શન તા. ૧૭-૯-૨૦૨૫થી ૨૭-૯-૨૦૨૫ સુધી રાખવામાં આવ્યું હતું. પ્રદર્શન દરમિયાન સર્વશ્રી ચેતન શુક્લ, હરીશ ખત્રી, રૂપાબહેન શેઠ, પ્રફુલ્લ રાવલ, લિપિબહેન કોઠારી, પરીક્ષિત જોશી, મનીષ પાઠક અને અન્ય પુસ્તકપ્રેમીઓએ આ પુસ્તક-પ્રદર્શનની મુલાકાત લીધી હતી. રોજિંદા વાચકો, વિદ્યાર્થીઓ અને સાહિત્યરસિકોએ પણ સહકાર આપી પ્રદર્શનને આવકાર્યું હતું. મીડિયાવાળાએ પણ તેની નોંધ લઈને પ્રોત્સાહન આપ્યું હતું.

બાળરંજન રંગારંગ સભા

શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર સાંસ્કૃતિકભવન ગુજરાતી સાહિત્ય પરિષદે તા. ૨૭-૯-૨૦૨૫ના રોજ સાંજે ૪ થી ૭ દરમિયાન શ્રીમતી શિરીષ પરીખ બાલકિશોર સાંસ્કૃતિકભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં 'બાળરંજન રંગારંગ સભા' યોજાઈ હતી. આ પ્રસંગે પરિષદ પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. જેમાં સર્વશ્રી નટવર ગોહેલ, ગિરિમા ઘારેખાન, ગિરાબહેન ભટ્ટે રસભરી વાર્તાઓ સાથે ગીતોનાં રંગ છાંટણાં, જોડકણાં અને ઉલ્લાસભરી ઉખાણાંની રમઝટ મસ્તમજાની ઉમંગભરી વાર્તાઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમના સંયોજક સર્વશ્રી નટવર ગોહેલ, અવિનાશ પરીખ હતા. સંચાલન ડૉ. સ્નેહલ નિમાવતે કર્યું હતું.

■

ઇતુભાઈ કુરકુટિયા



કવિશ્રી **હસમુખ મઢીવાળા**નું આ જન્મશતાબ્દી વર્ષ (૧-૧૦-૧૯૨૬ - ૧૭-૧૧-૨૦૦૮) હોવાથી એમની સ્મૃતિમાં અભ્યાસગ્રંથ, એમના સાહિત્યનું પુનઃપ્રકાશન અને એમના સાહિત્ય વિશે પરિસંવાદનું આયોજન કરવામાં આવશે એમ એમનાં પુત્રી જાગૃતિ ત્રિવેદી તથા અભિલાષ મઢીવાળા તરફથી જાણવા મળ્યું છે.

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા યોજાયેલા કાર્યક્રમો

તા. ૨૮-૮-૨૦૨૫ના રોજ સાંજે ૬-૦૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સહયોગથી કવિ ઝવેરચંદ મેઘાણીના ૧૨૯મા જન્મદિન નિમિત્તે ‘સિંધુડો’ શીર્ષક અંતર્ગત ‘રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી વિશે શ્રી વસંત ગઢવીએ વક્તવ્ય આપ્યું અને જાણીતા પાર્શ્વગાયક અરવિંદ બારોટે ઝવેરચંદ મેઘાણીની રચનાઓની સંગીતમય પ્રસ્તુતિ કરી. તા. ૨૯-૮-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ગોવર્ધન સ્મૃતિમંદિર સભાગૃહમાં હાસ્યલેખક રતિલાલ બોરીસાગરની અધ્યક્ષતામાં હાસ્યલેખક ધનસુખલાલ મહેતાની ૫૧મી પુણ્યતિથિએ ‘હાસ્યવિહાર’ શીર્ષક અંતર્ગત આત્મકથાકાર ધનસુખલાલ મહેતા વિશે લલિત ખંભાયતાએ, હાસ્યલેખક ધનસુખલાલ મહેતા વિશે પ્રો. હસિત મહેતાએ અને અધ્યક્ષીય વક્તવ્ય રતિલાલ બોરીસાગરે આપ્યું. તા. ૧૮-૯-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ), અમદાવાદમાં બિન્દુ ભટ્ટના ૭૨મા જન્મદિનપ્રસંગે ‘શબ્દજ્યોતિ’ શીર્ષક અંતર્ગત શ્રી બિન્દુ ભટ્ટે પોતાના જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું. તા. ૨૦-૯-૨૦૨૫ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ગોવર્ધન સ્મૃતિમંદિર સભાગૃહમાં ‘પુસ્તકપરિચય’ અંતર્ગત રવીન્દ્રનાથ ટાગોરની નવલકથા ‘ગોરા’ વિશે પ્રો. ભરત મહેતાએ, સાહિત્યસર્જક પ્રતિભા રાયના પુસ્તક ‘દ્રૌપદી’ વિશે વક્તવ્યો આપ્યાં હતાં. ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’એ કર્યું હતું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં યોજાયેલા સાહિત્યિક કાર્યક્રમો

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન શ્રેણીમાં ‘શ્રી અરવિંદ : માનવથી મહામાનવ સુધી’ વિશે રાજેન્દ્ર પટેલે તથા ‘બાળકૃષ્ણની ચતુરંગી લીલા : મથુરા, ગોકુળ, વૃંદાવન, બરસાના’ વિશે શ્રી સુધાબહેન ભટ્ટે વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ વ્યાખ્યાનો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પરથી ઑનલાઇન પ્રસારિત કરવામાં આવ્યાં હતાં. શ્રી રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મહેશ

ચંપકલાલે ‘નાટકમાં જીવન, જીવનમાં નાટક’ વિશે ૧૧-૮-૨૦૨૫ના રોજ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત શ્રી અર્પણ યાજ્ઞિકે ‘વૈદિક જ્ઞાન દ્વારા જીવનપ્રકાશ’ વિશે ૧૮-૮-૨૦૨૫ના રોજ વક્તવ્ય આપ્યું હતું. કવિશ્રી ચંદ્રકાન્ત શેઠની પુણ્યતિથિ નિમિત્તે તેમાનાં કાવ્યોનું ગાન શ્રી અમર ભટ્ટે કર્યું હતું. આ કાર્યક્રમ ૨-૮-૨૦૨૫ના રોજ યોજાયો હતો.

‘પાષાણશિલ્પ અને અન્ય વાર્તાઓ’ લોકાર્પણ

મરાઠી ભાષામાં શ્રીમતી રેખા બૈજલલિખિત અને ગુજરાતીમાં શ્રી વિજય સેવક અનૂદિત પાંચ વાર્તાઓના પુસ્તક ‘પાષાણશિલ્પ અને અન્ય વાર્તાઓ’નો લોકાર્પણ કાર્યક્રમ (સ્વ.) નાનુભાઈપ્રેરિત સાહિત્ય સંગમ હૉલ, સુરતમાં યોજાયો હતો. લોકાર્પણ ‘પરબ’ના સંપાદક શ્રી કિરીટ દૂધાતના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિવિશેષપદે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદી અને અધ્યક્ષપદે શ્રી રવીન્દ્ર પારેખ હતા.

ઉન્મેષ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય સાહિત્ય મહોત્સવ

ઉન્મેષ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય સાહિત્ય મહોત્સવ (સંસ્કરણઃ૩) પટના (બિહાર) ખાતે તા. ૨૫થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત આ લિટરેચર ફેસ્ટિવલમાં ૯૦થી વધુ સત્ર, ૧૦૦ વધુ ભાષાઓ અને ૫૫૦થી વધુ લેખકો અને વિદ્વાનોનો સમાવેશ આ ફેસ્ટિવલમાં થયો છે. જેમાં ગુજરાતી સર્જકોમાં સર્વશ્રી વિનોદ જોશી, હરીશ મીનાશ્રુ, ભગવાનદાસ પટેલ, હિતેન આનંદપરા, હસિત મહેતા, કાનજીભાઈ પટેલ, અજયસિંહ ચોહાણ, છાયા ત્રિવેદી, પન્ના ત્રિવેદી, લતા હિરાણી અને સાગર શાહે કૃતિનું પઠન કર્યું હતું.

■

50% Discount

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રકાશનો ૫૦% વળતરથી મળશે.

ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રકાશિત કરેલાં પુસ્તકો અત્યંત મૂલ્યવાન છે.

જે ગ્રાહકો ખરીદવા ઈચ્છતા હોય તેમને **છાપેલી કિંમત ઉપર ૫૦% વળતરથી વેચાણે** આપવામાં આવશે. આથી જે સાહિત્યરસિકો ખરીદવા ઈચ્છતા હોય તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે ‘ગ્રંથવિહાર’નો સંપર્ક કરવા વિનંતી.

સંપર્ક નં. હંસાબહેન પટેલ (મો. નં.૯૮૯૮૭૬૨૨૬૩)

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન, સાવરકુંડલાના યજમાન પદે

તા. ૧૯,૨૦,૨૧, ડિસેમ્બર-૨૦૨૫

જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઈચ્છનારાઓએ પ્રતિનિધિ શુલ્ક રૂ.૧૫૦૦/- અને વિદ્યાર્થીઓએ રૂ.૭૫૦/- ભરવાના રહેશે. નોંધણી કરી ઉપસ્થિત રહેનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. નોંધણી તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધી જ થશે ત્યારબાદ કોઈપણ સંજોગોમાં નોંધણી કરવામાં આવશે નહીં. તેની નોંધ લેવા વિનંતી.

નોંધણી માટેની આવશ્યક સૂચના

- જ્ઞાનસત્રમાં ઉપસ્થિત રહેનારા મિત્રો પરિષદ કાર્યાલયમાં રોકડ અથવા ઓનલાઈન પેમેન્ટથી નોંધણી કરી શકશે.
- ઓનલાઈન પેમેન્ટ કરનારા મિત્રોએ આપેલ બેંક એકાઉન્ટમાં નિર્ધારિત રોકડા, ચેક, નેટ બેન્કિંગ, યુ.પી.આઈ. માધ્યમથી ભરી શકાશે.
- બેન્કની વિગતો એકાઉન્ટ નંબર, બેન્ક, બ્રાન્ચ IFSC કોડ વગેરે ભરેલ ફીની વિગતો/સ્ક્રીન શોર્ટ 9773222425 મોબાઈલ નંબર પર મોકલવાની રહેશે.
- નોંધણી કરનારે ફીની સાથે પોતાનો મોબાઈલ નંબર અને સરનામું અવશ્ય જણાવવું.

ગુજરાતી સાહિત્ય પરિષદની બેન્કની વિગતો નીચે મુજબ છે.

Name Of The Account Holder	:	Gujarati Sahitya Parishad
Bank Name	:	Bank Of India
Bank Address	:	Ashram Road Branch, Ahmedabad-380009
Bank A/C No.	:	200220100004869
MICR Code No.	:	380013006
IFSC No.	:	BKID0002002
Branch Code	:	2002

GUJARATI SAHITYA PARISHAD

SCAN & PAY

boim-200263714869@boi

સમીર ભટ્ટ, ભિખેશ ભટ્ટ, સંધ્યા ભટ્ટ,
ભરત મહેતા, સેજલ શાહ, રૂપા શેઠ
મંત્રીઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ

નોંધ - જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ આગામી અંકમાં મૂકાશે.

સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષરૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદ પ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મુકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

NAME OF THE ACCOUNT HOLDER	:	GUJARATI SAHITYA PARISHAD
BANK NAME	:	BANK OF INDIA
BANK ADDRESS	:	ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009
BANK A/C NO.	:	200220100004869
MICR CODE NO.	:	380013006
IFSC NO.	:	BKID0002002
BRNCH CODE	:	2002

હર્ષદ ત્રિવેદી — પ્રમુખ
સંજય ચૌધરી — કોષાધ્યક્ષ
સમીર ભટ્ટ — મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

પરબ અપીલ પેટે મળેલ દાન

ક્રમ	નામ	ગામ	રકમ
૧.	અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ	અમદાવાદ	૧૧,૦૦,૦૦૦
૨.	શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે)	અમિયાપુર	૧,૨૫,૦૦૦
૩.	શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે)	ભુજ	૧,૦૦,૦૦૦
૪.	રોહિતભાઈ જી. બોડીવાલા	અમદાવાદ	૫૧,૦૦૦
૫.	બીનાબહેન કાનાણી	થાણા	૨૫,૦૦૦
૬.	છેલભાઈ વ્યાસ	અમરેલી	૨૧,૦૦૦
૭.	શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન)	અમદાવાદ	૫,૦૦૧
૮.	ભરત એચ. દવે	જૂનાગઢ	૩,૦૦૦
૯.	એક સાહિત્યપ્રેમી	અમદાવાદ	૧,૦૦૦
૧૦.	શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે)	અમદાવાદ	૫૪૦

ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન

ક્રમ	નામ	ગામ	રકમ
૧.	શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે	અમદાવાદ	૨,૫૦૦

નવા આજીવન સભ્યોની યાદી

- જયપાલ થાનકી — જામનગર
- તરંગ દેવેન્દ્ર ચૌધરી — મહેસાણા
- કિશોર આર. ભટ્ટ — અમદાવાદ
- મૌલિકકુમાર પ્રજાપતિ — ગાંધીનગર
- ચૈતાલી એન. ઠક્કર — ભુજ
- ફાલ્ગુની વસાવા — અમદાવાદ
- સંધ્યાબહેન વિજયકુમાર ભટ્ટ — બગસરા
- વિજયભાઈ ચંદુભાઈ પારેખ — અમદાવાદ
- કિરીટ બી. ત્રિવેદી — અમદાવાદ
- રાજેન્દ્ર ડી. મહેતા — અમદાવાદ
- ડૉ. વિનીત સી. પરીખ — અમદાવાદ
- જયશ્રી જિતેન્દ્ર ચૌધરી — બારડોલી
- ડૉ. હર્ષદ વી. કામદાર — અમદાવાદ
- કિશોર ડી. પ્રજાપતિ — બારડોલી
- હિતેશ એસ. વડાલિયા — જેતપુર
- ભાવેશકુમાર પી. બાભણિયા — અમદાવાદ
- રીટા બી. ભગૉરા — સુઘડ
- રીતુ આર. સોલંકી — છાલા

આ અંકના લેખકો

આનંદિતા રૈયાણી : બી/૬૦૧, હરિદ્વાર હિલ્સ, ગોકાજી સર્કલ પાસે, સિલિકૉન વેલીની સામે, નાના મૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. (મો. ૯૪૨૬૫૨૯૪૫૯)

ઉર્વીશ વસાવડા : આશીર્વાદ એક્સરે ક્લિનિક, ચિત્તાખાના ચૉક, સિવિલ હૉસ્પિટલ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧. (મો. ૯૮૨૪૨૯૫૨૫૯)

ઈતુભાઈ કુરકુટિયા : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (મો. ૯૭૧૪૬૪૦૧૫૬)

એકતા નીરવ દોશી : ઈ/૩૦૩, વ્રજવિહાર-૬, વ્રજધામ હવેલી પાસે, રત્નાકર-૪ પાસે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઇટ અમદાવાદ-૩૮૦૦૧૫. (મો. ૭૨૨૮૮૮૮૫૭૦)

કિરીટ દૂધાત : A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (મો. ૯૪૨૭૩૦૬૫૦૭)

ચંદ્રકાન્ત ટોપીવાળા : D/૬, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા, અમદાવાદ - ૩૮૦૦૧૫.

ડંકેશ ઓઝા : ૬, સ્વાગત સિટી, અડાલજ-ચાંદખેડા રોડ, અડાલજ-૩૮૨૪૨૧. જિ. ગાંધીનગર. (મો. ૯૭૨૫૦૨૮૨૭૪)

દર્શના ધોળકિયા : ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બેકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧. (કચ્છ) (મો. ૯૦૯૯૦૧૭૫૫૯)

Deepak Maheta : Flat No.-3, Fulrani, Sahitya Sahvas, Madhusudan Kalelkar Marg. Kalanagar, Bandra (East) Mumbai-400051. (M. 9821832270)

દ્વિતીયા શુક્લ : બી-૫૦૧, સત્ત્વ ફ્લેટ, નારાયણ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. (મો. ૯૯૨૪૪૩૦૮૯૧)

નરેશ અંતાણી : ૨૨\બી, શિવમ્ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે, ભુજ-માધાપર રીંગ રોડ, ભુજ કચ્છ. ૩૭૦૦૨૦, ફોન ૯૯૯૮૨૨૦૪૭૮

નિશા આર. ફેફર : સિનિયર રિસર્ચ ફેલો, પીએચ.ડી. શોધ છાત્ર, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. (મો. ૮૪૬૯૯૦૦૭૨૨)

Preety Sengupta : 4944, Grand Bank Drive, Wimauma-Fla-33598. (U.S.A.)

મનુ વી. ઠાકોર : 'મનન' મુ. પો. ભદ્રાડા બસસ્ટેશનની પાસે, તા. સમી, જિ. પાટણ-૩૮૪૨૪૫ (મો. ૭૮૭૪૨૮૩૯૩૦)

યોગેન્દ્ર પારેખ : ૧૮, શ્રીનાથ રેસિડેન્સી, વિ.-૧, પેટ્રોલપંપ સામે, સ્વાગત સિટી પાસે, મુ. અડાલજ-૩૮૨૪૨૧ (મો. ૯૪૨૭૯૦૩૫૩૬)

રાધિકા પટેલ : બી-૯૦૨, સંપદવુડ્સ, સંગાથનેનો, ગોટેરા પાસે, કોટેશ્વર - ભાટ રોડ, કોટેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૫. (મો. ૮૭૫૮૧૨૧૯૬૫)

વર્ષા અડાલજા : એ/૨, ગુલબહાર, મેટ્રો સિનેમા પાછળ, બેરેક રોડ, મુંબઈ-૪૦૦૦૨૦. (મો. ૯૮૨૩૦૭૬૬૭૩)

વિનોદ જોશી : 'પ્રયાગ', ૩૨, શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧. (મો. ૯૮૨૫૯૮૯૭૩૭)

શરીફા વીજળીવાળા : બી-૪૦૨, વૈકુંઠપાર્ક ઍપાર્ટમેન્ટ, તાડવાડી, બેજનવાલા કૉમ્પ્લેક્સ પાછળ, કોઝવે રોડ, રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. (મો. ૯૮૨૪૫૧૯૯૭૭)

સુમન શાહ : sumangshah@gmail.com / suman-9-shah@yahoo.com

સુષમા શેઠ : ૮૦૧, આઇનોક્સ, મલ્ટિપ્લેક્સ સામે, રેસકૉર્સ સર્કસ, વડોદરા-૩૯૦૦૦૭. (મો. ૯૮૨૪૫૨૨૨૪૩)

હરીશ શાહ : સી-૧૨/એ, ક્રિષ્નાવેલી, ડુપ્લેક્ષ, ભાવનાપાર્ક સામે, અમિતનગર સર્કલ પાસે, કારેલી બાગ, વડોદરા-૩૯૦૦૨૨. (૯૮૭૯૫૦૩૩૬૨)

હર્ષદ ત્રિવેદી : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. (મો. ૯૭૨૩૫૫૯૯૪)

હિમાલી મજમુદાર : ૨/એ, સહયોગ, સ્ટેટ બેન્ક ઑફ સૌરાષ્ટ્ર, ઑફિસર્સ સોસાયટી, ચંદ્રનગર, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. (૯૯૦૪૦૪૨૩૨૯)

■

અમારો હેતુ એમ નથી કે નાટકો બોધપ્રધાન હોવાં જોઈએ. નાટક લખનારે બોધ કરવા ઉપર લક્ષ રાખવું જોઈએ, એમ પણ અમે કહેતા નથી. અમારા વિચારમાં તો બોધ કરવો છે એ વાત જ તે ભૂલી જાય તો સૌથી સારું. જેમ શ્રોતા ઉપર મારે અસર કરવી છે એમ ધારી જે ભાષણ આપે છે, તે કદી પણ અસર કરનારો વક્તા થઈ શકતો નથી, તેમ જ બોધ ઉપર નજર રાખનારાં નાટકો તો નકામાં ટાયલાં જ સમજવાં, કે જે ધોબીનાં કૂતરાંની પેઠે નહીં ગામનાં કે નહીં ઘાટનાં, એવાં હોય છે.

– નવલરામ પંડ્યા

અમેરિકામાં જાણીતા કવિ પન્ના નાયકનું લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ દ્વારા સન્માન

નોર્થ અમેરિકા–કેનેડા અને અમેરિકામાં–અત્યારે દસેક લાખ ગુજરાતીઓ વસે છે, જે અહીંના ભારતીયોના ૨૦% છે. ગુજરાતમાંથી અહીં આવ્યા પછી પણ એમનો ગુજરાતી ભાષા- સાહિત્યનો પ્રેમ અડીખમ છે. એમણે અમેરિકામાં ગુજરાતી ભાષા અને સાહિત્યની જાળવણી માટે ૧૯૮૦ના દાયકામાં ગુજરાતી લિટરરી એકેડમી ઓફ નોર્થ અમેરિકાની સ્થાપના કરી. આ અકાદમીનું અધિવેશન દર બે વર્ષે યોજાય છે જેમાં દેશમાંથી આમંત્રિત અગ્રગણ્ય સાહિત્યકારોનાં પ્રવચનો ગોઠવાય, ખાસ તો અહીંના સર્જકોની કૃતિઓની ચર્ચા થાય.

હમણાં ન્યૂ જર્સીમાં આ અધિવેશન યોજાયું જેમાં જાણીતા કવિ પન્ના નાયકનું લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માન થયું. છેક ૧૯૬૦થી અમેરિકામાં વસતા ગુજરાતી કવિ સર્જકોમાં પન્ના નાયક વરિષ્ઠ છે. એમનું સઘળું સર્જન અમેરિકામાં આવ્યા પછી જ થયું છે. એમના ૧૦ કવિતાસંગ્રહો, એક વાર્તાસંગ્રહ અને એક લેખસંગ્રહ પ્રસિદ્ધ થયા છે. એમના લેખનમાં અહીં વસતા ગુજરાતીઓની–ખાસ કરીને સ્ત્રીઓની–અનુભૂતિની વાત છે. આ ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતી સાહિત્ય અકાદમી, તેમ જ અન્ય ભારતીય અને અમેરિકન સંસ્થાઓએ પણ એમને સન્માન્યાં છે.

પૂ. ગાંધીજીને લગતું કાવ્ય

[1]રમકડાં બાપુ મને આપો, આજે જોઈએ મધુર મોરલો, કોયલ કાળી કાલ;
રાતે આજ ઉતારશું ચાંદો, સૂર્ય પ્રભાતે લાલ. રમકડાં.

એક ભમરડો મજબૂત જાળી, ઝીણી લાંબી આર;
ભાઈબંધનો ભાંગું ગરીયો, એવો મારું માર. રમકડાં.

ચાવીવાળી મોટર જોઈએ, નાનું ઍરોપ્લેન;
વ્હાલો બાપ કહી ના ન કહે, જો બાળક લે વ્હેન. રમકડાં.

એ મોટરે હિમાચલ ચડશું, ગગન વિમાને અડશું;
બધાં બાળકો સાથે જઈને, પ્રભુના કાન પકડશું. રમકડાં.

વ્હાણ કરો કાગળનું મોટું, માહિમ દરિયે તરવા;
અમે બધાં અંદર બેસીને જશું વિલાયત ફરવા. રમકડાં.

નિશાળ અમને કડવી લાગે, રમવા દ્યો જી સ્વતંત્ર;
રોજ કહેતા સૌ સ્વતંત્ર છો, શીદ રોકો મુજ તંત્ર. રમકડાં.

નહીં દેશો સત્યાગ્રહ કરશું, અપવાસશું પજવશું;
બધાં બાળુડાં સાથ મળીને, બાળક ભાવ ભજવશું. રમકડાં.

જે કહેતાં તે રોજ આપતા, આજ કહો છો ના;
હવે નહીં ચાલે બાપુજી, આપ તણું પણ ભા. રમકડાં.

---

૧. પ્રભાશંકર પટ્ટણીના આ કાવ્યથી ગાંધીજી બહુ ખુશ થયા હતા અને મહાદેવભાઈ દેસાઈ પાસે, બધાંની વચ્ચે ગવરાવ્યું હતું. – સંપાદક

x x x

કૃષ્ણ ભગવાનનાં પહેરવાનાં પીતાંબર થતી પુનિત ગાંધીની ખાદી,
રાજ મહારાજ, સમ્રાટના તાજથી સોગણી કીમતી ખાદી,
દેશ આબાદીનું મૂળ મશહૂર સ્વાતંત્ર્યને જન્મ દેનાર ખાદી,
સર્વ સામાન્ય ઢાંકણ ધની ગરીબનું હિંદના રાજની રાજગાદી.

– પ્રભાશંકર દલપતરામ પટ્ટણી

૧૫-૪-૧૮૬૨ – ૧૬-૨-૧૯૩૮

બ્રિટિશ સલ્તનતના આશ્રિત ભાવનગર રાજ્યના દીવાન હોવા છતાં બ્રિટિશ હાકેમોની સામે કાવ્યો લખવાનું સામર્થ્ય પ્રભાશંકરે દેખાડેલું.

સંવાહક : **પીયૂષ પારાશર્ય**, ભાવનગર
(મો. ૯૮૨૫૧૮૭૦૦૭)

ગાંધીજીનું ચિંતન : મૂલ્યાંકન.
વ્યક્તિત્વનું દર્શન અને દર્શનની વ્યાપ્તિ

ઘણા લોકોનાં મનમાં ઊભો થતો એક પ્રશ્ન છે કે ગાંધીજી એમના જીવનના અંતિમ દિવસોમાં તદ્દન એકલા હતા. પારાવાર વેદના અને નિરાશાથી ઘેરાયેલા ગાંધીજીને પછી તો એકસો પચ્ચીસ વર્ષ જીવવાની જે ઇચ્છા હતી તે પણ રહી નથી. એમના વર્ષોના સાથીઓ જેમને હિન્દના સ્વરાજ માટે ગાંધીજીએ તૈયાર કર્યા; તે બધા જ રાજકીય નેતાઓ સ્વરાજ મળતાંની સાથે ગાંધીજી અને ગાંધીજીના સિદ્ધાન્તોને નેવે મૂકી દે છે. જીવનના આ અંતિમ દિવસો જેને પ્યારેલાલે [૧]"પૂર્ણાહુતિ"માં આલેખ્યા છે તે ગાંધીજીના જીવનની અસહ્ય કરુણ કથા છે. આવું કેમ? આ પરથી એમ નથી લાગતું કે ગાંધીજી એમના જીવનકાર્યમાં નિષ્ફળ ગયા?

ઇતિહાસ આંખ સામેથી પસાર થાય છે : જગતનો પ્રત્યેક મહાપુરુષ એનાં જીવનની અંતિમ અવસ્થામાં, છેલ્લી પરીક્ષામાં એકલો જ હોય છે. પછી એ યાદવાસ્થળી પછી પારધીના બાણથી વીંધાતા શ્રીકૃષ્ણ હોય કે ક્રૉસ ઊંચકીને વધસ્તંભ તરફ જતા ઈશુ હોય, હિમાળો ગાળવા જતા યુધિષ્ઠિર હોય કે નોઆખલીના મહાભિનિષ્ક્રમણના ગાંધીજી હોય. વિકાસની એ અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ ભૂમિકા એટલી તો ઊંચી હોય છે કે સામાન્ય માણસ ઇચ્છે તોપણ સાથે રહી શકતો નથી. એ સાધકની મર્યાદા નથી પણ સાધનાની વિશેષતા છે કે જીવન વિકાસની અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ એકલતા નથી નિષ્ફળતા કે નથી નિરાશા. એ કરુણતા જરૂર છે, પણ એ કરુણતામાં ભવ્યતા રહેલી છે. માનવસંસ્કૃતિના હિમાલયનું એ ભવ્ય ઉન્નત શિખર છે.

ડૉ. દક્ષાબહેન વિજયશંકર પટ્ટણી
(૪-૧૧-૧૯૩૮, ૧૧-૩-૨૦૧૯)

સંવાહક : **પીયૂષ પારાશર્ય**, ભાવનગર
(મો. ૯૮૨૫૧૮૭૦૦૭)

---

૧. ગાંધીજી, "મારા આ મિશનમાં મારી સાથે કોઈ પણ સાથી રાખવાની મને જરૂર નથી કેમ કે, એની ઝડપીમાં ઝડપી સફળતા માટે, ઈશ્વર મોકલી આપે તે સિવાય કશા રક્ષણ કે સહકારની જરૂર નથી. અહિંસાના કાર્યની મારી આવી કલ્પના છે."

પ્યારેલાલ, પૂર્ણાહુતિ ભાગ-૨, પા. ૧૪૭.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, બંધુ સમાજ સોસાયટીની સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ – 380013

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
ચાર દાયકાની સફર
(૧૯૮૫–૨૦૨૫)

- ગુજરાતી ભાષાને પોતાનો વિશ્વકોશ હોવો જોઈએ એવા દૃઢ સંકલ્પ સાથે ૧૯૮૫માં વિશ્વકોશ ટ્રસ્ટનો પ્રારંભ.
- ૨૨ વર્ષનો વિદ્યાપુરુષાર્થ કરીને ૧૭૦ વિષયો ધરાવતા ગુજરાતી વિશ્વકોશનાં ૨૬,૦૦૦ પૃષ્ઠોમાં સમાવિષ્ટ ૨૪,૦૦૦થી વધુ લખાણો ધરાવતા ૨૬ ગ્રંથો.
- આ લખાણો https://gujarativishwakosh.org પર વિષય, લેખક અને અધિકરણનાં નામ પ્રમાણે જોઈ શકાશે.
- ભારત, અમેરિકા, ઇંગ્લૅન્ડ, સિંગાપોર, ફ્રાંસ તથા અન્ય દેશના દર મહિને આશરે અઢી લાખથી વધુ લોકો ઑનલાઇન વિશ્વકોશ જુએ છે.
- **ગુજરાતી બાળવિશ્વકોશ :** ૧૦ ગ્રંથોમાં ૨,૯૭૨ પૃષ્ઠો, ૨૩૫૦ લેખો ધરાવતો રંગીન પૃષ્ઠો સાથે પ્રકાશિત.
- **અન્ય કોશ :** ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ • પરિભાષાકોશ • તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ • બૃહદ નાટ્યકોશ.
- હવે પછી પ્રગટ થશે – નારીકોશ (ત્રણ ભાગમાં), સંતકોશ અને ગ્રંથાલયવિજ્ઞાનકોશ.
- **ગુજરાતી લૅક્સિકન :** ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ૨૫ વર્ષના પ્રયત્ન બાદ તૈયાર થયેલો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઇન શબ્દકોશ. અત્યાર સુધીમાં પાંચ કરોડ અને સાઠ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે અને આજે એક મહિનામાં સવા બે લાખ જેટલી વ્યક્તિ ભારત, અમેરિકા, કૅનેડા, ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વિઝિટ કરે છે.
(www.gujaratilexicon.com)

આ ઉપરાંત ગ્રંથશ્રેણી પ્રકાશન, ગ્રંથાલય, સામયિક પ્રકાશન, વ્યાખ્યાનશ્રેણી, વિવિધ કાર્યશિબિર, ડાયસ્પોરા સંશોધન કેન્દ્ર, ઑનલાઇન પ્રસ્તુતિ અને વિવિધ ક્ષેત્રે આવરી લેતા ઍવૉર્ડ.

Gujarat Vishvakosh Trust | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
9898042699 | Gujarat Vishvakosh

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

વિશ્વકોશની ચાળીસ વર્ષની સફરનાં સીમાચિહ્નો

કોશસર્જન : ગુજરાતી વિશ્વકોશ ● બાળવિશ્વકોશ ● ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ ● પરિભાષાકોશ ● તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ ● બૃહદ નાટ્યકોશ.

હવે પછી : નારીકોશ (ભાગ ૧થી ૩) ● સંતકોશ ● ગ્રંથાલયવિજ્ઞાનકોશ.

ગ્રંથશ્રેણી : વિવિધ વિષયના નિષ્ણાતો દ્વારા લખાયેલાં સાહિત્ય, શિક્ષણ, ધર્મ, વિજ્ઞાન, દર્શન, લોકસંસ્કૃતિ અને વિવિધ કલાઓ પરનાં આધારભૂત પુસ્તકોનું છ ગ્રંથશ્રેણી દ્વારા એકસોથી વધુ પુસ્તકોનું પ્રકાશન.

સામયિક પ્રકાશન :

- ◈ વિશ્વની ગતિવિધિની ઓળખ આપતું મુખપત્ર 'વિશ્વવિહાર' માસિકનું પ્રકાશન, જે યૂટ્યૂબ ચૅનલ (Gujarat Vishvakosh Trust) પર શ્રાવ્ય સ્વરૂપે ઉપલબ્ધ.
- ◈ શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક 'ગુર્જરી ડાયજેસ્ટ'નું પ્રકાશન.
- ◈ સ્ત્રીઓ દ્વારા ચાલતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું ત્રૈમાસિક 'વિશ્વા'નું પ્રકાશન.

વ્યાખ્યાનશ્રેણી : વિશ્વકોશના જુદા જુદા વિષયોને કેન્દ્રમાં રાખીને વિદ્વાન વક્તા દ્વારા અગિયાર જેટલી વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ૭૦૦થી વધુ વ્યાખ્યાનો.

કાર્યશિબિર : ભરતનાટ્યમ્, સ્વાસ્થ્ય યોગશિબિરો, પ્રજ્ઞાચક્ષુ બહેનો માટે યોગશિબિર, હસ્તપ્રતવિદ્યા, રોબૉટિક્સ, પ્રૂફવાચન, કૅલિગ્રાફી, ભયનિવારણ, બ્રાહ્મીલિપિ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સર્જનાત્મક લેખનશિબિરનું આયોજન કરવામાં આવે છે.

ગુજરાતી લૅક્સિકન : ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઇન શબ્દકોશ.

વિશ્વા : સાહિત્યકાર શ્રી ધીરુબહેન પટેલની પ્રેરણાથી પ્રારંભ થયેલું બહેનો માટેનું પ્રવૃત્તિકેન્દ્ર.

સ્પર્ધા : શાળાના વિદ્યાર્થીઓ માટે સ્વ. હરિકેત પાઠક ચિત્રસ્પર્ધા અને વક્તૃત્વ સજ્જતા અભિયાન.

ઍવૉર્ડ : સાહિત્ય, શિક્ષણ, સામાજિક ઉત્થાન, ટૅક્નૉલૉજી દ્વારા પરિવર્તન, ભાષા-સંશોધન, નાટ્યલેખન, ચિત્રકલા ક્ષેત્રે આગવું પ્રદાન કરનારને આપવામાં આવતા દસ જેટલા ઍવૉર્ડ.

Gujarat Vishvakosh Trust | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

9898042699 | Gujarat Vishvakosh

વિદ્વાનો, જિજ્ઞાસુઓ અને અભ્યાસુઓને ઉપયોગી વિશિષ્ટ પુસ્તકો

હરેશ ધોળકિયા

નંદશંકરથી ઉમાશંકર	250
દર્શક અને બીજા વિશે	180
કથા, તું બહુરૂપિણી !	240
કાવ્યનો સ્પર્શ	180

દર્શના ધોળકિયા

આઠે પહોર આનંદ રે...	125
નરસિંહ ચરિત્રવિમર્શ (પુરસ્કૃત)	300

ભી. ન. વણકર

સૂર્યાયન	90
પર્યાય	75
અનુસંધાન	90

દલપત ચૌહાણ

ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (પુરસ્કૃત)	170
શબ્દભેદ	125

સ્વામી સચ્ચિદાનંદ

ભર્તૃહરિનાં બે શતકો	300
કાન્હડદે પ્રબંધસાર	120
ચાણક્યની રાજનીતિ	500
વિદુરનીતિ	300
મુનશી પ્રેમચંદજીનો પુનરાવતાર	150

વિજય શાસ્ત્રી

સાહિત્યિક વાચનાઓ વિશે	150
તત્પુરુષ	110
ઉદ્ગાર	60

પ્રવીણ દરજી

મણિપુષ્પક	120
નિબંધ અને નિબંધન	60

આરતી ત્રિવેદી

વાર્તાકાર દ્વિરેફ	60
પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ 1-2	425

બાળસાહિત્ય વિવેચનનાં પુસ્તકો

બાલકાવ્યવિમર્શ	હરિકૃષ્ણ પાઠક	140
બાળસાહિત્ય દર્પણ	ડૉ. રવીન્દ્ર અંધારિયા	150
બાળવાંચન	નિહારીકા ટી. ઉદાણી	125
બાલકથાસાહિત્ય : એક ઝલક	શ્રદ્ધા ત્રિવેદી	90
બાળસાહિત્ય : સમીક્ષા અને દર્શન	નટવર પટેલ	90
બાલસાહિત્યમંથન	યશવંત મહેતા	100
ગુજરાતી બાલવાર્તા	ઈશ્વર પરમાર	80
ગુજરાતી બાળસાહિત્ય : દર્શન અને દિશા	મોહનભાઈ શં. પટેલ	100
બાળસાહિત્ય સ્વરૂપ અને સર્જન	રતિલાલ સાં. નાયક	80
બકોર પટેલની હસતી દુનિયા	હુંદરાજ બલવાણી	25

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
મો.: 9227055777, 9662275777 E-mail: goorjar@yahoo.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102 લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન: 26934340
E-mail: gurjarprakashan@gmail.com ❑ website: www.gspbooksmall.com

રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

નવલિકા-વાર્તાસંગ્રહો

ડૉ. ચંદ્રકાન્ત મહેતા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
અનાયાસ	૨૬૫.૦૦
મૌનનાં મૃદંગ	૩૧૦.૦૦
અહેસાસ	૨૨૦.૦૦
મન મધુવન	૨૪૫.૦૦
શતદલ	૨૩૦.૦૦
તથાસ્તુ	૨૩૦.૦૦
સ્નેહશપથ	૨૪૦.૦૦
વાટ અને તલસાટ	૨૬૫.૦૦
ચહેરે ચહેરે કથા	૧૯૫.૦૦
સ્વપ્નલોક	૧૭૫.૦૦
મારી વાર્તાસૃષ્ટિ	૨૧૫.૦૦
મારું વાર્તાવિશ્વ	૨૦૦.૦૦
વર્તન-પરિવર્તન	૨૨૦.૦૦
ઘોષ-પ્રતિઘોષ	૨૨૦.૦૦
આલબમની તસવીરો	૨૨૦.૦૦
ઋણાનુબંધ	૧૯૫.૦૦
સર્મપણના સંગાથી	૧૮૦.૦૦
મન મૂકીને વરસો	૧૯૦.૦૦
સંબંધોનું આકાશ	૧૮૦.૦૦
સંબંધોનું મેઘધનુષ	૧૮૦.૦૦
જિંદગી રંગબેરંગી	૧૮૦.૦૦

હરીશ નાગ્રેચા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
એક ક્ષણનો ઉન્માદ	૧૩૫.૦૦
હેલો, સૂર્યા !	૧૦૫.૦૦
અને છતાં પણ	૧૦૨.૦૦

રાધેશ્યામ શર્મા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મોહન પરમારની પ્રતિનિધિ વાર્તાઓ	૧૭૦.૦૦
ઘટનાલોક	૮૦.૦૦
ફ્લાવરવાઝ	૨૦૦.૦૦

મોહન પરમાર

પુસ્તકનું નામ	કિંમત રૂ.
અચરજ	૨૭૫.૦૦
હણહણાટી	૨૫૦.૦૦
નકલંક	૨૬૦.૦૦
અંચળો	૧૫૫.૦૦
કુંભી	૧૩૦.૦૦
કોલાહલ	૫૫.૦૦
પોઠ	૧૦૦.૦૦

રાઘવજી માધડ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મનખાની મિરાત	૨૫૦.૦૦
મનખાનો મેળો	૨૪૦.૦૦
પ્રેમસગાઈ	૧૭૫.૦૦
મુકામ તરફ	૨૭૫.૦૦
પ્રેમનો પંથ	૨૩૦.૦૦
પ્રેમ પછી (ધુમ્મસ શ્રેણી-૩)	૨૩૦.૦૦
ધુમ્મસ (ભાગ-૨)	૧૯૫.૦૦
ધુમ્મસ (ભાગ-૧)	૧૮૦.૦૦

માવજી કે. સાવલા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મુગ્ધ અબોધ પ્રેમની અનોખી દાસ્તાન (અનુવાદિત વાર્તાસંગ્રહ)	૨૦૦.૦૦
સ્વપ્ન : એક બુદ્ધુનું (દોસ્તોયવ્સ્કીની The Dream of a Ridiculous Manનો OLGA SHARTSE દ્વારા અંગ્રેજીમાં અનૂદિત થયેલ વાર્તાનો ગુજરાતી અનુવાદ)	૩૫.૦૦

પ્રાણપોષક આહાર માટે

ગાંધીની ખોજ

વિપુલ કલ્યાણી ● કેતન રૂપેરા

2025, પૃ. 112, કાચું પૂંઠું, ₹ 100

એક સાથે 5 નકલ ખરીદનારને

₹ 500ના બદલે ₹400માં

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, ‘ટાઇમ્સ’ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની
પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે

ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા
કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

કાવ્યસંચય :

૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮)	રન્નાદે પ્રકાશન	૧૧/-
૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૩. વિદેશવટો (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૫. અછાંદોત્સવ (૨૦૧૩)	ફ્લેમિંગો પબ્લિકેશન	૨૫૦/-
૬. ચક્રવ્યૂહ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૩૫૦/-
૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬)	બુકપબ	૩૫૦/-
૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭)	બુકપબ	૨૫૦/-
૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦)	ડિવાઈન પબ્લિકેશન	૧૫૦/-
૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦)	ગ્રંથમ	૪૦૦/-
૧૧. મનસંહિતા (૨૦૨૨)	ઝેડકેડ પબ્લિકેશન	૫૦૦/-
૧૨. મનોરથ (પ્રકાશ્ય)	ઝેડકેડ પબ્લિકેશન –	

ગદ્યપ્રકાશન – નવલિકા :

૧. પરાયા શ્વાસ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૨. સત્યેનની સકીના (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૩. ભીતર અનારાધાર (૨૦૧૩)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. હું અને મારી કવિતા (૨૦૨૨)	બોલ્ડ પ્રકાશન	૨૫૦/-
૫. ત્રેવડ (૨૦૨૨)	ડિવાઈન પબ્લિકેશન	૨૦૦/-

BHARAT TRIVEDI
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net

ઓમ કૉમ્યુનિકેશન

રજિ. નં. ઈ/૧૯૯૨૧/અમદાવાદ

માનનીયશ્રી,

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુજરાતી ભાષાના દિવંગત સાહિત્યકારના જન્મદિન/પુણ્યતિથિએ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન થાય છે. 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ હયાત સાહિત્યકારના જન્મદિનની ઉજવણી થાય છે. 'શબ્દજ્યોતિ'માં હયાત સાહિત્યકાર પોતે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપે છે. આજની નહીં પણ આવતીકાલની ૨૦ વર્ષ પછીની યુવાપેઢી શિષ્ટ સાહિત્યનું વાચન કરે એ હેતુથી 'પુસ્તક-પરિચય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિનો પરિચય માતૃભાષા ગુજરાતીમાં મળે એ હેતુથી 'સંસ્કૃતપર્વઃવાગ્માધુરી'નું આયોજન કરવામાં આવે છે. સામાન્ય રીતે મધ્યયુગ નરસિંહ મહેતાથી શરૂ થાય છે પણ એ પહેલાંનો પ્રાગનરસિંહયુગ અથવા હેમયુગના ગુજરાતી જૈન સાહિત્યસર્જકોએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરેલું છે. એ સર્જકોનો પરિચય થાય અને એમની કૃતિઓ પર આપણી વિશેષ દૃષ્ટિ પડે એ હેતુથી 'પર્યુષણ સાહિત્યપર્વ' અને 'શબ્દસંપદા'નું આયોજન થાય છે. આ સિવાય પણ અન્ય પ્રકલ્પ દ્વારા સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થાય છે.

માતૃભાષા ગુજરાતીની ચિંતા કરવાને બદલે ભાષાનું સંવર્ધન થાય એ હેતુથી સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન થાય એ સંસ્થાનો મુખ્ય હેતુ છે.

સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી અને સંસ્થાનું આર્થિક ભારણ ઓછું થાય તેમજ સંસ્થાનું સ્થાયી ભંડોળ એકઠું થાય એ માટે સંસ્થા ડોનેશન માટે આપને નમ્ર અપીલ કરે છે. ૮0G (૫) હેઠળ પણ મહત્તમ ડોનેશન આપી આપ ઈન્કમટૅક્સમાં રાહત મેળવી શકો છો.

આભાર સહ,
અપેક્ષા સહ,

– મનીષ પાઠક
(મે. ટ્રસ્ટી ઓમ કૉમ્યુનિકેશન)

બૅન્કની વિગત :

Name	: OM COMMUNICATION
Bank Name	: Punjab National Bank
Branch	: Sola Road.
A/c. No.	: 3937000100083947
IFS Code	: PUNBO393700
Address	: 13, Narottam Park, B/h. Agarwal Tower, Bhuyangdev Cross Road, Sola Road, Ghatlodia, Ahmedabad-380061 Mo. : 9825046684

માય ડિયર જયુની પોતાની પ્રકાશન–વ્યવસ્થા

લટૂર પ્રકાશન

‘અવનિલોક’, ૩, શાંતિનગર સોસાયટી,
૨૨૭૩, હિલ ડ્રાઈવ, ભાવનગર–૧

વસાવો – વાંચો – વખાણો

લટૂર પ્રકાશન + ગિરીશ ભટ્ટ = વાર્તાસંગ્રહો

- વીનસનો ઓગણીસમો જન્મદિવસ : કિં. રૂ. ૨૦૦/– (તદ્દન નવો વાર્તાસંગ્રહ)
- તુંહિ તુંહિ : કિં. રૂ. ૨૨૫/–
- બે તારીખો વચ્ચે : કિં. રૂ. ૧૮૦/–
- ટોપીઓ ભરતી સ્ત્રીઓ : કિં. રૂ. ૧૮૦/–
- ગોત્ર : કિં. રૂ. ૧૮૦/–
- સુગંધ : કિં. રૂ. ૧૫૦/–
- અત્તરગલી : કિં. રૂ. ૧૫૦/–
- અન્ય ગુજરાતના જાણીતા કવિઓના ૧૨ કાવ્યસંગ્રહોની કિં. ૧૬૦૫/– થાય છે. આખો સેટ ખરીદનારને રૂ. ૧૦૦૦/– માં ઘેર બેઠાં પહોંચાડીશું.

તમારા બુકસેલર પાસેથી મળશે. સીધો સંપર્ક કરો :
વિશેષ વળતરથી ઘેર બેઠાં પહોંચાડીશું.

માય ડિયર જયુ : ૯૮૯૮૯૬૯૬૨૬ – ૯૪૨૬૧૬૦૨૦૯
અવનીન્દ્ર : ૯૬૨૪૬૯૫૬૪૬ – ૯૩૭૭૧૫૬૪૬

એડગર એલન પો (૧૮૦૯-૧૮૪૯)એ માત્ર ચાલીસ વર્ષની ઉંમરમાં વિશ્વ સાહિત્યના પ્રવાહોને ભગીરથ વળાંક આપ્યો. સાહિત્યિક સામયિક 'સર્ધન લિટરરી મૅસેન્જર'નું તંત્રીપદ એણે છોડી દીધું, જે આર્થિક દૃષ્ટિએ મોટી ભૂલ હતી; પછી એને કશી સ્થિર કામગીરી કદી ન મળી. ને જિંદગીનાં એ પછીનાં તેર વર્ષ એ ન્યૂયૉર્ક અને ફિલાડેલ્ફિયા વચ્ચે અટવાતો-અથડાતો રહ્યો. તેમજ બેકારી અને ભૂખમરાના લાંબા લાંબા ગાળા વેઠતો રહ્યો. આ દિવસોમાં એણે અતિભવ્યથી માંડીને સાવ ભાજીમૂળા જેવું લેખન કર્યું. કારણ કે જ્યારે રોટલાના સાંસા પડતા અને છાપાંઓમાં કશુંક છપાવીને રોજી મેળવવાની રહેતી ત્યારે એ ગમે તેવું અગર તફડાવેલું પણ લખી મારતો! આ જ કારણે, નિરાંતજીવે બેસીને લાંબી નવલકથાઓ લખવાની એને ફુરસદ ન રહેતી.

– **યશવંત મહેતા**

❋

આખી સ્ત્રી જાત જ અપમાનના, દુઃખના કુંડમાં પડેલી છે કારણ કે એ પોતે કમાતી નથી, બીજાની કમાણી પર જીવે છે એટલે. જે વાત વર્જિનયા વૂલ્ફે 'પોતાનો ઓરડો'માં કહી હતી એને શબ્દફેરે આશાપૂર્ણાદેવી કે ઇસ્મત ચુગતાઈ ૧૯૭૦ આસપાસ કહી શક્યા છે. સ્વાર્થી પુરુષવર્ગ સ્ત્રીઓને દબાવી રાખવા માટે એને ભણવાની તક નથી આપતો. બે મુઠ્ઠી અન્નના બદલામાં સ્ત્રીના દેહ, મન, આત્મા-સઘળા પાસેથી કર વસૂલી શકાય છે.

– **શરીફા વીજળીવાળા**

❋

'લૉંગ વૉક ટુ ફ્રીડમ' દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ નેલ્સલ મંડેલા દ્વારા લખાયેલ આત્મકથા છે. જેમાં તેમનું પ્રારંભિક જીવન, યુવાની, શિક્ષણ અને જેલમાં વિતાવેલાં ૨૭ વર્ષનું વિવરણ છે. રંગભેદ સરકારની નીતિ હેઠળ મંડેલાને આફ્રિકન નૅશનલ કૉંગ્રેસનું નેતૃત્વ કરવા બદલ અપરાધી જાહેર કરવામાં આવ્યા અને કુખ્યાત રોબેનદ્વીપ પર જેલમાં પૂરવામાં આવ્યા. જેલમાં અંધકારમય કલાકોમાં તેમણે લખેલા પત્રોથી લઈને 'લૉંગવૉક ટુ ફ્રીડમ'ની યાત્રા દર્શાવે છે : આ પૃષ્ઠોમાં તેઓ ન તો કોઈ આદર્શમૂર્તિ છે કે ન તો સંત; અહીં તે તમારા અને મારા જેવા સામાન્ય માણસ છે.

– **રક્ષા શુક્લ**

સ્થાન સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

દુર્લભતાનું ભાન દુર્વ્યયને અટકાવે છે

જેઠ અષાઢ કોરા ગયા હોય ત્યારે, સત્તાવાળા દ્વારા જાહેરાત થાય કે ચોવીસ કલાકમાં, પાણી માત્ર એક વાર અને તે અડધો કલાક જ આપવામાં આવશે. ત્યારે, પાણી આવવાનો જે સમય હોય, તેની પહેલાંથી જ ડોલ, તપેલું ને પવાલી કે પીપ, એવું બધું તૈયાર રાખવામાં આવે છે.

એ સમયે બીજું કશું કામ નથી કરવાનું, એવો નિયમ જાણ્યે-અજાણ્યે પણ પળાય છે.

પાણી મુશ્કેલીથી મળે છે, લાંબા સમયે મળે છે, થોડા સમય માટે જ મળે છે એટલે આ બધી કાળજી રખાય છે.

ભાલ જેવા પ્રદેશમાં તો દૂર-દૂરથી, બે-ત્રણ કિલોમીટર દૂરથી પીવાનું પાણી આવતું હોય તો તે પાણી, પીવા સિવાય બીજા કોઈ ઉપયોગમાં ન લેવાય તેનો બરાબર ખ્યાલ રખાય છે.

તેનો દુર્વ્યય અટકે છે, કારણ તે દુર્લભ છે. એ પ્રમાણે, આપણને મળેલો મનુષ્યભવ પણ અતિશય દુર્લભ છે.

બહુ ઓછાને, બહુ ઓછા કાળ માટે અને લાંબા ગાળે મળે છે માટે તેની ક્ષણો વાવવાની છે, વેડફવાની નથી.

દુર્લભતાનું ભાન દુર્વ્યયને અટકાવે છે.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

અમૃતવર્ષા

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

નિમેષભાઈ ડગલી

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

નૂતન પ્રભાતે પ્રાર્થના

આશા ને ધૈર્યનો તંતુ તૂટું તૂટું થઈ રહ્યો
એવે ટાણે, નવા વ્હાણે, ચિંતવું માત્ર આટલું;
જિંદગી જેલ જેવી કે વેઠ જેવી નથી–નથી,
શાળા છે એ પ્રયોગોની, માનવીના વિકાસની;

તપશ્ચર્યા વિના સિદ્ધિ કદી સાંપડતી નથી,
જિંદગી છે તપશ્ચર્યા, આકરી આત્મસાધના;
પહેલી પીડા પ્રસૂતિની, પછી પુત્ર વધામણી,
આપત્તિ આજની એ તો આગાહી ભવ્ય ભાવિની.

આયુ, આરોગ્ય, ઐશ્વર્ય, આનન્દોલ્લાસ એ સહુ,
માંગું ના કાંઈએ, આજે માંગું માત્ર આટલું;
આશા, સ્થૈર્ય અને ધૈર્ય ક્યેમે ટકી રહે,
ઝાંખી તોયે ઝીણી જ્યોતિ, આત્મશ્રદ્ધા તણી ઝગે;

જિંદગી આખી છો જતી જંગમાં આમ ઝૂઝતાં,
જીવતાં જીવતાં જોઉં, ઝીંક તો હું ઝીલી શકું!
પ્રાર્થું પામરતા ના'વે, દુઃખમાંયે હસી શકું,
ભૂલું હું ના નિયન્તાને, એની હૂંફે સહુ સહું.

કોઈ કવિએ નૂતન વર્ષારંભે નિયન્તાના ચરણોમાં પ્રાર્થના કરવાના અવસરે હૃદયની વાણીમાં ચિંતન, માગણી અને પ્રાર્થના કેવા કેવા અસરદાર શબ્દોમાં ગૂંથી છે! રચના ૨૫-૩૦ વર્ષ પહેલાંની છે. માનવીના અતલ ઊંડાણમાંથી, તેના પાતાળકૂવામાંથી ફૂટેલી શબ્દ–સરવાણી ક્યારેય જૂની, પુરાણી કે વાસી થતી નથી; તે નિત્ય નૂતન જ રહે. એમાં સત્ય–સનાતનની સુવાસ હોય છે.

શરૂઆતની પંક્તિઓમાં વર્તમાન પરિસ્થિતિનું વર્ણન છે. પછી નિર્બળ અને હતોત્સાહને ચીમકી છે. પછી, વર્તમાન સ્થિતિમાં ઉલ્લાસનો સંચાર થાય, ચિત્તમાં સકળ સફળતાનો પાયો – 'જે આત્મશ્રદ્ધા, આશા, ધીરજ અને સ્થિરતા ટકાવવાની માગણી છે' તે વાસ્તવિક છે. શબ્દો ઉધાર કે ઉછીના નથી, એમાં આત્માના અવાજની મહેક છે. આ શબ્દોને, આપણે આપણા બનાવીએ. એમાંથી નવું જોમ, નવી તાજગીથી દિલ ઊભરાઈ જશે અને નવી કૂચ માટેનું ભાતું મળી જશે.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/–)

'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.



શબ્દમૂળની શોધ

લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/–)

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

– ચન્દ્રકાન્ત ટોપીવાળા



બે હજાર ચોવીસ સમક્ષ

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

સંપાદક : રમણ સોની

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/–)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. – રમણ સોની

PARAB 2025 September
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

Date of Publication 10th Posted on Every Month **ISSN : 0250-9747**

₹ 20

Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT**.